


# શ્રી દેવચંદ્રજી
# સ્તવન ચોવીશી

## સ્તવન ૧૩ થી ૨૪ (ભાગ - ૨)

વિવેચક : **ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા**

॥ શ્રી વીતરાગાય નમો નમઃ ॥

# શ્રી દેવચંદ્રજી મહારાજ સાહેબ કૃત
# સ્તવન ચોવીશી (ભાગ : ૨)

સ્તવન ૧૩ થી ૨૪

વિવેચક :
**ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા**

પ્રકાશક :
**શ્રી જૈનધર્મ પ્રસારણ ટ્રસ્ટ**
A-૬૦૨, પાર્શ્વદર્શન કોમ્પ્લેક્ષ, નવયુગ કોલેજ સામે,
રાંદેર રોડ, સુરત-૩૯૫ ૦૦૯
Ph. (0261) 2763070.
Mo. 98983 30835

**પ્રકાશક : જૈન ધર્મ પ્રસારણ ટ્રસ્ટ**
A-૬૦૨, પાર્શ્વદર્શન કોમ્પ્લેક્ષ, નવયુગ કોલેજ સામે,
રાંદેર રોડ, સુરત-૩૯૫૦૦૯. ગુજરાત, (INDIA)
ફોન : ૦૨૬૧-૨૭૬૩૦૭૦,
મો : ૯૮૯૮૩૩૦૮૩૫

**પ્રાપ્તિ સ્થાન**

**ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા**
A-૬૦૨, પાર્શ્વદર્શન કોમ્પ્લેક્ષ,
નવયુગ કોલેજ સામે,
રાંદેર રોડ, સુરત-૩૯૫૦૦૯, (INDIA)
Ph. (0261) 2763070
Mob. : 9898330835

**સેવંતીલાલ વી. જૈન**
ડી-૫૨, સર્વોદયનગર, ગ્રાઉન્ડ ફ્લોર,
પાંજરાપોળ, ૧લી લેન, સી.પી. ટેન્ક
મુંબઈ-૪
Ph. : (022) 2240 4717
2241 2445

**શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા**
સ્ટેશન રોડ, રંગ મહોલના નાકે,
મહેસાણા. (ઉ. ગુજરાત)
Ph. (02762) 222927

**સરસ્વતી પુસ્તક ભંડાર**
હાથીખાના, રતનપોળ, અમદાવાદ.
ફોન : (૦૭૯) ૨૫૩૫૬૬૯૨

**જૈન પ્રકાશન મંદિર**
ખત્રીની ખડકી, દોશીવાડાની પોળ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧
Ph. (079) 25956806

| વીર સંવત ૨૫૪૧<br>વિક્રમ સંવત ૨૦૭૧ | **પ્રકાશન વર્ષ** | ઈસ્વીસન્ ૨૦૧૫<br>પ્રથમ આવૃત્તિ |
|---|---|---|
| **કિંમત : રૂા. ૧૨૫-૦૦** | | |

**કંપોઝ-પ્રિન્ટીંગ-બાઈન્ડીંગ : ભરત ગ્રાફિક્સ**
ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રિલીફ રોડ, અમદાવાદ-૧.
ફોન : ૦૭૯-૨૨૧૩૪૧૭૬, મો. ૯૯૨૫૦૨૦૧૦૬
E-mail : bharatgraphics1@gmail.com

# પ્રસ્તાવના.......

પરમાત્મા શ્રી વીતરાગદેવની ભક્તિ કરવાના ઉત્તમ આશયથી ગુજરાતી ભાષામાં કાવ્યરૂપે ચૈત્યવંદનો-સ્તવનો અને સ્તુતિઓ બનાવનારા ૧૬મા સૈકાથી ૧૮મા સૈકા સુધીના કાળમાં અનેક મહાત્મા પુરુષો થયા છે. તેમાં (૧) મહામહોપાધ્યાય પૂ. શ્રી યશોવિજયજી મ. સા. (૨) પૂ. મોહનવિજયજી મ.સા. (૩) પૂ. શ્રી દેવચંદ્રજી મ.સા. (૪) પૂજ્ય શ્રી આનંદઘનજી મ. સા. આવી વ્યક્તિઓના નામો પ્રધાનપણે ગવાય છે. તથા તે મહાત્માઓએ બનાવેલી સ્તવન ચોવીશી આજે પણ ઘેર ઘેર મધુર સ્વરે ગવાય છે.

તે સર્વમાં પૂજ્ય દેવચંદ્રજી મહારાજશ્રીએ બનાવેલાં ચોવીશ સ્તવનો વધારે દ્રવ્યાનુયોગની પ્રધાનતાવાળાં છે. જૈન સમાજમાં આ વાત બહુ જ પ્રચલિત છે તેટલા માટે જ અમે તેઓના બનાવેલાં સ્તવનોના અર્થો લખવાનો અને તેને પ્રકાશિત કરવાનો વિચાર કર્યો હતો. જે આજે મૂર્તસ્વરૂપમાં પ્રગટ થઇ રહ્યો છે.

પૂજ્ય શ્રી દેવચંદ્રજી મહારાજ સાહેબનો જન્મ મારવાડના બીકાનેરનગરની પાસે આવેલા ચંગ નામના ગામમાં થયો હતો. ઓસવાલ વંશના તુલસીદાસ શાહ તે ગામમાં રહેતા હતા. તેમને ધનબાઈ નામે સુસંસ્કારી ધર્મપત્ની હતાં તે ધનબાઇની કુક્ષિએ આ મહાત્માનો જન્મ થયો હતો.

ધનબાઇ જ્યારે સગર્ભાવસ્થામાં હતાં ત્યારે વિચરતા-વિચરતા પૂજ્ય રાજસાગરજી મહારાજશ્રી તેમના ગામમાં પધાર્યા હતા. આ શ્રાવક અને શ્રાવિકા ધર્મપરિણામવાળા હોવાથી દરરોજ મહારાજશ્રીનાં વ્યાખ્યાન સાંભળવા જતાં હતાં. તેના કારણે ધર્મની ભાવનાથી વાસિત ચિત્તવાળાં બન્યાં હતાં. વ્યાખ્યાન આપનાર પૂ. રાજસાગરજી મ.શ્રી પાસે તે પતિ-પત્નીએ એવી પ્રતિજ્ઞા લીધી કે જો અમારે પુત્રરત્ન જન્મશે તો અમે તે બાળકને જૈનશાસનને સમર્પિત કરીશું. માતા-પિતાના કેવા ઉત્તમ સંસ્કારો !!!

ધનબાઇને ગર્ભકાળમાં સુંદર એક સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં પોતાના મુખમાં પ્રવેશ કરતો ચંદ્રમા જોયો. થોડાક સમયમાં ત્યાં પૂજ્ય જિનચંદ્રજી મહારાજશ્રી પધાર્યા. ધનબાઇએ પૂ. મહારાજશ્રીને પોતાના સ્વપ્નની વાત કરી. મહારાજશ્રીએ શાસ્ત્રોના આધારે તે સ્વપ્નનું ફળ કહ્યું કે, તમારે ત્યાં જન્મ પામનાર બાળક મહાપુરુષ થશે. કાં તો છત્રપતિ રાજા-મહારાજા થશે. અથવા દીક્ષા ગ્રહણ કરીને મહાયોગી પુરુષ થશે. આ વાત જાણીને પતિ-પત્ની વધારે વધારે ધર્મપરાયણ બન્યાં.

ગર્ભકાળ પૂર્ણ થતાં ધનબાઈએ વિક્રમ સંવત ૧૭૪૬માં ચંદ્ર જેવા ઉજ્જવલ પુત્રરત્નને જન્મ આપ્યો. સ્વપ્નને અનુસારે કુટંબી લોકોએ તે બાળકનું **દેવચંદ્ર** એવું નામ રાખ્યું.

આ દેવચંદ્ર જ્યારે આઠ વર્ષની ઉંમરવાળા થયા, ત્યારે વિહાર કરતા કરતા પૂજ્ય રાજસાગરજી મહારાજ સાહેબ ત્યાં પધાર્યા. માત-પિતાએ પોતાની પ્રતિજ્ઞાને અનુસારે આ બાળકને ગુરુજીના ચરણોમાં સમર્પિત કર્યો. બે વર્ષ ગુરુજીએ આ બાળકને પોતાની પાસે રાખ્યો. આ આત્મા ઉત્તમ તો હતો જ. ગુરુજીએ દરરોજ વૈરાગ્યવાહી વાણી દ્વારા તેને મઠારી મઠારીને વધારે વૈરાગ્યવાસિત કર્યો.

સમય પાકતાં વિક્રમ સંવત ૧૭૫૬માં ૧૦ વર્ષની વયે દેવચંદ્રને પોતાની ભાવનાને અનુસારે દીક્ષા આપી. થોડોક કાળ ગયા પછી જિનચંદ્રજીએ વડીદીક્ષા આપી. તેમનું **રાજવિમલ** નામ રાખ્યું. પરંતુ લોકો તો તેઓને દેવચંદ્રજી એવા જુના નામથી જ બોલાવવા લાગ્યા. તેમના ગુરુજીનું નામ દીપચંદ્રજી હતું તેઓ શાસ્ત્રાભ્યાસમાં અને આત્મસાધનામાં લયલીન થયા.

કેટલોક સમય ગયા પછી શ્રી રાજસાગરજી વાચકે આ બાળમુનિની યોગ્યતા જોઈને રમણીય એવા વેણા નદીના કાંઠે ભૂમિગૃહમાં રહીને શ્રી સરસ્વતી મંત્રની સાધના કરાવી. પોતાના પુણ્યોદયે મા સરસ્વતી પ્રસન્ન થયાં અને તેમની જીભ ઉપર વસવાટ કર્યો. આ દેવીની પ્રસન્નતાથીશ્રી દેવચંદ્રજીએ ઘણા સાહિત્યની રચના કરી.

પૂજ્ય હરિભદ્રસૂરિજીના બનાવેલા, કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રચાર્યજીના બનાવેલા અને ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ. શ્રીના બનાવેલા ગ્રન્થોનો સવિશેષ અભ્યાસ કર્યો. કર્મગ્રંથ તથા કમ્મપયડિ આદિ ગ્રન્થોનો સવિશેષ અભ્યાસ કર્યો. કર્મગ્રંથ તથા કમ્મપયડિ આદિ ગ્રન્થોમાં સારા નિષ્ણાત પંડિત થયા. તથા કુદરતી રીતે પ્રાપ્ત થયેલી કાવ્ય બનાવવાની સુંદર શક્તિથી કવિરાજ પણ બન્યા.

જૈનશાસનમાં ૬૧ મી પાટે પૂજ્ય શ્રી જિનચંદ્રસૂરિજી થયા. જેઓ શાસનના મહાપ્રભાવક પુરુષ હતા. (પૂજ્યશ્રી હીરસૂરીશ્વરજી મહારાજશ્રીના કાળમાં આશરે ૧૫ મા સૈકામાં આ જિનેશ્વરસૂરિજી થયા. તેઓએ યુગપ્રધાનપદ પ્રાપ્ત કર્યું હતું.

તેમના શિષ્ય પુણ્યપ્રધાનજી થયા. પુણ્યપ્રધાનજીના શિષ્ય શ્રી સુમતિસાગરજી થયા. જેઓ વિદ્યાવિશારદતાના બિરુદને પામ્યા હતા. તેમના શિષ્ય સાધુરંગજી થયા. તેમના શિષ્ય રાજસાગરજી થયા કે જેઓની પાસે આ ચોવીશી બનાવનારનાં માત-પિતાએ આવી પ્રતિજ્ઞા કરી હતી કે, જો અમારે પુત્રરત્ન થશે તો જૈનશાસનને સમર્પિત કરીશું. તે રાજસાગરજી મહારાજ તથા જ્ઞાનધર્મ પાઠક આ બન્ને વડીલ ગુરુઓ હતા. તેમના શિષ્ય દીપચંદ્રજી પાઠક થયા કે જેઓ આ સ્તવન ચોવીશી બનાવનારા શ્રી દેવચંદ્રજી મહારાજના ગુરુજી હતા.

પૂજ્યશ્રી જિનચંદ્રસૂરિજીના આદેશથી શ્રી દીપચંદ્રજીએ વિક્રમ સંવત ૧૭૬૬ ના વૈશાખ માસમાં મૂલતાન (પંજાબ દેશ)માં વિહાર કર્યો અને ત્યાં પૂજ્ય દેવચંદ્રજી મહારાજે **ધ્યાન દીપિકા ચતુષ્પદી** નામનો ગ્રન્થ બનાવ્યો. તે ગ્રન્થની પ્રશસ્તિમાં આ પ્રમાણે કહ્યું છે કે-

**સંવત લેશ્યા[૬] રસને[૬] વારો[૭], જ્ઞેય[૧] પદાર્થ (૧૭૬૬) વિચારોજી।**
**અનુપમ પરમાતમપદ ધારો, માધવમાસ ઉદારોજી॥**
**ખરતર આચારજ ગચ્છધારી, જિનચંદ્રસૂરિ જયકારીજી।**
**તસુ આદેશ લહી સુખકારી, શ્રી સુલતાન મઝારીજી॥**
**ધ્યાન દીપિકા એહવા નામો, અરથ અછે અભિરામો જી।**
**રવિશશિ લગી થિરતા એ પામી, દેવચંદ્ર કહે આમોજી॥**

શ્રી દેવચંદ્રજીએ વિક્રમ સંવત ૧૭૬૬ નું ચાતુર્માસ બીકાનેર (રાજસ્થાનમાં) કર્યું, અને વિક્રમ સંવત ૧૭૬૭ ના પોષ માસમાં "દ્રવ્યપ્રકાશ" નામનો ગ્રન્થ સાત ભાષામાં બનાવ્યો. (તે કાલે તેમની વય ૨૧ વર્ષની). તે ગ્રન્થની પ્રશસ્તિ આ પ્રમાણે છે -

**અન્ય મત સૌ અરૂંદ, બંધત હૈ દેવચંદ્ર ।**
**એસે જૈન આગમમેં, દ્રવ્યપ્રકાશ હૈ ॥**
**વિક્રમસંવત માન યહ ૭ભય ૬લેશ્યા કે ભેદ ।**
**૧૭શુદ્ધસંયમ અનુમોદિએ કરી આશ્રવકો છેદ॥ (૧૭૬૭)**

ત્યારબાદ વિક્રમ સંવત ૧૭૭૪ માં શ્રી રાજસાગરવાચક તથા ૧૭૭૫ માં શ્રી જ્ઞાનધર્મ પાઠક આ બન્ને વડીલ ગુરુઓ સ્વર્ગસ્થ થયા. ત્યાર પછી મોટા કોટમરોટમાં (રાજસ્થાનમાં) ચાતુર્માસ કર્યું. ત્યાં વિક્રમ સંવત ૧૭૭૬ ના ફાગણ માસમાં પોતાના અત્યન્ત સહાયક મિત્ર એવા દુર્ગાદાસના આત્મકલ્યાણ અર્થે "આગમસારોદ્ધાર" નામના ગ્રન્થની રચના કરી. આ વાત તેઓએ પોતે જ સ્વહસ્તે તે ગ્રંથમાં જણાવી છે. તે આ પ્રમાણે-

**આગમ સારોદ્ધાર યહ, પ્રાકૃત સંસ્કૃત રૂપ ।**
**ગ્રન્થ કીનો દેવચંદ્ર મુનિ, જ્ઞાનામૃત રસકૂપ ॥**
**કર્યો ઈહાં સહાય અતિ, દુર્ગાદાસ શુભચિત્ત ।**
**સમજાવન નિજ મિત્તકુ, કીનો ગ્રન્થ પવિત્ત ॥**
**સંવત સિત્તર છિહુત્તરે, મન શુદ્ધ ફાગણ માસ ।**
**મોટે કોટમરોટમેં, વસતા સુખ ચોમાસ ॥**

ત્યારબાદ વિક્રમ સંવત ૧૭૭૭ માં પાટણ (ગુજરાત) માં પધાર્યા. ત્યાં પૂર્ણિમા ગચ્છના નગરશેઠ શ્રીમાળી વંશીય શ્રાવક દોશી તેજશી જેતસીએ પૂર્ણિમા ગચ્છના આચાર્ય શ્રી ભાવપ્રભસૂરિજીના ઉપદેશથી સહસ્રકુટ જિનબિંબ ભરાવીને તેમની પાસે જ પ્રતિષ્ઠા કરાવી હતી. તે વખતે તપાગચ્છીય શ્રી જ્ઞાનવિમલસૂરિજી મ.સા. પણ ત્યાં ઉપસ્થિત હતા. ત્યારે શ્રી દેવચંદ્રજીએ સહસ્રકુટમાં આવતા ૧૦૨૪ જિનનાં નામો ગણાવતાં બન્ને વચ્ચે (દેવચંદ્રજી અને જ્ઞાનવિમલસૂરિજી વચ્ચે) પ્રીતિ-

મૈત્રી વૃદ્ધિ પામી હતી. તે બન્નેએ સાથે મળીને આનંદઘન ચોવીશીમાં છેલ્લા બે સ્તવનો રચ્યાં છે.

ત્યારબાદ શ્રીમદ્ દેવચંદ્રજીએ અનેક પ્રતિષ્ઠાઓ અને તેના ભવ્ય મહોત્સવો કરાવ્યા, તથા ક્રિયોદ્ધાર પણ કર્યો, તેમાં અપરિગ્રહતાને સવિશેષ પ્રધાનતા આપી. ત્યારબાદ રાજનગરમાં (અમદાવાદમાં) આવી નાગોરી શાળામાં ઉતરી ભગવતી સૂત્રની વાચના કરી અને તત્રસ્થ ઢુંઢક માણેકલાલને મૂર્તિપૂજક બનાવી નવું ચૈત્ય કરાવી તેમાં પ્રતિમાજીની સ્થાપના કરાવી. વિક્રમ સંવત ૧૭૭૯ માં ખંભાત ચાતુર્માસ કર્યું. પછી શત્રુંજય પધાર્યા, ત્યાં તીર્થ ઉપર નવાં ચૈત્ય કરાવ્યાં તથા કેટલાક જુનાં તીર્થોનો જિર્ણોદ્ધાર કરાવ્યો. તેના દ્વારા શત્રુંજયતીર્થનો મહિમા વધાર્યો ત્યાર પછી શ્રી દેવચંદ્રજી અમદાવાદ આવ્યા અને ત્યાંથી સુરત પધાર્યા.

વિક્રમ સંવત ૧૭૮૫-૧૭૮૬-૧૭૮૭ માં પાલીતાણામાં પ્રતિષ્ઠાનું કાર્ય કરીને પુનઃ રાજનગરમાં (અમદાવાદમાં) આવીને ચાતુર્માસ કર્યું. ત્યાં શાન્તિનાથની પોળમાં સહસ્રફણાની પ્રતિષ્ઠા કરાવી અને સમવસરણની પ્રતિષ્ઠા વખતે પણ તેઓ ઉપસ્થિત હતા. ત્યારબાદ વિક્રમ સંવત ૧૭૮૮ માં શત્રુંજય તીર્થ ઉપર શ્રી કુંથુનાથજીની પ્રતિષ્ઠા વખતે શ્રી દેવચંદ્રજી પોતાના ગુરુ શ્રી દીપચંદ્રપાઠકની સાથે ઉપસ્થિત હતા, તે જ વર્ષે તેમના ગુરુ શ્રી દીપચંદ્ર પાઠક સ્વર્ગે સિધાવ્યા. અમદાવાદમાં રત્નસિંહ ભંડારી સુબાના ઈષ્ટ પ્રિયમિત્ર આણંદરાયને ધર્મચર્ચામાં જિતવાથી રત્નસિંહ સુબો દેવચંદ્રજી ઉપર ખુશ હતો તે પણ ત્યાં પાલીતાણા વંદન કરવા આવ્યો હતો. તથા ત્યાં ફાટી નીકળેલા મૃગી નામના ઉપદ્રવને પણ મહાજનોની વિનંતિથી શ્રી દેવચંદ્રજીએ શમાવ્યો હતો, આવા પ્રકારની પ્રભાવકતા તે મહાત્મામાં પ્રવર્તતી હતી.

ધોળકાવાસી શ્રાવક જયચંદ શેઠની પ્રેરણાથી એક વિષ્ણુયોગીને પણ શ્રી દેવચંદ્રજીએ જૈનધર્મનો અનુરાગી બનાવ્યો હતો. ત્યારબાદ વિક્રમ સંવત ૧૭૯૫ માં પાલીતાણામાં અને વિ.સં. ૧૭૯૬ અને ૧૭૯૭ માં જામનગરમાં (જામનગરના નવાનગર નામના પરામાં) સ્થિરતા કરી હતી. ત્યાં ઢુંઢકોને જિતીને બંધ થયેલ જિનપૂજાને પુનઃ ચાલુ કરાવી હતી. ત્યાં વિક્રમ સંવત ૧૭૯૬ ના કારતક સુદ ૧ ના દિવસે જામનગરમાં (નવાનગરમાં) વિચારસાર નામનો ગ્રન્થ અને કારતક સુદ પાંચમા દિવસે **જ્ઞાનમંજરી નામનો ગ્રંથ** પૂર્ણ કર્યો, તેની સાક્ષી રૂપે વિચારસાર ગ્રન્થની પ્રશસ્તિ આ પ્રમાણે છે.

**जा जिनवाणी विजयइ, ताव चिरं चिट्ठउ इमं वयणं ।**
**नूतनपुरम्मि रइयं, देवचन्देण णाणट्ठं ॥**
**[६]रसनिही[९] संजम[१७] ( १७९६ ) वरिसे,**
**सिरिगोयमकेवलस्स वरदिवसे ।**
**आयत्थं उद्धरियो, समयसमुद्दाओ रुद्दाओ ॥**

ત્યારબાદ પટધરીના ઠાકોરને પ્રતિબોધીને શ્રી દેવચંદ્રજી પુનઃ પાલીતાણા તથા નવાનગરમાં પધાર્યા. પછી ૧૮૦૨-૧૮૦૩ માં રાણાવાવમાં સ્થિરતા કરી ત્યાંના રાણાનો ભગંદરવ્યાધિ મટાડ્યો. વિક્રમ સંવત ૧૮૦૪ માં ભાવનગરમાં આવીને ઢુંઢકમતના ઠાકરશીને મૂર્તિપૂજક બનાવ્યો તથા ત્યાંના રાજા ભાવસિંહજીને (જેના નામથી ભાવનગર નામ સ્થપાયું તેને) જૈન ધર્મ પ્રત્યે પ્રીતિવાળો બનાવ્યો. ત્યારબાદ વિક્રમ સંવત ૧૮૦૫-૧૮૦૬ માં લીંબડીમાં (ગુજરાતમાં) સ્થિરતા કરી અને લીંબડીના દેરાસરના મૂલનાયકની બન્ને બાજુએ બે દેરીઓની પ્રતિષ્ઠા કરાવી. તથા

ધાંગધ્રા અને ચૂડારાણપુરમાં પણ જિનબિંબોની પ્રતિષ્ઠા કરાવી. ધાંગધ્રામાં તેમને સુખાનંદજીનો મિલાપ થયો.

વિક્રમ સંવત ૧૮૦૮ માં ગુજરાતથી સંઘ લઈને શત્રુંજય ગયા. ત્યાં વિશિષ્ઠ પૂજા-અર્ચના કરાવી. તેમાં શ્રાવક-શ્રાવિકા વર્ગે ઘણું સારું દ્રવ્ય ખર્ચ્યું. વિક્રમ સંવત ૧૮૦૯-૧૮૧૦ ગુજરાતમાં સુરતમાં ચાતુર્માસ કર્યાં. વિક્રમ સંવત ૧૮૧૦ માં સુરતના શ્રી કચરાકીકા સંઘવીએ શત્રુંજયનો સંઘ કાઢ્યો, તેમાં શ્રી દેવચંદ્રજી પધાર્યા અને શત્રુંજય તીર્થ ઉપર જિનબિંબોની પ્રતિષ્ઠા કરાવી તેમાં કચરાકીકાએ તે કાળના ચલણ પ્રમાણે ૬૦,૦૦૦ સાએઠ હજાર દ્રવ્ય ખરચ્યું. સંઘવીના સ્તવનમાં શ્રીમદ્ દેવચંદ્રજી કહે છે કે -

**સંવત અઢારસે ને દસ વરસે, સીત મૃગસીર તેરસીએ ।**
**શ્રી સુરતથી ભક્તિ હરખથી, સંઘ સહિત ઉલ્લસીએ ॥**
**કચરાકીકા જિનવરભક્તિ, રૂપચંદ ગુણવંતજી એ ।**
**જ્ઞાનાનંદિત ત્રિભુવનવંદિત, પરમેશ્વર ગુણલીના એ ।**
**દેવચંદ્રપદ પામે અદ્ભુત, પરમ મંગલ લયલીના એ ।**

ત્યારબાદ વિક્રમ સંવત ૧૮૧૧ માં લીંબડીમાં પ્રતિષ્ઠા કરાવી અને વઢવાણમાં ઢુંઢક શ્રાવકોને પ્રતિબોધ્યા, મૂર્તિપૂજક બનાવ્યા.

## વાચકપદપ્રદાન-શિષ્યપરંપરા-સ્વર્ગગમન

વિક્રમ સંવત ૧૮૧૨ માં શ્રીમદ્ દેવચંદ્રજી રાજનગર (અમદાવાદ)માં પધાર્યા, ત્યારે તેમના ગચ્છાધિપતિએ તેમને વાચકપદ અર્પણ કર્યું. શ્રીમદ્ દેવચંદ્રજી વાચકવર અમદાવાદમાં દોશીવાડાની પોળમાં ડહેલાના ઉપાશ્રયે બીરાજતા હતા. ત્યારે વાયુપ્રકોપથી વમનાદિ વ્યાધિ થતાં પોતાના શિષ્યોને બોલાવી હિતશિક્ષા આપી. શ્રી દેવચંદ્રજીના

મુખ્ય બે શિષ્યો હતા. (૧) શ્રી મનરૂપજી અને (૨) તર્કશાસ્ત્રના અભ્યાસી શ્રી વિજયચંદ્રજી. તે બન્નેને બે બે શિષ્યો હતા.

- દેવચંદ્રજી
  - મનરૂપજી
    - વક્તુજી
    - રાયચંદજી
  - વિજયચંદ્રજી
    - રૂપચંદજી
    - સભાચંદ્રજી

વિક્રમ સંવત ૧૮૧૨ ના ભાદરવા વદી અમાવાસ્યાની રાત્રે એક પ્રહર પૂર્ણ થતાં દશવૈકાલિક તથા ઉત્તરાધ્યયન સૂત્ર વગેરે સૂત્રોનું શ્રવણ કરતાં કરતાં તથા શ્રી અરિહંત પરમાત્માનું ધ્યાન ધરતાં ધરતાં શ્રી દેવચંદ્રજીએ દેહનો ત્યાગ કર્યો. અને સર્વ શ્રાવકોએ મહોત્સવપૂર્વક તેમના મૃતદેહનો હરિપુરા (અમદાવાદ)માં અગ્નિસંસ્કાર કર્યો. તે કાળે અગ્નિસંસ્કારની સારી ઉછામણી થઇ હતી. સર્વે મહાજનોએ મળી તેમના દાહસ્થળે સ્તૂપ કરાવી તેમની ચરણપાદુકા ત્યાં સ્થાપન કરી જે આજે પણ જોવા મળે છે.

વિક્રમ સંવત ૧૭૪૩ માં તપાગચ્છીય મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ.શ્રી ડભોઈમાં સ્વર્ગવાસ પામ્યા. ત્યારબાદ ત્રણ વર્ષે ૧૭૪૬ માં શ્રી દેવચંદ્રજીનો જન્મ થયો. તેમની ૧૭૫૬ માં દીક્ષા થઈ અને ૧૮૧૨ માં સ્વર્ગવાસ પામ્યા. શ્રી દેવચંદ્રજી ખરતરગચ્છના હોવા છતાં તપાગચ્છના શ્રી આનંદઘનજી, શ્રી યશોવિજયજી આદિને પૂજ્ય મહાપુરુષો ગણીને તેમના ગ્રન્થોનો વિશાળ અભ્યાસ કરતા હતા અને પોતાની ગ્રન્થરચનામાં ઠેર ઠેર તેમનાં અવતરણો તેઓશ્રી ટાંકતા હતા.

જૈનેતર યોગસૂત્રકાર પતંજલિને પણ "મહાત્મા પુરુષ" કહીને ઉલ્લેખ્યા છે. વળી તપાગચ્છીય શ્રી ખીમાવિજયજીના શિષ્ય જિનવિજયજી આદિને પાટણમાં જઈને શ્રી વિશેષાવશ્યકભાષ્ય ભણાવ્યું છે. તે અંગેનો પાઠ આ પ્રમાણે છે -

**"શ્રી જ્ઞાનવિમલસૂરિજી કન્હે, વાંચી ભગવતી ખાસ ।**
**મહાભાષ્ય અમૃત લહ્યો, દેવચંદ્ર ગણિ પાસ ॥"**

તથા શ્રી જિનવિજયજીના શિષ્ય શ્રી ઉત્તમ-વિજયજીને ભાવનગરના ચોમાસામાં આગમોનો અભ્યાસ કરાવ્યો હતો તે અંગેનો પાઠ "ઉત્તમવિજયજી નિર્વાણ રાસ"માં છે. તે આ પ્રમાણે -

**ભાવનગર આદેશે રહ્યા, ભવિ હિત કરે મારા લાલ ।**
**તેડાવ્યા દેવચંદ્રજીને, હવે આદરે મારા લાલ ॥**
**વાંચે શ્રી દેવચંદ્રજી પાસે, ભગવતી મારા લાલ ।**
**પન્નવણા અનુયોગદ્વાર, વળી શુભમતિ મારા લાલ ॥**
**સર્વ આગમની આજ્ઞા દીધી, દેવચંદ્રજી મારા લાલ ।**
**જાણી યોગ્ય તથા ગુણગણના વૃંદ મારા લાલ ॥**

તપાગચ્છ, ખરતરગચ્છ અને અંચલગચ્છ વગેરે ગચ્છોના વિદ્વાન મુનિવરો પ્રત્યે તેમનો ઘણો પ્રેમભાવ હોવાથી તથા ગુણાનુરાગિતા, સમભાવદૃષ્ટિ અને આત્મજ્ઞાનિતા ઈત્યાદિ ગુણો તેઓમાં અતિશય વિકાસ પામેલા હોવાથી સર્વ ગચ્છોમાં તેમની હયાતિમાં જ તેઓની પ્રતિષ્ઠા-મહત્તા-ખ્યાતિ અને વિદ્વત્તા ઘણી પ્રસિદ્ધિને પામી હતી. શ્રી પદ્મવજયજીએ બનાવેલા "ઉત્તમવિજયજી નિર્વાણરાસ"માં જણાવ્યું છે કે -

**ખરતરગચ્છમાંહે થયા રે, નામે શ્રી દેવચંદ્ર રે ।**
**જૈનસિદ્ધાન્ત શિરોમણિ રે, ધૈર્યાદિક ગુણવૃંદો રે ॥**
**દેશના જાસ સ્વરૂપની રે**

## ૨૨ ગુણોથી અલંકૃત વ્યક્તિત્વ

વિક્રમ સંવત ૧૮૨૫ ના આસો સુદ-૮ ના રવિવારે બનાવેલા (તે દિવસે પૂર્ણતા પામેલા) "દેવવિલાસ રાસ"ના પ્રારંભમાં પૂજ્યશ્રીમાં સુંદર અદ્વિતીય ૨૨ ગુણો હતા તેનો ઉલ્લેખ તથા વર્ણન ત્યાં આપેલું છે. તે ૨૨ ગુણોનાં નામો આ પ્રમાણે છે.

(૧) સત્યવક્તા
(૨) બુદ્ધિમાન
(૩) જ્ઞાનવંતતા
(૪) શાસ્ત્રધ્યાની
(૫) નિષ્કપટી
(૬) અક્રોધી
(૭) નિરહંકારી
(૮) સૂત્રનિપુણ
(૯) સકલશાસ્ત્રપારગામી
(૧૦) દાનેશ્વરી
(૧૧) વિદ્યાદાનશાળાપ્રેમી
(૧૨) પુસ્તકસંગ્રાહક
(૧૩) વાચકપદપ્રાપ્ત
(૧૪) વાદિજીપક
(૧૫) નૂતનચૈત્યકારક
(૧૬) વચનાતિશયવાળા
(૧૭) રાજેન્દ્રપ્રધાનપૂજિત
(૧૮) મારી ઉપદ્રવનાશક
(૧૯) સુવિખ્યાત
(૨૦) ક્રિયોદ્ધારક
(૨૧) મસ્તકે મણિધારક
(૨૨) શાસનપ્રભાવક

## અંતર્મુખી અને સ્વરૂપલક્ષી જીવન

વાચકવર શ્રી દેવચંદ્રજી વિદ્વાન પ્રભાવક, લેખક, અધ્યાપક અને વક્તા હોવાની સાથે સાથે અધ્યાત્મયોગી અંતર્મુખી અને આત્મજ્ઞાની પણ હતા, જેમ આરિસામાં વ્યક્તિનું પ્રતિબિંબ પડે છે તેમ લેખમાં લેખકનું, ગાયનમાં ગાયકનું, ચાલમાં ચાલકનું અને કૃતિમાં કૃતિકારનું વ્યક્તિત્વ

અવશ્ય પ્રતિબિંબિત થાય છે. તેમની રચનાશૈલી ઉપરથી જ તેમનામાં પ્રગટ થયેલી ઉચ્ચ કોટિની આત્મ-દશાની પરિણતિ હતી તેની સહજપણે જ પ્રતીતિ થઈ જાય છે. કારણ કે પોતાના સહજ શુદ્ધ સ્વરૂપની સિદ્ધિ વિના નિજાનંદની મસ્તીનો આટલો બધો ઉછાળો કેમ સંભવે ?

પૌદ્‌ગલિક પદાર્થોના કામરસને છોડ્યા વિના અને આત્મિક શુદ્ધ સ્વરૂપના અનુભવ રસના આનંદને માણ્યા વિના કોઈ પણ આત્માની વૃત્તિ અંતર્મુખી બનતી નથી, કારણ કે દેહાધ્યાસના સંસ્કાર અનાદિ-કાલીન છે તે દેહાધ્યાસના નાશપૂર્વક આત્મસ્વભાવમાં સ્થિર થવાની પ્રવૃત્તિ જીવ જ્યારે કરે છે ત્યારે જ સચ્ચિદાનંદમય આત્મિકસુખનું આસ્વાદન થાય છે. દેવચંદ્રજી આવી ઉત્તમ દશાના સ્વામી હતા તથા તેઓ બાલબ્રહ્મચારી હતા, વૈરાગી હતા. તેથી તેમની આત્મિક શુદ્ધ ઉપયોગની રમણતામાં ન્યૂનતા કે શૂન્યતા આવતી ન હતી. શ્રી દેવચંદ્રજી વાચકવરે આગમોમાં રહેલા સારામાં સારા અને ગંભીરમાં પણ ગંભીર તત્વોને તથા દ્રવ્યાનુયોગ જેવા ગહન પદાર્થને પણ ચોવીસ તીર્થંકર ભગવંતોનાં સ્તવનો બનાવવા રૂપે પદ્યગ્રંથોમાં સાદી અને સરળ ભાષામાં ગુંથી લીધાં છે.

વિષયો ગુંથ્યા છે એટલું જ નહીં, પરંતુ તેના ઉપર બાલાવબોધ લખીને વિદ્વદ્‌ભોગ્ય સાહિત્યને બાલભોગ્ય પણ બનાવી દીધું છે. તેઓ જ્યારે પ્રભુભક્તિમાં લયલીન થઈને મસ્તમોજી બની જતા હતા, ત્યારે દેહાતીત થઈને બાહ્યભાવથી સર્વથા પરાઙ્મુખ બની જતા હતા અને સ્વરૂપરમણતામાં ખોવાઈ જતા હતા, માટે જ તેમના ગ્રન્થો રૂપી સરોવરમાં ભક્તિરસની સાથે સાથે તત્ત્વરસની, અધ્યાત્મરસની, વૈરાગ્યરસની અને સમતારસની છોળો ઉછળે છે. મોજાઓ ઉછળે છે. ઉત્તમરસથી સર્વે કૃતિઓ છલકાય છે.

આવા ઉત્તમ મહાત્મા પુરુષે બનાવેલાં આ ચોવીશે સ્તવનોને **દેવચંદ્રજી કૃત ચોવીશી** કહેવાય છે. અમે અમારા ક્ષયોપશમ પ્રમાણે તેના અર્થો ખોલવા પ્રયત્ન કર્યો છે.

આ ચોવીશ સ્તવનોના અર્થો લખવામાં નીચેના ચાર પુસ્તકોનો સહારો લીધો છે. તે પુસ્તકોના કર્તાનો ઘણો આભાર હું માનું છું.

(૧) શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ હ. વકીલ સાહેબ, શ્રી મોહનલાલ હીંમચંદભાઈ, પાદરા, પ્રકાશન વર્ષ : વિ. સં. ૧૯૮૫

(૨) શ્રી રાયચંદ ધનજીભાઈ અજાણી, સંપાદક : લક્ષ્મીચંદ શામજી મહેશ્વરી, નવીન કલ્યાણ ધરમશી ડોંબીવલી (પૂર્વ) માનપાડા રોડ, મુંબઈ

(૩) શ્રી શ્રુતજ્ઞાન પ્રસારક સભા : ૧૨, બી-સત્તર તાલુકા સોસાયટી, પો. નવજીવન, અમદાવાદ-૧૪

(૪) શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર-બેંગ્લોર

આ ચાર પુસ્તકોમાં પ્રથમ પુસ્તકનો વધારે સહારો લીધો છે. આ ચોવીશે સ્તવનો મુખપાઠ કરવાપૂર્વક ભક્તિ રસમાં લીન થઈને પરમાત્માની સામે ગાવા જેવાં છે.

અંતે આ અર્થો ખોલવામાં મારી છદ્મસ્થતાના કારણે તથા ઉપયોગની શૂન્યતાના કારણે કદાચ કંઈ દોષો રહી ગયા હોય તો શ્રી ચતુર્વિધ સંઘ સમક્ષ યાચના કરીને માફી માંગું છું. તથા ક્ષતિઓ મને વેલાસર જણાવશો તો બીજી આવૃત્તિમાં જરૂર સુધારો થઈ શકશે. એ જ

**A-૬૦૨, પાર્શ્વદર્શન કોમ્પ્લેક્ષ,**
**નવયુગ કોલેજ સામે, રાંદેર રોડ,**
**સુરત-૩૯૫ ૦૦૯**

**લિ.**
**ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા**
Ph. : (061) 2763070
M. : 98983 30835

# અમારા અન્ય પ્રકાશનો

૧. **શ્રી જૈન ધર્મના મૌલિક સિદ્ધાન્ત** :- નવકારથી સામાઈય-વયજુત્તો સુધીનાં સૂત્રો ઉપર વિવેચન. નવતત્ત્વ, ચૌદ ગુણ-સ્થાનકો, કર્મના ૧૫૮ ભેદો, સાત નયો, સપ્તભંગી અને કાલાદિ પાંચ સમવાયી કારણો ઉપર સરળ ગુજરાતી વિવેચન.

૨. **શ્રી જૈન તત્ત્વ પ્રકાશ** :- દેવસી-રાઈઅ પ્રતિક્રમણનાં સૂત્રો ઉપર સરળ ગુજરાતી વિવેચન.

૩. **જૈન ધાર્મિક પ્રશ્નોત્તર માલા** :- પ્રૌઢ બહેનો અને ભાઈઓને ઉપયોગી ચારસો પ્રશ્ન-ઉત્તરોનો સુંદર સંગ્રહ.

૪. **જૈન ધાર્મિક પારિભાષિક શબ્દકોષ** :- જૈન શાસ્ત્રોમાં વારંવાર વપરાતા પારિભાષિક ધાર્મિક શબ્દોના અર્થો, ધાર્મિક શબ્દકોશ.

૫. **યોગવિંશિકા** :- ઉપાધ્યાયજી કૃત ટીકાના અનુવાદ સાથે. ગુજરાતી સરળ વિવેચન.

૬. **યોગશતક** :- સ્વોપજ્ઞટીકા તથા ટીકાના અનુવાદ સાથે. ગુજરાતી સરળ વિવેચન.

૭. **યોગદૃષ્ટિ સમુચ્ચય** :- પૂ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી કૃત સ્વોપજ્ઞ ટીકા સાથે ટીકાનું અતિશય સરળ ગુજરાતી વિવેચન.

૮. **પ્રથમકર્મગ્રન્થ (કર્મવિપાક)** :- સરળ ગુજરાતી વિવેચન.

૯. **દ્વિતીય કર્મગ્રન્થ (કર્મસ્તવ)** :- સરળ ગુજરાતી વિવેચન.

૧૦. **તૃતીય કર્મગ્રન્થ (બંધસ્વામિત્વ)** :- સરળ ગુજરાતી વિવેચન.

૧૧. **ચતુર્થ કર્મગ્રન્થ (ષડશીતિ)** :- સરળ ગુજરાતી વિવેચન.

૧૨. **પંચમકર્મગ્રન્થ (શતક)** :- પૂજ્યપાદ આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મ.સા. કૃત સો ગાથાના શતક નામના પાંચમા કર્મગ્રન્થનું ગાથા-ગાથાર્થ-શબ્દાર્થ-સંસ્કૃત છાયા સાથે ગુજરાતી સરળ વિવેચન.

૧૩. **છઠ્ઠો કર્મગ્રન્થ (સપ્તતિકા)** :- છઠ્ઠા કર્મગ્રન્થનું ગાથા-ગાથાર્થ-શબ્દાર્થ-સંસ્કૃત છાયા સાથે ગુજરાતી સરળ વિવેચન.

૧૪. **તત્ત્વાર્થાધિગમસૂત્ર** :- સૂત્રોનું સરળ, રોચક સંક્ષિપ્ત વિવેચન.

૧૫. **સમ્યક્ત્વના સડસઠ બોલની સજ્ઝાય** :- ઘણી જ રોચક કથાઓ સાથે તથા સમ્યક્ત્વ સપ્તતિકાની ગાથાઓ સાથે સડસઠ ગુણોનું વર્ણન.

૧૬. **આઠ દૃષ્ટિની સજ્ઝાય** :- પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ. સા. કૃત આઠ દૃષ્ટિની સજ્ઝાયના સરળ ગુજરાતી અર્થો.

૧૭. **સવાસો ગાથાનું સ્તવન** :- પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મ.સા. કૃત, શ્રી સીમંધરસ્વામી પરમાત્માને વિનંતિ કરવારૂપે નિશ્ચયનય અને વ્યવહારનય ગર્ભિત સવાસો ગાથાનું સ્તવન ગુજરાતી અર્થ વિવેચન સાથે.

૧૮. **નવસ્મરણ** :- મૂળ ગાથાઓ, ગુજરાતીમાં ગાથાઓના સરળ અર્થ, ઇંગ્લીશમાં મૂળ ગાથાઓ અને ઇંગ્લીશમાં તે ગાથાઓના અર્થ.

૧૯. **પૂજા સંગ્રહ સાર્થ** :- પંચકલ્યાણક, અંતરાયકર્મ નિવારણ, પિસ્તાલીસ આગમની પૂજા આદિ પૂજાઓ સુંદર ભાવવાહી અર્થ સાથે.

૨૦. **સ્નાત્રપૂજા સાર્થ** :- પૂ. વીરવિજયજી કૃત સ્નાત્રપૂજા અર્થ સાથે.

૨૧. **શ્રી સમ્યક્ત્વ મૂલ બારવ્રત** :- વિવેચન સહ.

૨૨. **શ્રી વાસ્તુપૂજા સાર્થ :-** પૂ. આચાર્ય શ્રી બુદ્ધિસાગરજી કૃત વાસ્તુપૂજાનું સુંદર-સરળ તથા જૈન વિધિ સહ ગુજરાતી ભાષાંતર.

૨૩. **રત્નાકરાવતારિકા(ભાગ-૧) :-** પ્રમાણનયતત્ત્વાલોક ઉપરની પૂ. રત્નાપ્રભાચાર્ય રચિત ટીકા તથા તે ટીકાનો સરળ ગુજરાતી અર્થ. (પરિચ્છેદ ૧-૨)

૨૪. **રત્નાકરાવતારિકા (ભાગ-૨) :-** પૂ. વાદિદેવસૂરિજી રચિત પ્રમાણનયતત્ત્વાલોક ઉપરની પૂ. રત્નપ્રભાચાર્ય રચિત ટીકા તથા તે ટીકાનો સરળ ગુજરાતીમાં અર્થ. (પરિચ્છેદ ૩-૪-૫)

૨૫. **રત્નાકરાવતારિકા (ભાગ-૩) :-** પરિચ્છેદ ૬-૭-૮. પૂ. રત્નપ્રભાચાર્ય મ.સા. રચિત ટીકા તથા તેનું સરળ ગુજરાતી વિવેચન.

૨૬. **દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ :-** પૂ. ઉ. શ્રીયશોવિ. મ. કૃત ગુજરાતી ટબા સાથે તથા ટબાની તમામ પંક્તિઓના વિવેચન અર્થ સાથે.

૨૭. **અઢાર પાપસ્થાનકની સજ્ઝાય :-** અર્થ વિવેચન સાથે.

૨૮. **સમ્મતિ પ્રકરણ :-** પૂજ્ય આ. શ્રી સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી કૃત સમ્મતિ પ્રકરણનું પાઠ્ય પુસ્તકરૂપે ગુજરાતી વિવેચન.

૨૯. **ગણધરવાદ :-** પરમારાધ્ય સિદ્ધાન્તપાક્ષિક પૂજ્યપાદ આચાર્ય શ્રી જિનભદ્રગણિ-ક્ષમાશ્રમણજી વિરચિત શ્રી વિશેષાવશ્યકભાષ્ય આધારિત શ્રી મલધારી હેમચંદ્રાચાર્યજી વિરચિત ટીકાના અનુવાદ રૂપે ‘‘ગણધરવાદ’’.

૩૦. **જ્ઞાનસાર અષ્ટક તથા જ્ઞાનમંજરી :-** દ્રવ્યાનુયોગના પ્રખરાભ્યાસી શ્રી દેવચંદ્રજી મ. કૃત જ્ઞાનમંજરી ટીકા તથા ટીકાના વિવેચન સાથે સરળ ગુજરાતી જ્ઞાનસારાષ્ટકનું વિવેચન.

૩૧. **અમૃતવેલની સજ્ઝાય :-** અર્થ સભર સુંદર ગુજરાતી વિવેચન.

૩૨. **યોગસાર :-** પાંચ પ્રસ્તાવ ઉપર અર્થ સભર સુંદર-ભાવવાહી ગુજરાતી વિસ્તૃત વિવેચન છે.

૩૩. **શ્રી દેવચંદ્રજી મ. કૃત સ્તવન ચોવીશી (ભાગ : ૧-૨)** : પ્રથમ ભાગમાં ૧થી ૧૨ ભગવાનના સ્તવનોના ગુજરાતીમાં ભાવવાહી સુંદર અર્થો તેમજ ભાગ ૨માં ૧૩થી૨૪ ભગવાનના સ્તવનોના ગુજરાતી ભાષામાં સુંદર અર્થો લખેલા છે. ૨

# ભાવિમાં પ્રકાશિત થનારા ગ્રંથો

૩૪. **કર્મપ્રકૃતિ :-** પૂજ્યપાદ્ શ્રી શીવશર્મસૂરિજીકૃત કમ્મપયડી તથા તેનું ગુજરાતી ભાષામાં સરળ વિવેચન.

૩૫. **નિહ્નવવાદ :-** પૂજ્ય આચાર્યદેવ શ્રી જિનભદ્રગણિકૃત શ્રી વિશેષાવશ્યકભાષ્ય આધારિત ભગવાન મહાવીર પ્રભુની વાત ન સ્વીકારનારા નિહ્નવોની માન્યતા તથા ચર્ચા.

૩૬. **અધ્યાત્મ ગીતા :-** પૂ. શ્રી દેવચંદ્રજી મહારાજ કૃત અધ્યાત્મરસથી ભરેલી ગીતા.

# અનુક્રમણિકા


| વિષય | પાના નંબર |
|---|---|
| તેરમા શ્રી વિમલનાથ પરમાત્માનું સ્તવન | ૧ થી ૧૨ |
| ચૌદમા શ્રી અનંતનાથ પરમાત્માનું સ્તવન | ૧૩ થી ૨૨ |
| પંદરમા શ્રી ધર્મનાથ પરમાત્માનું સ્તવન | ૨૩ થી ૪૨ |
| સોળમા શ્રી શાંતિનાથ પરમાત્માનું સ્તવન | ૪૩ થી ૫૬ |
| સત્તરમા શ્રી કુંથુનાથ પરમાત્માનું સ્તવન | ૫૭ થી ૭૬ |
| અઢારમા શ્રી અરનાથ પરમાત્માનું સ્તવન | ૭૭ થી ૯૭ |
| ઓગણીસમા શ્રી મલ્લિનાથ પરમાત્માનું સ્તવન | ૯૮ થી ૧૧૭ |
| વીશમા શ્રી મુનિસુવ્રતસ્વામી પરમાત્માનું સ્તવન | ૧૧૮ થી ૧૩૩ |
| એકવીશમા શ્રી નમિનાથ પરમાત્માનું સ્તવન | ૧૩૪ થી ૧૪૫ |
| બાવીશમા શ્રી નેમિનાથ પરમાત્માનું સ્તવન | ૧૪૫ થી ૧૫૫ |
| ત્રેવીશમા શ્રી પાર્શ્વનાથ પરમાત્માનું સ્તવન | ૧૫૬ થી ૧૬૯ |
| ચોવીશમા શ્રી મહાવીરસ્વામી પરમાત્માનું સ્તવન | ૧૭૦ થી ૧૮૮ |

# પરમ પૂજ્ય
# શ્રી દેવચંદ્રજી મહારાજ સાહેબ કૃત
# ચોવીશી : ભાગ-૨

## તેરમા શ્રી વિમલનાથ પરમાત્માનું સ્તવન

**વિમલ જિન વિમલતા તાહરી જી, અવર બીજે ન કહાય ।**
**લઘુ નદી જિમ તિમ લંઘીયે જી, સ્વયંભૂરમણ ન તરાય ॥**
**વિમલજિન...॥ ૧ ॥**

**ગાથાર્થ :-** હે વિમલનાથ પ્રભુ, તમારામાં જેવી નિર્મળતા અર્થાત્ શુદ્ધતા છે. તેવી નિર્મળતા (શુદ્ધતા) બીજે ક્યાંય જણાતી નથી. આવી શુદ્ધતા બીજે ક્યાંય દેખાતી નથી. નાની નદી તો હજુ પણ જેમ તેમ કરીને તરી શકાય છે. પરંતુ સ્વયંભૂરમણ સમુદ્ર કેમે કરી તરી શકાતો નથી. ॥ ૧૩-૧ ॥

**વિવેચન :-** તેરમા શ્રી વિમલનાથ પરમાત્માની સ્તુતિ કરતાં ગ્રંથકારશ્રી જણાવે છે કે હે પરમાત્મા ? તમારી નિર્મળતા એટલે કે શુદ્ધતા કેવી છે ? આવી નિર્મળતા બીજે ક્યાંય દૃષ્ટિગોચર થતી નથી. આપની નિર્મળતા અતિશય અમાપ છે. અવર્ણનીય છે. શબ્દોથી ન કહી શકાય તેવી છે.

જ્ઞાનાવરણીયાદિ સર્વે પણ દ્રવ્યકર્મો, અને મિથ્યાત્વ અવિરતિ આદિસમસ્ત ભાવકર્મોથી રહિત છે. તથા પરાનુયાયિતા (પરદ્રવ્યને અનુસરવાપણું) ઇત્યાદિ સર્વ દુષણોથી રહિત છે આપશ્રીમાં જે નિર્મળતા

છે. તે છદ્મસ્થ જીવો વડે વર્ણવી ન શકાય તેવી છે. કારણ કે છદ્મસ્થજીવોની વાચા ક્રમવર્તી છે. આયુષ્ય પરિમિત છે અને શુદ્ધતા અનંતી છે. એટલે છદ્મસ્થ જીવો વડે તે શ્રદ્ધતા ન વર્ણવી શકાય તેવી છે.

શાસ્ત્રોમાં જ કહ્યું છે કે 'सिद्धस्वरूपस्य अनन्तत्वात्, वाचः क्रमवर्तित्वात् आयुष्यस्याल्पत्वात् तेन वक्तुं न शक्यते केनचित्' इति भाष्यवचनात् ॥

સિદ્ધ પરમાત્માનું સ્વરૂપ અનંત છે. તેનું વર્ણન કરવા પ્રયત્ન કરીએ તો પણ વાચા ક્રમવર્તી છે અને વર્ણન કરનારાનું આયુષ્ય પરિમિત છે. માટે સર્વ વર્ણન કરવું શક્ય નથી. આવું વિશેષાવશ્યકભાષ્ય બનાવનારા શ્રી જિનભદ્રગણિજીનું આ વચન છે. તે માટે વિમલનાથ પ્રભુની નિર્મળતા એટલે કે શુદ્ધતા ન કહી શકાય ન માપી શકાય અને ન જાણી શકાય તેવી અમાપ છે.

આ વાત સમજાવવા માટે એક દૃષ્ટાન્ત ગ્રંથકારશ્રી આપે છે કે:- જેમ કોઈ નાની નદી હોય જેમ કે, બનાસનદી, સાબરમતી નદી કે મહી નદી, તો આવી નદી જેમ તેમ કરીને પણ ઉતરી શકાય. પેલે પાર જઈ શકાય. પરંતુ જે સ્વયંભૂરમણ સમુદ્ર છે કે જે અસંખ્યાતા કોટિ યોજનનો છે. તેને અનુસારે વિશાળ ઉંડો પણ છે. આવો સમુદ્ર તે કોઈ સામાન્ય માણસથી તરી શકાય નહીં. અને પરમાત્માના ગુણો તો સ્વયંભૂરમણસમુદ્રથી પણ અનંતગુણા છે તે સર્વે ગુણોનું વર્ણન વચન દ્વારા કેમ કરી શકાય ? અર્થાત્ ન જ કરી શકાય તેવા અપરિમિત અનંત ગુણો પરમાત્મામાં છે. ॥ ૧ ॥

**અવતરણ :-** આ જ વાત ઘણી ઉપમાઓ આપીને ગ્રંથકારશ્રી સમજાવે છે :-

**સચલ પુટવી ગિરિ જલ તરુજી, કોઈ તોલે એક હથ્થ ।**
**તેહ પણ તુજ ગુણગણ ભણીજી, ભાખવા નહી સમરથ ॥**
**વિમલનાથ...॥ ૨ ॥**

**ગાથાર્થ :-** કોઈ શક્તિશાળી મનુષ્ય કદાચ પોતાના એક હાથમાં જ સર્વ પૃથ્વી ઉપાડી શકે, સર્વ પર્વત ઉંચકી શકે, સર્વ જળને ધારણ કરી શકે, અને કદાચ સર્વ વૃક્ષોને પણ ઉંચકી શકે. પરંતુ તેવો બળવાન મનુષ્ય પણ હે પરમાત્મા ! તમારા ગુણોના સમૂહને કહી શકે નહીં. તમારા ગુણોને કહેવા કોઈ મનુષ્ય સમર્થ નથી. ॥ ૨ ॥

**વિવેચન :-** આ સંસારમાં કદાચ કોઈ શક્તિશાળી મનુષ્ય પોતાના એક હાથમાં સકલ પૃથ્વી ઉંચકી શકે. અથવા સર્વ પર્વત ઉંચકી શકે. અથવા સર્વ પાણી હાથમાં ધારણ કરી શકે અથવા સર્વ વૃક્ષોને ઉંચકી શકે તેવો બળવાન મનુષ્ય પણ હે પરમાત્મા ! તમારા ગુણોના સમૂહને ભાખવા એટલે કે કહેવાને સમર્થ નથી.

કારણ કે તે કહેનાર વકતા છદ્મસ્થ હોવાથી બાલવીર્ય વાળો છે અર્થાત્ ક્ષાયોપશમિક ભાવના વીર્યવાળો છે અને તમારૂં નિર્મળ અનંતગુણમય જે સ્વરૂપ છે તે તો કેવલજ્ઞાની એવા ભગવાન કે જે ક્ષાયિકભાવના વીર્યવાળા છે. તેનાથી જ ગમ્ય છે તે સર્વજ્ઞ ભગવાન્ પણ જાણી શકે છે પણ વાચાથી વર્ણન કરી શકતા નથી. તો પછી ક્ષાયોપશમિકભાવના વીર્યવાળા છદ્મસ્થ આત્માઓથી કેમ કહી શકાય? કેમ સમજી શકાય ? આવા અમાપ ગુણોના આપશ્રી સ્વામી છો. ॥૨॥

**અવતરણ :- પરમાત્માના ગુણો ધર્માસ્તિકાયાદિ સર્વદ્રવ્યોના સર્વ પર્યાયો કરતાં પણ અનંતગુણા છે. આ વાત સમજાવતાં કહે છે કે :-**

**સર્વ પુદ્ગલ નભ ધર્મના જી, તેમ અધર્મ પ્રદેશ ॥**
**તાસ ગુણ ધર્મ પજ્જવ સહુજી, તુજ ગુણ એકતણો લેશ ॥**
**વિમલજિન...॥ ૩ ॥**

**ગાથાર્થ :-** સર્વ પુદ્ગલાસ્તિકાય, આકાશાસ્તિકાય, ધર્માસ્તિકાય, તથા અધર્માસ્તિકાય આ ચારે દ્રવ્યના જે પ્રદેશો છે. તેના જે ગુણધર્મો

છે. તે અનંતા છે. તેના હાનિ-વૃદ્ધિ રૂપ જે પર્યાઓ છે તે તેનાથી પણ અનંતગુણા છે. તે સર્વ ગુણો અને સર્વ પર્યાયો સાથે મળે તો પણ તમારા એકગુણનો પણ એક અંશમાત્ર થાય છે. ॥ ૩ ॥

**વિવેચન :-** ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, શ્વાસોશ્વાસ, ભાષા, મન, અને કાર્મણ એમ આઠ ગ્રાહ્ય અને આઠ અગ્રાહ્ય કુલ ૧૬ વર્ગણાઓ છે. તથા ધ્રુવાચિત્ત અધ્રુવાચિત્ત ઈત્યાદિ અન્ય વર્ગણાઓ રૂપ જે પુદ્ગલાસ્તિકાય નામનું દ્રવ્ય છે. તે પુદ્ગલદ્રવ્ય તથા નભ - એટલે લોકાકાશ અને અલોકકાશના નામે જે અનંત આકાશાસ્તિકાય નામનું દ્રવ્ય છે, તે. તથા ગતિસહાયક ધર્માસ્તિકાય અને સ્થિતિસહાયક અધર્માસ્તિકાય. આ ચારે દ્રવ્યોમાં ત્રણ દ્રવ્યોના પ્રદેશો અસંખ્યતા છે અને એક આકાશાસ્તિકાયના પ્રદેશો અનંતા છે તેથી ચારે દ્રવ્યોના સાથે મળીને પ્રદેશો અનંતા થાય છે.

તથા તે ચારે દ્રવ્યોના નિત્યત્વ અનિત્યત્વ ભિન્નત્વ અભિન્નત્વ ઈત્યાદિ ગુણધર્મો અનંતા અનંતા છે. તથા તે ગુણધર્મોની સમયે સમયે પરાવૃત્તિ થવા રૂપ પર્યાઓ તેનાથી પણ અનંતગુણા છે. આ પ્રમાણે ચારે દ્રવ્યો, તેના ગુણધર્મો અને તેના પર્યાયો મળીને કુલ અનંતા અનંત થાય છે.

પરંતુ હે પરમાત્મા ? તમારો કેવલજ્ઞાન નામનો જે એક ગુણ છે. તેની સામે આ સર્વ ગુણ-પર્યાયો એક લેશમાત્ર અંશ છે. અર્થાત્ આ સર્વ કરતાં આપશ્રીનો કેવળજ્ઞાન નામનો એકગુણ પણ અનંતગુણ અધિક છે. તો પછી આપશ્રીમાં વર્તતા અનંતગુણોની વાત તો કરવી જ શું ?

આવા પ્રકારનું અનંતગણા ગુણોથી ભરેલું આપશ્રીનું આત્મદ્રવ્ય છે. અમે તમારા ગુણોનું વર્ણન તો કરી શકવાના નથી. પણ છદ્મસ્થ હોવાથી પુરેપુરા જાણી શકીએ તેમ પણ નથી. શ્રી વિશેષાવશ્યક ભાષ્યમાં કહ્યું છેકે :- ये हि केवलस्य निःशेषज्ञेयगता विषयभूता पर्यायास्ते

ज्ञानाद्वैतवादिनयमतेन ज्ञानरूपत्वादर्थापत्त्यैव स्वपर्यायाः प्रोक्ताः न तु परपर्यायापेक्षया ॥

સર્વ જ્ઞેય દ્રવ્યોમાં રહેલા સર્વે પણ પર્યાયો કેવલજ્ઞાનદ્વારા જાણી શકાય તેવા છે તે માટે જ્ઞાનાદ્વૈતવાદિ નયના મતે તે સર્વે કેવલજ્ઞાનના સ્વપર્યાય કહેવાય છે પરંતુ પરપર્યાય કહેવાતા નથી.

આ પ્રમાણે સૌથી વધારે કેવલજ્ઞાનના પર્યાયો છે તેટલા જ કેવલદર્શનના પર્યાયો છે આમ અનંતગુણોના અને અનંત પર્યાયના ભંડાર એવા આ પરમાત્મા છે. તેઓને અમારી હાર્દિક ભાવભરી વંદના. ॥૩॥

**અવતરણ :- પરમાત્મામાં અસ્તિતા અને નાસ્તિતા કેટલી છે? તે યથાર્થપણે ગ્રંથકારશ્રી સમજાવે છે :-**

**એમ નિજભાવ અનંતની જી, અસ્તિતા કેટલી થાય ?**
**નાસ્તિતા સ્વપરપદ અસ્તિતાજી, તુઝ સમકાલ સમાય ॥**
**વિમલજિન...॥ ૪ ॥**

**ગાથાર્થ :-** આ પ્રમાણે પોતાનામાં રહેલા એક એક એમ અનંતગુણોની અસ્તિતા કેટલી મોટી થાય ? તેટલી અસ્તિતા આપશ્રીમાં છે. તથા નાસ્તિતા પણ આ જ પ્રમાણે અનંતગુણી આપશ્રીમાં રહેલી છે. આ પ્રમાણ સ્વ અપેક્ષાએ અને પર અપેક્ષાએ અસ્તિ રૂપ અને નાસ્તિરૂપ પર્યાયોની અસ્તિતા તમારામાં સમાનકાલે વર્તે છે. ॥૪॥

**વિવેચન :-** જેમ કેવલજ્ઞાન નામનો એક ગુણ છે. તે અનંત એવા દ્રવ્ય-ક્ષેત્ર-કાલ અને ભાવને જાણતું હોવાથી અનંતપર્યાયવાળું છે. એવી જ રીતે કેવલદર્શન પણ અનંતપર્યાયવાળું છે. જેમ સ્વદ્રવ્ય સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવની અપેક્ષાએ અસ્તિપણું અનંતું છે. તેવી જ રીતે પરપર્યાયની અપેક્ષાએ નાસ્તિપણું પણ તેનાથી અનંત

ગુણ છે. કારણ કે અન્ય સર્વ જીવદ્રવ્ય, પુદ્ગલદ્રવ્ય, ધર્માસ્તિકાયાદિ-દ્રવ્યો, તથા તેના જે જે પર્યાયો છે. તે સઘળા પણ વિવક્ષિત જીવના નાસ્તિપર્યાયો કહેવાય છે. આમ હે પરમાત્મા ! અનંત અસ્તિપર્યાયો તથા તેનાથી અનંતગુણા નાસ્તિપર્યાયો આપશ્રીમાં વર્તે છે. શાસ્ત્રમાં જ કહ્યું છે કેઃ-

"ये यस्य समवेतास्ते तस्य स्वपर्यायाः प्रोच्यन्ते, अस्तित्वेन संबद्धास्ते च अनंताः, ये च घटादिगताश्चास्य पर्यायास्तेभ्यो व्यावृत्तित्वेन नास्तित्वेन संबद्धा इति ॥"

જે પર્યાયો જે દ્રવ્યમાં સમવાયસંબંધથી રહેલા છે તે પર્યાયો તે દ્રવ્યના સ્વપર્યાય કહેવાય છે. કારણ કે તે પર્યાયો તે દ્રવ્યમાં સમવાયસંબંધથી જોડાયેલા છે આવા સ્વપર્યાયો અનંતા છે. તથા જે ઘટાદિમાં રહેલા ઘટાદિના સ્વપર્યાયો છે. તેનાથી આ દ્રવ્યની વ્યાવૃત્તિ હોવાથી નાસ્તિત્વપણે તે પર્યાયો પણ આ વિવક્ષિતદ્રવ્યમાં સંબંધવાળા છે માટે તે નાસ્તિપર્યાયો પણ તે વિવક્ષિતદ્રવ્યમાં નાસ્તિપણે અસ્તિસ્વરૂપ છે.

અસ્તિપર્યાયો કરતાં નાસ્તિપર્યાયો અનંતગુણા છે ત્યાં કેવળજ્ઞાનના અસ્તિપર્યાયો અનંતા છે. જેમ કે अमूर्तत्व, चेतनत्व, सर्ववेतृत्व, अप्रतिपातित्व, निरावरणत्व ઇત્યાદિ કેવલજ્ઞાનના અસ્તિસ્વરૂપ સ્વપર્યાયો અનંતા છે. તથા કેવલદર્શન આદિ બીજા અનંતગુણોના જે જે સ્વપર્યાયો છે તે તે સઘળા કેવલજ્ઞાનમાં નાસ્તિપણે રહેલા છે આ રીતે અસ્તિપર્યાય કરતાં નાસ્તિપર્યાય અનંતગુણા છે.

તથા જેમ કેવળજ્ઞાન અસ્તિ-નાસ્તિ પર્યાયોથી ભરપૂર ભરેલું છે તેવી જ રીતે કેવલદર્શન પણ પોતાના અસ્તિ-નાસ્તિ પર્યાયોથી ભરપૂર ભરેલું છે તેવી જ રીતે જીવદ્રવ્યમાં રહેલો ચારિત્રગુણ, સુખગુણ,

અરૂપિપણુ, અગુરુલઘુપણુ ઇત્યાદિ અનંતગુણો સ્વપર્યાય અને પરપર્યાયથી ભરપૂર ભરેલા છે.

આ પ્રમાણે સર્વે પણ દ્રવ્યોમાં પોતાના વર્તતા પર્યાયો અસ્તિપણે અને અન્ય સર્વ દ્રવ્યમાં વર્તતા પર્યાયો વિવક્ષિત દ્રવ્યમાં નાસ્તિપણે વર્તે જ છે. આમ વિચારતાં કોઈ પણ દ્રવ્ય અનંતાનંત પર્યાયોથી ભરપૂર ભરેલું છે.

દાખલા તરીકે કોઈ પણ એક ગાયને જોતાં આ ગાય છે. આ પશુ છે. આ તિર્યંચ છે. આ પંચેન્દ્રિય છે. આ એક જીવ છે ઇત્યાદિ અસ્તિપર્યાયો જેમ જણાય છે તેવી જ રીતે તે જ ગાયને જોતાં જ આ ઊંટ નથી, આ ભેંસ નથી, આ બકરી નથી, આ વાઘ નથી. તથા આ હાથી નથી કે સિંહ નથી. ઇત્યાદિ વ્યતિરેક પર્યાયો પણ તે ગાયને જોતાં જ જણાય છે. તે માટે તે ગાય પોતે અનંતા સ્વપર્યાયોથી જેમ ભરેલી છે તેવી જ રીતે પોતાનામાં ન વર્તતા એવા અનંતા પરપર્યાયોથી પણ વ્યતિરેકભાવે ભરેલી છે. આ રીતે સર્વે પણ દ્રવ્યો અનંતા સ્વપર્યાયોથી જેમ ભરેલાં છે તેવી જ રીતે પોતાનામાં ન વર્તતા એવા પરપર્યાયોથી પણ વ્યતિરેકભાવે ભરેલાં છે. આ રીતે સર્વે પણ દ્રવ્યો અનંતા સ્વપર્યાયોથી અને તેનાથી અનંતગુણ પરપર્યાયોથી ભરપૂર ભરેલાં છે. માટે સર્વે પણ દ્રવ્યો સ્વપર્યાય અને પરપર્યાયથી અસ્તિ-નાસ્તિભાવે યુક્ત છે.

જેમ જીવદ્રવ્યમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ ગુણોની અસ્તિતા છે. તેવી જ રીતે તે જ જીવદ્રવ્યમાં વર્ણ-ગંધ-રસ અને સ્પર્શ ગુણોની નાસ્તિતા પણ છે જ.

"यदि परनास्तितता जीवादिषु न स्यात् तदा जीवादीनां परत्वपरिणतिः स्यात्" જો જીવ આદિ દ્રવ્યોમાં પરદ્રવ્યનું નાસ્તિપણું ન વિચારીએ તો તે જીવાદિનું પરભાવે પરિણમન થઈ જાય એમ સ્વીકારવું પડે. તેથી

જીવ પણ અજીવ થાય છે આવો ખોટો અર્થ થઈ જાય માટે સ્વપર્યાયની અસ્તિતાની જેમ પરપર્યાયની નાસ્તિતા પણ અવશ્ય સ્વીકારવી જોઈએ.

શ્રી વિશેષાવશ્યકભાષ્યમાં કહ્યું છે કે "द्विविधं हि वस्तुस्वरूपम्, अस्तित्वं च नास्तित्वं च, ततो ये यत्रास्तित्वेन प्रतिबद्धास्ते तस्य स्वपर्यायाः, ये तु नास्तित्वेन संबद्धास्ते तस्य परपर्यायाः" इति निमित्तभेद ख्यापनपरावेव स्वपरशब्दौ, न तु एकेषां तत्र सर्वथा संबन्धनिराकरणपरौ,

अतः अस्तित्वेन संबद्धास्ते स्वपर्यायाः, नास्तित्वेन संबन्धास्ते परपर्यायाः उच्यन्ते, न पुनः सर्वथा ते तत्र न संबद्धाः, नास्तित्वेन तत्र संबन्द्धाः इति ॥

સર્વે પણ દ્રવ્યોમાં જેમ અસ્તિ પર્યાયો છે તેમ નાસ્તિ પર્યાયો પણ નાસ્તિપણે છે જ. તેથી જ તે તે દ્રવ્ય તે તે ભાવે નથી આવો બોધ થાય છે.

વસ્તુનું સ્વરૂપ બે પ્રકારનું છે અસ્તિ રૂપ અને નાસ્તિ રૂપ, ત્યાં જે દ્રવ્યમાં જે ભાવો અસ્તિ રૂપે જોડાયેલા છે તે પર્યાયો તેના સ્વપર્યાય કહેવાય છે અને જે પર્યાયો ત્યાં નાસ્તિરૂપે જોડાયેલા છે તે તેના પરપર્યાય કહેવાય છે.

આ પ્રમાણે આ સ્વ અને પર આ બન્ને શબ્દો નિમિત્તભેદને જ સૂચવનારા છે. પરંતુ અમુક પર્યાયો છે જ અને અમૂક પર્યાયો નથી જ. આમ એકાન્તે વિધિ તથા એકાન્તે નિષેધ સૂચવનારા આ શબ્દો નથી. તે માટે જે પર્યાયો અસ્તિભાવે છે તે સ્વપર્યાય કહેવાય છે અને જે પર્યાયો નાસ્તિભાવે છે તે પર્યાયો પરપર્યાય કહેવાય છે. આ રીતે પરપર્યાયો પણ વિવક્ષિતદ્રવ્યમાં નાસ્તિભાવે છે જ. પરંતુ સર્વથા નથી જ એમ ન સમજવું. કારણ કે નાસ્તિભાવે ત્યાં સંબંધવાળા જ છે. તો જ આ દ્રવ્ય તે રૂપે નથી આવો બોધ થાય છે.

હે વિમલનાથ પ્રભુ ! તમારામાં એકીસાથે એક જ સમયમાં પોતાના અનંતગુણોની નિર્મળતા પ્રકાશે છે. તથા પોતાના ગુણોની

કર્તૃતા અને ભોક્તૃતા જેમ પ્રકાશે છે. તેમ જ તે જ સમયમાં આપશ્રીમાં ક્ષાયિકભાવ હોવાથી પરદ્રવ્યના ક્ષાયોપશમિક ભાવના ગુણોની નાસ્તિતા અકર્તૃકતા અને અભોક્તૃતા પણ તેટલા જ પ્રમાણમાં રહેલી છે.

આ વાત સમ્યગ્દૃષ્ટિ જીવને શ્રદ્ધાથી સમજાય છે. પૂર્વધર આદિ મહાત્માઓને પરોક્ષ એવા શ્રુતજ્ઞાનથી સમજાય છે. અને કેવલી પરમાત્માને પ્રત્યક્ષથી જણાય છે. આ રીતે હે પરમાત્મા ! તમારામાં અભિલાપ્ય અને અનભિલાપ્યભાવની પણ અનંતતા રહેલી છે. જે ભવ્યજીવને આપનું આ સ્વરૂપ સ્વાદવાદધર્મથી યુક્ત સમજાય છે. તે ભવ્યજીવને પણ ધન્ય છે. હે પરમાત્મા ! તમે તો અનંતગુણી છો પરમપૂજ્ય છો. પરમેશ્વર છો. ત્રિલોકના નાથ છો. સર્વ કરતાં અધિક ઠકુરાઈવાળા છો. તમને પરમાર્થથી જે ઓળખે તે ભવ્યજીવ પણ ધન્ય છે. ॥ ૪ ॥

**તાહરા શુદ્ધસ્વભાવને જી, આદરે ધરી બહુમાન ।**
**તેહને તેહિજ નીપજે જી, એ કોઈ અદ્ભૂત તાન ॥**
**વિમલજિન...॥ ૫ ॥**

ગાથાર્થ :- હે પરમાત્મા ! જે સાધક આત્મા તારા શુદ્ધસ્વભાવને હૈયાના ઘણા જ બહુમાન પૂર્વક આદરે. તે સાધક આત્મા પોતે તેવો જ બની જાય છે. આ એક મોટુ અદ્ભૂત આશ્ચર્ય છે. ॥ ૫ ॥

વિવેચન :- હે વીતરાગ પ્રભુ ! તમારો જે શુદ્ધ, નિર્દોષ, રાગ દ્વેષ આદિ દોષોથી રહિત વીતરાગતામય સ્વભાવ છે. આત્માના ગુણોનો અનુભવ કરવા રૂપ અનંત આનંદમય જે પ્રકૃતિ છે તથા અક્રિયતામય અને અક્ષયસ્વરૂપ જે સ્વભાવ દશા છે. તે સ્વભાવ દશાને હૈયાના ઘણાજ બહુમાનપૂર્વક જે સેવક આદરે છે. અતિશય આદરભાવ રાખીને જે આપના સ્વભાવનું ચિંતન-મનન કરે છે તે સાધક એવો આત્મા પોતે પણ તેવો જ બની જાય છે. તમારૂં યથાર્થ

ધ્યાન કરતાં કરતાં સાધક આત્મા પોતે પણ વીતરાગદશાને પ્રાપ્ત કરે છે પ્રભુના જેવો જ પોતાનો સ્વભાવ નિર્મળ કરે છે. વીતરાગનું ધ્યાન કરતો છતો પોતે જ વીતરાગદશાને પ્રાપ્ત કરે છે. હે પરમાત્મા ! આ એક મોટું અદ્‌ભૂત આશ્ચર્ય છે.

અરિહંત પરમાત્માના સ્વરૂપનું ચિંતન-મનન-નિદિધ્યાસન કરતાં કરતાં સાધક આત્મા પોતે જ વીતરાગ બની જાય છે. આ એક મહાન આશ્ચર્ય છે. ॥ ૫ ॥

**અવતરણ :-** વીતરાગ પરમાત્મા કંઈ બાહ્યભાવનું કાર્ય કરતા નથી. છતાં સાધક તેમને પામીને તેમના જેવો થાય જ છે. આ વાત સમજાવતાં ગ્રંથકારશ્રી કહે છે કે :-

**તુમ પ્રભુ તુમ તારક વિભૂજી, તુમ સમો અવર ન કોય ।**
**તુમ દરિસણ થકી હું તર્યોજી, શુદ્ધ આલંબન હોય ॥**
**વિમલજિન...॥ ૬ ॥**

**ગાથાર્થ :-** તમે જ પ્રભુ છો. તમે જ તારક છો. હે પ્રભુજી ! તમે જ વિભુ છો. તમારા સમાન આ સંસારમાં બીજુ કોઈ નથી. આપશ્રીના દર્શનમાત્રથી જ હું આ સંસારસાગર તરી શક્યો છું. આ સંસાર તરવામાં તમે જ શુદ્ધ આલંબનભૂત છો. ॥ ૬ ॥

**વિવેચન :-** હે વિમલનાથ પ્રભુ ! તમે તો વીતરાગ છો. કોઈ પણ વ્યક્તિનું કંઈ પણ કામ કરતા નથી. પરભાવમાં જોડાતા નથી. છતાં જે વ્યક્તિ તમારૂં ધ્યાન ધરે છે. તમને ઉપાસે છે તેનું બધુ જ કામ થાય છે તેના માટે તમે જ પ્રભુ છો. તમે જ તેના તારક છો. અલિપ્ત રહ્યા છતા તમારા સાનિધ્યથી તે સેવકનું બધું જ કામ થાય છે.

આપશ્રીના દર્શનમાત્રથી જ હું આ સંસારસાગર તર્યો છું. મારી જેમ ભૂતકાળમાં પણ અનેક આત્માઓ આપશ્રીના આલંબનમાત્રથી સંસારસાગર તર્યા છે. ખરેખર નાવની જેમ, સ્ટીમ્બરની જેમ તમે જ આ સંસાર તરવામાં શુદ્ધ - નિર્દોષ આલંબન સ્વરૂપ છો. આપશ્રી

અયોગી છો. પરભાવના અકર્તા છો. તો પણ તમારૂં શુદ્ધ આલંબન લેનારા ભવ્ય આત્માઓ આ સંસારસાગર અવશ્ય તરે જ છે. આ એક મોટુ આશ્ચર્ય છે. મને તમારૂં સાચું દર્શન થયું. એટલે સમ્યક્ત્વ પ્રગટ થયું. હવે તરવાનો જ છું. એટલે સંસારસાગર તર્યો એમ ઉપચાર કરાય છે. બે-ચાર માઈલ દૂરથી ગામ દેખાય ત્યારથી જ આ ગામ આવ્યું એમ ભાવિમાં ભૂતનો ઉપચાર કરીને આમ જ બોલાય.

તેવી જ રીતે હે પરમાત્મા ૧ તમારા શુદ્ધ સ્વરૂપનું અવલંબન લેવાથી મેં મારા શુદ્ધસ્વરૂપને ઓળખ્યું. જાણ્યું. મારૂં તેવું સ્વરૂપ પ્રાપ્ત કરવાની રૂચિ પ્રાપ્ત થઈ. તેનાથી હું સ્વરૂપવિશ્રામી બન્યો. આત્મસ્વરૂપના ધ્યાનનો ધ્યાતા બન્યો. આ પ્રમાણે તમારૂં દર્શન મળ્યું એટલે સંસાર તર્યો જ છું. આમ ભાવિના કાર્યનો ભૂતકાળમાં આરોપ કર્યો. આ રીતે આ નૈગમનયને આશ્રયી કહેવાય છે. નૈગમનયનું આવું જ ઉપચારવચન હોય છે. ॥ ૬ ॥

**પ્રભુતણી વિમલતા ઓળખી જી, જે કરે થિરમન સેવ ।**
**દેવચંદ્ર પદ તે લહે જી, વિમલ આનંદ સ્વયમેવ ॥**
**વિમલજિન...॥ ૭ ॥**

**ગાથાર્થ :-** હે વિમલનાથ પ્રભુ ! જે સેવક આત્મા તારી નિર્મળતાને યથાર્થપણે જાણીને પોતાના મનને સ્થિર કરીને તારી સેવા કરે છે તે સેવક આત્મા દેવોમાં ચંદ્રમાસમાન શાન્તપદને પ્રાપ્ત કરે જ છે કે જે પદ અતિશય નિર્મળ છે અને તે પદ પોતે જ અનંત આનંદનું સ્થાન છે. ॥ ૭ ॥

**વિવેચન :-** આ પ્રમાણે શ્રી વિમલનાથ પ્રભુની પ્રભુતાને યથાર્થપણે ઓળખીને, યથાર્થપણે જાણીને "આ પરમાત્મા ક્ષાયિકભાવના સ્વામી છે અતિશય શુદ્ધ છે નિર્મળ છે આવું જાણીને"

પોતાના મનને અતિશય સ્થિર કરીને જે સાધક આત્મા પોતાના આત્માને પ્રભુની સેવામાં જોડે છે તે પ્રભુ તો વીતરાગ હોવાથી કંઈ જ કરતા નથી. તો પણ સેવક આત્મા વીતરાગપ્રભુની ભાવથી સેવા કરતો છતો પોતે જ વીતરાગ પરમાત્મા બની જાય છે વીતરાગદશાવાળું પદ પ્રાપ્ત કરી લે છે.

જે પદ કેટલું ઉંચું છે ! તે સમજાવે છે કે આ વીતરાગાવસ્થાનું પદ, સર્વ નિકાયના દેવોમાં ચંદ્રમાસમાન છે. અતિશય શીતળ અને શાન્ત પદ છે ક્યારેય કષાય ઉદ્ભવતા નથી. તેના જ કારણે અતિશય વિમળ અર્થાત્ નિર્મળ છે મોહના મેલથી રહિત છે. અને વિભાવદશા ન હોવાથી તે પદ સ્વયં અનંત આનંદમય છે. આ પદનો જે અનુભવ કરે છે તે જ આત્મા તે પદના સુખમાં મ્હાલી શકે છે. જાણી શકે છે. તેવું આ અનંત આનંદમય પદ છે.

(ગર્ભિત રીતે આ સ્તવનના કર્તા શ્રી દેવચંદ્રજીએ દેવચન્દ્ર શબ્દમાં પોતાનું કર્તા તરીકે નામ પણ પ્રકાશિત કર્યું છે.) આ પ્રમાણે તેરમાશ્રી વિમલનાથ પ્રભુના સ્તવનના અર્થો સમાપ્ત થયા. ॥ ૭ ॥

**તેરમા શ્રી વિમલનાથ પ્રભુના સ્તવનના અર્થ સમાપ્ત થયા.**



## ચૌદમા શ્રી અનંતનાથ પરમાત્માનું સ્તવન

**મુરતિ હો પ્રભુ મુરતિ અનંત જિણંદ,**
**તાહરી હો પ્રભુ, તાહરી મુઝ નયણે વસી જી ।**
**સમતા હો પ્રભુ, સમતા રસનો કંદ,**
**સહેજે હો પ્રભુ, સહેજે અનુભવ રસ લસી જી ॥ ૧ ॥**

**ગાથાર્થ :-** હે અનંતનાથ પ્રભુ ! તમારી મુર્તિ અર્થાત્ તમારી મુદ્રા મારા નયનમાં વસી ગઈ છે. તમારી મુદ્રા અનંત એવા સમતા રસના કંદસ્વરૂપ છે. સ્વાભાવિકપણે જ આત્મગુણોના અનુભવના રસથી લયલીન છે તેમાં જ ઓતપ્રોત છે. ॥ ૧ ॥

**વિવેચન :-** ચૌદમા શ્રી અનંતનાથ પરમાત્માની સ્તુતિ કરતાં ગ્રંથકારશ્રી જણાવે છે કે હે શ્રી અનંતનાથ પ્રભુ ! તમારી મૂર્તિ અર્થાત્ તમારી વીતરાગ અવસ્થાવાળી મુખમુદ્રા મારા નેત્રકમળમાં વસી ગઈ છે. ભક્તિ કરનારા ભક્ત ઉપર પણ રાગ નહી. અને ઉપસર્ગ કરનારા શત્રુ ઉપર પણ દ્વેષ નહી. કેવી વિચિત્ર વાત ? આવા પ્રકારની રાગ અને દ્વેષ એમ બન્ને દોષો વિનાની કેવલ સમતા રસથી જ ભરપૂર ભરેલી જાણે સમતા રસનો કંદ જ હોય તેવી તમારી મુખમુદ્રાને હું સતત નિરખી રહ્યો છું.

જેમ જેમ વધારે દેખું છું. તેમ તેમ આત્માના ક્ષાયિકભાવના અનંતગુણોનો અનુભવ કરવાના રસમાં જ લયલીન બનેલી આ મુદ્રા સતત જોયા જ કરવાનું મન થયા કરે છે. ક્યાંય અલ્પમાત્રાએ પણ નહી ક્રોધાદિના આવેશો કે નહીં કામ વાસનાના આવેશો. કેવલ વીતરાગતાની જ સાક્ષાત્ છબી એવી તમારી મૂર્તિને નિરખ્યા જ કરવાનો ભાવ થયા કરે છે. દૂર જવાનું કે ત્યાંથી ખસવાનું મન જ થતું નથી. ॥ ૧ ॥

અવતરણ :- વીતરાગ પરમાત્માની મૂર્તિ કેવી છે ? તે કેટલીક ઉપમાઓ દ્વારા સ્તુતિકારશ્રી સમજાવે છે :-

**ભવદવ હો પ્રભુ, ભવદવ તાપિત જીવ,**
**તેહને હો પ્રભુ, તેહને અમૃતઘન સમી જી ।**
**મિથ્યાવિષ હો પ્રભુ, મિથ્યા વિષની ખીવ,**
**હરવા હો પ્રભુ, હરવા જાઙ્ગુલી મનરમી જી. ॥ ૨ ॥**

**ગાથાર્થ :-** સંસાર રૂપી જે દાવાનલ છે. તેના તાપથી તપેલા જીવોને ઠંડક આપવા માટે અમૃતના મેઘ સમાન છે. તથા સંસારી જીવોમાં અનાદિકાળથી રહેલું મિથ્યાત્વરૂપી જે વિષ છે તે વિષની ધૂણી (અર્થાત્ મૂર્છા), તેને દૂર કરવા માટે જાંગુલીક મંત્ર સમાન છે તેથી જ મારા મનમાં તે મૂર્તિ રમી ગઈ છે. ગમી ગઈ છે. ॥ ૨ ॥

**વિવેચન :-** ચાર ગતિ રૂપ જે આ સંસાર છે તે ઘણા જ દુઃખોથી અને દુઃખોના તાપથી ભરેલો છે માટે જ મહા દાવાનલ તુલ્ય છે. તે દાવાનલના તાપથી તપેલા એવા સંસારી જીવો અતિશય આકુલવ્યાકુલ છે અશાન્ત છે, ઉષ્ણવેદનાનો માનસિક અનુભવ કરનારા છે. તેવા જીવોને તમારી આ મુદ્રા ઠંડક આપવા માટે શીતળતા બક્ષીસ કરવા માટે અમૃતના મેઘસમાન છે.

જેમ અમૃતનો મેઘ વરસવાથી વરસાદ થવાથી ચારે બાજુ સર્વત્ર ઉષ્ણતા શાન્ત થઈ જાય છે અને શાન્તિ પ્રસરે છે. તેમ આપશ્રીની મુદ્રા જોવાથી સંસારના દાવાનળની ઉષ્ણતા શાન્ત થઈ જાય છે અને સર્વત્ર શાન્તતા પ્રસરે છે. માટે આપશ્રીની મૂર્તિ સંસારના દાવાનળના તાપને શાન્ત કરીને શીતળતા પ્રકટાવનારી છે.

તથા અનાદિ કાળથી આ જીવમાં રહેલી મિથ્યામતિ (ઉલટી બુદ્ધિ), તે રૂપી જે વિષ, આ વિષની જે ખીવ એટલે ઘૂમિ અર્થાત્

આવી વિષથી આવેલી જે મૂર્છા-બેહોશદશા, કર્તવ્યાકર્તવ્યનાની અજ્ઞાનતા, તે અજ્ઞાનતાને હરવામાં = દૂર કરવામાં પરમાત્માની મૂર્તિ જાંગુલીકમંત્ર સમાન છે.

જેમ જાંગુલીક મંત્રજાપ કરવાથી ગમે તેવું વિષ હોય તો પણ તે ઉતરી જાય છે. વિષ એ વિષનું કામ કરતું નથી. તેવી જ રીતે અનાદિકાળથી મિથ્યાત્વમતિ રૂપી વિષની જે મૂર્છા આ જીવને લાગેલી છે. તે મૂર્છાને હરવામાં (દૂર કરવામાં) વીતરાગ પરમાત્માની આ મૂર્તિ જાંગુલિક મંત્રનું કામ કરનારી છે. આ સંસારસાગરથી તારનારી છે. અનેક ભવોનું મંથન કરનારી છે. વિષના વેગને ઉતારનારી છે. ॥ ૨ ॥

**ભાવ હો પ્રભુ ભાવચિંતામણિ એહ,**
**આતમ હો પ્રભુ આતમ સંપત્તિ આપવા જી ।**
**એહિ જ હો પ્રભુ એહિ જ શિવસુખગેહ,**
**તત્ત્વ હો પ્રભુ તત્ત્વાલંબન થાપવા જી. ॥ ૩ ॥**

**ગાથાર્થ :-** આ આત્માના ગુણોની સંપત્તિ પ્રાપ્ત કરવા માટે આ પરમાત્મા એ ખરેખર ભાવચિંતામણિ રત્ન સમાન છે તથા આ પરમાત્મા એ જ મુક્તિસુખનું ઘર છે. તત્ત્વભૂત વસ્તુસ્થિતિને આલંબવામાં આપશ્રીની મૂર્તિ શ્રેષ્ઠ કારણ (સાધન) સમાન છે. ॥ ૩ ॥

**વિવેચન :-** દ્રવ્ય ચિંતામણિ રત્ન એ વાસ્તવિક રત્ન જ છે. આ રત્ન સાંસારિક લોકોની પાંચ ઈન્દ્રિયો સંબંધી વિષય સુખની ઈચ્છાઓને પૂર્ણ કરે છે. આ રત્ન ભોગસુખોની પ્રાપ્તિનું કારણ છે પરંતુ આ વીતરાગ પરમાત્મા તો આત્માના અનંત ગુણોની ભાવ સંપત્તિ આપવામાં ભાવચિંતામણિ રત્નતુલ્ય છે.

સારાંશ કે આ વીતરાગ પરમાત્માને આરાધવાથી આપણા આત્માની જે અનંત અનંત ગુણસંપત્તિ છે કે જે કર્મોથી અવરાયેલી

છે. તે સંપત્તિ આ આત્માને પ્રગટ થાય છે. માટે ભાવચિંતમણિરત્ન તુલ્ય છે.

એટલું જ નહીં, પરંતુ આ વીતરાગ પરમાત્મા જ આપણા પોતાના આત્માનું સર્વકર્મ રહિત એવું મુક્તિસુખ આપવામાં પરમ સાધન ભૂત છે. આ પરમાત્માના આલંબનથી જ આ જીવ મુક્તિસુખ પ્રાપ્ત કરે છે. તે માટે મૂલભૂત વસ્તુનુ સ્વરૂપાત્મક તત્ત્વ પ્રાપ્ત કરવાના આલંબનમાં આ વીતરાગ પરમાત્માની મૂર્તિ એ જ પરમકારણ છે. શ્રેષ્ઠ કારણ છે. એનું આલંબન લેવાથી આત્માનું જે વાસ્તવિક શુદ્ધ સ્વરૂપ છે. તે સ્વરૂપ આ જીવ પ્રગટ કરી શકે છે. ॥ ૩ ॥

**જાએ હો પ્રભુ, જાએ આશ્રવ ચાલ,**
**દીઠે હો પ્રભુ, દીઠે સંવરતા વધે જી ।**
**રત્ન હો પ્રભુ રત્નત્રયી ગુણમાલ,**
**અધ્યાતમ હો પ્રભુ અધ્યાતમ સાધન સધેજી ॥ ૪ ॥**

**ગાથાર્થ :-** પરમાત્માને દેખે છતે આ આત્મામાં કર્મો આવવાની આશ્રવની ચાલ દૂર ચાલી જાય છે. અને આવતાં કર્મોને રોકવાની સંવરની ચાલની વૃધિ પામે છે. તથા સમ્યગ્જ્ઞાન સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર આ રત્નત્રયી સ્વરૂપ ગુણોની બનેલી માલાની તથા અધ્યાત્મ દશાની સાધના સિદ્ધ થતી જાય છે. ॥ ૪ ॥

**વિવેચન :-** આ વીતરાગ પરમાત્માનું દર્શન માત્ર પણ કેટલું પ્રભાવક છે કે જે આ આત્માની અનાદિની મોહમય જે ચાલ છે તે સઘળી ચાલને પરમાત્માનું દર્શન બદલી નાખે છે.

અનાદિકાળથી આ જીવ મોહદશાથી ઘેરાયેલો છે અને તેના કારણે સમયે સમયે આ જીવમાં કર્મોનું આગમન (આશ્રવ અને બંધ) થયા જ કરે છે. કર્મોથી ભારે ભારે થયેલો આ જીવ નરક અને

નિગોદના ભવોમાં રખડ્યા જ કરે છે. પરમાત્માને દેખવા માત્રથી ગીતાર્થ ગુરુઓની નિશ્રામાં રહીને તેમને બરાબર જાણવા માત્રથી તેમના પ્રત્યેનો પક્ષપાત જામવાથી આશ્રવની અને બંધની ચાલ તુટી જાય છે. અને સંવરભાવની વૃદ્ધિ થાય છે.

સમ્યક્ત્વ ન આવ્યું હોય ત્યાં સુધી ૭૦-૩૦-અને ૨૦ કોડાકોડી સાગરોપમની સ્થિતિવાળાં કર્મો આ જીવ બાંધતો હોય છે. એટલે કે આશ્રવ અને બંધ વિશેષ પ્રમાણમાં હોય છે. તે જ જીવ સમ્યક્ત્વ પામ્યા પછી પરમાત્મા પ્રત્યે દૃષ્ટિ જામવાથી અંતઃકોડાકોડી સાગરોપમથી વધારે કર્મબંધ કરતો નથી. એટલે આશ્રવ અને બંધ અટકી જાય છે અને જુનાં કર્મોને તોડવાની તથા નવાં કર્મો હીન હીન જ બાંધવાની નિર્જરા અને સંવરની ચાલ વૃદ્ધિ પામે છે.

તથા પરમાત્માનાં દર્શનમાત્ર કરે છતે તેમના તરફનો પક્ષપાત જામવાથી તેમના કહેલા તત્ત્વો તરફની રૂચિ અને યથાર્થ ભાન થવાથી તેને અનુસરતું આચરણ આવવાથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર રૂપી રત્નત્રયીની વૃદ્ધિ થવા લાગે છે.

તથા આવા ગુણોની વૃદ્ધિ થવાથી મોહની ધૂણી દૂર થાયછે. તેથી અધ્યાત્મદશા પ્રગટ થતી જાય છે. વૈરાગ્યની વાસના વૃદ્ધિ પામે છે અને તેનાથી આ જીવ ઉપર ઉપરના ગુણસ્થાનકો ઉપર આરોહણ કરનાર બને છે આ રીતે આ આત્મામાં વિશેષ પરિવર્તન થાય છે. આત્મદશા મૂળથી બદલાતી જાય છે. ॥ ૪ ॥

**મીઠી હો પ્રભુ, મીઠી સુરત તુઝ,**
**દીઠી હો પ્રભુ, દીઠી રુચિ બહુમાનથી જી ।**
**તુઝ ગુણ હો પ્રભુ, તુઝ ગુણ ભાસન યુક્ત,**
**સેવે હો પ્રભુ, સેવે તસુ ભવ ભય નથી જી. ॥ ૫ ॥**

**ગાથાર્થ :-** હે પરમાત્મા ! મેં જ્યારથી આપશ્રીની મુદ્રાને જોઈ છે ત્યારથી જ તે ઘણી મીઠી લાગી છે. તેના ઉપર રૂચિ પ્રગટી છે હૈયાનું બહુમાન વૃદ્ધિ પામ્યું છે. તથા તમારામાં વર્તતા ગુણોનું ભાન થયું છે અને આવા પ્રકારના ગુણોવાળા આ પરમાત્માની જે જીવ સેવા કરે છે અને તેનાથી પોતાના ચારિત્ર ગુણને વિકસાવે છે તેને ભવોમાં ભટકવાનો ભય રહેતો નથી. તુરત જ નિસ્તાર થાય છે. ॥ ૫ ॥

**વિવેચન :-** હે પરમાત્મા I તમારી મુખમુદ્રા મને અત્યન્ત મીઠી લાગી છે. અમૃતથી પણ અધિક મીઠી લાગી છે. કારણ કે ક્યાંય અલ્પમાત્રાએ પણ વિકારીભાવ દેખાતો નથી. વિકારીભાવ છે જ નહીં. તેના કારણે જ અમૃત કરતાં અધિક મીઠી લાગી છે.

આવા પ્રકારની નિર્વિકારી, મોહના મેલથી રહિત એવી આપશ્રીની મુદ્રાને દેખવાથી જ મારામાં ઘણું ઘણું પરિવર્તન પ્રાપ્ત થયું છે. એક તો એ પરિવર્તન થયું કે આજ સુધી અનાદિકાળથી કષાયોથી ભરેલી વિકરાલવૃત્તિ વાળી કાલી મહાકાલી જેવી દેવ દેવીઓની જ મૂર્તિ જોઈ છે જેના કારણે હું કષાયોથી જ ભરેલો રહ્યો છું. આપશ્રીની વીતરાગતાથી ભરપૂર ભરેલી શાન્ત મુદ્રા જોયા પછી મારામાં ઘણું જ પરિવર્તન થયું છે. વીતરાગતા તરફ અને સમતા તરફ મીટ મંડાણી છે. હવે તે તરફનું પ્રયાણ આદર્યુ છે.

મને હવે સમજાયું છે કે આ આત્માનું જો કલ્યાણ કરવું હોય તો આવી વીતરાગદશાવાળી મૂર્તિને જ દેખવી જોઈએ. મને આપશ્રીને વિષે જ રૂચિ પ્રાપ્ત થઈ. એટલું જ નહીં, પરંતુ હૃદયથી અહોભાવ થવા પૂર્વક ઘણું ઘણું બહુમાન પ્રગટ થયું. કે જો આત્માનું કલ્યાણ જ કરવું હોય અને આ આત્માને ઉન્નતિના શિખરે પહોંચાડવો હોય તો આવી વીતરાગતા ભરેલી મૂર્તિનું દર્શન જ ઉપકારક થાય.

જ્યાં કોઈ અર્થ અને કામના વિકારીભાવો નથી. રાગ અને

દ્વેષથી ભરેલા આશીર્વાદ અને શ્રાપ આપવાના ભાવો નથી. કેવળ નિતરતી વીતરાગતા જ છે. આવી રૂચિ એટલે સમ્યગ્દર્શન નામનો ગુણ મારામાં તમને જોવાથી પ્રગટ થયો.

તથા વારંવાર એકીટસે દેખવાથી મને સમજાયું છે કે આ જ આત્માની શુદ્ધ દશા છે. મારે પણ મોહને જિતીને આવી વીતરાગતા જ પ્રાપ્ત કરવાની છે. તો જ આ આત્મામાં ઢંકાયેલા કેવળજ્ઞાનાદિ ગુણો પ્રગટ થશે. આવું સમ્યગ્જ્ઞાન મને થયું છે. મારી દિશા બદલાઈ છે. આ પરમાત્માને દેખવાથી વીતરાગતા પ્રાપ્ત કરવા તરફ મારી મીટ મંડાણી છે.

તેના જ કારણે અનાદિની વળગેલી મોહભરી વૃત્તિઓ કંઈક કંઈક અંશે ઢીલી થઈ છે. વીતરાગતા તરફ પ્રયાણ ચાલું કર્યું છે તે દિશા બરાબર સિદ્ધ થાય તે રીતે આ પરમાત્માની સેવામાં હું જોડાયો છું. તેનાથી વિકારીભાવો ઢીલા થયા છે.

જ્યારથી આ વીતરાગ પરમાત્માને મેં જોયા છે જાણ્યા છે અને માણ્યા છે ત્યારથી મોહદશા નબળી પડવાના કારણે અનંત અનંત ભવોમાં ભટકવાનો રઝળવાનો જે ભય હતો તે ભય હવે નાશ પામી ગયો છે. કારણ કે સમ્યક્ત્વગુણ આવ્યા પછી આ જીવ થોડા જ ભવોમાં અવશ્ય મોક્ષે જાય જ છે મને આ વાતનો પાકો ભરોસો થયો હોવાથી હવે હું સંસારમાં રઝળીશ એવો ભય મને રહ્યો નથી. પરમાત્મા મળ્યા છે એટલે હું અવશ્ય કલ્યાણ પામીશ જ. બે-ચાર ભવોમાં જ મારો અવશ્ય નિસ્તાર થશે જ. સાચા જ્ઞાનીનો મને સાથ મળ્યો છે. એનો જ મને ઘણો આનંદ આનંદ છે. ॥ ૫ ॥

**નામે હો પ્રભુ, નામે અદ્‌ભૂત રંગ,**
**ઠવણા હો પ્રભુ, ઠવણા દીઠે ઉલ્લસે જી ।**

**ગુણ આસ્વાદ હો પ્રભુ, ગુણ આસ્વાદ અભંગ,**
**તન્મય હો પ્રભુ, તન્મયતાયેં જે ઘસે જી ॥ ૬ ॥**

**ગાથાર્થ :-** હે પરમાત્મા ! જ્યારથી તમને નિરખ્યા છે ત્યારથી જ તમારા નામનો રંગ મને લાગ્યો છે. તમારી સ્થાપના જોતાં જ મારૂ મન અતિશય ઉલ્લાસને પામ્યું છે. તમારા ગુણોને સાંભળવાથી જાણવાથી અભંગ એવો આસ્વાદ થયો છે અને મારો આત્મા પણ આવા ગુણોવાળો અર્થાત્ ગુણોની સાથે તન્મય બને તે દિશા તરફ આગળ ધપવા પ્રયત્ન કરે છે. ॥ ૬ ॥

**વિવેચન :-** જેમ કોઈ એક અવિવાહિત કન્યા છે કે જેનું સગપણ થયું છે પરંતુ લગ્ન થયાં નથી. તેવી કન્યાનું મન પોતાના ભાવિ પતિ ઉપર મંડાયેલું હોય છે તેનું નામ ક્યાંય લેવાતું હોય તો ધ્યાન દઈને વાત બરાબર સાંભળે છે. તેના જીવનની કોઈ કંઈ વાત કરે તો કાન સાબદા કરીને બરાબર સાંભળે છે સારી વાત જાણીને પોતે પ્રસન્ન પ્રસન્ન થાય છે. શક્ય બને તો ટેકો પુરાવે છે. અને કોઈ નબળી વાત કરે તો પતિના ઘરનો પક્ષ લઈને વાતને તોડી નાખે છે. મુખમુદ્રા પલટી નાખે છે. તેની જેમ મને પણ પરમાત્માના નામનો અદ્ભૂત રંગ લાગ્યો છે.

જ્યારથી આ પરમાત્માને જોયા છે ત્યારથી જ સંસારની સર્વ ક્રિયા કરતાં પ્રભુજીના નામનું જ રટન મનમાં ઘુમતું હોય છે બહારથી સંસારની ખાવા-પીવા-હરવા-ફરવાની પ્રક્રિયા ચાલતી હોય છે. પરંતુ અન્દરથી પરમાત્માના નામની ધૂન ચાલતી હોય છે આવો તેમના નામનો પાકો રંગ મને લાગ્યો છે.

તથા જ્યારે જ્યારે અને જ્યાં જ્યાં આવી વીતરાગ પરમાત્માની મુદ્રા દેખું છું ત્યારે ત્યારે અને ત્યાં ત્યાં હૃદય અતિશય ઉલ્લાસવાળું

બની જાય છે. આ પરમાત્મા એવા પ્યારા લાગી જાય છે કે સતત તેમની સેવા-પૂજામાં આ આત્મા જોડાઈ જાય છે એક પણ દિવસ જો આ પરમાત્માનાં દર્શન વંદન અને પૂજન ન થયાં હોય તો આ જીવને ચેન પડતું નથી. બેચેની જ બેચેની જ વ્યાપે છે. સ્થાપના પ્રત્યેનો આટલો બધો પ્રેમ અને ઉલ્લાસ જાગે છે.

તથા અશોકવૃક્ષ સુરપુષ્પવૃષ્ટિ, દિવ્યધ્વનિ, ચામર, આસન, ભામંડળ છત્ર ઈત્યાદિ બાહ્યવિભુતિના ગુણો તથા અનંતજ્ઞાન અનંતદર્શન અનંત ચારિત્ર અને અનંતવીર્ય ઈત્યાદિ ગુણસંપત્તિ સ્વરૂપ અભ્યન્તર વિભૂતિ એમ પરમાત્માની બન્ને પ્રકારની વિભૂતિ તરફ આ સાધક આત્મા આકર્ષાય છે.

આવા પ્રકારના અપરિમિત અનંતગુણોનો નિરંતર આસ્વાદ આ પરમાત્મા કરી રહ્યા છે. આ પરમાત્મા તે ગુણોની વૃત્તિમાં જ તન્મય છે આવું જાણીને સાધક આત્મા પણ ગુણોની વૃત્તિ તરફ આકર્ષાય છે અને મોહની ધૂલીને ત્યજીને ગુણોની પ્રવૃત્તિ તરફ આગળ ધસે છે. દુર્ગુણોને ફેંકી દઈને ગુણમય જીવન જીવવા તરફ આગળ વધે છે. ગુણસ્થાનકોમાં ઉર્ધ્વારોહણ કરે છે. ॥ ૬ ॥

**ગુણ અનંત હો પ્રભુ, ગુણ અનંતનો વૃન્દ,**
**નાથ હો પ્રભુ, નાથ અનંતને આદરે જી ॥**
**દેવચંદ્ર હો પ્રભુ, દેવચંદ્રને આણંદ,**
**પરમ હો પ્રભુ, પરમ મહોદય તે વરે જી ॥ ૭ ॥**

ગાથાર્થ :- આ ચૌદમા અનંતનાથ પ્રભુ, અનંત અનંત ગુણોના વૃન્દ છે. અનંતગુણોના સમૂહમય છે. આવા પ્રકારના અનંત ગુણોના નાથને (એટલે કે અનંતનાથને) જે આત્મા હૈયાના ભાવપૂર્વક આદરે છે. તે આત્મા દેવોમાં ચંદ્રમા સમાન ચોસઠ ઈન્દ્રોને આનંદ ઉપજે

એવો (અનંતગુણોના ભંડાર ભૂત એવો) પરમ મહોદય આ જીવ પ્રાપ્ત કરે છે અર્થાત વરે છે. ॥ ૭ ॥

**વિવેચન :-** અનંતજ્ઞાન (કેવળજ્ઞાન), અનંતદર્શન (કેવળદર્શન), અવ્યાબાધસુખ, અનંતચારિત્ર, અક્ષયસ્થિતિ, અરૂપિપણુ, અગુરૂલઘુ, તથા અનંતવીર્ય ઈત્યાદિ અનંત અનંત ગુણોના વૃન્દ એટલે ભંડાર, અર્થાત અનંત અનંત ગુણોના ભંડાર એવા ચૌદમા શ્રી અનંતનાથ પરમાત્મા કે જેઓ નામથી પણ અનંતનાથ છે અને ગુણોથી પણ અનંત ગુણોના નાથ છે. એવા ચૌદમા શ્રી અનંતનાથ પરમાત્માને જે સાધક આત્મા હૈયાના ઉમદાભાવપૂર્વક એટલેકે હૈયાના બહુમાનનાભાવ પૂર્વક જે આરાધે છે આ રીતે તેઓને જે આત્મા આદરે છે સ્વીકારે છે તે સાધક આત્મા "પરમ મહોદય" ને જલ્દી જલ્દી પ્રાપ્ત કરે છે.

પરમ મહોદય એટલે કે પોતાના આત્માની અનંતગુણોની લક્ષ્મીને પ્રગટ કરનારો તે આત્મા બને છે. સંસારની ચાર ગતિમાં વધારે સુખનું સ્થાન દેવ કહેવાય, કારણ કે તે દેવો અવધિજ્ઞાન અને વૈક્રિયલબ્ધિવાળા છે. માટે સંસારમાં તે સુખનું સ્થાન કહેવાય. તેમાં સૌના નાયક એવા જે ચોસઠ ઈન્દ્રો છે. તે વધારે સુખનું સ્થાન કહેવાય. તેવા પ્રકારના અતિશય સંસારના સુખે સુખી એવા ચોસઠે ઈન્દ્રોને પણ (પોતે મોક્ષનું અને પરમમહોદયનું સુખ ન પામ્યા હોવાથી) અતિશય આનંદ થાય એવું જે પરમમહોદયનું સુખ છે (કેવલજ્ઞાનાદિ ગુણલક્ષ્મીનું જે સુખ છે) તે સુખને આવો જીવ વરે છે તેવો જીવ આવા સુખને પ્રાપ્ત કરે છે.

(ગર્ભિત રીતે **देवचन्द्र** આ પદમાં કર્તાએ પોતાનું નામ પણ સૂચવ્યું છે.) ॥ ૭ ॥

**ચૌદમા શ્રી અનંદનાથ પરમાત્માના સ્તવનના અર્થ સમાપ્ત થયા.**

## પન્નરમા શ્રી ધર્મનાથ પરમાત્માનું સ્તવન

**ધર્મ જગનાથનો ધર્મ શુચિ ગાઈએ,**
**આપણો આતમા તેહવો ભાવિએ ।**
**જાતિ જસુ એકતા તેહ પલટે નહીં,**
**શુદ્ધ ગુણ પજ્જવા વસ્તુ સત્તામયી ॥ ૧ ॥**

**ગાથાર્થ :-** જગતના નાથ એવા પન્નરમા શ્રી ધર્મનાથ પરમાત્માના પવિત્ર ધર્મની સ્તવના કરીએ આપણો આત્મા પણ તેવો જ (ધર્મનાથ પરમાત્મા જેવો જ) છે. આવું વિચારીએ કારણ કે બન્ને આત્માની જાતિ એક જ છે તે ક્યારેય પલટાતી નથી. દરેક દ્રવ્યના શુદ્ધ ગુણો અને શુદ્ધ પર્યાયો તે તે વસ્તુમાં સત્તાથી રહેલા છે. ॥ ૧ ॥

**વિવેચન :-** હવે પન્નરમા શ્રી ધર્મનાથ પરમાત્માની સ્તુતિ કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે :- ત્રણે જગતના નાથ એવા પન્નરમા શ્રી ધર્મનાથ પરમાત્માએ આ આત્માનું કલ્યાણ થાય તેવો પરમહિતકારી ધર્મ સમજાવ્યો છે કે જે ધર્મ ઘણો પવિત્ર છે. આત્મસ્વભાવને જ અનુસરવારૂપ છે. તેને બરાબર સમજીએ. તેને જ બરાબર ગાઈએ વારંવાર વાગોળીએ કારણ કે તે ધર્મ જ આ આત્મામાં પ્રગટ કરવા લાયક છે.

આપણો આત્મા પણ નિશ્ચયનયથી તેવો જ છે. અનંત અનંત ગુણ સંપત્તિવાળો જ છે. ભગવાનના આત્મામાં જેવા અનંત ગુણો છે તેવા જ અનંતગુણો મારા આત્મામાં પણ છે જ. તેમનો આત્મા તાળુ ખોલેલી દાગીનાથી ભરેલી પેટી તુલ્ય છે અને મારો આત્મા તાળુ મારેલી પણ દાગીનાથી ભરેલી પેટી તુલ્ય છે. બન્નેની પેટીમાં દાગીના તો અપાર છે તેવી જ રીતે બન્નેના આત્મામાં ગુણો તો અનંત અનંત છે. માત્ર એકમાં ખુલ્લા ગુણો છે બીજામાં આવૃતગુણો છે.

તફાવત માત્ર એટલો જ છે કે એકની પેટી તાળુ ખોલેલી છે અને બીજાની પેટી તાળુ મારેલી છે. પરમાત્માનો આત્મા નિરાવરણ છે અને મારો આત્મા સાવરણ છે. આટલો જ માત્ર તફાવત છે. પરંતુ અન્તે તો બન્નેની જાતિ સદાને માટે એક સ્વરૂપ છે. પરમાત્માનો આત્મા પણ અનંત અનંત ગુણોની સંપત્તિવાળો છે. તેવી જ રીતે મારો આત્મા પણ અનંત અનંત ગુણોની સંપત્તિવાળો જ છે. બન્નેની વચ્ચે જરા પણ તરતમતા નથી. એટલું જ નહી. પરંતુ અમારી અને પરમાત્માની વચ્ચે જે સમાનતા છે. તે ક્યારેય પલટાતી નથી. પરમાત્મામાં ભલે ખુલ્લા નિરાવરણ અનંતગુણો છે. મારા આત્મામાં તેવા ખુલ્લા નિરાવરણ ગુણો નથી. તો પણ કર્મોથી આવૃત એવી પણ પરમાત્માના જેટલા જ ગુણોની સંપત્તિ મારામાં પણ છે.

મારા આત્મામાં પણ શુદ્ધ એવા અનંત ગુણો અને શુદ્ધ એવા તે ગુણોના અનંત પર્યાયો સત્તામય રીતે છે જ. સંસારી સર્વે પણ આત્મા પરમાત્માના જેવા જ અનંતગુણ અને અનંતપર્યાયમય વસ્તુસ્વરૂપ વાળા છે. સત્તાથી બન્ને સમાન છે.

માટે હે આત્મા ! તારે મનમાં કંઈ ઓછું લાવવાનું છે જ નહીં. તને તાળુ મારેલી પેટી મળી છે. પરમાત્માને તાળુ ખોલેલી પેટી મળી છે. માત્ર આટલો જ તફાવત છે તું તારા તાળાને ખોલવાનો ખોલાવવાનો પ્રયત્ન કર તો પરમાત્માની જેવી જ ગુણસંપત્તિ તારી પાસે પણ છે જ. તે તને દેખાશે અને કાળાન્તરે પ્રાપ્ત પણ થશે જ. ॥ ૧ ॥

**નિત્ય નિરવયવ વલી એક અક્રિયપણે,**
**સર્વગત તેહ સામાન્યભાવે ભણે ।**
**તેહથી ઈતર સાવયવવિશેષતા,**
**વ્યક્તિભેદે પડે જેહની ભેદતા ॥ ૨ ॥**

**ગાથાર્થ :-** સર્વે પણ વસ્તુઓ સામાન્ય અને વિશેષ એમ ઉભયાત્મકભાવે જ રહેલી છે. ત્યાં જે નિત્ય હોય, નિરવયવ હોય તથા એક હોય અને અક્રિય હોય તથા સર્વવ્યાપી હોય તેને સામાન્ય કહેવાય છે. તેનાથી વિપરીત હોય તે વિશેષ કહેવાય છે. વ્યક્તિભેદ પ્રમાણે વિશેષની ભેદતા જાણવી. ॥ ૨ ॥

**વિવેચન :-** સંસારમાં રહેલી સર્વે પણ વસ્તુઓ સામાન્ય અને વિશેષ એમ ઉભય ધર્માત્મક છે. ક્યાંય પણ એકલું સામાન્ય કે એકલું વિશેષ હોતુ નથી. સર્વે પણ ભાવો ઉભયધર્માત્મક છે.

**પ્રશ્ન :-** સામાન્ય કોને કહેવાય ? અને વિશેષ કોને કહેવાય ?

**ઉત્તર :-** જે નિત્ય હોય અર્થાત્ સર્વકાલે રહેનાર હોય. એટલે કે અવિનાશી હોય તથા આકાશદ્રવ્યની પેઠે નિરવયવ હોય. જેના વિભાગ એટલે અવયવ થતા ન હોય. તથા સર્વ પદાર્થોમાં વર્તતું હોવાથી જે એક જ હોય છે પણ બે-ત્રણ-ચાર સંભવતાં નથી. તથા જે કોઈ પણ જાતની ક્રિયા કરે નહીં તેથી અક્રિય છે તે સામાન્ય છે. તથા આ સામાન્ય કોઈક પર્યાયમાં હોય અને કોઈક પર્યાયમાં ન હોય એવું નહીં પરંતુ સર્વત્ર વ્યાપ્ત હોય અર્થાત્ સર્વવ્યાપી હોય તેને સામાન્ય કહેવાય છે. સામાન્ય સદા સર્વવ્યાપી જ હોય છે. આ પ્રમાણે નિત્ય, નિરવયવ, એક, અક્રિય અને સર્વવ્યાપી આવા પ્રકારના પાંચ ધર્મવાળો જે પદાર્થ તે સામાન્ય કહેવાય છે તેનાથી જે વિપરીત તે વિશેષ કહેવાય છે. આ વિશેષ તે વ્યક્તિભેદે ભિન્ન ભિન્ન હોય છે. જેટલા પદાર્થો તેટલા વિશેષો હોય છે માટે વિશેષો અનન્ત છે અને આ વિશેષ જ વસ્તુના વ્યવચ્છેદકધર્મ છે. વસ્તુ વસ્તુને અલગ કરનાર ધર્મ છે. આ પ્રમાણે સર્વે પણ વસ્તુઓ સામાન્ય અને વિશેષ એમ ઉભયાત્મક છે. એકલું સામાન્ય કે એકલું વિશેષ ક્યાંય વર્તતું નથી. વ્યક્તિવાર વિશેષ ભિન્ન ભિન્ન હોવાથી વિશેષો અનંત છે. જ્યારે સામાન્ય સર્વત્ર એક જ છે. આમ

સામાન્ય અને વિશેષ એમ ઉભયાત્મક સર્વ દ્રવ્યો છે. સર્વ દ્રવ્યોમાં આ બન્ને ભાવો ભરેલા છે. ॥ ૨ ॥

**એકતા પિંડને નિત્ય અવિનાશતા,**
**અસ્તિ નિજ ઋદ્ધિથી કાર્યગત ભેદતા ।**
**ભાવશ્રુત ગમ્ય અભિલાપ્ય અનંતતા,**
**ભવ્ય પર્યાયની જે પરાવર્તિતા ॥ ૩ ॥**

**ગાથાર્થ :-** જે એકસ્વભાવતા છે. તે પિંડપણું છે. અર્થાત્ સ્કંધપણું છે. તથા જે નિત્યપણું છે તે અવિનાશિપણું જાણવું. તથા સર્વે પણ દ્રવ્યો પોતાની ઋદ્ધિથી અસ્તિ સ્વભાવવાળાં છે. પોતપોતાના નિયત કાર્યને કરવાપણા વડે ભેદસ્વભાવવાળાં છે તથા ભાવશ્રુતજ્ઞાનથી જાણી શકાય તેવી અનંત અભિલાપ્ય સ્વભાવતા પણ છે. વળી ક્ષણે ક્ષણે પર્યાયોની પરાવૃત્તિ રૂપ ભવ્યસ્વભાવતા પણ સર્વદ્રવ્યોમાં છે. ॥૩॥

**વિવેચન :-** દરેક દ્રવ્યોમાં હોય તેવા સામાન્યસ્વભાવોનું ગ્રંથકારશ્રી વર્ણન કરે છે :-

**(૧) એકત્વસ્વભાવ :-** સર્વે પણ દ્રવ્યોમાં જે પિંડપણું છે અર્થાત્ અસંખ્યાત અને અનંત પ્રદેશોની સમુદાયસ્વરૂપતા જે છે તે સઘળી એકસ્વભાવતા છે. જેમ કોઈ એક પુરુષને બીજા પુરુષના પગના એક અંગુઠાનો સ્પર્શ થયો હોય તો પણ તે પુરુષનો સ્પર્શ થયો આમ જે કહેવાય છે અને જો વિજાતીયનો સ્પર્શ થયો હોય તો પ્રાયશ્ચિત્તાદિ જે આવે છે તે આ એકત્વસ્વભાવતાના કારણે છે.

**(૨) નિત્યસ્વભાવ :-** સર્વે પણ દ્રવ્યોમાં ક્ષણે ક્ષણે પર્યાયો પલટાય છે. રૂપાન્તરતા થાય જ છે. તો પણ અવિનાશિતા જે રહે છે અભંગુરતા જે જણાય છે દ્રવ્યની ધ્રુવતા જે અંદર વર્તે છે તે નિત્યસ્વભાવતા છે. કારણ કે સર્વે પણ દ્રવ્ય દ્રવ્યરૂપે તો તેમજ રહે છે.

(૩) **અસ્તિસ્વભાવ :-** સર્વે પણ દ્રવ્યો પોતાના રૂપે તો ત્રણેકાળે જે હોવારૂપે છે તે અસ્તિસ્વભાવ જાણવો સ્વદ્રવ્યથી સ્વક્ષેત્રથી સ્વકાળથી અને સ્વભાવથી સર્વે પણ દ્રવ્યો સદાકાળ અસ્તિસ્વરૂપ છે આ અસ્તિસ્વભાવ જાણવો.

(૪) **ભેદસ્વભાવ :-** સર્વે પણ દ્રવ્યોમાં પોત પોતાનામાં વર્તતા ગુણો અને પર્યાયોનું કાર્ય ભિન્ન ભિન્ન છે તેથી તે તે ગુણ અને તે તે પર્યાયોમાં ભેદસ્વભાવતા પણ છે. જેમ કે આત્મદ્રવ્યમાં જ્ઞાનગુણ જે છે તે જાણવાનું કામ કરે છે. દર્શનગુણ જે છે તે જોવાનું કામ કરે છે અને જે ચારિત્રગુણ છે તે રમણતાનું કામ કરે છે. આ પ્રમાણે કાર્યનો ભેદ હોવાથી દ્રવ્યમાં આખા ગુણોને આશ્રયી ભેદસ્વભાવ પણ અવશ્ય છે.

(૫) **અભિલાપ્ય સ્વભાવ :-** જેના ભાવો શ્રુતજ્ઞાનથી ગમ્ય છે અર્થાત્ શ્રુતજ્ઞાનથી એટલે વચનોચ્ચાર કરવા પૂર્વક જે ભાવો કહી શકાય છે જાણી શકાય છે બોલી શકાય છે તેને અભિલાપ્ય સ્વભાવ કહેવાય છે. આત્મ દ્રવ્યમાં આવા અનંત અભિલાપ્યસ્વભાવો છે કે જે વચનોચ્ચારથી બોલી શકાય છે સમજી શકાય છે અને બીજાને સમજાવી પણ શકાય છે.

(૬) **ભવ્યસ્વભાવ :-** નવા નવા પર્યાય સ્વરૂપે થવા પણું, સર્વે પણ દ્રવ્યોમાં આ સ્વભાવ છે કે જેના આધારે સર્વે પણ દ્રવ્યો પ્રતિસમયે નવા નવા પર્યાય સ્વરૂપે પલટાયા કરે છે જેમકે જીવદ્રવ્ય બાલ્યાવસ્થા, કુમારાવસ્થા, યુવાવસ્થા, વૃદ્ધાવસ્થા ઇત્યાદિ રૂપે પરિણામ પામ્યા જ કરે છે.

આમ સર્વે પણ દ્રવ્યોમાં આ છ સ્વભાવો છે તેથી આ સામાન્ય સ્વભાવ કહેવાય છે સારાંશ કે પિંડત્વ એ એકસ્વભાવતા, અવિનાશિત્વ એ નિત્યસ્વભાવ, પોતાના ગુણોમાં વર્તવાપણું તે અસ્તિસ્વભાવ, કાર્ય

કરવાની અપેક્ષાએ ભેદસ્વભાવ, ભાવશ્રુતથી જાણી શકાય બોલી શકાય તે અભિલાપ્ય સ્વભાવ અને ક્ષણે ક્ષણે નવા નવા પર્યાયરૂપે પરિવર્તન થવા પણું તે ભવ્યસ્વભાવ આમ આ સામાન્યસ્વભાવો જાણવા. કારણકે આ સ્વભાવો સર્વ પણ દ્રવ્યોમાં છે. ॥ ૩ ॥

**ક્ષેત્ર ગુણ ભાવ અવિભાગ અનેકતા,**
**નાશ ઉત્પાદ અનિત્ય પરનાસ્તિતા ॥**
**ક્ષેત્ર વ્યાપ્યત્વ અભેદ અવક્તવ્યતા,**
**વસ્તુ તે રૂપથી નિયત અભવ્યતા ॥ ૪ ॥**

**ગાથાર્થ :-** ક્ષેત્રને આશ્રયી, ગુણને આશ્રયી, તથા ભાવને આશ્રયી જે અવિભાગપલિચ્છેદતા તે અનેકસ્વભાવ જાણવો. તથા પ્રતિસમયે નાશ અને ઉત્પાદ તે અનિત્યસ્વભાવ જાણવો. પર દ્રવ્યાદિરૂપે ન થવા પણું તે નાસ્તિસ્વભાવ જાણવો. એક જ ક્ષેત્રમાં વ્યાપીને રહેવા સ્વરૂપે અભેદસ્વભાવ. જ્ઞાનથી ગમ્ય પરંતુ વચનથી અવાચ્ય એવો સ્વભાવ તે અવક્તવ્યસ્વભાવ. સર્વે પણ વસ્તુઓ પોતપોતાના સ્વરૂપમાં નિશ્ચિત છે વસ્તુસ્વરૂપે પલટાય નહીં. તે અભવ્યસ્વભાવ આમ આ સામાન્ય સ્વભાવો જાણવા. ॥ ૪ ॥

**વિવેચન :-** જે સ્વભાવો સર્વદ્રવ્યોમાં હોય. પરંતુ અમુક દ્રવ્યોમાં હોય અને અમુક દ્રવ્યોમાં ન હોય તેવું જ્યાં નથી. તે સામાન્ય સ્વભાવ કહેવાય છે. આવા સામાન્ય સ્વભાવોનું વર્ણન જે ચાલુ છે તે હવે આગળ સમજાવે છે :-

**(૧) અનેકસ્વભાવતા :-** ક્ષેત્ર આશ્રયી સર્વે પણ દ્રવ્યો અસંખ્યાત આકાશાસ્તિકાયમાં - એટલે કે અસંખ્યાત પ્રદેશવાળા ક્ષેત્રમાં અવગાહીને રહ્યા છે. તેથી અનેક એટલે કે અસંખ્યાતપ્રદેશાવગાહિતા રૂપ અનેકસ્વભાવતા છે ધર્મ-અધર્મ-દ્રવ્ય અસંખ્યાતપ્રદેશોમાં અવગાહીને

રહ્યા છે આકાશ અનંત પ્રદેશોમાં અવગાહીને રહ્યું છે જીવ સૂક્ષ્મમાં સૂક્ષ્મ થાય તો પણ અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અસંખ્યાત આકાશપ્રદેશમાં વ્યાપ્ત છે પુદ્ગલાસ્તિકાયના સ્કંધો પણ અસંખ્યાત આકાશપ્રદેશમાં વ્યાપ્ત છે.

તથા સર્વે પણ દ્રવ્યો ઘણા ગુણો વાળાં છે તે ગુણોના અવિભાગ વિચારીએ તો પણ સર્વે દ્રવ્યો અનંત અનંત આવા અવિભાગોથી ભરેલાં છે. આમ ગુણોના અવિભાગોથી પણ સર્વે દ્રવ્યો અનેકસ્વભાવતાવાળાં છે. અનંતાનંત ગુણાવિભાગ વાળાં છે.

તથા ભાવને આશ્રયી એટલે કે પર્યાયને આશ્રયી તો અનંતતા છે જ. જ્ઞાનાદિગુણોની હાનિ-વૃદ્ધિરૂપ જે પર્યાયો છે તે પર્યાયોની અનેકતાથી સર્વે પણ દ્રવ્યો ભરપૂર ભરેલાં છે. આમ ક્ષેત્ર આશ્રયી, ગુણઆશ્રયી અને પર્યાયઆશ્રયી અનંતભાવવાળાં હોવાથી અનેક સ્વભાવતા નામના સ્વભાવથી સર્વે દ્રવ્યો વ્યાપ્ત છે.

(૨) **અનિત્યસ્વભાવતા :-** સર્વે પણ દ્રવ્યો પ્રતિસમયે જુના પર્યાયપણે નાશ અને નવા પર્યાયપણે ઉત્પાદ પામ્યા જ કરે છે. આ ધારા ક્યારેય અટકતી નથી. માટે જુના નવા પર્યાયને આશ્રયી સર્વે દ્રવ્યો પ્રતિસમયે પલટાતાં હોય છે તે તેનો અનિત્ય સ્વભાવ જાણવો.

(૩) **નાસ્તિતાસ્વભાવ :-** કોઈ પણ વિવક્ષિત દ્રવ્ય પોતાના સ્વરૂપે છે પરંતુ પરસ્વરૂપે નથી. જેમ ધર્માસ્તિકાય તે અધર્માસ્તિકાય રૂપે નથી. અધર્માસ્તિકાય તે ધર્માસ્તિકાય રૂપે નથી. ચૈત્ર તે મૈત્રરૂપે નાસ્તિ છે. મૈત્ર તે ચૈત્રરૂપે નાસ્તિ છે. આમ સર્વે પણ દ્રવ્યો પોતપોતાના સ્વરૂપે જેમ અસ્તિ સ્વભાવવાળાં છે. તેવી જ રીતે પરદ્રવ્યરૂપે નાસ્તિસ્વભાવવાળાં પણ અવશ્ય છે જ.

(૪) **અભેદસ્વભાવતા :-** સર્વે પણ દ્રવ્યોમાં અનંત અનંત ગુણો અને અનંત અનંત પર્યાયો રહેલા છે. તે ગુણો અને પર્યાયો પોતપોતાનું

ભિન્ન ભિન્ન કાર્ય કરે છે. જેમ કે જ્ઞાનગુણ જાણવાનું, દર્શનગુણ જોવાનું ચારિત્ર ગુણ આચરણનું એમ સર્વે ગુણો ભિન્ન ભિન્ન કાર્ય કરે છે. તો પણ પોતાના આધારભૂત મૂલદ્રવ્યમાં વ્યાપીને જ આ ગુણો અને પર્યાયો પ્રવર્તે છે દ્રવ્યથી બહાર ક્યાંય ગુણ-પર્યાયો પ્રવર્તતા નથી. તેથી દ્રવ્યની સાથે એકાકાર રૂપ હોવાથી એક જ ક્ષેત્રમાં એકાધારપણે વ્યાપીને આ ગુણ અને પર્યાયો પ્રવર્તે છે. તે અભેદસ્વભાવતા જાણવી.

**(૫) અવક્તવ્યસ્વભાવ :-** સર્વે પણ દ્રવ્યો અનંત અનંત ધર્મવાળાં એટલે કે ગુણ-પર્યાયવાળાં છે. તે શાસ્ત્રના આધારે જ્ઞાનથી જાણી શકાય છે. પરંતુ વચનથી કહી શકાતાં નથી. તે માટે આવું અનભિલાપ્યપણું જે છે તે અવક્તવ્યસ્વભાવ પણ સર્વ દ્રવ્યોમાં છે.

**(૬) અભવ્યસ્વભાવ :-** સર્વે પણ દ્રવ્યો પ્રતિસમયે નવા નવા પર્યાયસ્વરૂપે પલટાય છે પરિવર્તન પામે જ છે. તો પણ પોતપોતાના નિશ્ચિત પર્યાયોથી અન્યદ્રવ્યના પર્યાયરૂપે ક્યારેય પરિણામ પામતા નથી. જીવદ્રવ્ય ક્યારેય અજીવદ્રવ્યના પર્યાયરૂપે પરિણામ પામતા નથી. આવો તે દ્રવ્યોમાં જે સ્વભાવ છે તે અભવ્યસ્વભાવ જાણવો. જીવ ક્યારેય અજીવ ન થાય અને અજીવ ક્યારેય જીવ ન થાય. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એક જ ક્ષેત્રમાં સાથે સાથે જ રહ્યાં છે. તો પણ ક્યારેય એકદ્રવ્ય બીજાદ્રવ્યરૂપે થતું નથી. તે સઘળો આ અભવ્યસ્વભાવનો જ પ્રતાપ છે.

આ સર્વ સ્વભાવોનું વર્ણન સમ્મતિતર્ક તથા ધર્મસંગ્રહણીમાં મહાત્મા પુરુષોએ કરેલું છે અને સરળ ગુજરાતીભાષામાં જ પૂજ્ય ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજશ્રીએ દ્રવ્યગુણપર્યાયના રાસમાં ઢાળ ૧૧ મીની ગાથા ૫ થી ગાથા ૧૨ સુધીમાં કુલ ૧૧ સામાન્યસ્વભાવો

સમજાવ્યા છે. તથા સ્યાદવાદ રત્નાકરાવતારિકામાં પણ આ સ્વભાવો સમજાવ્યા છે. આમ અનેકગ્રંથોમાં આ વસ્તુનું વર્ણન કરેલું છે. વિશેષ વર્ણન તે ગ્રંથોમાંથી જાણી લેવા ભાવભરી વિનંતિ છે. ॥ ૪ ॥

**ધર્મ પ્રગ્ભાવતા સકલ ગુણ શુદ્ધતા,**
**ભોગ્યતા કર્તૃતા રમણ પરિણામતા,**
**શુદ્ધ સ્વપ્રદેશતા તત્ત્વ ચૈતન્યતા,**
**વ્યાપ્ય વ્યાપક તથા ગ્રાહ્ય ગ્રાહકતા ॥ ૫ ॥**

**ગાથાર્થ :-** હવે વિશેષસ્વભાવો સમજાવે છે. પોતપોતાના જ્ઞાનાદિ ગુણોનું જે પ્રગટ થવું તે પ્રાગ્ભાવતા સ્વભાવ, તથા સર્વગુણોની જે શુદ્ધતા તે શુદ્ધસ્વભાવ, પોતાના સર્વગુણોનું જે ભોગવવાપણું તે ભોક્તૃત્વસ્વભાવ, સર્વભાવોને જાણવા-દેખવાનું કામકાજ કરવું તે કર્તૃત્વસ્વભાવ. તથા સ્વગુણ અને સ્વપર્યાયોમાં રમવાપણું તે રમણતાસ્વભાવ. તથા પોતાના સર્વ પ્રદેશોની શુદ્ધતા પ્રાપ્ત થવી તે શુદ્ધસ્વભાવ. વળી આત્મામાં રહેલું જાણવાપણું તે ચૈતન્યસ્વભાવ તથા વ્યાપ્ય વ્યાપકતા, અને ગ્રાહ્યગ્રાહકતા વિગેરે વિશેષસ્વભાવો જાણવા. ॥ ૫ ॥

**વિવેચન :-** હવે આ ગાથામાં વિશેષસ્વભાવો સમજાવે છે. ચેતન દ્રવ્યમાં ક્ષયોપશમભાવે અને ક્ષાયિકભાવે પોતાની ચેતનતાનો જે ઉઘાડ થવો તે (૧) આવિર્ભાવસ્વભાવ. તથા કર્મો દૂર થવાથી પોતાના જ ગુણોની જે શુદ્ધતા પ્રગટ થવી પોતાના સર્વ ગુણો ક્ષાયિકભાવે જે પ્રગટ થાય તે (૨) શુદ્ધસ્વભાવ.

પોતામાં કર્મોનો ક્ષય થવાથી પ્રગટ થયેલા ગુણોને આ આત્મા ભોગવે છે. તે તે ગુણોમાં પૂર્ણપણે વર્તે છે તે (૩) ભોક્તૃત્વસ્વભાવ તથા જગતના સર્વ ભાવોને જાણવા-દેખવા પણે પ્રવર્તન કરવું તે જ્ઞાન દર્શનાત્મક પ્રક્રિયાનો (૪) કર્તૃત્વ સ્વભાવ જાણવો.

તથા પોતાના ગુણોને અને પોતાના પર્યાયોને નિરંતર પામવાપણું એટલે કે પોતપોતાના ગુણ-પર્યાયોમાં રમવાપણું, પ્રવર્તવાપણું તે **(૫) રમણતાસ્વભાવ** તથા કર્મોનો ક્ષય થવાથી ક્ષાયિકભાવે પોતાના ગુણ-પર્યાયોની જે પ્રગટતા થવી તે પોતાના ક્ષાયિક ભાવના શુદ્ધપર્યાયોમાં પ્રતિસમયે પરિણામ પામવાપણું તે **(૬) પારિણામિકસ્વભાવ.** આ આત્માના સર્વપ્રદેશો સંપૂર્ણ શુદ્ધ છે.

તથા **(૭) તત્ત્વચૈતન્યતા :-** આ આત્મામાં તાત્ત્વિક એવી ચૈતન્યતા નામનો જે ગુણ છે તે અન્ય કોઈ દ્રવ્યમાં નથી. જીવનો મૂલભૂત આ ધર્મ છે. સ્વ-પર પ્રકાશક એવી જે ચૈતન્યતા છે. તે જીવમાં જ છે અન્ય દ્રવ્યોમાં નથી. તેથી આ જીવનો વિશેષગુણ છે.

**(૮) વ્યાપ્યવ્યાપકતાગુણ :-** આ આત્માના લોકાકાશ પ્રદેશ પ્રમાણ અસંખ્યાતા આત્મપ્રદેશો છે તે સર્વપ્રદેશોમાં જ્ઞાનાદિ ગુણો વ્યાપીને રહ્યા છે કોઈ પણ આત્મપ્રદેશોમાં આ ગુણ ન હોય એમ નથી. માટે ગુણો તે વ્યાપ્ય અને આત્મા તે વ્યાપક આ રીતે આ ગુણો પણ જીવદ્રવ્યમાં જ માત્ર હોવાથી વિશેષગુણ છે.આ વ્યપ્યવ્યાપકતાગુણ.

**(૯) ગ્રાહ્ય-ગ્રાહકતાગુણ :-** આત્મા એ જ્ઞાનાદિગુણોનો ગ્રાહક છે. અને જ્ઞાનાદિગુણો એ આત્માવડે ગ્રાહ્ય છે. આ સ્વભાવ જીવમાં અનાદિકાળથી હતો જ. પરંતુ કર્મોના આવરણને લીધે આ ગુણ ઢંકાયેલો હતો. તે કર્મોના આવરણો દૂર થતાં પૂર્ણપણે પ્રગટ થયો છે આ કારણે પરમાત્મા સ્વરૂપાવલંબી થયા. પોતાના ગુણોમાં જ રમનારા બન્યા. ॥ ૫ ॥

**સંગ પરિહારથી સ્વામી નિજપદ લહ્યું,**
**શુદ્ધ આત્મિક આનંદપદ સંગ્રહ્યું ।**

**જહવિ પરભાવથી હું ભવોદધિ વસ્યો,**
**પરતણો સંગ સંસારતાયે ગ્રસ્યો ॥ ૬ ॥**

**ગાથાર્થ** :- પરમાત્મા શ્રી વીતરાગપ્રભુમાં જે આવી અનંતગુણોની સંપત્તિ પ્રગટ થઈ છે. તે પરદ્રવ્ય જે પુદ્ગલાસ્તિકાય, તેના સંગનો પરિહાર કરવાથી જ સ્વામીએ આવું શુદ્ધ પોતાનું પદ મેળવ્યું છે હે પ્રભુ । તમે ક્ષાયિકભાવનું શુદ્ધ એવું આત્માસંબંધી અનંતગુણોના આનંદવાળું પદ પ્રાપ્ત કર્યું છે. જ્યારે હું તો પરભાવમાં જ આસક્ત બનવાથી સંસારસાગરમાં ડુબ્યો છું. પર એવા પુદ્ગલ દ્રવ્યની સોબત કરવાથી અનંતજન્મમરણસ્વરૂપ સંસારમાં જ ફસાયો છું. ॥ ૬ ॥

**વિશેષાર્થ** :- ઉપરની પાંચમી ગાથામાં સમજાવ્યું તેમ આ પરમાત્મામાં અનંત અનંત ગુણોની સંપત્તિ જે રીતે પ્રગટ થઈ છે તે રીત હવે સમજાવે છે.

હે પરમાત્મા ! તમે પુદ્ગલના સંગનો શક્ય બને તેટલો ત્યાગ કરતાં કરતાં સર્વથા તેનો પરિહાર કર્યો. **"પરના સંગના સર્વથા પરિહારથી જ હે સ્વામી ! તમે પોતાના આત્માનું શુદ્ધ પદ પ્રાપ્ત કર્યું છે."**

આ શુદ્ધ પદ કેવું છે ? તે સમજાવે છે કે આ શુદ્ધપદ શુદ્ધ તો છે જ. તદુપરાન્ત ક્ષાયિકભાવનું હોવાથી સર્વથા કર્મોના આચ્છાદન વિનાનું હોવાના કારણે આત્માના પરમ આનંદસ્વરૂપ આ પદ છે જેને તમે સિદ્ધ કર્યું છે. સંગૃહીત કર્યું છે. અવ્યાબાધ આનંદવાળું આ પદ હે પરમાત્મા ! તમે સર કર્યું છે ધન્ય છે તમને અને ધન્યવાદ છે તમારી વર્તણુકતાને કે જે અનાદિકાલીન મોહરાજાના સૈનિકોવડે આ આત્મા ઘેરાયેલો હતો તે સર્વનો વિનાશ કરીને સત્તામાં રહેલું પોતાનું શુદ્ધ સ્વરૂપ આપશ્રી પ્રગટ કરી શક્યા છો. અને આત્માના શુદ્ધ ક્ષાયિકભાવના અવ્યાબાધ આનંદસુખને સંગૃહીત કરી શક્યા છો.

જ્યારે હું તો પરભાવના પૌદ્ગલિક નિમિત્તો મળતાં તેના જ રૂપરંગમાં મોહાન્ધ થઈને પરભાવરૂપે પરિણામ પામીને વર્તમાનકાલે વર્તતી પરાનુયાયિતાના કારણે જ ભવોદધિમાં એટલે કે સંસારસાગરમાં જ ડુબેલો છું. પર એવાં પુદ્ગલદ્રવ્યોના જ રૂપ-રંગાદિ જે મોહકભાવો છે. તેમાં જ મોહાન્ધ બનીને આસક્ત થઈને નવાં નવાં કર્મો બાંધવા દ્વારા ભવોદધિમાં ડુબેલો છું. પરદ્રવ્યની સોબતે મને આ સંસારસાગરમાં ડુબાડ્યો છે. હું સંસારમાં ડુબ્યો છું. અને પર એવા પુદ્ગલદ્રવ્યની સોબતે મને ડુબાડ્યો છે. જેથી તમારામાં અને મારામાં મોટો ભેદ ઉભો થયો છે.

હે પરમાત્મા ! તમે અસંગી છો અને હું કર્મપુદ્ગલના સંગ વાળો છું તેના કારણે અનેક ઉપાધિઓનો સંગી છું. તમે મુક્ત છો હું કર્મોથી બંધાયેલો છું. તમે અકર્મા છો. હું કર્માશ્રિત બન્યો છું. તમે સ્વરૂપભોગી છો. હું પુદ્ગલભોગી છું. તમે સ્વગુણપરિણામી છો. હું પુદ્ગલાશ્રિત રાગ અને દ્વેષના પરિણામે પરિણામી છું.

આ કારણે હે પ્રભુજી ! માહરે તો માહરી ભૂલથી જ કંઈક નવું જ બન્યું છે. જે મારી સત્તામાં પણ ન હતું. તેવું પરનું કર્તાપણું પરમાં પરિણામ પામવાપણું વિગેરે દૂષિત ભાવો ઉત્પન્ન થયા છે. આવું અશુદ્ધ કર્તાપણું મેં સ્વીકાર્યું છે. તેના જ કારણે મારા પોતાના સ્વગુણોનું આચ્છાદન કરીને હું પર એવા પુદ્ગલદ્રવ્યનો જ ગ્રાહક-પરિણામક અને તેમાં જ પ્રવૃત્તિશીલ થયો છું.

આવા પ્રકારનાં પુદ્ગલદ્રવ્યોને જ ગ્રહણ કરવાથી તેમાં જ આસક્ત બનવાથી મારો આ આત્મા પુદ્ગલભોગી બની ગયો છે. આ કારણે તમારા અને મારા વચ્ચે મોટુ અંતર પડી ગયું છે તેના કારણે જ હું સંસારી અને તમે સિદ્ધ છો. હું કર્મોથી બંધાયેલો અને તમે કર્મોથી સર્વથા મુક્ત છો. હું ઘર-હાટ સજાવવામાં તથા દાગીના કપડાંના રૂપ-રંગમાં જ અંજાયેલું છે. અને તમે તે સર્વ દૂષિતભાવોથી રહિત છો. આમ મારા અને તમારા વચ્ચે મોટું અંતર છે. ॥ ૬ ॥

**તહવિ સત્તાગુણે જીવ એ નિર્મલો,**
**અન્યસંશ્લેષ જિમ ફિટક નવિ સામલો ।**
**જે પરોપાધિથી દુષ્ટપરિણતિ ગ્રહી,**
**ભાવ તાદાત્મ્યમાં માહરૂં તે નહી ॥ ૭ ॥**

**ગાથાર્થ :-** તો પણ સત્તાગુણે કરીને સંગ્રહનયની દૃષ્ટિએ આ જીવ અત્યન્ત નિર્મળ છે જેમ સ્ફટિકને અન્યદ્રવ્યનો સંયોગ થાય તો પણ તે શ્યામ બનતો નથી. પર ઉપાધિ થકી આ આત્મામાં જે (કર્મબંધના હેતુભૂત) દુષ્ટપરિણતિ ગ્રહણ થાય છે તે સર્વ મલીન સ્વરૂપ કર્મસંયોગે થાય છે. પરમાર્થે તાદાત્મ્યસંબંધથી આવી મલીનતા મારા આત્મામાં નથી. ॥ ૭ ॥

**વિવેચના :-** પૂર્વબદ્ધ મોહનીયાદિ કર્મોના ઉદયની પરવશતાના કારણે ભલે હું મલીન બન્યો છું. કર્મ બાંધનાર થયો છું. તો પણ સંગ્રહનયની અપેક્ષાએ સત્તાથી હું સિદ્ધ પરમાત્માની તુલ્ય અનંત અનંત ગુણોનો સ્વામી છું. અત્યન્ત નિર્મળ છું. સર્વથા નિષ્કલંક છું અન્ય દ્રવ્યોનો અસંગી છું. મૂલસ્વરૂપે અરૂપી દ્રવ્ય છું. હાલ જે કંઈ મલીનતા આદિ ભાવો દેખાય છે તે સર્વે પણ અન્ય દ્રવ્યના સંયોગે જ થયેલા છે. પરમાર્થે તે ભાવો મારા નથી.

જેમ સ્ફટિક સદા ઉજ્જવળ અને સફેદ જ હોય છે તો પણ કાળા-નીલા-પીળા એવા વસ્ત્રાદિ પર પદાર્થોના યોગે તે સ્ફટિક પણ કાળો - નીલો - પીળો દેખાય છે પરંતુ તે બધુ ભ્રમાત્મક જ હોય છે. કાળા આદિ રંગવાળાં વસ્ત્રાદિની ઉપાધિને જ્યારે દૂર કરવામાં આવે છે. ત્યારે તે જ સ્ફટિક ઉજ્વલ અને સફેદ દેખાય છે. અર્થાત્ સ્ફટિક પોતે પોતાની જાત બદલતો નથી.

તેવી જ રીતે આ આત્મા અનંતગુણોનો સ્વામી છે અને અત્યન્ત

નિર્મળ છે. અને તેવો જ રહે છે માત્ર પર એવા કર્મોની ઉપાધિથી દુષ્ટ પરિણતિવાળો બને છે. નવાં નવાં કર્મો બાંધે છે અને તેનાથી પોતાના ગુણો અવરાય છે (ઢંકાય છે) તેથી દૂષિત થાય છે અને દુષિત દેખાય છે-મોહાન્ધ જણાય છે.

પરંતુ તત્ત્વજ્ઞાની મહાત્માઓ આ આત્માને શુદ્ધ બુદ્ધ અને નિર્મળ  જ જાણે છે અને શુદ્ધ-બુદ્ધ-નિર્મળ છે જ. જેમ કાદવ-કીચડ અને વીષ્ટામાં પડેલું સોનું મલીન દુષિત પદાર્થોથી ખરડાયેલું દેખાય છે પરંતુ પોતાનું સુવર્ણપણાનું અસલી રૂપ અલ્પમાત્રાએ પણ તેમાંથી ચાલ્યું જતું નથી.

આ આત્મા પણ આવો જ છે એમ શ્રદ્ધાવંત મહાત્માઓ શ્રદ્ધાગુણથી આ વાત જાણે જ છે તથા પર ઉપાધિથી (પૂર્વે બાંધેલા મોહનીયના ઉદયથી) રાગાદિભાવવાળી દુષ્ટ પરિણતિ પ્રાપ્ત કરીને કર્મોનું કર્તાપણું ગ્રહણ કર્યું છે. તે સર્વ ઔપચારિકભાવ છે. પરમાર્થે આત્માનું આ સ્વરૂપ નથી. આ સર્વ ઔપાધિકભાવ છે મારા આત્માનો મૂલભૂત આ ભાવ નથી.

સંયોગ સંબંધથી આ ભાવ આવ્યો છે પરંતુ સમવાયસંબંધે આ ભાવ મારો પોતાનો નથી. આ આત્મામાં જે વિભાવદશા છે. તે સઘળી તદુત્પત્તિસંબંધવાળી કૃત્રિમ છે. સહજ નથી. એટલે કે તાદાત્મ્ય સંબંધથી આ મલીનતા આવી નથી. તાદાત્મ્યસંબંધથી તો આ આત્મા સિદ્ધ પરમાત્મા જેવો શુદ્ધ-બુદ્ધ નિરંજન જ છે.માત્ર સંયોગ સંબધથી મલીનતા આવી છે.

સુવર્ણને લાગેલી ધૂલ આદિ મલીનતા દૂર કરી શકાય છે સુવર્ણ અસલી સ્વરૂપવાળું બની શકે છે. તેમ આ આત્મા પણ કર્મોના સંયોગે મલીન થયો છે પરંતુ પરમાર્થે પોતે મલીન થતો જ નથી. તેથી કર્મો દૂર કરવાથી પોતાનું અસલી સ્વરૂપ પ્રાપ્ત કરી શકાય છે. પરમાત્મા બની શકાય છે. માત્ર મેલ દૂર કરવાની જ જરૂર છે. ॥ ૭ ॥

**તિણે પરમાત્મપ્રભુ ભક્તિરંગી થઈ,**
**શુદ્ધ કારણ રસે તત્ત્વ પરિણતિ મયી ॥**
**આત્મગ્રાહક થયે તજે પર ગ્રહણતા,**
**તત્ત્વભોગી થયે ટળે પર ભોગ્યતા. ॥ ૮ ॥**

**ગાથાર્થ :-** તે કારણે હમણાં પરમાત્માની ભક્તિનો રંગી થયો છતો જો શુદ્ધ કારણ સેવવાનો રસિક બનીને તત્ત્વ પરિણતિમાં મગ્ન બને, પરમાત્મામાં શુદ્ધ આત્મસ્વરૂપ દેખીને પોતાનું તેવું સ્વરૂપ સ્મૃતિગોચર થાય તે સ્વરૂપને જ પ્રગટ કરવા પ્રયત્ન કરે પરદ્રવ્યોની ગ્રાહકતાનો ત્યાગ કરે, તત્ત્વનો ભોગી થયે છતે પરદ્રવ્યોની ભોગ્યતાને ત્યજે. તો આ રીતે આ આત્મા આ કાળે પણ પોતાના શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરે કરી શકે છે. ॥૮॥

**વિશેષાર્થ :-** વિભાવદશામાં પરિણામ પામવું. પરદ્રવ્યમાં મોહાન્ધ બનવું. તે મારો મૂલધર્મ નથી. તેથી તે વિભાવપરિણતિનું વિરમણ કરીને મારા સ્વરૂપનો ભોગી મારા આત્માને મારે બનાવવો છે આવો પાકો વિચાર કરીને તેના ઉપાયને આ જીવ વિચારે છે.

જે આ મારો સંસારી આત્મા પરાનુગત - પરદ્રવ્યને અનુસર નારો બની જ ગયો છે તેને જો સીધેસીધો સ્વરૂપમાં જોડીશ તો તે ટકશે નહીં. બાબા ગાડીનું આલંબન લઈને ચાલતા બાળકનું જો બાબા ગાડીનું આ આલંબન લઈ લેવામાં આવે તો તે બાલક ચાલી તો ન જ શકે, પરંતુ પડી જાય. માટે નિમિત્તાવલંબી આ જીવને નિમિત્ત છોડાવવું નથી. પરંતુ પુદ્ગલદ્રવ્યનું જે નિમિત્ત છે. તેનો જ આ જીવ જે રંગી બન્યો છે. તે નિમિત્ત છોડાવીને શુદ્ધ એવા પરમાત્માના આલંબનવાળો બનાવવો. પણ હમણાં આલંબનવાળો તો રાખવો જ.

પર એવા વિજાતીયના આલંબનમાંથી મુક્ત કરીને પર એવા સ્વજાતિના આલંબનમાં જોડવો એ જ હમણાં પરમ ઉપાય છે.

નિર્મોહી અને શુદ્ધજ્ઞાની એવા પરમાત્માની સાથે જોડીશું તો તેમની સાથે જોડાયો છતો પોતાના શુદ્ધ સ્વરૂપનો રંગી બનશે.

ત્યારબાદ અરિહંત પરમાત્માનું સ્વરૂપ અને મારા આત્માનું સ્વરૂપ ખરેખર તુલ્ય જ છે. તેથી તેવા પોતાના શુદ્ધ સ્વરૂપનો રસિક આ જીવ બનશે. ત્યારબાદ ભલે આ જીવ કર્મોથી પોતાના સ્વરૂપના આચ્છાદનવાળો છે તો પણ પોતાનું આવું શુદ્ધ સ્વરૂપ છે. આમ રૂચિ વાળો બનશે.

આવી રૂચિ પ્રગટ થવાથી પોતાના શુદ્ધ સ્વરૂપની શ્રદ્ધા થાય છે. જાણપણું આવે છે તે શુદ્ધ સ્વરૂપને પ્રગટ કરવા માટે પ્રયત્નશીલ બને છે દિવસે દિવસે પરભાવદશાને ત્યજે છે. મોહદશા-વિભાવદશા-વિકારી અવસ્થાનો આ જીવ ત્યાગ કરતો જાય છે.

તત્ત્વપરિણતિવાળો બનીને મોહદશાને ત્યજતો ત્યજતો આત્મભાવનો ગ્રાહક બને છે. તેના દ્વારા સમયે સમયે નવાં નવાં કર્મ બાંધવારૂપ અનાદિકાળથી પોતાનામાં ઘુસેલી પરગ્રહણતાને ટાળે છે.

કર્મોનો સંગ જેમ જેમ દૂર થાય છે તેમ તેમ તત્ત્વનો જ ભોગી થયો છતો આત્મભાવમાં જ રમનારો બને છે અને પરદ્રવ્ય જે પુદ્ગલદ્રવ્ય તથા અન્ય જીવદ્રવ્ય તે બન્નેની સાથેના સુખભોગો સ્વરૂપ પરભોગ્યતાને મૂલથી જ ત્યજી દે છે. આ રીતે આ જીવ પરદ્રવ્યના સંબંધથી દૂર થયો છતો સ્વરૂપરમણીક બને છે. આત્માની પરિણતિ જેટલા અંશે આત્મધર્મની ગ્રાહક બની. તેટલા અંશે કર્મબંધાદિકથી વિરમણ પામે અને સંવરપરિણતિવાળો આ આત્મા બનતો જાય છે.

તથા જેટલા અંશે તત્ત્વભોગી થાય. તેટલા અંશે પરભોગી પણું દૂર થાય તેથી પૂર્વબદ્ધ કર્મોની નિર્જરા કરી પોતાનું સત્તાગત ગુણમય જીવન પ્રાપ્ત કરે છે. ॥ ૮ ॥

**શુદ્ધ નિઃપ્રયાસ નિજભાવ ભોગી યદા,**
**આત્મક્ષેત્રે નહી અન્ય રક્ષણ તદા ॥**
**એક અસહાય નિઃસંગ નિર્દ્વન્દ્વતા,**
**શક્તિ ઉત્સર્ગની હોય સહુ વ્યક્તતા ॥ ૯ ॥**

**ગાથાર્થ :-** કાયિક પ્રયત્ન વિનાનો શુદ્ધ એવો આ આત્મા આત્મ પદનો ભોગી જ્યારથી બને છે ત્યારથી જ આત્માના ક્ષેત્રમાં અન્ય દ્રવ્યને (પુદ્ગલદ્રવ્યને અને તેનાથી થનારા રાગાદિભાવોને) રક્ષણ પ્રાપ્ત થતું નથી. આવું બને ત્યારે આ આત્મા એકલો કર્મોની સહાય વિનાનો, પરદ્રવ્યના સંગ વિનાનો, નિર્દ્વન્દ્વતાવાળો, ઔત્સર્ગિક ભાવે આત્મામાં જે અનંત શક્તિ છે તેની વ્યક્તતાવાળો બને છે. ॥ ૯ ॥

**વિવેચન :-** આ આત્મા પરમાત્માનો સંગ પામીને પોતાનું પરમાત્મા જેવું જ શુદ્ધ સ્વરૂપ છે. જે સ્વરૂપ પૌદ્ગલિક ભાવના સંસર્ગ વિનાનું છે તથા કાયિકાદિ પ્રયાસથી સાધ્ય નથી. એવા પ્રકારનું જે શુદ્ધ ગુણમય આત્મસ્વરૂપ છે. તેની જ રમણતાનો ભોગી થાય છે.

જ્યારથી સ્વસ્વરૂપનો ભોગી આ આત્મા બને છે ત્યારથી સર્વ આત્મપ્રદેશોમાં ઘર કરીને રહેલાં આઠ પ્રકારનાં કર્મો તથા અન્ય પૌદ્ગલિકભાવો તથા તેના કારણભૂત રાગ-દ્વેષાદિ મોહના વિકારો આવા ભાવોને જીવદ્રવ્યમાં રહેવા માટે રક્ષણ મળતું નથી. તેથી તેને નીકળવું જ પડે છે. તેવા ભાવાને આત્મામાંથી નાશ પામે જ છુટકો થાય છે.

આત્મામાં અનાદકાળથી એકમેક થઈને ચોંટેલાં કર્મોને નીકળે જ છુટકો થાય છે સર્વ પુદ્ગલદ્રવ્ય ખરી પડતાં આ આત્મા નિઃકર્મા બને છે. કર્મ વિનાનો શુદ્ધ-બુદ્ધ-મુક્ત બને છે.

આ આત્માની ઔત્સર્ગિક એવી મૂલતત્ત્વભૂત જે અનંતી અનંતી જ્ઞાનાદિગુણોની તથા વીર્યગુણની જે શક્તિ સત્તામાં પડેલી છે તે શક્તિ

કાળાન્તરે પૂર્ણપણે પ્રગટ થાય છે આમ આ આત્મા આઠે કર્મોથી રહિત થયો છતો પોતાની ગુણસંપત્તિને પ્રગટ કરનારો બને છે. ॥ ૯ ॥

**તેણે મુજ આત્મા તુજ થકી નીપજે,**
**માહરી સંપદા સકલ મુજ સંપજે ॥**
**તેણે મનમંદિરે ધર્મ પ્રભુ ધ્યાઈએ,**
**પરમ દેવચંદ્ર નિજ સિદ્ધિ સુખ પાઇયેં ॥ ૧૦ ॥**

**ગાથાર્થ :-** હે વીતરાગ પરમાત્મા ! આપશ્રીના નિમિત્તને પામીને મારા આત્માનું સિદ્ધપણું મારા આત્મામાંથી જ નીપજે છે. તથા મારી પોતાની સકલ સંપદા (સંપત્તિ) મારામાંથી જ પ્રગટ થાય તેમ છે. પરંતુ તમારૂં નિમિત્ત પામીને થાય. તે માટે હે પ્રભુ ! તમે મારા મનમંદિરમાં પધારો. ધર્મનાથ પ્રભુનું ધ્યાન કરતાં કરતાં, પરમ એવું દેવચંદ્રની ઉપમાવાળું પોતાનું જ સિદ્ધિ સુખ પ્રાપ્ત કરીએ. ॥ ૧૦ ॥

**વિવેચન :-** હે વીતરાગ પરમાત્મા ! શુદ્ધ ચિદાનંદમય મારૂં સ્વરૂપ મારામાંથી જ પ્રગટ થાય છે. મારે કોઈનું સ્વરૂપ ઉછિતું લેવું પડતું નથી અને આવે પણ નહી. પરંતુ મારામાં જ રહેલું મારૂં સ્વરૂપ તો જ પ્રગટ થાય કે જો તેમાં પ્રબળ નિમિત્તકારણ હોય તો.

જેમ રાત્રે સૂતેલા મનુષ્યો પોતે સ્વયં જાગૃત થાય છે તેને કોઈ જાગૃત કરતું નથી. પરંતુ સૂર્યનો ઉદય તેમાં પ્રબળ નિમિત્તકારણ છે તેમ અહીં સમજવું.

મારી ગુણોની સંપત્તિ હે પ્રભુ । મારામાંથી જ પ્રગટ થાય છે તમારી ગુણસંપત્તિ મારામાં આવતી નથી. પરંતુ મારી પોતાની સત્તાગત ગુણસંપત્તિ પ્રગટ કરવામાં આપશ્રી પરમ નિમિત્તકારણ છો.

મારૂં પોતાનું અનંત ગુણ-પર્યાય રૂપ શુદ્ધસ્વરૂપ, તથા પોતાના ગુણ પર્યાયોનું કર્તાપણું, પોતાના જ ગુણ-પર્યાયોનું ભોક્તાપણું,

પોતાના સ્વરૂપનું ઐશ્વર્ય, પોતાના આત્માનું જ અવ્યાબાધ સુખ, આ સર્વ ગુણસંપત્તિ મારી પોતાની આત્માની માલિકીવાળી છે. અને તે મારામાં જ છે. પરંતુ તે સર્વ ગુણસંપત્તિ મોહાધીન એવા કર્મોથી આવૃત છે. જો તે સંપત્તિ આવિર્ભૂત થાય તો હું પોતે નારી પોતાની અરૂપી સત્તાગત રહેલી એવી તત્ત્વસંપદાનો એટલે કે તાત્ત્વિક આત્મિકગુણસંપત્તિનો સ્વામી થાઉં. તથા તેને ભોગવનારો ભોગી થાઉં. આ સંપત્તિ પ્રગટ થયા પછી સદા કાળ રહેનાર છે એટલે હું અવિનાશી સંપત્તિવાળો બનું.

આ પ્રગટ થવામાં તમે જ પરમનિમિત્તકારણ છો. જેમ સૂર્યનો ઉદય થાય એટલે બધા જ લોકો નિદ્રાનો ત્યાગ કરી પોતપોતાના કામકાજમાં જોડાય છે. સૂર્ય ઉદયમાં આવીને કોઈને કંઈ કહેતો નથી. તે પોતે કોઈને જગાડતો નથી. તો પણ તેના ઉદયને પામીને જ લોકો પોતપોતાના કામકાજમાં જોડાય છે. તેમ હે પરમાત્મા ! તમે કોઈને કંઈ કહેતા નથી. કારણ કે તમે વીતરાગ અવસ્થાવાળા છો. તો પણ તમારૂં નિમિત્ત પામીને સર્વે આત્માઓ પોતાના સત્તાગત ગુણોને પ્રગટ કરવાનો જે પ્રયત્ન કરે છે તેની સફલતામાં આપશ્રી જ પરમકારણ છો.

આ કારણે હું પોતે મારીપોતાની ગુણસંપત્તિ પ્રાપ્ત કરૂં. તેમાં પ્રભુજીનો જ પરમ ઉપકાર છે. તે કારણે હે પરમાત્મા ! આપશ્રી મારા મનમંદિરમાં પધારો પધારો. ફરી ફરી વિનંતિ કરું છું.

મનમાં ધર્મનાથ પ્રભુજીનું ધ્યાન કરીશું. એક ક્ષણવાર સાંસારિક બીજી ઉપાધિઓને વિચારીશું નહીં. અને આ ધર્મનાથ પરમાત્માના ગુણો અને ઉપકારનું વિશેષ ચિંતન-મનન કરીશું અને હાર્દિક બહુમાન કરવા પૂર્વક ધ્યાન ધરીશું. તો મારી ગુણસંપત્તિ અવશ્ય પ્રગટ થશેજ.

નવા નવા સાધક આત્માને પોતાની ગુણસંપત્તિ પ્રગટ કરવામાં

આ પરમાત્મા જ પરમ સાધન છે. આ પરમાત્મા જ મોટો આધાર છે જો આ પરમાત્માનું નિમિત્ત બરાબર પ્રાપ્ત કરી લઈએ તો પરમ સ્વરૂપવાળા જે દેવ (પરમાત્મા), તથા આત્મસ્વરૂપમાં જ લયલીન રહેનારા મુનિમહારાજા, આ બન્ને તત્ત્વોમાં ચંદ્રમા સમાન જે પરમ આત્મસ્વરૂપ છે એવું પોતાના આત્માનું પરમાત્મપદ સ્વરૂપ પોતાનું સિદ્ધિ સુખ આપણે સ્હેજે સ્હેજે (ઓછા પ્રયત્ને) પ્રાપ્ત કરી શકીએ.

પોતાના આત્માની ગુણસંપત્તિ પોતામાં જ છે. ફક્ત તેનો ઉઘાડ થવામાં પરમાત્મા અસાધારણ કારણ છે. પરમાત્મા શ્રી વીતરાગ દેવનું આલંબન લેવાથી અવ્યાબાધાદિ પરમસુખ પ્રાપ્ત કરી શકાય છે. મોક્ષપ્રાપ્તિનો આ જ પરમ એક ઉપાય છે તે માટે શ્રી અરિહંત પરમાત્માનું સેવન નિરનુષ્ઠાનપણે સતત કરવું. ॥ ૧૦ ॥

**॥ પંદરમા શ્રી ધર્મનાથ પરમાત્માના સ્તવનના અર્થો સમાપ્ત થયા ॥**

# સોળમા શ્રી શાન્તિનાથ પરમાત્માનું સ્તવન

**જગતદિવાકર જગતકૃપાનિધિ, વહાલા મારા સમવસરણમાં બેઠા રે ।**
**ચઉમુખ ચઉવિહ ધર્મપ્રકાશે, તે મેં નયણે દીઠા રે ॥**
**ભવિકજન, હરખો રે, નિરખી શાન્તિ જિણંદ ।**
**ઉપશમરસનો કંદ, નહી ઇણ સરખો રે. ॥ ૧ ॥**

**ગાથાર્થ :-** આ જગતમાં સૂર્યસમાન, આ જગતમાં દયાના મહા સાગર, મને અતિશય પ્યારા, સમવસરણમાં બીરાજમાન થયા છતા ચારે મુખે ચાર પ્રકારનો ધર્મ સમજાવતા એવા પરમાત્માને મેં આજે મારા નયનોથી જોયા છે.

હે ભવ્ય જીવો ! તમે આવા અનુપમ શાન્તિનાથ પરમાત્માને જોઈ જોઈને અતિશય હર્ષ પામો, જે શાન્તિનાથ પરમાત્મા ઉપશમ રસનો કંદ છે ખરેખર આ ત્રણે ભૂવનમાં આ પરમાત્માની તુલ્ય બીજો કોઈ વ્યક્તિ નથી. (સર્વોત્તમ આ પરમાત્મા છે.) ॥ ૧ ॥

**વિવેચન :-** હવે સોળમા શ્રી શાન્તિનાથ પરમાત્માની સ્તુતિ કરે છે. ઉર્ધ્વલોક, અધોલોક, અને તિર્ચ્છાલોક એમ ત્રણે લોકને વિષે સૂર્યની સમાન પ્રકાશવાળા - એટલે કે જેમ સૂર્ય પ્રકાશમાન થાય ત્યારે જગતના સર્વ પદાર્થોને પ્રકાશિત કરે છે કોઈપણ પદાર્થ અપ્રગટ રહેતો નથી. તેની જેમ પરમાત્મા જ્યારે કેવલજ્ઞાન પામે છે ત્યારે કેવલજ્ઞાન દ્વારા જગતના સર્વભાવોને ભગવાન જાણે છે કોઈ પણ પદાર્થ અજ્ઞાત રહેતો નથી. તેથી પરમાત્મા સૂર્યસમાન છે.

તથા ચારે કષાયોનો નાશ કરેલો હોવાથી અતિશય દયાના મહાસાગર સમાન કૃપાના ભંડાર એવા સોળમા શ્રી શાન્તિનાથ પરમાત્મા છે કે જે મને અતિશય પ્યારા છે તથા સમવસરણમાં જે

બીરાજમાન છે અને સમવસરણમાં બેઠેલા એવા આ પરમાત્મા ચારે દિશામાં ચાર મુખ કરીને દાન શીયળ તપ અને ભાવ એમ ચાર પ્રકારનો ધર્મ પ્રકાશિત કરી રહ્યા છે.

આવા ધર્મદેશના કરતા એવા શ્રી શાન્તિનાથ પરમાત્માને આજે મેં મારા નેત્રથી (ચર્મચક્ષુથી) સાક્ષાત જોયા. દર્શન કર્યાં છે. તથા આગમ શ્રવણ કરવારૂપ નેત્રથી પણ જોયા છે આ પરમાત્માને મેં બરાબર નીહાળ્યા છે. સંપૂર્ણ વીતરાગદશાવાળા અને અતિશય દર્શનીય પૂજનીય અને પૂર્ણપણે નિર્દોષ અવસ્થાવાળા છે.

તે માટે હે ભવ્યજીવો । સામાન્ય કેવલજ્ઞાની ભગવંતોમાં ઇન્દ્રસમાન એવા સોળમા જિનેન્દ્ર શ્રી શાન્તિનાથ પ્રભુને જોઈ જોઈને અતિશય હર્ષવાળા બનો. આ પરમાત્મા કેવા છે ? ઉપશરરસ એટલે કે પરમ એવો ક્ષમા નામનો જે ગુણ છે. તે ગુણ રૂપી રસના કંદ સમાન છે. ક્ષમાગુણના મૂળ સમાન છે.

આ પરમાત્માની તુલ્ય બીજો કોઈ વ્યક્તિ નથી. આ પરમાત્મા પરમશાન્તિરસમય સમતાભાવના સમુદ્રસમાન છે. આવા અનંતગુણના ભંડાર શ્રી શાન્તિનાથ પરમાત્માને તમે પૂજો, તમે પૂજો, અનંત ઉપકાર કરનારાને તમે અવશ્ય પૂજો. ॥ ૧ ॥

**પ્રાતિહાર્ય અતિશય શોભા, વહાલા મારા,**
**તે તો કહીઅ ન જાવે રે ।**
**ઘૂકબાલકથી રવિકરભરનું, વર્ણન કેણી પરે થાવે રે**
**ભવિકજન ॥ ૨ ॥**

**ગાથાર્થ :-** આ પરમાત્માની આઠ પ્રાતિહાર્યની તથા ચોત્રીસ અતિશયોની શોભા એટલી બધી અપાર છે કે જે મારા જેવા મોહાન્ધ જીવ વડે કહી શકાતી નથી. જેમ ઘુવડના બચ્ચાથી સૂર્યના કિરણોના સમૂહનું વર્ણન કેવી રીતે થાય ? અર્થાત્ ન થાય. તેમ આ વર્ણન પણ તેવું જ છે. ॥ ૨ ॥

**વિવેચન :-** પરમાત્મા જ્યારે કેવલજ્ઞાન પ્રાપ્ત કરે છે ત્યારથી તેમને તીર્થંકર નામકર્મનો ઉદય શરૂ થાય છે તેના પ્રતાપે અશોકવૃક્ષ, સુરપુષ્પવૃષ્ટિ, દિવ્યધ્વનિ, સિંહાસન, ચામર, છત્ર, ભામંડળ અને દુન્દુભિ આ પ્રમાણે આઠ પ્રાતિહાર્યોથી પરમાત્મા શોભાયમાન છે. તથા ચોત્રીસ અતિશયોથી પણ આ પરમાત્મા અત્યન્ત શોભાયમાન છે.

પ્રાતિહાર્યની શોભા અને ચોત્રીસ અતિશયોની શોભા શ્રી તીર્થંકર પરમાત્માને જ હોય છે. સામાન્ય કેવલજ્ઞાની ભગવંતોને આ શોભા સંભવતી નથી. આ શોભા કહી ન શકાય, વર્ણવી ન શકાય, તેવી છે. જેણે સાક્ષાત્ નજરે જોઈ હોય તેને જ સમજાય તેવી આ શોભા છે.

જેમ ઘુવડનું બાલક સૂર્યના કિરણો સામે જોઈ શકતું નથી. તો વર્ણન તો તે ઘુકબાલકથી કેમ થાય ? અર્થાત્ ન જ થાય. જે પરમાત્માનું તેજ એટલું બધુ અપાર છે કે સામે પુરેપુરું જોઈ પણ શકાતું નથી. તો તેનું વર્ણન કેમ કરી શકાય ? તેવું અમાપ અવર્ણનીય અવાચ્ય એવું પરમાત્માનું સ્વરૂપ છે. ॥ ૨ ॥

**વાણી ગુણ પાંત્રીસ અનુપમ, વહાલા મારા,**
**અવિસંવાદ સરૂપે રે ॥**
**ભવદુઃખવારણ, શિવસુખકારણ, સુધો ધર્મ પ્રરૂપે રે**
**॥ ભવિકજન ॥ ॥ ૩ ॥**

**ગાથાર્થ :-** પરમાત્માની ધર્મદિશના પાંત્રીસ ગુણોથી ભરેલી છે. કોઈપણ જાતના વિસંવાદ વિનાના સ્વરૂપવાળી આ વાણી છે. જે વાણી ભવના દુઃખોનું વારણ કરનારી અને મુક્તિસુખના કારણ ભૂત એવા શુદ્ધ ધર્મની પ્રરૂપણા કરનારી છે. ॥ ૩ ॥

**વિવેચન :-** વીતરાગ પરમાત્માની આ વાણી કેવી છે ? તે સમજાવતાં કહે છે કે જેની કોઈ ઉપમા ન આપી શકાય. તથા કોઈ ઉદાહરણ જેના માટે પ્રાપ્ત થતું નથી. તેવી અનુપમ વાણી આ પરમાત્માની હોય છે. આ વાણીમાં આગળ-પાછળ ક્યાંય વિસંવાદ હોતો નથી. કારણ કે તે વાણી પ્રકાશનાર સર્વજ્ઞ છે. ત્રિકાળજ્ઞાની છે. પૂર્વાપર વિરોધ વિનાની છે. કોઈ પણ જાતના દોષો જેમાં નથી તેવી છે. અમૃત કરતાં અને સાકર કરતાં પણ ઘણી મીઠી છે. આગળ - પાછળ અવિરૂદ્ધ ભાવને અર્થાત્ યથાર્થ ભાવોને જ પ્રકાશિત કરનારી આ વાણી હોય છે.

પરમાત્માની વાણી આટલી બધી પ્રશંસનીય કેમ છે ? તો તેનો ઉત્તર આપતાં શાસ્ત્રકાર ભગવંતો કહે છે કે - આ વાણી ભવોભવનાં જે દુઃખો અર્થાત્ સંસારની જે આપત્તિઓ તેને વારણ કરનારી છે તથા મુક્તિનાં સુખોને અપાવનારી છે. હિંસા આદિ અઢારે પાવસ્થાનક વિનાની આત્માનું કલ્યાણ જ કરે તેવા શુદ્ધ ધર્મને જણાવનારી આ વાણી છે.

જેણે જેણે આ પરમાત્માની વાણી સાંભળી છે હૈયામાં ઉતારી છે તેનું તેનું અવશ્ય કલ્યાણ થયું જ છે આવી પ્રભાવશાળી વાણી પ્રકાશિત કરનારા આ પરમાત્મા બધા જ દૂષણોથી રહિત છે. ॥૩॥

**દક્ષિણ પશ્ચિમ ઉત્તર દિસિમુખ, વહાલા મારા,**
**ઠવણા જિન ઉપકારી રે ।**
**તસુ આલંબન લહીય અનેકે, તિહાં થયા સમકિતધારી રે ॥**
**ભવિકજન. ॥ ૪ ॥**

**ગાથાર્થ :-** દક્ષિણદિશા, પશ્ચિમદિશા, અને ઉત્તરદિશા આ ત્રણ દિશામાં ઉપકારી એવા જિનેશ્વર પરમાત્માની સ્થાપના કરવામાં આવે

છે (અને પૂર્વાભિમુખ દિશાએ પરમાત્મા પોતે બીરાજમાન થાય છે). આવા પરમાત્માનું તથા તેમની સ્થાપનાનું આલંબન લઈને અનેકજીવો ત્યાં સમ્યક્ત્વને ધારણ કરનારા થયા છે. ॥ ૪ ॥

**વિવેચન :-** પરમાત્મા જ્યારે કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે ત્યારથી પ્રતિદિન તેઓ ધર્મદેશના આપે છે. અને દેવો ત્યાં સમવસરણની રચના કરે છે. સમવસરણમાં પરમાત્મા પૂર્વદિશા સન્મુખ મુખાકૃતિએ બેસે છે. બાકીની ત્રણ દિશામાં વ્યાખ્યાન સાંભળનારા લોકોને પરમાત્મા બરાબર દેખાય તે માટે દેવો પરમાત્માના જેવાં જ ત્રણ પ્રતિબિંબો બનાવે છે અને તે ત્રણે પ્રતિબિંબો દક્ષિણદિશામાં પશ્ચિમદિશામાં અને ઉત્તરદિશામાં મુખાકૃતિ આવે તેવી રીતે આ ત્રણે દિશામાં પરમાત્માનાં પ્રતિબિંબોને થાપે છે. જેથી ચારે દિશામાં બેસનારાને પરમાત્માનાં દર્શન થાય છે તથા પરમાત્માની વાણી સંભળાય છે. પરમાત્મા જ બોલતા હોય તેમ લાગે છે.

પૂર્વદિશા તરફ મુખાકૃતિએ પરમાત્મા બેસે છે અને શેષ ત્રણે દિશા તરફ તેવી જ મુખાકૃતિવાળાં પરમાત્માનાં પ્રતિબિંબો દેવો થાપે છે. જેથી ચારે દિશામાં બેસનારા શ્રોતાગણને ભગવાન જ બોલે છે આમ લાગે છે.

પરમાત્માના અતિશયથી પરમાત્માની સ્થાપના પણ એટલો જ ઉપકાર કરનારી બને છે. આ પ્રતિમા એ, છે તો પ્રતિમા જ, પરંતુ પરમાત્માના અતિશયથી તે પ્રતિમા છે આમ જણાતું નથી. પરંતુ પરમાત્મા જ છે. પરમાત્મા જ વાણી પ્રકાશે છે આવું દેખાય છે અને લોકો પણ આવું જ સમજે છે. આ તેઓશ્રીનો અતિશય છે.

આવા પરમાત્માનું તથા તેમના પ્રતિબિંબનું આલંબન ગ્રહણ કરીને ત્યાં જ, સમવસરણમાં જ ઘણા જીવો પરમાત્માના વચનો

ઉપરની શ્રદ્ધા કરવા સ્વરૂપ સમ્યક્ત્વગુણને પ્રાપ્ત કરે છે ઘણા જીવો દેશવિરતિધર્મ અને ઘણા જીવો સર્વવિરતિધર્મ સ્વીકારનારા બને છે.

આમ સ્થાપના નિક્ષેપાથી પણ ઘણો ઘણો ઉપકાર થાય છે ઘણા જીવો માર્ગે આવે છે સુલભ બોધિ થાય છે. ॥ ૪ ॥

**ષટ્ નયકારજ રૂપેં ઠવણા, વહાલા મારા, સગ નયકારણ ઠાણી રે।**
**નિમિત્ત સમાન થાપના જિનજી, એ આગમની વાણી રે ॥**
**ભવિકજન ॥ ॥ ૫ ॥**

**ગાથાર્થ :-** ભક્તિ કરવી તે સર્વોપરિ માર્ગ છે. ત્યાં અરિહંત પરમાત્માની અને સિદ્ધ પરમાત્માની એમ આ બન્ને મહાત્માઓની મૂર્તિની ભક્તિ કરવી તે ૬ નયથી મુક્તિના કારણ સ્વરૂપ છે. પરંતુ અરિહંત પરમાત્મામાં તથા તેમની મૂર્તિમાં મુક્તિની કારણતા સાતે નયથી રહેલી છે. શ્રી જિનજી, તથા જિનજીની સ્થાપના આ બન્ને મુક્તિનાં સમાન નિમિત્તકારણ છે આ પ્રમાણે આગમની વાણી કહે છે જે પ્રમાણભૂત છે ॥ ૫ ॥

**વિવેચન :-** ભક્તિમાર્ગ એ મુક્તિનું પ્રધાનતમ કારણ છે. જિનેશ્વર પરમાત્માની ગેરહાજરીમાં તેઓશ્રીની પ્રતિમા પણ જિનેશ્વરપણાનો બોધ કરાવતી હોવાથી જિનેશ્વરની તુલ્ય છે. ત્યાં નીચેની અપેક્ષાએ ઉપકારકતા આ રીતે જાણવી.

**(૧) નૈગમનયથી :** જિનેશ્વર પરમાત્માની પ્રતિમાજીને જોઈને તેમાં અરિહંત પરમાત્માનો અને સિદ્ધ પરમાત્માનો જે આરોપ કરવામાં આવે છે તે જ પરમ ઉપકાર કરનાર છે. કારણ કે અરિહંત પરમાત્મા અને સિદ્ધ પરમાત્મા અસંગાદિગુણોથી ભરેલા છે. તેવા જ ગુણો આ પ્રતિમામાં દેખાય છે તેથી આરોપ કરવામાં આવે છે આ નૈગમનય જાણવો. કારણ કે વીતરાગતામય તદાકારતા રૂપ એક અંશ આ

પ્રતિમાજીમાં પણ છે. અંશમાં અંશીનો ઉપચાર તે નૈગમનય જાણવો.

(૨) **સંગ્રહનય :** શ્રી અરિહંત પરમાત્મા તથા શ્રી સિદ્ધ પરમાત્મા એમ બન્નેના સર્વ ગુણોનો સંગ્રહ કરીને જિનેશ્વર પરમાત્માની પ્રતિમા બનાવેલી છે તે સંગ્રહનયથી સ્થાપના જાણવી.

(૩) **વ્યવહારનય :** સંગ્રહનય દ્વારા ગ્રહણ કરાયેલા પ્રભુના ગુણોનો વિધિ પૂર્વક ભેદ સમજીને જિનપ્રતિમાને તે તે ગુણની વિવક્ષાએ વિધિ સહિત દર્શન વંદન પૂજન આદિ કાર્યો કરવાં તે વ્યવહારનયથી સ્થાપના જાણવી.

(૪) **ઋજુસૂત્રનયથી :** જિનેશ્વર પરમાત્માની પ્રતિમાને જોઈ જોઈને સર્વ ભવ્યજીવોને દર્શન વંદન. પૂજન આદિ કાર્ય કરતાં કરતાં એવો પ્રમોદભાવ પ્રગટ થાય છે કે જાણે આ સાક્ષાત્ તીર્થંકર પરમાત્મા જ છે. આમ ભાવનિક્ષેપાનો આરોપ તે ઋજુસૂત્રનયથી સ્થાપના સમજવી.

(૫) **શબ્દનયથી :** ગુરુગમ દ્વારા જિનેશ્વર શબ્દનું યથાર્થ સ્વરૂપ જાણ્યા પછી ભવિકજીવને એવો ભાવ પ્રગટ થાય છે કે હું જે જિનેશ્વર પરમાત્માની પ્રતિમાને ભજું છું. તેવું જ યથાર્થસ્વરૂપ મારૂં છે અને મારે તે સ્વરૂપ પ્રગટ કરવાનું છે. આવો અભેદ પરિણામ તે શબ્દનય જાણવો.

(૬) **સમભિરૂઢનય :** શ્રી અરિહંત પરમાત્માના પર્યાયવાચી જે જે શબ્દો છે સર્વજ્ઞ, તીર્થંકર, અરિહંત, વીતરાગ, જિનેશ્વર, ઈત્યાદિ શબ્દોનો એક અર્થ ન કરતાં ભિન્ન ભિન્ન અર્થ કરે, જે જે શબ્દનું ઉચ્ચારણ કરી ભક્તિ કરે ત્યારે તે તે ગુણો મારામાં પ્રગટ થાય આવી ભાવના ભાવે તે સમભિરૂઢ નયથી નિમિત્ત કારણ જાણવું.

કેવલજ્ઞાન, કેવલદર્શન, તીર્થંકર પરમાત્મમાં સર્વજ્ઞ થયા પછીનું ઉપદેશકપણું ઇત્યાદિ ગુણો હોવાથી ભાવનિક્ષેપે વિચરતા તીર્થંકર પરમાત્મા છે તે એવંભૂત નયથી. તેવા સાક્ષાત્ ગુણો સ્થાપનામાં જીવ ન હોવાથી નથી. તેથી ત્યાં એવંભૂતનય લગાડાતો નથી.

પરંતુ ભક્તિ કરનારા જીવોને મુક્તિ પ્રાપ્તિ કરાવવાની નિમિત્ત-કારણતા શ્રી અરિહંત પરમાત્મામાં અને અરિહંત પરમાત્માની સ્થાપનામાં પણ સમાનપણે રહેલ છે તે માટે ત્યાં સાતે નયો લાગુ પડે છે.

**(૧) મોક્ષ પ્રત્યે નૈગમનયથી સ્થાપનાની કારણતા** - જિન પ્રતિમાના દર્શનથી સાધક આત્માને પ્રેરણા મળે છે કે અત્યારે મારો આત્મા સંસારી છે. પરંતુ સત્તાયે કરી મારો આત્મા પણ જિનેશ્વર પરમાત્માની જેમ અનંતગુણી છે આવા પ્રકારના સંકલ્પવાળી દૃષ્ટિ દ્વારા પરમાત્માની ભક્તિ કરતાં કરતાં કાલાન્તરે આ જીવ પણ જિનપદને પ્રાપ્ત કરવાનું કારણ બને છે. આ નૈગમનય જાણવો.

**(૨) સંગ્રહનય :-** આ આત્મામાં જ ત્રિકાળી સત્ દૃષ્ટિથી રહેલો પૂર્ણ શુદ્ધ પર્યાય પ્રગટ કરવાનો સુગમ ઉપાય જિનેશ્વર પ્રભુની પ્રતિમા છે. ભવ્યજીવને જિન પ્રતિમા દેખી કરી ભક્તિ કરવા દ્વારા જીવની પોતાની સત્તામાં રહેલા સર્વ ગુણો પ્રભુની અદ્‌ભૂતતાથી સન્મુખ થવાના કારણે સાધક એવો આત્મા પણ પોતાના ગુણો પ્રગટ કરવાનો લક્ષ્ય કરીને તેને પ્રાપ્ત કરવા માટે પુરુષાર્થ કરે છે. આ સંગ્રહનયથી સ્થાપનાની કારણતા જાણવી.

**(૩) વ્યવહારનય :-** ભેદ દૃષ્ટિને ગૌણ કરી અભેદદૃષ્ટિને પ્રધાન કરતાં જિનેશ્વર પ્રભુની પ્રતિમાની સેવા-પૂજા-ભક્તિ ભાવના આદિ વ્યવહાર કરવા દ્વારા સાધકને લાગે છે કે જેને તું ભજે છે તેવો જ તું

છે જિનેશ્વર પ્રભુના જે જે ગુણો છે તે તે ગુણો તારામાં પણ છે. તેથી તે ગુણોને પ્રગટ કરવા માટે સાધક આત્મા જિનપ્રતિમાની ભક્તિ સ્તુતિ વંદના નમસ્કાર અને ચૈત્યવંદનાદિ ક્રિયા વિધિ કરે છે તે વ્યવહારનયથી સ્થાપના નિમિત્તકારણ જાણવું.

(૪) **ઋજુસૂત્રનય :-** સાધક દૃષ્ટિ દ્વારા સાધ્યને સિદ્ધ કરવામાં સ્થિર થવું તે. જિનપ્રતિમાની ભક્તિથી સાક્ષાત્ જિનેશ્વરને જ વંદન કરે છે આવો ભાવ આવવાથી તે જીવને પરમાત્મપદ પ્રાપ્ત કરવાની પ્રબળ ઈચ્છા પ્રવર્તે છે. આ ઋજુસૂત્રથી નયથી સ્થાપના જાણવી.

(૫) **શબ્દનય :-** વીતરાગ એવો જે શબ્દ છે તેના રહસ્યભૂત પદાર્થની દૃષ્ટિથી પૂર્ણતા પ્રત્યે ગમન કરવું. વીતરાગ શબ્દનો રહસ્યભૂત જે અર્થ "રાગ દ્વેષ રહિત થવાનો." તે તરફનો પુરુષાર્થ કરવાથી રાગ ગયે છતે દ્વેષને તો રહેવાનું સ્થાન જ નથી. કારણ કે રાગ જ દ્વેષ લાવે છે તેથી જો રાગ ન હોય તો દ્વેષ થાય જ નહીં આ રીતે રાગ અને દ્વેષ રહિત થઈ વીતરાગતા પ્રગટ કરવા પૂર્ણતા પ્રત્યે ગમન કરવું તે શબ્દનયથી સ્થાપના નિમિત્ત કારણ કહેવાય છે.

(૬) **સમભિરૂઢનય :-** સાધક અવસ્થાના આરોપિતભાવથી નિશ્ચયનયથી જિનેશ્વરપ્રભુનું અવલોકન કરવું જિનેશ્વર પ્રભુની પ્રતિમામાં વિવિધ ગુણો છે. તેમાં પર્યાયના ભેદથી અર્થભેદ કલ્પવો. અથવા અર્થને ભિન્ન ભિન્ન રૂપે વિચારવો જેમ કે સર્વજ્ઞ વીતરાગ પારંગત જિન વિગેરે બધા જ શબ્દો જિનેશ્વરપ્રભુના જ વાચક છે. તેમાંથી સાધક આત્મા બધા જ શબ્દોમાં આવતા ગુણોનો સ્વતંત્ર અર્થ કરીને તેમાંથી કોઈપણ એકગુણનું ચિંતન મનન કરીને પોતાની ચેતનાના વીર્યની પરિણતિથી આત્મશક્તિને જરા પણ ગોપવ્યા વિના પુરુષાર્થમાં જોડાય તે સમભિરૂઢનયથી મોક્ષની સ્થાપનાનું નિમિત્તકારણ જાણવું.

**(૭) એવંભૂતનયથી સ્થાપના નિમિત્ત કારણ :-** નિશ્ચય દષ્ટિથી તું પોતે નિશ્ચયરૂપ થા. "જે જિન સ્વરૂપ થઈ જિનને આરાધે તે સહી જિનવર હોવે રે" ભવ્ય એવો સાધક આત્મા એવંભૂતનયે જિનેશ્વર પ્રભુની પ્રતિમાનું આલંબન પ્રાપ્ત કરીને તત્ત્વરૂચિ ઉત્પન્ન કરે તત્ત્વરમણતાને શુક્લ ધ્યાનમાં પરિણમાવી કેવલજ્ઞાન કેવલ દર્શન પ્રાપ્ત કરે પૂર્ણ નિમિત્ત પ્રાપ્ત થવાથી આત્માના જ્ઞાન-દર્શનાદિ ગુણો દ્વારા પૂર્ણપણે ઉપાદાનકારણતા પ્રગટ કરે તેનાથી એ સિદ્ધ થાય છે કે "જિન પ્રતિમા પણ જિન સારિખી છે. જિનપ્રતિમામાં અને જિનેશ્વરપ્રભુમાં સાધક આત્માને સમાન નિમિત્તકારણતા દેખાય છે જિન અને જિનપ્રતિમાને વંદનાદિ કાર્ય કરવાનું ફળ સિદ્ધાન્તમાં સરખું જ કહ્યું છે આવી અભેદબુદ્ધિથી એકાકાર થવું તે એવંભૂતનયથી સ્થાપના નિમિત્ત કારણ કહેવાય છે.

આ રીતે જુદા જુદા નયોથી વિચારણા કરતાં કરતાં જિનેશ્વર પરમાત્મા જેમ આપણા આત્માના કલ્યાણનું પરમ કારણ છે તેવી જ રીતે જિનેશ્વરપ્રભુની પ્રતિમા પણ એટલે કે સ્થાપના પણ અવશ્ય નિમિત્તકારણ છે. આમ નિમિત્તકારણ બનવા રૂપે જિનેશ્વરપ્રભુની સ્થાપના પણ જિનેશ્વરની તુલ્ય જ છે. આમ મનમાં વિચારે, કારણ કે આ પ્રમાણે જ આગમની વાણી છે. આગમશાસ્ત્રોમાં જ્ઞાની ભગવંતોએ પોતાના જ્ઞાન અનુભવથી જાણીને આમ જ કહ્યું છે અને આમ જ હોઈ શકે છે ઇત્યાદિ વિચારણા કરવી. ॥ ૫ ॥

**સાધક તીન નિક્ષેપા મુખ્ય, વહાલા મારા,**
**જે વિણું ભાવ ન લહીયે રે ।**
**ઉપકારી દુગ ભાષ્યે ભાખ્યા, ભાવ વંદકનો ગ્રહીયે રે ॥**
**ભવિકજન ॥ ॥ ૬ ॥**

**ગાથાર્થ :-** પ્રથમના ત્રણ નિક્ષેપા મુખ્ય છે. કારણ કે તે ત્રણ વિના ચોથો ભાવનિક્ષેપો સાધક આત્માને પ્રગટ થતો નથી. શ્રી વિશેષાવશ્યકભાષ્યમાં પ્રથમના બે નિક્ષેપા (નામ અને સ્થાપના) મુખ્યત્વે સાધકને ઉપકારી કહ્યા છે વાસ્તવિકતાથી તો સાધકનો ભાવ જ મુખ્ય ઉપકારક છે. ॥ ૬ ॥

**વિવેચન :-** નામ-સ્થાપના અને દ્રવ્ય આ ત્રણ નિક્ષેપા એ ભાવ નિક્ષેપાના કારણભૂત છે. અને ભાવનિક્ષેપો એ સાધકને કાર્યભૂત છે.

ઉપરના ત્રણ નિક્ષેપા વિના સાધકને ચોથો નિક્ષેપો પ્રાપ્ત થતો નથી. તેમાં પણ શ્રી વિશેષાવશ્યકભાષ્યમાં તો નામ અને સ્થાપના આ બે જ નિક્ષેપાને ભાવનિક્ષેપાના કારણરૂપે કહ્યા છે. આ બે નિક્ષેપા જ વધારે ઉપકારી તરીકે વર્ણવ્યા છે. દ્રવ્યનિક્ષેપો તો સાધકને માટે અગ્રાહ્ય છે. જેમકે જે તીર્થંકરપ્રભુ થઈ ગયા જેમકે મહાવીરસ્વામી, અને જે ભાવિમાં થવાના છે જેમકે શ્રેણીકમહારાજાનો જીવ પદ્મનાભ નાંમે તીર્થંકર થવાના છે. આવા પ્રકારનો આ દ્રવ્યનિક્ષેપો સાધક આત્માને માટે અગ્રાહ્ય છે કારણ કે તે દ્રવ્યનિક્ષેપાની સાથે સાધકનો યોગ નથી. તથા વળી તીર્થંકર પરમાત્માનો ભાવનિક્ષેપો તો તીર્થંકર પ્રભુમાં જ હોય છે તે પરમાર્થે અરૂપી હોય છે તે જો પરજીવને તારે તો તો આજે બધા જ જીવો મોક્ષે ગયા હોત.

પરંતુ પરમાત્મા પરકાર્યમાં પ્રવૃત્ત થતા નથી. સાધક આત્માએ પોતે જ પોતાના કર્મો તોડવા પ્રયત્ન કરવો પડે છે મોક્ષની સાધના કરવામાં તો સંવર અને નિર્જરા મુખ્યત્વે સાધકે જ આચરવી પડે છે. માટે સાધકનો વંદકભાવ જ મુખ્ય કારણ છે.

તેથી આપણા ભાવ જો અરિહંતપ્રભુના અવલંબનવાળા થાય તો જ મોક્ષની પ્રાપ્તિ થાય. અને પોતાના ભાવ પોતાનાથી ગ્રાહ્ય છે

જીવ જો તે ભાવ લાવવા પ્રયત્ન કરે તો આ જીવનું મોક્ષમાર્ગમાં પ્રયાણ થાય. આ કારણે સાધક આત્માને પરમાત્માનો નામનિક્ષેપો અને સ્થાપનાનિક્ષેપો જ પુષ્ટ નિમિત્તકારણ છે. તેનું જ આલંબન લઈને પોતાનું પરમાત્માપણું સાધીએ. ॥ ૬ ॥

**ઠવણા સમવસરણે જિન સેંતિ, વહાલા મારા,**
**જો અભેદતા વાધી રે ।**
**એ આતમના સ્વસ્વભાવ ગુણ, વ્યક્ત યોગ્યતા સાધી રે ॥**
**ભવિકજન ॥ ॥ ૭ ॥**

**ગાથાર્થ :-** સમવસરણમાં બીરાજમાન જિનેશ્વર પરમાત્માની સ્થાપના જોઈને તેની સાથે મારા આત્માનો અભેદ કરીને (કર્મમેલને દૂર કરીને) મારા પોતાના આત્માના સ્વાભાવિક જે સ્વગુણો છે તેને વ્યક્ત કરવાની આ યોગ્યતા સિદ્ધ થઈ છે. ॥ ૭ ॥

**વિવેચન :-** સમવસરણમાં બીરાજમાન શ્રી વીતરાગ જિનેશ્વર પરમાત્માની અનંત અને અપાર ગુણોથી ભરેલી પ્રતિમાજીને જોઈને મારા આત્માની વિચારધારા બદલાણી છે. મને આવો વિચાર પ્રગટ થયો છેકે "આ અભાગી જીવ કઈ કઈ ગતિમાં ભમ્યો છે. ઘણું ઘણું રખડ્યો છે ક્યાંય કોઈ ગતિમાં સાચા દેવ-ગુરુ મળ્યા નથી. એટલે જ મારી ભવભ્રમણા ચાલું રહી છે.

પરંતુ આજે ઘણું પુણ્ય પ્રગટ્યું છે. આજે સમવસરણમાં બીરાજમાન સ્થાપના જિનેશ્વર પ્રભુની મુદ્રાનાં દર્શન થયાં છે તેમનામાં વર્તતા ગુણો સ્મૃતિગોચર થયા છે જેમ કે "સર્વ કર્મદલનો ક્ષય કરીને અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય, અનંત અવ્યાબાધ સુખ, અક્ષયસ્થિતિ ઈત્યાદિ અનંત ગુણમય સ્વસ્વરૂપ પરમાત્માએ પ્રગટ કર્યું છે. નિશ્ચયનયથી આત્માની અનંત રિદ્ધિ સિદ્ધિ પ્રગટ થઈ છે આવા

પરમાત્માનું સતત સ્મરણ ચિંતન મનન ધ્યાન અને ભક્તિસ્વરૂપ શ્રેષ્ઠ કાર્યો આ આત્મામાં સ્વગુણોની પ્રગટતા તરફ પ્રેરણા કરે છે આત્માને વિકારોથી વિરક્ત કરે છે આત્મશાન્તિ અને કર્મનિર્જરા આપે છે.

આવા પ્રકારની ચિંતવણા કરતાં કરતાં મારા આત્મામાં પણ આવા ગુણો ભરેલા છે અનાદિ કાળથી મારો આત્મા વિષયોનો અનુરાગી થયો છે. તેના કારણે મોહાધીન થયેલો સંસારમાં રખડે છે. પરંતુ હવે આ પરમાત્મા પ્રાપ્ત થયા છે તેવા વીતરાગ પ્રભુના નિમિત્તકારણથી મારો આત્મા વિષયાસક્તિને બદલે તત્ત્વનો રંગી થયો છે આત્મતત્ત્વને તથા તેના શુદ્ધ સ્વરૂપને જાણનાર બન્યો છે.

તથા તે તરફ વળાંકવાળી ગતિ સુધરી છે તેથી થોડા જ સમયમાં જરૂર સ્વસ્વરૂપરમણી થઈ જશે. તેનાથી મારો આત્મા પણ ભવ્ય છે. મોક્ષ તરફની પ્રવૃત્તિ કરનારો અને તે તરફની પ્રીતિ-ભક્તિવાળો છે. તેના કારણે પ્રભુભક્તિ કરતાં કરતાં આ વિષયનો મને સાક્ષાત અનુભવ થયો છે. થોડા ભવોમાં જ મારૂ કલ્યાણ નિશ્ચિત છે આવી પ્રતીતિ અને દૃઢનિર્ણય આ જીવમાં પ્રગટે છે. ॥ ૭ ॥

**ભલું થયું મેં પ્રભુગુણ ગાયા, વહાલા મારા,**
**રસનાનો ફળ લીધો રે ।**
**દેવચંદ્ર કહે મારા મનનો, સકલ મનોરથ સીધો રે ॥**
**ભવિકજન ॥ ॥ ૮ ॥**

**ગાથાર્થ :-** હે પરમાત્મા ! ઘણું સારૂં થયું કે મેં આજે આપના ગુણોનું કીર્તન કર્યું. તે કાર્ય કરવાથી હું આ રસના મળ્યાની (જીભ પ્રાપ્ત કર્યાની) સફળતા પામ્યો. શ્રી દેવચંદ્રજી મહારાજશ્રી કહે છે કે આજે મારા મનના સકલ મનોરથો સિદ્ધ થયા. (એમ હું જાણું છું). ॥ ૮ ॥

**વિવેચન :-** હે પરમાત્મા ! ઘણું જ સારૂં થયું છે કે આજે વીતરાગ અનંતગુણી એવા આપશ્રીના મેં મારી જીભે ગુણો ગાયા. ઘણા ભવોથી આ સંસારમાં હું રખડ્યો છું અને રખડું છું. એકેન્દ્રિય-વિકલેન્દ્રિય પંચેન્દ્રિય તિર્યંચ અને નારકી આદિના ભવોમાં અનેકભવો વીતાવ્યા છે. હે પ્રભુ ! તમે ક્યાંય મળ્યા નથી.

આ પ્રમાણે કેટલાય ભવોથી રખડતાં રખડતાં મારી કોઈ ભવિતવ્યતા પાકવાથી સંજ્ઞી પંચેન્દ્રિયનો ભવ મળ્યો. અને તેમાં પણ આપશ્રીનું શાસન મને મળ્યું. માનવનો દેહ, નિરોગી શરીર, પરમાત્માનું શાસન, ચતુર્વિધ સંઘનો સંપર્ક આવી આવી ઘણી ઉત્તમ સામગ્રી મને મળી છે.

સંસાર તરવાનાં કહેવાતાં પ્રબળ સાધનો મને પ્રાપ્ત થયાં છે હવે હું પોતે થોડોક વધારે પ્રયત્ન કરૂં તો મારી નાવ તરી જાય તેમ છે મેં આપશ્રીના એટલે ઉપકારી એવા પરમાત્માના ગુણો ગાઈને મારી જીભને સફળ કરી છે. રસનાનું જે ફળ છે તે મેં પ્રાપ્ત કર્યું છે.

ઉપાધ્યાયશ્રી દેવચંદ્રજી મહારાજશ્રી કહે છે કે શ્રી વીતરાગ પરમાત્માના શાન્ત રસમય ગુણોની સ્તવના કરીને મેં મારી રસનાને (જીભને) પાવન કરી, તેથી મારા મનના સર્વ મનોરથો સિદ્ધ થયા છે.

શ્રી વીતરાગ પરમાત્માના ગુણો ગાવા એ જ આત્મકલ્યાણનું પરમસાધન છે મેં મારા જીવનને પરમાત્માના ગુણો ગાવા તરફ વાળ્યું છે રસનાનો (જીભનો) તે જ સાચો લ્હાવો છે. જે મેં પ્રાપ્ત કર્યો છે. ષડ્રસનું ભોજન કરવું તે જિહ્વાનો લાભ નથી. પરંતુ ગુણીપુરુષોના ગુણ ગાવા તે જ જિહ્વાનો લાભ છે. ॥ ૮ ॥

**॥ સોળમા શ્રી શાન્તિનાથ પરમાત્માના સ્તવનના અર્થો સમાપ્ત થયા ॥**

## સત્તરમા શ્રી કુંથુનાથ પરમાત્માનું સ્તવન

**સમવસરણ બેસી કરી રે, બારહ પર્ષદા માંહિ ।**
**વસ્તુસ્વરૂપ પ્રકાશતાં રે, કરૂણાકર જગનાહો રે ॥ ૧ ॥**
**કુંથું જિનેશરૂ, નિર્મળ તુજ મુખ વાણી રે,**
**જે શ્રવણે સુણે તેહિ જ, ગુણમણિ ખાણી રે ॥ ૨ ॥**

**ગાથાર્થ :-** શ્રી કુંથુંનાથ ભગવાને સમવસરણમાં બેસીને બાર પ્રકારની પર્ષદાની મધ્યે વસ્તુનુ સ્વરૂપ (છ દ્રવ્યો અને નવતત્ત્વોનું યથાર્થ પૂર્વાપર અવિરૂદ્ધભાવવાળું સ્વરૂપ) પ્રકાશિત કરીને પામર અને અનાથ એવા અમારા આત્મા ઉપર આ જગતના નાથે નિર્મળ વાણી પ્રકાશવા દ્વારા પરમ કરૂણા કરી છે ॥ ૧ ॥

હે કુંથુનાથ ભગવાન ! તમારા મુખથી નીકળતી આ વાણી અતિશય નિર્મળ છે. જે શ્રોતાગણ પોતાના કાને આપની વાણી સાંભળે છે તે જીવો પણ ગુણોરૂપી મણિઓની ખાણ બને છે. આમ જાણવું. ॥ ૨ ॥

**વિવેચન :-** હવે સત્તરમા શ્રી કુંથુનાથ પરમાત્માની સ્તવના કરતાં કવિરાજ શ્રી દેવચંદ્રજી મહારાજશ્રી જણાવે છે કે :- ત્રણ ગઢના બનેલા ત્રિગડાની ઉપરના સિંહાસનમાં બેસી કરીને શ્રી વીતરાગ પરમાત્મા બાર પ્રકારની પર્ષદા મધ્યે ભવ્ય દેશના આપે છે.

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એમ ચાર, તથા ભવનપતિ, વ્યંતર જ્યોતિષ્ક અને વૈમાનિક એમ ચાર નિકાયના દેવો તથા આ જ ચારે નિકાય ની દેવીઓ ૪ - ૪ - એમ આઠ પ્રકારના દેવ-દેવીઓ આ પ્રમાણે માનવ અને દેવોની બાર પ્રકારની પર્ષદા ભરાય છે. જે ઉપરના પ્રથમગઢમાં બેસે છે.

બીજા ગઢમાં તિર્યંચો (પશુ, પક્ષીઓ) બેસે છે અને ત્રીજા ગઢમાં દેવ-દેવી આદિનાં વાહનોનું પાર્કીંગ હોય છે.

આ પ્રમાણે પ્રથમ ગઢમાં બેઠેલી બારે પ્રકારની પર્ષદાની મધ્યે ધર્માસ્તિકાયાદિ છ દ્રવ્યો અને તેના ગુણો તથા તેના પર્યાયોનું વર્ણન કરતી ધર્મદેશના ભગવાન આપે છે. જે દેશનામાં જીવનું સ્વરૂપ, અજીવનું સ્વરૂપ, નિમિત્ત કારણ અને ઉપાદાન કારણનું સ્વરૂપ, શુદ્ધ કાર્ય અને શુદ્ધ કારણનું સ્વરૂપ ભાવસાધન પરિણતિ કારણરૂપ, અને ભાવ સિદ્ધ પરિણતિ કાર્યરૂપ, તથા હેયભાવોને હેયરૂપે, અને ઉપાદેયભાવોને ઉપાદેય રૂપે પરમાત્મા પ્રકાશિત કરે છે.

જે સાંભળીને શ્રોતાગણ અદ્ભૂત આનંદ પામે છે. વસ્તુનું યથાર્થ સ્વરૂપ સમજાવવા રૂપ અસીમ ઉપકાર પરમાત્માએ કર્યો છે. આપણા જેવા સંસારી જીવો ઉપર સાચો માર્ગ બતાવવા દ્વારા પરમ ઉપકાર અને પરમ કરૂણા કરનારા જો કોઈ હોય તો આ જ પરમાત્મા છે આ જ જગદ્નાથ છે. આ જ વીતરાગ પરમાત્મા પોતે તરનારા છે અને અનેક જીવોને તારનારા છે આ રીતે તરણ - તારણ છે. તેમના મુખથી નીકળતી ૩૫ ગુણોથી ભરપૂર ભરેલી ભવ્ય અને નિર્મળ વાણીનો ઉપદેશ જે આત્મા પોતાના શ્રવણે સાંભળે છે તે જ પ્રાણી ખરેખર ધન્ય છે. સાંભળનારા તે જીવોમાં ગુણો પ્રગટ થાય છે, તેથી તે જીવો ગુણોરૂપી મણિઓની ખાણ છે આવા પ્રભાવશાળી શ્રી કુંથુનાથ પરમાત્માને તમે ભાવથી પ્રણામ કરો. વંદના કરો. ॥ ૧-૨ ॥

**ગુણ-પર્યાય અનંતતા રે, વલી સ્વભાવ અગાહ ।**
**નય ગમ ભંગ નિક્ષેપના રે, હેયાહેય પ્રવાહો રે ॥**
**કુંથુજિનેસરૂ, નિર્મળ તુજ મુખ વાણી રે ॥ ॥ ૩ ॥**

**ગાથાર્થ :-** આપશ્રીમાં ગુણોની અનંતતા છે. પર્યાયોની પણ અનંતતા છે. તથા સ્વભાવોની પણ અનંતતા છે. આ રીતે અગાધ

સ્વરૂપવાળા આપશ્રી છો. અનેક નયો, અનેક રીતિઓ (પ્રકારો) વડે તથા અનેક ભાંગાઓ વડે અને ચારનિક્ષેપાથી તથા કઈ વસ્તુ ક્યારે હેય બને છે અને ક્યારે અહેય (ઉપાદેય) બને છે ઇત્યાદિ ભાવોને જણાવતી આપશ્રીની ધર્મદેશના છે. જે અદ્ભૂત છે. ॥ ૩ ॥

**વિવેચન :-** પરમાત્માની વાણીમાં આવા આવા સર્વ ભાવોનું સર્વ જીવોને સુખે સમજાય તે રીતે સુંદર વર્ણન છે. આવું જગતના પદાર્થોનું વર્ણન બીજે ક્યાંય જોવા મળતું નથી.

(૧) પદાર્થની સાથે જે સહભાવી ધર્મ તે ગુણ, દરેક પદાર્થમાં અનંતા અનંતા ગુણો છે જે સદાકાળ પદાર્થની સાથે જ રહે છે તથા

(૨) ક્રમભાવી જે ધર્મ તે પર્યાય, સર્વે પણ પદાર્થમાં અનંતા અનંતા પર્યાયો છે જે સમયે સમયે પલટાય છે. ક્રમસર આવે છે અને ક્રમસર જાય છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે द्रव्याश्रया निर्गुणा गुणाः - જે દ્રવ્યના આશ્રયે રહે અને પોતે નિર્ગુણ હોય. પોતે ગુણ હોય પણ પોતે ગુણનો આધાર ન હોય તેને ગુણ કહેવાય છે અને ક્રમસર જે બદલાય તે પર્યાય કહેવાય છે.

(૩) તથા સ્વભાવો પણ અનંત છે. આ સ્વભાવોની જે અનંતતા છે તે અગાધ છે. સમજવી ઘણી દોહિલી છે. વળી સ્વભાવોના બે ભેદ છે. સામાન્ય સ્વભાવ અને વિશેષસ્વભાવ. સર્વ દ્રવ્યોમાં હોય તે સામાન્ય સ્વભાવ. અને અમુક દ્રવ્યોમાં જ હોય તે વિશેષ સ્વભાવ.

(૪) **નયવિચાર :-** અનંત ધર્માત્મક વસ્તુમાંથી જ્યાં જે ધર્મ ઉપકારક હોય ત્યાં તે ધર્મને મુખ્ય કરવો તે નય. મુખ્યત્વે બે નય છે એક દ્રવ્યાર્થિક અને બીજો પર્યાપાર્થિક. તે બન્નેના પેટાભેદો અનુક્રમે ૩ + ૪ = ૭ અથવા બીજા મતે ૪ + ૩ = ૭ એમ કુલ સાત નયો છે તેના પેટાભેદરૂપે ૭૦૦ નયો પણ થાય છે.

(૫) **ગમ** - એટલે પ્રકાર વસ્તુને સમજવા માટેના જે અનેક પ્રકારો અનેક ભેદો અનેક રીતો તે ગમ કહેવાય છે "गम्यन्ते इति गमाः, अंशभेदेन अन्यधर्मकदंबकोपेतस्य वस्तुनः एकेन धर्मेण उन्नयनं अवधारणात्मकं नित्य एव, अनित्य एव, एवंविधं नयव्यदेशमास्कंदति"

(૬) **ભંગ** - સ્યાદવાદની અપેક્ષાએ ભેદ પાડવા તે ભેદકથન. સપ્તભંગી દ્વારા સ્યાદવાદને સમજવો તે ભંગ. અસ્તિ અને નાસ્તિના સાત ભાંગા થાય છે.

(૭) **નિક્ષેપ** :- વસ્તુના સ્વરૂપને સમજવા માટે જુદી જુદી વિવક્ષાએ થતી વિચારણા તે નિક્ષેપ. તેના મુખ્યત્વે ચાર ભેદ છે. (૧) નામ (૨) સ્થાપના (૩) દ્રવ્ય (૪) ભાવ. તેના પણ એક એકના ચાર ચાર ભેદો થવાથી ૧૬ ભેદો પણ વિવક્ષાથી થાય છે.

(૮) **હેય અને અહેય** :- કેટલાક ભાવો હેય એટલે કે ત્યજવા લાયક હોય છે જે આત્માનું હિત કરનારા ભાવો નથી. પણ અહિત કરનારા ભાવો છે તે હેય કહેવાય છે અને જે ભાવો આત્માનું કલ્યાણ કરનારા છે. તેથી જ આદરવા લાયક ભાવો છે તે અહેય અર્થાત્ ઉપાદેય કહેવાય છે.

ગુણો અને પર્યાયો ઉપર કર્મોનાં આવરણો આવે છે અને તે આવરણો ગુણ-પર્યાયોને ઢાંકે છે. પરંતુ સ્વભાવોને આવરણ હોતાં નથી. તે સ્વભાવો સદા કાળ અનાવૃત જ હોય છે.

પરમાત્માની ધર્મદેશના બધા જ નયોથી ભરેલી. ભવ્ય જીવોનો વધારે વધારે ઉપકાર કેમ થાય ? તેવી રીતે વર્ણન કરનારી ધર્મદેશના હોય છે આવા પ્રકારના અનંત ગુણોથી પરમાત્મા ભરપૂર ભરેલા છે. ॥ ૩ ॥

**કુંથુનાથ પ્રભુ દેશના રે, સાધન સાધક સિદ્ધ ।**
**ગૌણ-મુખ્યતા વચનમાં રે, જ્ઞાન તે સકલ સમૃદ્ધો રે**
**કુંથું જિનેસરુ, નિર્મળ તુજ મુખ વાણી રે. ॥ ૪ ॥**

ગાથાર્થ :- કુંથુનાથ પરમાત્માની ધર્મદેશનારૂપ સાધન દ્વારા સાધકમાં સિદ્ધતા લાવનારી છે. તેમના વચનોમાં ગૌણ-મુખ્યતા રહેલી છે. પરંતુ તેઓના જ્ઞાનગુણમાં તો સર્વ ધર્મોની સમૃદ્ધિ સમાનપણે જ ભાસે છે. ॥ ૪ ॥

**વિવેચન :-** ધર્મનાથ પરમાત્માની ધર્મદેશના શ્રોતાવર્ગને કેવી ધર્મપ્રેરક થાય છે ? તેનું વર્ણન કરતાં જણાવે છે કે માર્ગાનુસારી થયેલા જીવને પોતાનું વિસ્મરણ થયેલું અનંત ગુણમય જે સ્વરૂપ છે તેને યાદ કરાવવા માટે તથા રત્નત્રયીની સાથે અભેદતા પ્રગટાવવા માટે (૧) જિનપ્રતિમાનું વંદન-નમન-પૂજન, (૨) સદ્‌ગુરુ એવા નિર્ગ્રન્થમુનિને કરાતો વંદનાદિનો વ્યવહાર, સાધર્મિકભક્તિ, ગરીબ અને લાચાર જીવો ઉપર કરૂણાભાવ કરાવવા પૂર્વક ધર્મધ્યાનથી પ્રારંભીને શુકલ ધ્યાનની પ્રાપ્તિ સુધી ભિન્ન ભિન્ન સાધનતા પરમાત્મા પ્રકાશે છે.

તે સાધનતાનો નિરંતર ઉપયોગ કરવા દ્વારા સાધક એવો આ આત્મા સિદ્ધિ તરફ ઢળે છે (૧) પ્રથમ મિથ્યાત્વને દૂર કરે છે (૨) ત્યારબાદ અવિરતિને છેદે છે. (૩) ત્યારબાદ પ્રમાદનો નાશ કરે છે. (૪) ત્યારબાદ કષાયોનો ક્ષય કરે છે. (૫) છેલ્લે મન-વચન અને કાયાના યોગોનો પણ નિરોધ કરે છે.

યોગનો નિરોધ સમાપ્ત થાય એટલે જીવની ઉત્ક્રાન્તિ પૂર્ણ થાય છે અયોગી અકષાયી વીતરાગ સર્વજ્ઞ બનેલો આ આત્મા એકસમયની સમશ્રેણીથી મોક્ષે જાય છે જન્મ જરા અને મરણથી સર્વથા રહિત સર્વ કાળ માટે થાય છે.

તથા પરમાત્મા જ્યારે જ્યારે ધર્મદેશના આપે છે, ત્યારે ત્યારે કેટલાક ધર્મોની ગૌણતા અને કેટલાક ધર્મોની મુખ્યતા કરીને ધર્મદેશના આપે છે જે ક્ષેત્રમાં જેવા જીવો હોય તેઓનું જે રીતે કલ્યાણ થાય અને જેવું કેવલજ્ઞાનથી દેખાય તે રીતે અમુક ધર્મોની ગૌણતા કરવા પૂર્વક અને અમૂકધર્મોની પ્રધાનતા કરવા પૂર્વક ધર્મદેશના આપે છે.

શ્રોતાને આશ્રયી ગૌણ-મુખ્યતા કરવા છતાં પણ કેવલી ભગવાનને કેવળજ્ઞાનથી તો સર્વધર્મ એકસરખા સમાનપણે જ દેખાય છે તેમના જાણવા-જોવામાં ગૌણ-મુખ્યતા હોતી નથી. જ્ઞાન તો સર્વધર્મોને જાણવાની સમૃદ્ધિવાળું જ સદા કાળ સૂર્યની જેમ હોય છે.

પરમાત્માનું કેવળજ્ઞાન સર્વધર્મોને સમાનપણે જ દેખે છે. પરંતુ બોલવામાં જ્યાં જે ઉપકારક હોય ત્યાં તેનો જ પ્રકાશ આપે છે બીજા ભાવોને ગૌણ કરે છે આવા પ્રકારના જ્ઞાનવાળા અને જ્ઞાનના ઉપયોગવાળા શ્રી કુંથુનાથ ભગવાન છે. ॥ ૪ ॥

**વસ્તુ અનંત સ્વભાવ છે રે, અનંત કથક તસુ નામ ।**
**ગ્રાહક અવસર બોધથી રે, કહે તે અર્પિત કામો રે ॥**
**કુંથુજિનેસરૂ ॥ નિર્મળ તુજ મુખ વાણી રે ॥ ૫ ॥**

**ગાથાર્થ :-** સર્વે પણ વસ્તુઓ અનંતસ્વભાવવાળી છે તેથી તે તે વસ્તુઓનું નામ માત્ર લેવાથી અનંતા અનંત ધર્મનું કથન થઈ જ જાય છે. છતાં કેવલી પરમાત્મા ગ્રાહક એવા શ્રોતાના અવસરનું ધ્યાન રાખીને તેને વધારેને વધારે બોધ થાય કલ્યાણ થાય તેવા ભાવોની પ્રધાનતા કરીને ધર્મોપદેશ આપે છે આ જ તેઓનું કામ છે. તેને અર્પિત નય કહેવાય છે ॥ ૫ ॥

**વિવેચન :-** જગતમાં રહેલા સર્વે પણ પદાર્થો અનંત અનંત ધર્મવાળા છે. સર્વે પણ દ્રવ્યો પોત પોતાના અનંત અનંત ધર્મોથી વ્યાપ્ત છે. વસ્તુનું નામ માત્ર લેવાથી તેના અનંત ધર્મોનું કથન થઈ જાય છે. જેમ કે "જીવદ્રવ્ય" આમ બોલતાં જ ચેતના, જ્ઞાનોપયોગ, દર્શનોપયોગ ઈત્યાદિ જીવગત અનંત ધર્મોનું જ્ઞાન થઈ જ જાય છે. જીવ નામ બોલતાં જીવના ધર્મો અને પુદ્ગલ નામ બોલતાં પુદ્ગલના ધર્મો જણાઈ જ જાય છે આ પ્રમાણે સર્વ નામોમાં આમ સમજવું.

સારાંશ કે વસ્તુનું નામમાત્ર વસ્તુના અનંત ધર્મોને પ્રકાશિત કરનાર છે. "આ સર્પ જાય છે" આટલું બોલતાં જ લોકો સર્પને અને સર્પના હિંસકધર્મને જાણી લે છે. તેથી દૂર જ ભાગે છે. "આ ફૂલ છે" આટલું બોલતાં જ ફુલનું અને સુગંધનું જ્ઞાન થાય છે. તેથી જ સુગંધનો અર્થી ફુલનો સંગ્રહ કરે છે. આમ સર્વત્ર સમજવું.

પરમાત્મા પણ કેવળજ્ઞાનથી સર્વે પણ વસ્તુનાં નામો તથા તે તે વસ્તુમાં રહેલા ગૌણ અને મુખ્ય અનંતા અનંતા ધર્મોને અવશ્ય જાણે જ છે. પરંતુ પરમાત્મા ઉપદેશ આપતી વખતે ગ્રાહક એવા શ્રોતાઓની બુદ્ધિ અને શક્તિ જોઈને તેઓને વધારે બોધ કેમ થાય? તે રીતે ગ્રહણશક્તિ, કક્ષા, દશા વિગેરે જોઈને ધર્મોપદેશ આપે છે.

જેમ આ કાલે પણ અનુભવી મહારાજ સાહેબ ગુજરાતમાં વિચરે ત્યારે ગુજરાતીભાષામાં જ દેશના આપે છે. રાજસ્થાનમાં વિચરે ત્યારે મારવાડી ભાષામાં ધર્મદેશના આપે છે અને મહારાષ્ટ્રમાં વિચરે ત્યારે મરાઠીભાષામાં દેશના આપે છે પોતે બધી જ ભાષા જાણતા હોવા છતાં શ્રોતાવર્ગને વધારે બોધ કેમ થાય ? તેની ગૌણ મુખ્યતા કરીને ધર્મોપદેશ આપે છે તેમ સર્વજ્ઞભગવંતો પણ સર્વધર્મ જાણતા હોવા છતાં જ્યાં જેનો જે રીતે ઉપકાર થાય ત્યાં તે રીતે તે ધર્મની મુખ્યતા કરીને ભગવાન ધર્મોપદેશ આપે છે.

જ્યાં જે ધર્મ સમજાવવાથી ઉપકાર થાય તેમ હોય ત્યાં તે ધર્મને સમજાવવો તેને અર્પિતનય કહેવાય છે અને જે ધર્મને ગૌણ કરવામાં આવે તે ધર્મને સમજાવનારો નય તે અનર્પિતનય કહેવાય છે આ રીતે આ જ્ઞાની અને અનુભવી સર્વજ્ઞ કેવલી મહાત્મા અર્પિતનયથી ધર્મદેશના આપે છે. ॥ ૫ ॥

**શેષ અનર્પિત ધર્મને રે, સાપેક્ષ શ્રદ્ધા બોધ ।**
**ઉભયરહિત ભાસન હોવે રે, પ્રગટે કેવળ બોધો રે ॥**
**કુંથુજિનેસરૂ, નિર્મલ તુજગુણવાણી રે ॥ ૬ ॥**

**ગાથાર્થ :-** જે ધર્મો જ્યાં બોલવા જરૂરી નથી. તેવા શેષ ધર્મોને પણ અનર્પિતનયથી સાપેક્ષપણે સમજી લેવા જોઈએ અને તે અનર્પિતભાવો પૂર્વક જ અર્પિતભાવોની શ્રદ્ધા કરવી જોઈએ. (છદ્મસ્થ આત્મામાં આ જ રીતે થયેલો બોધ ઉપકારક છે) પરંતુ કેવલજ્ઞાની ભગવંતોના જ્ઞાનમાં સર્વ ભાવો સમાનપણે દેખાય છે એટલે અર્પિત અને અનર્પિત એમ ઉભયની અપેક્ષા રહિતપણે ભાસન (જ્ઞાન) કેવલજ્ઞાનીના કેવળજ્ઞાનમાં આવો બોધ પ્રગટે છે. ॥ ૬ ॥

**વિવેચન :-** સર્વે પણ વસ્તુ અનંત અનંત ધર્મથી ભરેલી છે પરંતુ જે વસ્તુનો જે ધર્મ જ્યાં ઉપકારક હોય ત્યાં તે વસ્તુનો તે ધર્મ જ મુખ્ય કરવો તેને અર્પિતનય કહેવાય છે તથા જે વસ્તુનો જે ધર્મ જ્યાં ઉપકારક ન હોય ત્યાં તે વસ્તુનો તે ધર્મ ગૌણ કરવો તેને અનર્પિતનય કહેવાય છે.

જેમ મીઠામાં ખારાશ અને શ્વેતતા બન્ને ધર્મો છે. પરંતુ દાળ-શાખ આદિમાં જ્યારે મીઠુ નાખવામાં આવે છે ત્યારે દાળ-શાકમાં ખારાશ લાવવા માટે મીઠાના ખારાશધર્મની અર્પણા કરીને જ નખાય છે. શ્વેતતાધર્મની પ્રધાનતા કરાતી નથી. તેમ સર્વત્ર સમજી લેવું.

અર્પિતનય અને અનર્પિતનય આ બન્ને નયોથી જ સંસારના બધા જ વ્યવહારો ચાલે છે તેથી છદ્મસ્થ આત્માઓ ક્ષાયોપશમિકભાવ યુક્ત જ્ઞાનવાળા છે. તેથી તેઓ જ્યાં જે જરૂરી છે ત્યાં તેને મુખ્યપણે જાણે છે અને ત્યાં તેનો મુખ્યપણે વ્યવહાર પણ કરે છે. શેષધર્મોને ત્યાં ગૌણપણે જાણે છે અને ગૌણપણે વ્યવહાર કરે છે.

પરંતુ કેવલજ્ઞાની ભગવાન ક્ષાયિકભાવવાળા હોવાથી સર્વ ભાવોને યથાર્થપણે જાણે છે તેથી ગૌણધર્મો અને મુખ્યધર્મો એમ ઉભયપ્રકારના ધર્મોને એકસરખી સમાનરીતે જ જાણે છે કારણ કે જ્ઞેય પદાર્થમાં તે ધર્મ તે રીતે જ છે માટે ગૌણ-મુખ્યરહિતપણે યથાર્થ સ્વરૂપે જ જાણે છે. મીઠામાં જેમ ખારાશ છે તેવી જ શ્વેતતા પણ છે આમ કેવલી ભગવાનના કેવલજ્ઞાનમાં સર્વવસ્તુઓના સર્વધર્મ જાણવામાં ગૌણ-મુખ્યતા હોતી નથી. પરંતુ વ્યવહાર કરવો હોય ત્યારે કેવલી ભગવાન પણ જ્યાં જે ધર્મ ઉપકારક હોય છે ત્યાં તે ધર્મને પ્રધાન કરીને અને બીજા ધર્મને ગૌણ કરીને પ્રવર્તે છે.

કેવલી ભગવાન પણ સર્વભાવોને સમાનપણે જાણે છે. પરંતુ વ્યવહાર કરવામાં જ્યાં જે ઉપકારક હોય ત્યાં તેને પ્રધાન કરે છે અને શેષધર્મને ગૌણ કરે છે. ॥ ૬ ॥

**છતી પરિણતિ ગુણવર્તના રે, ભાસન ભોગ આણંદ ।**
**સમકાલે પ્રભુ તાહરે રે, રમ્ય રમણ ગુણ વૃન્દો રે ॥**
**કુંથુ જિનેસરૂ, નિર્મલ તુજ મુખવાણી રે ॥ ૭ ॥**

ગાથાર્થ :- હે પરમાત્મા ! તમારામાં જ્ઞાન-દર્શન-સુખ-ચારિત્ર અને વીર્ય ઈત્યાદિ અનંતગુણોની અને અનંત પર્યાયોની એકી સાથે એક જ સમયમાં છતી(વર્તના) છે. અર્થાત્ વિદ્યમાનતા છે. ત્રિપદીપણે પરિણામ પામવાપણું, સર્વગુણોની વર્તનારૂપ સ્વસ્વકાર્યનું થવાપણું.

તથા તે સર્વ ગુણોનું એકી સાથે જાણપણું, સર્વગુણોને ભોગવવાપણું, તેનો આનંદ માણવા રૂપ સુખીપણું હે પરમાત્મા ! તમારામાં સમકાળે આ બધા ગુણો વર્તે છે. તથા રમવાલાયક એવા ક્ષાયિકભાવના આત્માના અનંતગુણોમાં રમવાપણું પણ આપનામાં વર્તે છે. આ પ્રમાણે અનંત અનંત ગુણોનો સમૂહ તમારામાં વર્તે છે. ॥ ૭ ॥

**વિવેચન :-** હે વીતરાગ પરમાત્મા ! તમારામાં જ્ઞાનની, દર્શનની ચારિત્રગુણની, વીર્યગુણની, અવ્યાબાધ સુખગુણની, અરૂપીપણાની અગુરુલઘુપણાની એમ અનંતા અનંતા ગુણરૂપ ધર્મોની તમારામાં છતી છે એટલે કે વિદ્યમાનતા છે. આવા અનંત ગુણો આપશ્રીમાં વિદ્યમાન છે.

તથા ક્ષાયિકભાવના પોતાના શુદ્ધ ગુણોમાં પ્રતિસમયે પરિણમવા પણું એટલે કે સ્વગુણ-પર્યાયની પરિણતિમાં પરિણામ પામવા પણું પણ આપશ્રીમાં પ્રતિસમયે અનંતુ છે. તથા આપશ્રીનું આત્મદ્રવ્ય પ્રતિસમયે ઉત્પાદ વ્યય અને ધ્રુવપણે પરિણામ પામ્યા જ કરે છે.

તથા ક્ષાયિકભાવે પ્રગટ થયેલા ગુણોમાં ષટ્ગુણહાનિ-વૃદ્ધિરૂપે પણ પરિણામ પામ્યા કરો છો. તથા જ્ઞાનાદિ ગુણ પર્યાયોની વર્તના પણ આપશ્રીમાં અનંતી છે પોતપોતાના કાર્યનું કરવાપણું એટલે કે કર્તાપણું પણ અનંતુ છે. જ્ઞાનગુણ વડે જાણવાપણું. દર્શનગુણવડે દેખવાપણું ચારિત્રગુણમાં રમણતા કરવાપણું આમ કર્તાપણું પણ અનંતું છે.

તથા સર્વ ગુણોને પ્રગટપણે અનુભવવા રૂપે ભોક્તાપણું પણ અનંતું છે. આ પ્રમાણે આપશ્રીમાં સર્વ ગુણો પોત પોતાની વર્તનાએ વર્તતા છતા પોતપોતાના નિયત કાર્યને અવશ્ય કરે જ છે જેમ સર્વગુણોની વર્તના છે. તેમ સર્વગુણો પોતપોતાના નિયત કાર્યને કરે

પણ છે આપશ્રી ક્ષાયિકભાવના આ સર્વ આત્મગુણોને ભોગવો પણ છે આમ ગુણોનું કર્તૃત્વ અને ગુણોનું ભોક્તૃત્વ આપનામાં અનંતુ છે.

તથા આ સર્વ ગુણોના કર્તાપણાનો અને ભોક્તાપણાનો અનંત આનંદ પણ પ્રતિસમયે આપનામાં વર્તે છે.

એટલે સારાંશ એ છે કે હે પ્રભુજી ! તમારામાં એકીસાથે એક જ કાલે અનંત ગુણ-પર્યાયોની વર્તના, અનંતા ગુણ-પર્યાયોનું ભોગ-ઉપભોગપણું તથા અનંતા ગુણ-પર્યાયોનું કર્તાપણું એકી સાથે આપનામાં વર્તે છે.

આ સર્વ પરિવર્તન પ્રતિસમયમાં થાય છે. આ પ્રમાણે હે વીતરાગ પરમાત્મા ! તમે અનંત એવા પરમાનંદના ભોક્તા છો. અતિશય ગુણોના સુખે સુખી છો. સંસારમાં જેમ કોઈ ધનથી સુખી હોય, કોઈ રૂપગુણથી સુખી હોય. કોઈ માન સન્માનથી સુખી હોય પરંતુ તે બધો વૈભાવિક સ્વભાવ છે.

જ્યારે આપશ્રી તો આત્માના પોતાના ક્ષાયિકભાવે પ્રગટ થયેલા અને ક્યારેય હાનિ ન પામે તેવા પોતાના આત્માના જ અનંતગુણોના સુખે સુખી છો કે જે સુખ ક્યારેય જવાનું તો નથી. પરંતુ ઓછું પણ થવાનું નથી. તે કારણે હે પરમાત્મા ! હે સર્વજ્ઞપ્રભુ ! હે સર્વાનંદમયી વૃત્તિવાળા ! હે નાથ ! તમે કેવા છો ? કે જે રમ્ય એટલે રમવા લાયક એવું અનંતગુણાત્મક જે આત્મસ્વરૂપ છે. તેમાં જ રમણતાવાળા અનંતગુણોના વૃંદ સ્વરૂપ તમે છો. તમારા સુખને સમજવા અને સમજાવવા અમારા જેવાને કોઈ શબ્દો જ જડતા નથી. ॥ ૭ ॥

**નિજભાવે સીય અસ્તિતા રે, પર નાસ્તિત્વ સ્વભાવ ।**
**અસ્તિપણે તે નાસ્તિતા રે, સીય તે ઉભય સ્વભાવો રે ॥**
**કુંથુ જિનસરૂ, નિર્મળતુજ મુખ વાણી રે ॥ ૮ ॥**

**ગાથાર્થ :-** સર્વે પણ દ્રવ્યો સ્વદ્રવ્યાદિની અપેક્ષાએ સ્યાદ્અસ્તિ સ્વરૂપ છે. પરદ્રવ્યાદિની અપેક્ષાએ સ્યાદ્ નાસ્તિસ્વભાવવાળાં છે તથા જે નાસ્તિતા છે તે પણ અસ્તિસ્વરૂપ છે તથા અસ્તિતા અને નાસ્તિતા આ બન્ને ભાવો જો ક્રમસર સાથે વિચારીએ તો સર્વ દ્રવ્યો કથંચિદ્ અસ્તિ અને કથંચિદ્ નાસ્તિ એમ ઉભયભાવવાળાં પણ છે. ॥ ૮ ॥

**વિવેચન :-** જગતમાં રહેલાં સર્વે પણ દ્રવ્યો સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવને આશ્રયી અસ્તિપણે છે. આ રીતે સ્યાદ્ અસ્તિપણું સર્વ દ્રવ્યોમાં રહેલું છે.

જે દ્રવ્ય સ્વદ્રવ્યાદિની અપેક્ષાએ અસ્તિસ્વરૂપ છે. તે જ દ્રવ્ય પર દ્રવ્યાદિની અપેક્ષાએ કથંચિદ્ નાસ્તિસ્વરૂપ પણ છે જ. તથા અસ્તિસ્વરૂપ અને નાસ્તિસ્વરૂપ પરસ્પર વિરોધી હોવાથી એક જ કાલે એક જ શબ્દથી કહી શકાતું નથી. માટે યુગપદની અપેક્ષાએ સ્યાદ્ અવક્તવ્ય પણ અવશ્ય છે જ.

આ રીતે વસ્તુસ્વરૂપ વિચારતાં (૧) સ્યાદ્ અસ્તિ, (૨) સ્યાદ્ નાસ્તિ, (૩) સ્યાદ્ અવક્તવ્ય આ ત્રણ ભાંગામાં વસ્તુનુ પૂર્ણ સ્વરૂપ આવી જાય છે માટે આ ત્રણ ભાંગા સકલાદેશના કહેવાય છે કારણ કે સ્યાદ્ અસ્તિ નામના પ્રથમ ભાંગામાં અસ્તિ શબ્દમાં વસ્તુ હોવારૂપ સ્વરૂપ આવ્યું. અને સ્યાદ્ શબ્દમાં નાસ્તિ રૂપ અને અવક્તવ્ય રૂપ સ્વરૂપ પણ આવ્યું એમ વસ્તુનું પૂર્ણ સ્વરૂપ આવવાથી સકલાદેશ કહેવાય છે.

તેવી જ રીતે "સ્યાદ્ નાસ્તિ આ ભાંગામાં પણ નાસ્તિ શબ્દમાં ન હોવાવાળું સ્વરૂપ અને સ્યાદ્ શબ્દમાં અસ્તિ સ્વરૂપ અને અવક્તવ્ય સ્વરૂપ આવ્યું માટે સકલાદેશ થયો. તેવી જ રીતે સ્યાદ્ અવક્તવ્ય નામના ત્રીજા ભાંગામાં અવક્તવ્ય શબ્દમાં અવાચ્ય સ્વરૂપ અને સ્યાદ્ શબ્દમાં અસ્તિ તથા નાસ્તિ સ્વરૂપ આવવાથી વસ્તુનું પૂર્ણસ્વરૂપ આવ્યું છે તે માટે તે સકલાદેશ કહેવાય છે.

બાકીના ૪ ભાંગામાં વસ્તુનું પૂર્ણ સ્વરૂપ આવતું નથી તેથી તેને વિકલાદેશ કહેવાય છે. જેમ કે ચોથો ભાંગો "स्याद् अस्ति - स्याद् नास्ति" છે. ત્યાં અવક્તવ્ય ધર્મ આવતો નથી તે માટે વિકલાદેશ થાય છે.

**પ્રશ્ન :** અહીં પણ અસ્તિ શબ્દથી હકારાત્મકધર્મો અને નાસ્તિ શબ્દથી નકારાત્મક ધર્મો લઈએ અને स्याद् શબ્દથી અવક્તવ્યધર્મો લઈએ તો સકલાદેશ જ થાય. વિકલાદેશ કેમ કહેવાય ?

**ઉત્તર :** પ્રશ્ન સાચો છે. પરંતુ स्यात् अस्ति - स्यात् नास्ति શબ્દવાળા ચોથા ભાગામાં જે अस्तिની આગળ સ્યાદ્ શબ્દ છે તે અવક્તવ્ય ધર્મનો સૂચક નથી. પરંતુ अस्ति ધર્મો અમુક અપેક્ષાએ જ લેવા એમ અસ્તિ ધર્મની અનેકાન્તતાનો સૂચક છે તેવી જ રીતે स्याद् नास्ति આ વાક્યમાં પણ स्याद् શબ્દ અવક્તવ્યધર્મનો સૂચક નથી. પરંતુ नास्ति ધર્મો પણ અમુક અપેક્ષાએ જ લેવા આમ નાસ્તિધર્મની અનેકાન્તતાનો સૂચક છે.

આ રીતે ચોથા - પાંચમા - છઠ્ઠા અને સાતમા ભાંગામાં એટલે કે પાછલા ચારે ભાંગામાં જે સ્યાદ્ શબ્દ આવે છે તે अस्ति - नास्ति के अवक्तव्य એમ જે શબ્દની સાથે જોડો તેની અનૈકાન્તિકતાનો સૂચક છે. પરંતુ ત્રીજા પ્રકારના ધર્મને ગ્રહણ કરનારો નથી. માટે વસ્તુનું પૂર્ણ સ્વરૂપ તેમાં આવતું નથી. તેથી વિકલાદેશ કહેવાય છે પરંતુ સકલાદેશ કહેવાતો નથી.

હવે આ સાતે ભાંગાનું સ્વરૂપ આત્મદ્રવ્ય ઉપર સમજાવાય છે.

(૧) આ આત્મા વર્તમાન સમયે જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્ય ઈત્યાદિ સ્વપર્યાયની પરિણતિ પ્રાયઃ ક્ષયોપશમભાવે જ હોય છે. તે માટે વર્તમાનકાળને આશ્રયી अस्ति સ્વરૂપ છે. પરંતુ અતીતકાળના

સર્વ પર્યાયો વિનષ્ટ થયા છે અને ભાવિકાળના પર્યાયો હજુ અનુત્પન્ન છે તે માટે વર્તમાન પર્યાય વિદ્યમાનપણે ગ્રહણ કરાય છે. એટલે અસ્તિ ધર્મો તો છે જ. પરંતુ નાસ્તિધર્મો અને અવક્તવ્ય ધર્મો હાલ નથી. તેથી अस्ति ની આગળ स्याद् શબ્દ લગાડેલો છે. "स्याद् - अस्ति" અર્થાત્ જે જે વિદ્યમાન ધર્મો છે તેની તેની અપેક્ષાએ अस्ति છે પરંતુ માત્ર વર્તમાનકાળના ધર્મો જ હાલ अस्ति રૂપે છે. ભૂત-ભાવિના ધર્મો જે ભૂતકાળમાં અને ભાવિકાળમાં અસ્તિરૂપે હતા અને अस्ति રૂપે થશે તે હાલ અસ્તિરૂપે નથી. આમ અસ્તિ ધર્મોની પણ કથંચિદ્ જ અસ્તિતા છે. સર્વથા અસ્તિતા નથી.

(૨) **स्यात् नास्ति** - અહીં પણ ગતિસહાયકતા, સ્થિતિ-સહાયકતા, અવગાહનાસહાયકતા, તથા વર્ણ - ગંધ - રસ અને સ્પર્શવાળાપણું. તથા અચેતનતા, અજીવતા ઈત્યાદિ જે જે પરદ્રવ્યના ધર્મો છે. તે ધર્મો વિવક્ષિત એવા જીવદ્રવ્યમાં નથી. માટે તે ધર્મોને આશ્રયી ચેતન એવા જીવમાં સ્યાદ્ નાસ્તિપણું પણ છે જ.

તથા પોતાના ધર્મો પણ વર્તમાનકાલના જ માત્ર વર્તે છે. ભૂતકાળ અને ભાવિકાળના પોતાના જીવદ્રવ્યના ધર્મો પણ ત્યાં વિદ્યમાન નથી. તે માટે તેને આશ્રયી પણ વિવક્ષિતદ્રવ્ય કથંચિદ્ નાસ્તિ રૂપ પણ છે. આ બીજો ભાંગો થયો.

(૩) **स्याद् अवक्तव्य** - વસ્તુમાં अस्ति ધર્મો અનંતા છે તેથી બધા જ ધર્મો કહી શકાય તેવા નથી. માટે સ્યાદ્ અવક્તવ્ય છે. તેવી જ રીતે नास्ति ધર્મો પણ અનંતા છે. તેથી તે नास्ति ધર્મો પણ બધા જ કહી શકાય તેમ નથી. માટે સ્યાદ્ અવકતવ્ય છે. વચનગોચર ધર્મો કરતાં વચન અગોચર ધર્મો અનંતગુણા છે. તે માટે દ્રવ્યમાં કથંચિદ્ અવક્તવ્ય પણ છે. એટલા માટે ઉભયનયની યુગપત્ પણે અર્પણા કરીએ તો સર્વપદાર્થ અવક્તવ્યભાવને પામે છે.

આ રીતે આ ત્રણ ભાંગા.સકલાદેશી છે. તે દ્રવ્યાસ્તિકનયપણે જાણવા. આ ત્રણ ભાંગામાં પ્રધાનપણે સંગ્રહનય અને વ્યવહારનયની વિવક્ષા છે. આ પ્રમાણે स्याद् अवक्तव्य નામનો આ ત્રીજો ભાંગો થયો.

(૪) સ્યાત્ अस्ति-नास्ति તે સમુચ્ચય આશ્રયી છે. સ્વદ્રવ્યાર્થતા અને સ્વપર્યાયાર્થતા अस्ति પણે છે તથા પોતાના જ ભૂત કાલીન અને ભાવિકાલીન પર્યાયોને આશ્રયી તથા પરદ્રવ્યના પર્યાયોને આશ્રયી नास्ति પણું પણ છે આમ સ્યાદ્ अस्ति-સ્યાત્ નાસ્તિ પણું આ નામનો આ ચોથો ભાંગો થયો.

(૫) આત્મ દ્રવ્યમાં જે વચનથી ગોચર થાય તેવા આત્માના ધર્મો છે. તેની અપેક્ષાએ સ્યાદ્ अस्ति તથા તે જ આત્મદ્રવ્યમાં રહેલા अस्तिધર્મ અને नास्तिધર્મને એકીસાથે કહેવા પ્રયત્ન કરીએ તો ન કહી શકાય તેવા છે તે માટે તે કાલે स्याद् अस्ति स्याद् अवाच्य નામનો આ પાંચમો ભાંગો થાય.

(૬) આત્મદ્રવ્યમાં જે જે નાસ્તિ ધર્મો છે તેનું નાસ્તિપણું વિવક્ષીને પછી अस्तिધર્મો અને नास्तिધર્મો એમ ઉભયને એકીસાથે એક જ શબ્દથી કહેવા હોય તો ન કહેવાય તેવા ધર્મો છે તેથી स्याद् नास्ति अवक्तव्य નામનો છઠ્ઠો ભાંગો થાય છે.

(૭) કોઈ પણ દ્રવ્યમાં જે સ્વદ્રવ્ય-સ્વક્ષેત્ર-સ્વકાલાદિની અપેક્ષાએ अस्ति ધર્મો છે તેને કહીને પરદ્રવ્યને આશ્રયી જે જે नास्ति ધર્મો છે તે પણ કહીને પછી બન્ને ધર્મોને એકીસાથે કહેવા પ્રયત્ન કરીએ તો ન કહી શકાય તેમ છે. તે માટે તે કાલે स्याद् अस्ति, स्याद्नास्ति, स्याद् अवक्तव्य એમ સાતમો ભાંગો થાય છે.

જેમ અસ્તિ-નાસ્તિ ઉપર આ સપ્તભંગી સમજાવી. તેવી જ રીતે નિત્ય-અનિત્ય ઉપર, ભિન્ન-અભિન્ન ઉપર, એમ સર્વત્ર સપ્તભંગી જાણવી. આ જ રીતે જ્ઞાન-દર્શન, ચારિત્રાદિ ગુણોની પણ સપ્તભંગી થાય છે.

જ્ઞાન તે વસ્તુ સ્વરૂપને જણાવવા રૂપે એટલે જ્ઞાયકભાવે પરિચ્છેદકસ્વરૂપે આત્મામાં અસ્તિ સ્વરૂપે છે. શ્રદ્ધા કરવી. સારૂં આચરણ કરવું. ઈત્યાદિ દર્શનપર્યાય રૂપે અને ચારિત્રપર્યાય રૂપે એમ આત્માના જ ઈતર પર્યાય રૂપે તે નાસ્તિ છે તથા પુદ્ગલાસ્તિકાયાદિ અન્ય દ્રવ્યોના ગુણરૂપે પરપર્યાયપણે પણ નાસ્તિ સ્વરૂપ છે આમ ભિન્ન ભિન્ન વિવક્ષાથી અનંતી સપ્તભંગીઓ થાય છે.

કોઈ પણ વિરોધી બે ધર્મને આશ્રયી સપ્તભંગી થાય. આવી સપ્તભંગીઓ અનંતી થાય છે. પરંતુ અનંતભંગી થતી નથી. આવા પ્રકારની સ્યાદ્વાદ યુક્ત દ્રવ્યની પરિણતિ છે.

હે પરમાત્મા ! તમે પ્રત્યક્ષ જ્ઞાન વડે આ સર્વ સ્વરૂપ દેખો છો. પ્રત્યક્ષ દેખીને પછી ઉપદેશ આપો છો. આવી અદ્ભૂત ચમત્કાર સર્જે તેવી તમારી અમૃતતુલ્ય મધુરી વાણી છે.

આ રીતે આપશ્રીમાં અનંતી શુદ્ધતા, અનંતી જ્ઞાનદશા, અનંતી દર્શનદશા વિગેરે અમાપ ગુણો ભરેલા છે. વર્ણન કરતાં વર્ણવી ન શકાય તેટલા ગુણો છે. ॥ ૮ ॥

**અસ્તિ સ્વભાવ તે આપણો રે, રૂચિ વૈરાગ્ય સમેત ।**
**પ્રભુ સન્મુખ વંદન કરી રે, માગીશ આતમ હેતો રે ॥**
**કુંથુ જિનેસરૂ, નિર્મળ તુજ મુખ વાણી રે ॥ ૯ ॥**

**ગાથાર્થ :-** મારામાં જ અનંતજ્ઞાનાદિ ગુણોનો અસ્તિ સ્વભાવ

છે આવી મને પાકી રૂચિ થઈ છે તેથી સાંસારિક ભાવોથી વૈરાગ્ય થયો છે. હે પરમાત્મા ! તમને ભાવથી વંદના કરીને મારા પોતાના આત્માના કલ્યાણ માટે મારી જ ગુણસંપત્તિ મને પ્રગટ થાઓ એવું હું આપશ્રીની પાસે માગું છું. મારા ઉપર કૃપા કરો, નાથ ! કૃપા કરો. ॥ ૯ ॥

**વિવેચન :-** હે વીતરાગ પરમાત્મા ! જો કે તમે તો કેવલજ્ઞાની છો એટલે બધું જ જાણો છો છતાં હું મારા મનોરથો આપશ્રીને કહું છું.

અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત અવ્યાબાધ સુખ ઈત્યાદિ મારા આત્મામાં અનંત અનંત ગુણોનો જે અસ્તિ સ્વભાવ છે તેની જ મને પરમ રૂચિ થઈ છે. તે ગુણો જ પ્રગટ કરવાની તમન્ના મને થઈ છે.

જેમ કોઈ મુસાફરને મુસાફરી કરતાં કરતાં દાગીનાની ભરપૂર ભરેલી પણ તાળુ મારેલી પેટી મળી જાય તો રાજી રાજી થઈ જાય એટલે પેટી ખોલાવવાના જ ઉપાયોમાં જલ્દી જલ્દી જોડાઈ જાય. તે મુસાફરને બીજુ કંઈ જ સૂઝે નહીં. પેટી ખોલાવીને અંદરના દાગીના લેવાનો જ ભાવ વૃદ્ધિ પામે.

તેવી જ રીતે હે પરમાત્મા ! મને પણ આપના શાસનથી જાણવા મળ્યું છે કે, મારો આ આત્મા અનંત અનંત ગુણોનો ખજાનો છે. મોહને વશ પુદ્ગલાનંદી બન્યો છે. પરંતુ પોતાના જ આત્મામાં પોતાની જ માલિકીવાળા અનંત ગુણોની સમૃદ્ધિ છે. શાસ્ત્રો દ્વારા આ વાત જાણીને તેના ઉપર મને પાકી રૂચિ થઈ છે. તે જ મેળવવા ભારે તમન્ના લાગી છે.

તેના જ કારણે સાંસારિક સર્વ પૌદ્ગલિક ભાવો કે જે મારૂં પોતાનું દ્રવ્ય નથી. મારૂં સ્વરૂપ નથી. ઉછિતા લાવેલા સગાં વહાલાંના

દાગીના તુલ્ય છે. ઉપાધિ રૂપ છે. જે દાગીન મારા ન હોય પરંતુ પ્રસંગ પુરતા પહેરવા લાવ્યા હોય ત્યારે પહેરવાના આણંદ કરતાં ખોવાઈ ન જાય ભાંગી-તુટી ન જાય તેની ચિંતાથી વ્યગ્રતા જ વધારે હોય છે. તેવી જ રીતે આ સાંસારિક તમામ સુખો પુદ્ગલદ્રવ્યાશ્રિત હોવાથી મારૂં પોતાનું અસલી સ્વરૂપ નથી. તે પૌદ્ગલિક સુખોનો મને આનંદ નથી. મારૂં પોતાનું મન તેમાંથી ઉભગી ગયું છે ઉઠી ગયું છે. અતિશય વૈરાગ્યવાસિત બન્યું છે.

તે કારણે હે પરમાત્મા હું તમારી પાસે આવીને ઉભો છું. મને મારૂં પોતાનું અસલી સ્વરૂપ મેળવવાની પિપાસા લાગી છે. તેના જ કારણે જે કંઈ સાંસારિક સુખસામગ્રી મને મળી છે. તેમાંથી મારો રાગ ટળી ગયો છે.

આ બધી સુખસામગ્રી પરદ્રવ્યાશ્રિત છે. વિભાવસ્વભાવવાળી ઉપાધિ માત્ર જ છે. મારે રાખવી કે મારે તેમાં જોડાવું તે બધુ અઘટિતતા છે. અનુચિત છે. તેથી ક્યારે મારી એવી દશા પ્રગટે કે આ સર્વ પૌદ્ગલિકભાવોનો હું ત્યાગ કરૂં. આ સર્વ પરદ્રવ્યાશ્રિત ભાવોથી રહિત બનીને આત્માના ક્ષાયિકભાવના ગુણોમાં સંચરૂં.

જ્યાં સુધી આ પૌદ્ગલિકભાવોમાં રહેવું પડે છે. ત્યાં સુધી પણ તપેલા લોઢા ઉપર પગ મુકવા તુલ્ય અર્થાત્ તપ્તલોહપદધૃતિ સમાનપણે જાણીને તે ભાવોથી સર્વથા ઉદાસીન થઈને કેવલ એકલા મોક્ષનો જ અભિલાષી બનીને હે પરમાત્મા ! હું તમારી પાસે આવ્યો છું.

તમને ભાવથી વંદના કરીને આ જ સિદ્ધિ માગું છું કે હે તારક પરમાત્મા ! મને આ ભવસમુદ્રથી તાર, તાર, ભવની ભ્રમણાથી ઉગાર, સાંસારિક ભાવોથી ઉત્પન્ન થયેલાં દુઃખો, અરતિ, ઉદ્વેગ ઈત્યાદિ ભાવો મારાથી હવે ખમાતા નથી. હવે સહન થતા નથી.

મારો પોતાના ગુણો સંબંધી અનંતો સ્વાધીન જે આનંદ છે. તે મેં ગુમાવ્યો છે. અને પરાધીન આનંદમાં હું ડુબ્યો છું. તેના જ કારણે હું પુદ્ગલાનંદી થયો છું. આ કારણે હવે તત્ત્વ સમજાવાથી પુદ્ગલાનંદીપણું દૂર કરીને તત્ત્વભોગી થયો છું. પરંતુ ક્ષાયિકભાવ ન હોવાથી તત્ત્વને યથાર્થપણે જાણી શકતો નથી. ઔદયિકભાવની અશુદ્ધ પર્યાયોની શ્રેણીમાં હું મોહાન્ધ બન્યો છું. માટે હે પરમાત્મા! તમે મને મારા પોતાના આત્માના સ્વરૂપનો અસ્તિ સ્વભાવ પ્રગટ કરવામાં પુરેપુરો સાથ આપો. નિમિત્તકારણ બનો.

આવો ગુણ પ્રગટ કરવામાં એટલેકે સમ્યક્દર્શન યુક્ત ચારિત્ર ગુણ પ્રગટ કરવામાં નિમિત્તકારણતા આપવાની કૃપા કરો. આ જ તમારી પાસે માગું છું. પૌદ્ગલિક કોઈ પણ સુખ મારે જોઈતું નથી. કારણ કે તે મારૂં સ્વરૂપ નથી. કાયમ રહેવાવાળું નથી. પરોપાધિક છે. માટે આપશ્રી જ કૃપા કરો કૃપા કરો. મારૂ પોતાનું ગુણમય જીવન પ્રગટ કરવામાં પરમ નિમિત્ત કારણ બનો. એ જ તમારી પાસે મારી આશા છે અને પ્રાર્થના છે. ॥ ૯ ॥

**અસ્તિ સ્વભાવ રૂચિ થઈ રે, ધ્યાતો અસ્તિસ્વભાવ ।**
**દેવચંદ્ર પદ તે લહે રે, પરમાનંદ જમાવો રે ॥**
**કુંથુ જિનેસરૂં, નિર્મળતુજ મુખ વાણી. ॥ ૧૦ ॥**

**ગાથાર્થ :-** મારા આત્મામાં મારા ગુણોનો જે અસ્તિ સ્વભાવ છે તેને જ પ્રગટ કરવાની મારી રૂચિ પ્રબળ બની છે તેનું જ ધ્યાન કરતો કરતો આ આત્મા દેવોમાં ચંદ્રમા સમાન ઉત્તમ પદને પ્રાપ્ત કરે છે કે જ્યાં પરમ આનંદની જમાવટ છે. ॥ ૧૦ ॥

**વિશેષાર્થ :-** ગ્રંથકારશ્રી ભવ્ય જીવો ઉપર લાગણીવશ થઈને કહે છે કે હે ભવ્ય જીવો ! તમે સર્વે તથા હું પણ એમ આપણે બધા અનંત

અનંત ગુણ સમૃદ્ધિના સ્વામી છીએ. જે ગુણસમૃદ્ધિ પ્રગટ થયા પછી ક્યારેય ચાલી જતી નથી. વળી આ આત્મામાં જ સત્તાગત છે. બહારથી ક્યાંયથી લાવવાની નથી.

તે માટે મારા તે અસ્તિ ધર્મની જ રૂચિવાળો થઈને તે અનંત ગુણોના અસ્તિ ધર્મ નું જ ધ્યાન કરતાં કરતાં સર્વ દેવોમાં ચંદ્રમા સમાન જે અત્યન્ત શુદ્ધ-બુદ્ધ સર્વકર્મ રહિત એવું આ આત્માનું જ જે સિદ્ધ પદ છે. તે પદને આ જીવ પ્રાપ્ત કરે છે.

તે સિદ્ધપદ એટલે અશરીરતા (શરીરનું બંધન નહીં) નિર્મળાનંદતા. (પરિપૂર્ણ ક્ષાયિક ભાવના અનંતગુણોનો આનંદ). નિઃસંગતા. (કોઈપણ જાતના પરદ્રવ્યનો સંબંધ જ નહીં.). આવા સ્વરૂપવાળો જે સ્વાધીન પરમાનંદ છે. આત્યન્તિક અવ્યાબાધ સુખ છે તે સુખની જ જેમાં જમાવટ છે તે સુખની જ જ્યાં સઘનતા છે આવું સિદ્ધપદ, હે પરમાત્મા ! તમારી સેવાથી પમાય છે તે માટે તત્ત્વસ્વરૂપી અરૂપી અનંતજ્ઞાનસ્વરૂપી અનંતગુણમય એવા શ્રી કુંથુનાથ પરમાત્માના ચરણકમલનું સેવન કરો.

હે ભવ્યજીવો ! પરમસુખનું આ જ શ્રેષ્ઠ કારણ છે. તેને ભજો. તેને સેવો તો તમે પણ અનંત અનંત ગુણોના ભોક્તા બનશો. ॥૧૦॥

**॥ સત્તરમા શ્રી કુંથુનાથ પરમાત્માના સ્તવનના અર્થો સમાપ્ત થયા ॥**

# અઢારમા શ્રી અરનાથ પરમાત્માનું સ્તવન

**પ્રણમો શ્રી અરનાથ, શિવપુર સાથ ખરોરી ।**
**ત્રિભુવન જન આધાર, ભવ નિસ્તાર કરોરી. ॥ ૧ ॥**

**ગાથાર્થ :-** મુક્તિનગરીના સાથી, ત્રણે ભુવનના જીવોને આધારભૂત અને ભવનો નિસ્તાર કરાવનારા એવા શ્રી અઢારમા અરનાથ પરમાત્માને તમે પ્રણામ કરો. ॥ ૧ ॥

**વિવેચન :-** અઢારમા શ્રી અરનાથ પરમાત્માને ઘણા જ ભાવથી વંદના કરો. વારંવાર નમસ્કાર કરો. કારણ કે આ જ પરમાત્મા નિર્મોહી છે. વંદન કરવા યોગ્ય છે. જે મુક્તિનગર નામનું સ્થાન છે કે જે નિરૂપદ્રવવાળું છે. જન્મ જરા મરણ આધિ અને વ્યાધિઓથી રહિત છે. તેવા મુક્તિનગરમાં પહોંચાડવાના જે સાથી છે. જો આ પરમાત્માનો સાથ મળી જાય તો મુક્તિનગરની મંજિલ કાપવી દુષ્કર નથી. તેવા પ્રભાવશાળી સાથીદાર આ પરમાત્મા છે.

કોઈપણ જાતના સ્વાર્થ વિના ભવ અટવીમાંથી પાર ઉતારીને ભક્તવર્ગને મુક્તિનગરમાં પહોંચાડીને પરમાનંદના ભોક્તા બનાવનારા આ પરમાત્મા છે. ત્રણે ભુવનના જીવોને પોતાના આત્માના ગુણોનું સુખ પ્રાપ્ત કરાવવામાં પરમ આધારભૂત છે. અનાદિ કાળથી ઘર કરીને બેઠેલા મિથ્યાત્વ અવિરતિભાવ કષાય આદિ શત્રુગણનો નાશ કરવામાં પરમ આધારરૂપ આ પરમાત્મા છે.

તથા ચારગતિ રૂપ જે આ સંસાર છે તેમાંથી નિસ્તાર કરીને પેલે પાર લઈ જવામાં ઉત્તમ ઉપાયસમાન આ વીતરાગ પરમાત્મા છે. આવા પ્રકારના અનેકગુણોવાળા. ચેતન એવા જીવમાં વિવિધ ઉપકાર કરનારા આ પરમાત્મા ને ભાવથી વંદના કરો. પ્રણામ કરો. ભક્તિ-નમસ્કાર કરો.

અપાર એવા આ સંસાર સાગરથી આ જ પરમાત્મા તારનારા છે. ભવોભવમાં તેમનું જ શરણ હોજો. ભવોભવમાં તેઓશ્રી જ પ્રાપ્ત થજો. ॥ ૧ ॥

**કર્તા કારણ યોગ, કારજ સિદ્ધિ લહેરી ।**
**કારણ ચાર અનૂપ, કાર્યાર્થી તેહ ગ્રહેરી ॥ ૨ ॥**

**ગાથાર્થ :-** કોઈ પણ કર્તા કારણની સામગ્રીનો યોગ પ્રાપ્ત કરીને જ કાર્યની સિદ્ધિ મેળવે છે. ત્યાં કાર્ય કરવામાં કારણ ચાર પ્રકારનાં હોય છે. જે કાર્યનો અર્થી હોય છે તે આ ચાર કારણને મેળવે છે. ॥૨॥

**વિશેષાર્થ :-** આ આત્મામાં મોક્ષાત્મક કાર્ય પ્રગટ કરવું હોય તો નીચે મુજબ કાર્ય-કારણની નીતિ છે. તેને ધ્યાનથી જાણીએ.

ત્યાં સર્વે પણ કાર્ય, કર્તા કરે તો જ થાય અન્યથા ન થાય. માટે સૌથી પ્રથમ કર્તાકારક હોવું જોઈએ. કેટલાંક કાર્યો કર્તાથી ભિન્ન હોય છે અને કેટલાંક કાર્યો કર્તાથી અભિન્ન પણ હોય છે. જ્યાં કાર્ય ભિન્ન હોય છે. ત્યાં કર્તા પણ કાર્યથી ભિન્ન જ હોય છે. જેમ કે કુંભાર ઘટકાર્ય કરે ત્યાં ઘટકાર્ય કુંભકારથી ભિન્ન છે. તો કુંભકાર પણ તે કાર્યથી ભિન્ન જ છે.

પરંતુ જે કાર્ય કર્તાથી અભિન્ન હોય છે ત્યાં કર્તા પણ કાર્યથી અભિન્ન જ હોય છે. જેમ જ્ઞાનાદિ ગુણોનો કર્તા આત્મા છે. ત્યાં જ્ઞાનાદિ ગુણોરૂપીકાર્ય અને કર્તા એવો આત્મા આ બન્ને અભિન્ન છે. એટલે કર્તા એવો આત્મા કાર્યની સામગ્રી મળે ત્યારે જ કાર્યને કરનારો બને છે.

**પ્રશ્ન :** કર્તાને કાર્ય કરવામાં કારણસામગ્રી જોઈએ જ એમ કહો છો તો તે કારણસામગ્રી કેટલા પ્રકારની ? તેના કંઈ ભેદ પ્રભેદ છે ? હોય તો તે સમજાવો.

ઉત્તર :- કાર્ય કરવામાં જે કારણ છે. તે કારણના ચાર ભેદ છે. (૧) ઉપાદાન કારણ. (૨) નિમિત્ત કારણ. (૩) અસમવાયિકારણ અને (૪) અપેક્ષા કારણ. ઉપાદાન કારણનું જ બીજું નામ સમવાયિકારણ પણ છે.

કાર્ય જેમાં પ્રગટ થાય. અથવા જે કારણ પોતે કાર્યસ્વરૂપે પરિણામ પામે તે ઉપાદાનકારણ અથવા સમવાયિકારણ કહેવાય છે. જેમ કે ઘટકાર્ય કરવામાં માટી એ ઉપાદાન કારણ છે અથવા સમવાધિકારણ છે. જૈનદર્શન કારો જેને ઉપાદાન કારણ કહે છે તેને જ નૈયાયિકો અને વૈશેષિકો સમવાયિ કારણ કહે છે. પટ બનાવવામાં તન્તુ એ ઉપાદાન કારણ અથવા સમવાયિ કારણ છે. તથા ઘટ બનાવવામાં દંડાદિની સામગ્રી અને પટ બનાવવામાં તુરીવેમાદિની સામ્રગી એ નિમિત્તકારણ છે. તથા ઘટ બનાવવામાં કપાલદ્વય સંયોગ અને પટ બનાવવામાં તન્તુદ્વયસંયોગ એ અસમવાયિકારણ છે તથા ઘટ વાપરનાર ગરાગો તથા પટ ધારણ કરનાર મનુષ્યો એ સઘળાં અપેક્ષા કારણ છે.

ઘણા શાસ્ત્રોમાં ઉપાદાન અને નિમિત્ત એમ મુખ્યત્વે બે જ કારણો કહ્યાં છે. શ્રી વિશેષાવશ્યક ભાષ્યમાં સમવાયિકારણ અને અસમવયિકારણ એમ બે જ કારણ કહ્યાં છે. આપ્ત મીમાંસામાં સમવાયિ અસમવાયિ અને નિમિત્ત એમ ત્રણ પ્રકારનાં કારણો પણ કહ્યાં છે. "समवाय्यसमवायि निमित्तभेदात्"

આ કારણોમાં સમવાયિકારણ અને ઉપાદાનકારણ એ નામાન્તર માત્ર છે. તથા આ કારણને અસાધારણકારણ પણ કહેવાય છે. તથા તત્ત્વાર્થ સૂત્રની ટીકામાં નિમિત્તકારણના જ બે ભેદ કહ્યા છે. (૧) એક નિમિત્ત કારણ અને (૨) અપેક્ષા કારણ. જેમ કે ઘટ બનાવવામાં

દંડાનિી સામગ્રી એ નિમિત્તકારણ છે. તેમ જ આકાશ-કાલ આદિની સામગ્રી એ અપેક્ષા કારણ છે. જ્યાં બે કારણ જણાવ્યાં છે ત્યાં બેમાં ચાર કારણો અંતર્ગત સમજી લેવાં.

વિસ્તારરૂચિ જે જીવો છે તેને વિસ્તારથી કારણ સમજાવવાને માટે ચાર પ્રકારનાં કારણો મૂલગાથામાં કહ્યાં છે (૧) ઉપાદાનકારણ (૨) અસાધારણ કારણ (૩) નિમિત્તકારણ (૪) અપેક્ષા કારણ. કાર્ય કરવાની રૂચિવાળો એવો કર્તા જ્યારે આ ચારે કારણોને ગ્રહણ કરે અને કાર્ય કરવામાં પ્રવર્તાવે. ત્યારે જ કાર્ય થાય છે તે માટે ઘટાદિ કાર્ય કરીએ ત્યારે જ આ ચારને કારણ સમજવાં.

પરંતુ કર્તાના પ્રયોજન વિના આ ચાર કારણોમાં કારણતાધર્મ આવતો નથી. કર્તા એ સ્વતંત્રકારક છે. બાકીનાં બધાં પરતંત્રકારક છે. તેથી ઘટની જેમ મુક્તિપ્રાપ્તિમાં પણ સાધક એવો આત્મા જે કર્તા છે તે સ્વતંત્ર કારક છે. બાકીનાં બધાં કારણો વીતરાગ પરમાત્માની મૂર્તિ, તેનાં દર્શન વંદન-પૂજન ગુરુજી ઈત્યાદિ સર્વ કર્તાના વ્યવસાયને આધીનપણે કારણ છે. સ્વતંત્રપણે કારણ નથી.

આત્માર્થી જીવે પોતાનો આત્માર્થ સાધવા માટે આવા કારણોનો યથાયોગ્ય સ્થાને ઉપયોગ કરવો જોઈએ. ॥ ૨ ॥

**જે કારણ તે કાર્ય, થાયે પૂર્ણ પદે રી ।**
**ઉપાદાન તે હેતુ, માટી ઘટ તે વદે રી ॥ ૩ ॥**

**ગાથાર્થ :-** જે કારણ પોતે જ પૂર્ણપણે કાર્ય સ્વરૂપે બની જાય તે ઉપાદાન કારણ કહેવાય છે. જેમ કે માટી એ ઘટનું ઉપાદાન કારણ કહેવાય છે. ॥ ૩ ॥

**વિશેષાર્થ :-** ચાર પ્રકારનાં કારણોમાં સૌથી પ્રથમ ઉપાદાનકારણને સમજાવે છે :- જે કારણ કર્તાના વ્યવસાયથી કાર્યરૂપે પરિણામ પામે સારાંશ કે જે કારણ પોતે જ પૂર્ણતાના અવસરે કાર્યસ્વરૂપ બની જાય

તે ઉપાદાનકારણ. જેમકે માટી પોતે જ ઘટ બને છે તન્તુ પોતે જ પટ બને છે. તે માટે માટી અને તન્તુ આ બન્ને ઘટ-પટ પ્રત્યે ઉપાદાનકારણ કહેવાય છે. ન્યાય-વૈશેષિક દર્શન શાસ્ત્રોમાં તેને જ સમવાયિકારણ કહેવાય છે. કારણ કે સમવાય સંબંધથી તે તે ઘટ-પટાત્મક કાર્ય તેમાં એટલે કે માટીમાં અને તન્તુમાં રહેલું છે.એમ તેઓ માને છે.

**પ્રશ્ન :** જો ઉપાદાન કારણ પોતે જ કાર્યરૂપે પરિણામ પામતું હોય તો કારણ અને કાર્ય આ બન્ને સર્વથા એક થઈ જશે ? બન્નેમાં કોઈપણ જાતનો ભેદ રહેશે નહીં.

**ઉત્તર :** ના, કારણ અને કાર્યમાં અપેક્ષા વિશેષથી ભેદ રહેશે જ. પૂર્વકાલમાં તેને જ કારણ કહેવાય. પછીના કાલમાં તેને જ કાર્ય કહેવાય. આમ પૂર્વાપરને આશ્રયી કારણ અને કાર્યમાં ભેદ જાણવો. કારણ અને કાર્યની વચ્ચે (૧) અભિધાન (૨) ફલ (૩) લક્ષણ (૪) સંખ્યા અને (૫) સંસ્થાન આદિને આશ્રયી ભેદ જાણવો.

(૧) કારણ કાલે માટી કહેવાય. કાર્યકાલે ઘટ કહેવાય. આમ અભિધાનથી એટલે નામથી ભેદ જાણવો. તથા (૨) કાર્ય એ કારણનું ફળ છે. અને કારણ તે કાર્યનું પૂર્વસમયવર્તી દ્રવ્ય છે. આમ પણ ભેદ છે. તથા (૩) બન્નેનાં લક્ષણો જુદા જુદા છે માટે પણ ભેદ છે. જેમ મૃદુતા (કોમળતા) એ માટીનું લક્ષણ છે અને જલાધારતા એ ઘટનું લક્ષણ છે આમ લક્ષણભેદથી પણ માટી અને ઘટ ભિન્ન ભિન્ન છે.

(૪) કારણ અનેક હોય છે અને કાર્ય એક થાય છે. માટી - પાણી - હવા. આકાશ આદિ કારણો મળે ત્યારે ઘટાત્મક એક કાર્ય થાય છે. આમ સંખ્યાથી પણ કાર્યકારણનો ભેદ છે. તથા (૫) સંસ્થાનથી એટલે કે આકારથી પણ કાર્ય-કારણનો ભેદ છે. માટીનો આકાર અને ઘટનો આકાર જુદો જુદો જ હોય છે. આ રીતે કાર્ય

કારણનો ભેદ જાણવો. કારણથી કાર્ય સર્વથા એકાન્તે ભિન્ન નથી. પરંતુ કથંચિદ્ ભિન્ન છે. અર્થાત્ ભિન્નાભિન્ન છે. ॥ ૩ ॥

**ઉપાદાનથી ભિન્ન, જે વિણુ કાર્ય ન થાયે ।**
**ન હુવે કારજ રૂપ, કર્તાને વ્યવસાયે ॥ ૪ ॥**
**કારણ તેહ નિમિત્ત, ચક્રાદિક ઘટભાવે ॥**
**કાર્ય તથા સમવાય, કારણ નિયતને દાવે. ॥ ૫ ॥**

**ગાથાર્થ :-** જે ઉપાદાનકારણથી ભિન્નકારણ છે. જે કારણ વિના કાર્ય ન થાય. કર્તાનો ગમે તેટલો વ્યવસાય થાય તો પણ જે કારણ પોતે કાર્ય રૂપે બને નહીં. કાર્ય કરવામાં સહાયક થઈને દૂર રહે તે નિમિત્તકારણ જાણવું. જેમકે ઘટ ભાવ બનાવવામાં ચક્રાદિક તે નિમિત્તકારણ છે આમ સમજવું. તથા કાર્ય કરવામાં સમવાયિકારણની સાથે નિયતપણે જે સહકાર આપનારાં કારણો છે તે સઘળાં નિમિત્ત કારણ કહેવાય છે. ॥ ૪-૫ ॥

**વિશેષાર્થ :-** પહેલાંની ગાથામાં ઉપાદાન કારણનું લક્ષણ કહીને હવે આ ગાથામાં નિમિત્ત કારણ સમજાવે છે.

જે કારણ ઉપાદાનકારણથી ભિન્ન કારણ છે અને જે કારણ જોડ્યા વિના એકલા ઉપાદાન કારણમાત્રમાંથી કાર્ય થતું નથી. તથા જે કારણમાં રહેલી કારણતા કર્તાના વ્યવસાયને આધીન છે તે નિમિત્તકારણ કહેવાય છે. જેમ કે ઘટ બનાવવામાં દંડાદિક સામગ્રી. અને પટ બનાવવામાં તુરીવેમાદિકની સામગ્રી.

આ બન્ને સામગ્રી ઉપાદાનકારણ એવા માટી અને તન્તુથી ભિન્ન છે. તથા દંડાદિક સામગ્રી અને તુરીવેમાદિક સામગ્રી જોડ્યા વિના ઘટ પટાત્મક કાર્ય નીપજતાં નથી. તથા દંડાદિક કારણોને કર્તા પોતે ઘટ બનાવવામાં અને તુરીવેમાદિકને પટ બનાવવામાં જોડે છે ત્યારે જ તેમાં

કારણતા આવે છે. કર્તાના આવા પ્રકારના વ્યવસાય વિના દંડાદિક સામગ્રીમાં અને તુરીવેમાદિક સામગ્રીમાં કારણતા આવતી નથી. એટલે દંડાદિકની અને તુરીવેનાદિની જે કારણતા છે, તે કર્તાના વ્યવસાયને આધીન છે. તે માટે દંડાદિક સામગ્રી તે ઘટ પ્રત્યે નિમિત્તકારણ છે અને તુરીવેમાદિકની સામગ્રી તે પટ પ્રત્યે નિમિત્તકારણ છે.

જ્યારે જ્યારે ઘટ બનાવવામાં દંડાદિક સામગ્રીનો ઉપયોગ કરાતો હોય ત્યારે ત્યારે તો દંડાદિક સામગ્રી ઘટ બનાવવાનું નિમિત્ત-કારણ કહેવાય. પરંતુ ઘટ - પટ ન બનાવાતા હોય તો પણ દંડાદિક સામગ્રીને ઘટ પ્રત્યે નિમિત્તકારણ અને તુરીવેમાદિક સામગ્રીને પટાદિક પ્રત્યે નિમિત્તકારણ જે કહેવાય છે તે નૈગમનયને આશ્રયી જાણવું.

જે કાલે ઘટ - પટાદિક કાર્ય કરાતું નથી. તેથી દંડાદિક સામગ્રી ઘટ બનાવવામાં અને તુરીવેમાદિક સામગ્રી પટ બનાવવામાં વપરાતી નથી. પરંતુ કાલાન્તરે કાર્ય કરવામાં વપરાશે એમ સમજીને કારણપણાની સત્તા હોવાથી ઉપચારે નૈગમનયથી તેને કારણ માનવામાં આવે છે.

આ રીતે કાર્યનો અર્થી જીવ ઉપાદાન કારણમાંથી કાર્ય કરવાને માટે જે જે ઉપકરણો પ્રવર્તાવે તે તે ઉપકરણો ભલે કાર્ય કરીને વિરામ પામે તો પણ કાર્ય કરવામાં તે નિમિત્તકારણ અવશ્ય કહેવાય છે.

આ રીતે જે જે કાર્ય કરવામાં ઉપાદાન કારણ વિના જે જે સામગ્રી સહકારી કારણરૂપે જરૂરી હોય છે જેના વિના કાર્ય થતું નથી. તે તે સઘળી પણ સામગ્રી નિમિત્તકારણ જાણવું. જેમ ઘટાત્મક કાર્ય કરવામાં દંડાદિક સામગ્રી અને પટાત્મક કાર્ય કરવામાં તુરી વેમાદિક સામગ્રી એ નિમિત્તકારણ છે. આમ સમજવું. આ પ્રમાણે ત્રીજી ગાથામાં ઉપાદાનકારણ અને આ ચોથી-પાંચમી ગાથામાં નિમિત્ત કારણ સમજાવ્યું. હવે અસાધારણ કારણ કોને કહેવાય ? તે સમજાવે છે. ॥ ૪-૫ ॥

**વસ્તુ અભેદ સ્વરૂપ, કાર્યપણું ન ગ્રહેરી ।**
**તે અસાધારણ હેતુ, કુંભે સ્થાસ લહેરી ॥ ૬ ॥**

**ગાથાર્થ :-** જે કારણ ઉપાદાન કારણની સાથે અભેદરૂપે રહેલું હોય છે. અને કાર્ય પ્રગટ થતાં જે વિદ્યમાન રહેતું નથી. તેવા કારણને અસાધારણ કારણ કહેવાય છે. જેમ કે ઘટ કાર્ય કરવામાં સ્થાસ-કોશ-કુશુલાદિ પર્યાયો તે અસાધારણ કારણ જાણવાં. ॥ ૬ ॥

**વિવેચન :-** આ ગાથામાં ત્રીજું અસાધારણ કારણ સમજાવે છે પહેલું ઉપાદાનકારણ, બીજું નિમિત્તકારણ. અને આ ત્રીજું જે અસાધારણ કારણ છે. તે હવે આ ગાથામાં સમજાવે છે.

ઉપાદાન કારણની સાથે જે કારણ અભેદભાવે રહેલું છે અને કાર્ય પ્રગટ થતાં જે વિદ્યમાન રહેતું નથી. અવશ્ય ચાલ્યું જ જાય છે. તે અસાધારણ કારણ નામે ત્રીજુ કારણ કહેવાય છે. જેમ કે ઘટ બનાવવામાં માટી એ ઉપાદાન કારણ છે. દંડચક્રાદિની સામગ્રી તે નિમિત્તકારણ છે.

પરંતુ માટી પલાળીને પિંડ બનાવવામાં આવે. વારંવાર મસળીને કોમળ કરવામાં આવે. તેમાંથી અનુક્રમે પ્રથમ સ્થાસ બનાવવામાં આવે પછી કોશાકાર બનાવવામાં આવે. ત્યારબાદ કુશુલાકાર બનાવવામાં આવે ત્યારબાદ ઘટાકાર બને છે. તેથી મૃત્પિંડાકાર. કોમલાકાર, સ્થાસ-કોશ-કુશુલાકાર આ સર્વ અસાધારણ કારણ જાણવાં. કારણ કે આ સર્વ પર્યાયો આવે તો જ અંતે ઘટાકારતા આવે. જ્યારે ઘટાકારતા પ્રગટ થાય છે ત્યારે પિંડાકારતા, કોમળાકારતા, સ્થાસ કોશ-કુશુલાકારતા ઈત્યાદિ સર્વ પર્યાયો રહેતા નથી. પણ ઘટ બનાવતી વેળાએ આવે છે અવશ્ય. તે માટે તે પર્યાયવાળી અવસ્થા એ ઘટાત્મક કાર્યનું અસાધારણ કારણ છે.

સ્થાસ કોશ કુશુલાદિ જે જે આકારો છે તે માટી નામના દ્રવ્ય સ્વરૂપ ઉપાદાનકારણથી અભિન્ન છે. અને ઘટાત્મક કાર્ય જ્યારે નિપજે છે. ત્યારે તે પર્યાયો રહેતા નથી. માટે અસાધારણ કારણ કહેવાય છે. ॥૬॥

હવે ચોથું અપેક્ષારકારણ સમજાવે છે :-

**જેહનો નવિ વ્યાપાર, ભિન્ન નિયત બહુભાવી ।**
**ભૂમિ, કાલ આકાશ, ઘટ કારણ સદ્ભાવી. ॥૭॥**

**ગાથાર્થ :-** કાર્ય કરવામાં જે પદાર્થ હાથમાં લઈને કર્તાની ઈચ્છા પ્રમાણે વપરાતો નથી. તથા જે કાર્ય થાય છે. તેનાથી જે ભિન્ન કારણ છે અને નિશ્ચિત કારણ છે. તથા અન્ય બીજાં ઘણાં કાર્યો કરવામાં જે જરૂરી છે તેવાં ૧ ભૂમિ, ૨ કાલ, ૩ આકાશ ઈત્યાદિ અપેક્ષાકારણ છે. આ ત્રણે પદાર્થો ઘટકાર્ય કરવામાં સદ્ભાવી કારણ છે.તેની હાજરીની અવશ્ય આવશ્યકતા રહેજ છે તે માટે તેને અપેક્ષાકારણ કહેવાય છે. ॥ ૭ ॥

**વિવેચન :-** ઉપાદાનકારણ, નિમિત્તકારણ, અસાધારણકારણ આ ત્રણ પ્રકારનાં કારણ સમજાવીને હવે અપેક્ષાકારણ નામનું ચોથા પ્રકારનું કારણ ગ્રંથકારશ્રી સમજાવે છે :-

(૧) કાર્ય કરવામાં કર્તા જેને હાથમાં પકડીને કાર્યની ઉત્પત્તિમાં જોડી શકતો નથી. અર્થાત્ કર્તાને આધીન જે કારણ નથી. કર્તા કાર્ય કરવામાં જેનો વપરાશ પોતાની ઈચ્છા પ્રમાણે કરી શકતો નથી.

(૨) તથા ઘટ-પટ આદિ જે જે કાર્ય થાય છે. તે કાર્યથી જે આ કારણ સર્વથા ભિન્ન છે.

(૩) તથા કાર્ય કરવામાં જે અવશ્ય હાજર જ હોય છે જે નિયત છે જ.

(૪) તથા આ ઘટકાર્ય વિના બીજાં પણ ઘણાં કાર્યોમાં જેની નિશ્ચિત હાજરી છે જ. અર્થાત્ બહુ પ્રકારનાં કાર્યોમાં ભાવિ = હાજર રહેનાર છે.

ઉપરોક્ત ચારે ધર્મવાળું જે કારણ તે અપેક્ષાકારણ જાણવું. જેમકે ઘટ બનાવવામાં પૃથ્વી કાલ અને આકાશ. આ ત્રણે પદાર્થો (૧) કર્તાને આધીન નથી, (૨) ઘટાદિકાર્યથી સર્વથા ભિન્ન છે. (૩) તથા ઘટ-પટાદિ કાર્ય કરવામાં જેની અવશ્ય હાજરી હોય જ છે. (૪) તથા આ પૃથ્વી કાલ અને આકાશ આ ત્રણે કારણો ઘટ વિના બીજાં પણ હજારો કાર્યોમાં હાજર જ હોય છે.

આ પ્રમાણે ઉપરોક્ત ચારે લક્ષણો જેમાં લાગુ પડે છે તેને અપેક્ષાકારણ કહેવાય છે.

જેમકે ઘટ બનાવવામાં નીચેની પૃથ્વી, કાલ, અને આકાશ આ ત્રણે દ્રવ્યો અપેક્ષાકારણરૂપ સમજવાં જોઈએ. ઘટાત્મક કાર્ય કરો ત્યારે આ ત્રણે કારણો સદ્ભાવી કારણ છે ત્રણેની અવશ્ય હાજરી હોય જ છે. માત્ર કર્તા તેનો પોતાની ઇચ્છા પ્રમાણે ઉપયોગ કરી શકતો નથી. આવા કારણોને શાસ્ત્રમાં અપેક્ષાકારણ કહેવાય છે. ॥ ૭ ॥

**એહ અપેક્ષા હેતુ, આગમમાંહી કહ્યો રી ।**
**કારણપદ ઉત્પન્ન, કાર્ય થયે ન લહ્યોરી ॥ ૮ ॥**

**ગાથાર્થ :-** ઉપર સાતમી ગાથામાં કહેલાં ચારે લક્ષણો જેમાં હોય તેને અપેક્ષાકારણ કહેવાય છે. આ પ્રમાણે આગમશાસ્ત્રોમાં કહ્યું છે. કારણમાં રહેલું કારણપણાનું પદ ઉત્પત્તિવાળું છે (સ્વાભાવિક નથી.) તથા કાર્ય થઈ જાય એટલે તેમાં કારણપણું રહેતું નથી. ॥ ૮ ॥

**વિવેચન :-** ઉપર સાતમી ગાથામાં કહ્યું તેવાં ચારે લક્ષણવાળું જે કારણ છે તેને અપેક્ષાકારણ કહેવાય છે. (૧) કાર્ય ઉત્પન્ન કરવામાં

જેનો આપણી ઇચ્છા પ્રમાણે વ્યાપાર કરાતો નથી. (૨) જે કારણ કર્તાથી ભિન્ન છે (૩) તથા કાર્ય કરવાના કાલે જેની હાજરી નિશ્ચિત છે. (૪) તથા બીજાં પણ અનેક કાર્ય કરવામાં જેની હાજરી નિશ્ચિત છે. આમ આ ચારે લક્ષણો જેમાં લાગુ પડે છે. તેને અપેક્ષા કારણ કહેવાય છે. આ પ્રમાણે આગમ શાસ્ત્રોમાં કહ્યું છે.

(૧) તત્ત્વાર્થસૂત્રની ટીકામાં કહ્યું છે કે :- "यथा घटस्योत्पत्तौ अपेक्षाकारणं व्योमादि अपेक्षते, तेन विना तद्भावाभावात्" અર્થ : જેમ ઘટકાર્યની ઉત્પત્તિમાં અપેક્ષા કારણ સ્વરૂપે વ્યોમાદિ જાણવાં. કારણ કે તે વ્યોમાદિ વિના ઘટ કાર્ય થતું નથી.

"निर्व्यापारमपेक्षाकारणम्" इति तत्त्वार्थवृत्तौ"

વ્યાપાર વિનાનું જે કારણ હોય છે તે અપેક્ષાકારણ છે. આમ તત્ત્વાર્થની વૃત્તિમાં કહ્યું છે. આ પ્રમાણે ચારે પ્રકારનાં કારણો સમજાવ્યાં.

આ ચારે પ્રકારના કારણોમાં જે કારણધર્મ છે. તે સ્વાભાવિક નથી. અર્થાત્ મૂલધર્મ નથી. પરંતુ કર્તા કાર્ય કરવામાં કારણનો જ્યારે ઉપયોગ કરે છે ત્યારે તેમાં કારણતા ધર્મ ઉત્પન્ન થાય છે. માટે ઉત્પન્નધર્મ છે. જેમ કે માટીમાં ઘટની કારણતા છે. પરંતુ કર્તા ઘટ બનાવવા માટે માટી લાવે અને તેનો ઉપયોગ ઘટ બનાવવામાં કરે ત્યારે તેમાં કારણતા ધર્મ ઉત્પન્ન થાય છે. અન્યથા દિવાલ લીંપવા માટે જ જો માટી લાવી હોય અને તે માટીમાંથી દિવાલ લીંપવાનું જ કામ કરે તો તે માટીમાં ઘટની કારણતા ધર્મ ઉત્પન્ન થતો નથી.

જેમ દંડાદિમાં અનેક પદાર્થોરૂપ કાર્ય કરવાની સત્તા છે જેમ કોઈ કર્તા દંડ હાથમાં લઈને ઘટકાર્ય બનાવે. કોઈ કર્તા દંડ દ્વારા ઘટધ્વંસ પણ કરે. કોઈ કર્તા દંડ દ્વારા બીજાને મારવાનું કાર્ય પણ કરે. તથા કોઈક કર્તા દંડ દ્વારા બાળકોને ડરાવવાનું કામ પણ કરે. આ

પ્રમાણે કારણમાં કારણપણાનો પર્યાય એ ઉત્પન્ન પર્યાય છે. સ્વાભાવિકપર્યાય નથી. દંડમાં ઘટનું જે કારણપણું છે તે કર્તાની ઈચ્છાને આધીન છે મૂળથી સ્વાભાવિક ધર્મ નથી.કર્તા પોતે કર્તવ્ય કરવામાં દંડાદિક સામેગ્રી વાપરે છે ત્યારે તેમાં કારણતાધર્મ આવે છે.

**પ્રશ્ન :** કોઈ પણ કાર્યનાં કારણો તો નિયત જ છે. તો તેને ઉત્પન્ન કેમ કહો છો ?

**ઉત્તર :** કોઈ પણ કાર્ય કરવામાં કારણો તો જોઈએ જ. પરંતુ જે કાલે જે કારણથી જે જે કાર્ય કરાય છે. તે કાલે તે તે કારણમાં તે તે કાર્ય કરવાની કારણતા ઉત્પન્ન થાય છે. માટે કારણમાં જે કારણતાધર્મ છે તે ઉત્પન્નધર્મ કહેવાય છે. સ્વાભાવિકધર્મ કહેવાતો નથી. જે કાલે જે કારણમાંથી જે જે કાર્ય કરાય છે તે કાલે તે તે કારણમાં તે તે કાર્ય કરવાની કારણતા પ્રગટે છે માટે ઉત્પન્નકારણતા કહેવાય છે.

એકનો એક દંડ ઘટ બનાવવામાં પણ કારણ છે અને તે જ દંડ ઘટધ્વંસમાં પણ કારણ બને છે. કર્તાની ઈચ્છાના આધારે કારણમાં કારણતા ધર્મ ભિન્ન ભિન્ન પણે ઉત્પન્ન થાય છે. માટે સ્વાભાવિક નથી.

જે કારણમાંથી કાર્ય પ્રગટ થઈ જાય ત્યારબાદ તે કારણમાં કાર્યની કારણતા રહેતી નથી. જેમ કે અગ્નિમાં દાહ્ય એવા કાષ્ટને બાળવા રૂપે દાહકતા કારણ છે. પરંતુ જ્યારે અગ્નિથી લાકડુ સંપૂર્ણપણે બલી જ રહે છે ત્યારે તે અગ્નિ તે લાકડાની રખ્યાને આશ્રયી દાહક રહેતો નથી. પરંતુ બુઝાઈ જ જાય છે.

મિથ્યાત્વી જીવમાં જો કે સમ્યક્ત્વાદિ ગુણો પામવાની કારણતા સત્તાગત છે જ. તો પણ અભવ્ય જીવ હોય તો તે કારણતા કાર્ય કરનાર નથી. માટે તેમાંથી સમ્યક્ત્વાદિ કાર્ય નીપજતું નથી. પરંતુ ભવ્ય એવા કોઈક જીવમાં સત્તાગત કારણતા છે તે માટે યોગ્યકાલે કાર્ય નિપજે છે. તેથી ત્યાં નિમિત્ત પામીને કારણ કારણભાવે પરિણામ

પામે જ છે અને કાર્ય પ્રગટ થાય જ છે માટે આ કારણતા ઉત્પન્ન ભાવવાળી છે. સહજ નથી.

કારણમાં રહેલી આ કારણતા કાર્ય કરે ત્યાં સુધી જ રહે છે કાર્ય પ્રગટ થયા પછી કારણતા રહેતી નથી. જેમ કે સાધના કરતાં કરતાં સિદ્ધિપદ પ્રગટ થાય. પરંતુ સિદ્ધિપદ પ્રગટ થયા પછી ત્યાં સાધનારૂપી કારણતા વર્તતી નથી. અન્યથા સિદ્ધદશા પ્રાપ્ત થયા પછી પણ સાધના ચાલુ છે આમ માનવું પડે જે ઉચિત નથી. આ રીતે કાર્ય કારણદાવ જાણવો. ॥ ૮ ॥

**કર્તા આતમદ્રવ્ય, કાર્ય સિદ્ધિ પણોરી ।**
**નિજ સત્તાગત ધર્મ, તે ઉપાદાન ગણો રી ॥ ૯ ॥**

**ગાથાર્થ :-** જે આ આત્મા સંસારી છે. તે જ કર્મક્ષય થતાં સિદ્ધિ પદને પામે છે. એટલે કર્તા આત્મતત્ત્વ છે અને કાર્ય સિદ્ધિપદ છે. પોતાનામાં સત્તાગત રહેલા જે ગુણધર્મો તે પ્રગટ કરવામાં આત્મા વિગેરે મૂલભૂત દ્રવ્ય ઉપાદાન કારણ જાણવું. ॥૯॥

**વિશેષાર્થ :** કર્તા એવા આ આત્મામાં સિદ્ધિ નામનું કાર્ય કરવામાં ઉપાદાનકારણ નિમિત્તકારણ અસાધારણકારણ અને અપેક્ષાકારણ કોણ કોણ છે તે વાત ગ્રંથકારશ્રી સમજાવે છે :-

સિદ્ધ દશા પ્રાપ્ત કરવા સ્વરૂપ કાર્ય, કર્તા એવા આત્માથી અભિન્નસ્વરૂપ છે. કારણ કે કર્તા એવો આત્મા પોતે જ કર્મનો વિનાશ થતાં સિદ્ધિભાવ રૂપે પરિણામ પામે છે. માટે કર્તા અને કાર્ય કથંચિદ્ અભિન્ન છે.

આત્માના શુદ્ધ સ્વરૂપની રૂચિ થયા વિના તે તરફ પ્રવૃત્તિ થતી નથી. ભૂતકાળમાં આ રીતે મોહની પરાધીનતામાં જ અનંતોકાળ પસાર કર્યો છે હું આ સંસારમાં બહુ જ ભટક્યો છું. આત્માના મૂલ સ્વરૂપથી ઘણો ઘણો ભ્રષ્ટ થયો છું.

હવેથી મને મારો મૂલધર્મ (આત્મતત્ત્વનું સ્વરૂપ) શ્રદ્ધાગોચર થયું છે તેથી આ સ્વરૂપ પ્રાપ્ત કરવું જ છે એવો નિર્ધાર મેં કર્યો છે તેથી તેને અનુસરનારી મારી ચેતનાને અને મારી વીર્યશક્તિને તે તરફ વાળીને સ્વસ્વરૂપ પ્રગટ કરવાનો નિર્ધાર કરીને તે માર્ગે મારા કર્તૃત્વને મેં વાળ્યું છે આ રીતે સાધના કરતાં મારામાં સિદ્ધતાનું કાર્ય નીપજશે.

ત્યાં સૌથી પ્રથમ સ્વસ્વરૂપનો અંશે અંશે ક્ષયોપશમભાવે આ આત્મા કર્તા થાય. તેનાથી આત્મામાં ગુણોની વૃદ્ધિ થાય. એમ કરતાં સંપૂર્ણ કર્તાપણું પામીને આ આત્મામાં તે ગુણવૃદ્ધિ કાર્ય નીપજાવે. આ રીતે મારા આત્મામાં કર્તાપણું છે. અને મારે જ સિદ્ધતારૂપ કાર્ય કરવાનું છે.

તે સિદ્ધતા સ્વરૂપ કાર્ય કરવામાં ઉપાદાન કારણતા આ પ્રમાણે છે પોતાના જ આત્મામાં સત્તાગત જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય આદિ અનંતગુણો છે. મારા પોતાના આત્મામાં જે આ સત્તાગત અનંતગુણોનું સ્વરૂપ છે તે મારા આત્મામાં જ સિદ્ધિરૂપે પ્રગટ થાય છે. માટે તે મારો આત્મા જ તેમાં ઉપાદાન કારણ છે. આમ સમજવું.

ઉપાદાન તે વસ્તુનો મૂલ સત્તાગત ધર્મ, અરૂપી એવી ગુણોની સત્તા જે છે. તે જ પ્રગટ થાય એટલે કે સિદ્ધ થાય છે ત્યારે સિદ્ધતા રૂપ કાર્ય થાય છે. તેમાં આ માર્ગે ચઢેલો આત્મા જ ઉપાદાનકારણ છે આમ સમજવું. ॥ ૯ ॥

**યોગ સમાધિવિધાન, અસાધારણ તેહ વદે રી ।**
**વિધિ આચરણા ભક્તિ, જિનેં નિજ કાર્ય સધેરી ॥૧૦॥**

**ગાથાર્થ :-** મન-વચન-કાયાના યોગોનું સ્વગુણમાં રમણ થવું. અરાગી અને અદ્વેષીપણે ગુણરમણતામાં પ્રવર્તવું, તેના વિવિધપ્રકારો જેમ કે વિધિપૂર્વક આચરણા આચરવી, જિનેશ્વર પરમાત્માની ભક્તિ

કરવી. તેના દ્વારા આત્માના ગુણોને પ્રગટ કરવાનું પોતાનું કાર્ય સિદ્ધ કરવું. આ સર્વ અસાધારણ કારણ જાણવું. ॥ ૧૦ ॥

**વિશેષાર્થ :-** આત્મા એ કર્તા છે. સિદ્ધિ એ કાર્ય છે. પોતાના આત્મામાં સત્તાગત અનંત ગુણો છે. તો જ પ્રગટ કરી શકાય છે માટે ગુણોની સત્તા તે ઉપાદાનકારણતા છે. હવે આ ગાથામાં અસાધારણ કારણતા સમજાવે છે :-

(૧) મન-વચન અને કાયાના યોગો અનાદિકાળથી મોહની પરવશતાના કારણે વિભાવદશામાં જ જોડ્યા છે પરભાવદશામાં જ રંગે રંગે રાચ્યા માચ્યા છે. તે દશાને બદલીને દ્રવ્યથી અને ભાવથી સ્વગુણરમણતામાં યોગોને જોડવા. આ સૌથી પ્રથમ કર્તવ્ય છે.

(૨) તથા અરાગીપણે અને અદ્વેષીપણે પોતાના વીર્યને પોતાના આત્માના ગુણોની રમણતામાં જ જોડવું. તેને આત્મસમાધિ કહેવાય છે તે આત્મસમાધિ પ્રાપ્ત કરવી.

(૩) આ ગુણનું વિધાન કરવું એટલે આ ગુણની સિદ્ધિ કરવી. ધીરે ધીરે પોતાના ગુણોમાં જ રમણતા કેળવવી જેનાથી આ જીવ ગુણસ્થાનકોમાં વૃદ્ધિ પામે. ચોથા ગુણસ્થાનકથી ચૌદમા ગુણસ્થાનક સુધીની સિદ્ધિદશા પ્રાપ્ત થાય તે રીતે ગુણોની વૃદ્ધિ કરવી.

ક્ષાયોપશમિકભાવે શાસ્ત્રાભ્યાસ કરી જ્ઞાનગુણ વધારવો. નિર્મળ શ્રદ્ધા કરવા દ્વારા દર્શનગુણ વધારવો. પ્રમાદ વિનાનું જીવન જીવવા દ્વારા ચારિત્રગુણ વધારવો. ધીરે ધીરે ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણી પ્રારંભવા દ્વારા ધ્યાનવડે પરિણામની ધારા નિર્મળ કરવી. વિધિ સહિત ધર્મક્રિયાની આચરણા કરવી. તથા ઉપકારી ગુણવંત મહાત્માઓની ભક્તિ-બહુમાન કરવું. જેનાથી પોતાના કાર્યની સિદ્ધિ થાય.આ પ્રમાણે જ્ઞાન અને ક્રિયા દ્વારા ઉપર - ઉપરની અવસ્થાની તરતમતા પ્રાપ્ત કરવી તે સઘળી ય અસાધારણકારણતા જાણવી.

ઉત્તરોત્તર ગુણોની વૃદ્ધિ થાય તે રીતે વર્તન વ્યવહાર કરવો ત્યાં પૂર્વ ગુણવાળી અવસ્થા એ કારણ, અને ઉત્તર ગુણવાળી અવસ્થા એ કાર્ય એમ ગુણોની વૃદ્ધિમાં આગળ વધવું. આત્માને જ વધારે વધારે ગુણીયલ બનાવવો તે સઘળું ય અસાધારણ કારણ જાણવું. ॥ ૧૦ ॥

**નરગતિ પઢમ સંઘયણ, તેહ અપેક્ષા જાણો ।**
**નિમિત્તાશ્રિત ઉપાદાન, તેહને લેખે આણો ॥ ૧૧ ॥**

**ગાથાર્થ :-** સિદ્ધતા પ્રાપ્ત કરવા રૂપી કાર્ય કરવામાં મનુષ્યગતિ પ્રથમસંઘયણ ઇત્યાદિ સઘળાં અપેક્ષાકારણ જાણવાં. દેવ-ગુરુ અને સિદ્ધાન્ત એ રૂપ નિમિત્તનો જેણે આશ્રય કર્યો છે. તેનું જ ઉપાદાન લેખે ગણાય છે. બાકીનું ઉપાદાન નિરર્થક જાણવું. ॥ ૧૧ ॥

**વિશેષાર્થ :-** સિદ્ધિ દશા પ્રાપ્ત કરવા રૂપ કાર્ય કરવામાં ઉપાદાન કારણ અને અસાધારણકારણ આમ બે કારણ સમજાવીને હવે આ ગાથામાં અપેક્ષાકારણ અને નિમિત્તકારણ સમજાવે છે.

મનુષ્યનો ભવ, ઔદારિક શરીરની પ્રાપ્તિ, પ્રથમ સંઘયણની પ્રાપ્તિ, ખોડ ખાપણ વિનાનાં અંગ અને ઉપાંગોની પ્રાપ્તિ. આ સર્વ સિદ્ધિ દશા પ્રાપ્ત કરવામાં અપેક્ષાકારણ છે આમ સમજવું. સિદ્ધિદશા પ્રાપ્ત કરવી હોય તો આ કારણો અવશ્ય જોઈએ જ. જો કે આ કારણો પ્રાપ્ત થાય એટલે કાર્ય થાય જ એવો નિયમ નથી. પરંતુ સિદ્ધિ સ્વરૂપ કાર્ય કરવું હોય તો આ કારણો અવશ્ય જોઈએ જ. માટે તેને અપેક્ષાકારણ કહેવાય છે.

આ અપેક્ષાકારણને કાર્યની સિદ્ધિમાં જોડવામાં કર્તાનો વ્યાપાર કારણ નથી. પરંતુ આ કારણો નિશ્ચે જોઈએ જ. તો જ સિદ્ધિરૂપ કાર્ય થાય. તે માટે તેને અપેક્ષા કારણ કહ્યાં છે.

આ મનુષ્યભવ, પંચેન્દ્રિપણુ, ઔદારિકશરીર, પ્રથમ સંઘયણ ઈત્યાદિ અપેક્ષાકારણો તેનાં જ કામ લાગે છે કે જે જીવનો ઉપાદાન કારણભૂત આત્મા, ધર્માર્થી થઈને નિમિત્તભૂત એવા સુદેવ સુગુરુ અને સુધર્મની ઉપાસના કરવા દ્વારા તેનો આશ્રય કરે છે તેવા જ આત્માનો મનુષ્યભવ પંચેન્દ્રિપણું ઔદારિકશરીર અને પ્રથમ સંઘયણ ઈત્યાદિ અપેક્ષાકારણરૂપે બને છે.

જે આત્માએ સુદેવ-સુગુરુ અને સુધર્મ સ્વરૂપ નિમિત્ત કારણનો આશ્રય કર્યો નથી તેનું અપેક્ષાકારણ કામ લાગતું નથી. કારણ કે તેનો માનવભવ ઔદારિકશરીર વિગેરે સામગ્રી અનાદિની મોહની ચાલમાં જ છે. મોહદશાની મંદતા થવા સ્વરૂપ પરિવર્તન આવ્યું નથી. આ રીતે આ ગાથામાં નિમિત્તકારણ અને અપેક્ષાકારણ સમજાવ્યાં. ॥૧૧॥

**નિમિત્ત હેતુ જિનરાજ, સમતા અમૃત ખાણી ।**
**પ્રભુ અવલંબન સિદ્ધિ, નિયમા એહ વખાણી ॥૧૨॥**

**ગાથાર્થ :-** મુક્તિ સ્વરૂપ કાર્ય કરવામાં જિનરાજ એ નિમિત્ત કારણ છે કે જેઓ સમતારૂપી અમૃતની ખાણ છે. આવા વીતરાગ પરમાત્માનું અવલંબન લેવાથી સિદ્ધિદશાની નિયમા પ્રાપ્તિ થાય એમ જૈનશાસ્ત્રોમાં વખાણ્યું છે કહ્યું છે. ॥ ૧૨ ॥

**વિવેચન :-** આપણા આત્માની મુક્તિ થવા સ્વરૂપ કાર્ય કરવામાં શ્રી વીતરાગ જિનેશ્વર પ્રભુ એ જ પરમ નિમિત્તકારણ છે. આ વીતરાગ સર્વજ્ઞ પ્રભુ કેવા છે ? તો કહે છે કે સમતાભાવરૂપ અમૃતની તો ખાણ છે.

ગમે તેવા અનુકુળ સંજોગો આવે કે પ્રતિકુળ સંજોગો આવે પરંતુ ક્યાંય ક્યારેય અંજાતા નથી. એટલે રાગ-દ્વેષ રહિત એવી વીતરાગતાની તો ખાણ છે અને સર્વજ્ઞ પણ છે. આવા આ પરમાત્મા પરમદયાળ છે. શુદ્ધતત્ત્વરૂપ છે. સ્વગુણભોગી છે. પૂર્ણાનંદી છે. ચિદાનંદમય છે

આવા આવા ગુણોવાળા શ્રી અરનાથ પરમાત્મા છે. એ જ પરમ નિમિત્ત કારણ છે.

તેહનું અવલંબન લઈએ તો પોતાનું કેવળજ્ઞાન ઉઘડે પોતાનું કલ્યાણ કરવામાં આ વીતરાગ પરમાત્મા જ પ્રધાનતમ કારણ છે. તેમના ઉપરના હાર્દિક ભાવમાં અને બહુમાનના ભાવમાં જ વર્તવું. તેમના પ્રત્યેના અહોભાવ રૂપ નિમિત્તકારણથી આ જીવ સિદ્ધ બુદ્ધ અને મુક્ત થાય આ પ્રમાંણે આગમશાસ્ત્રોમાં કહ્યું છે ભૂતકાળમાં અનેકજીવો આ રીતે તર્યા છે અને ભવિષ્યમાં પણ અનેક જીવો આ જ માર્ગે તરશે. આ પ્રમાણે આપણા આત્માનું કલ્યાણ કરવામાં પણ આ જ પરમાત્મા પરમ નિમિત્તકારણ છે. તેઓનું આલંબન લઈને આત્મકલ્યાણ કરીએ. ॥ ૧૨ ॥

**પુષ્ટ હેતુ અરનાથ, તેહને ગુણથી હલીયે ।**
**રીઝ ભક્તિ બહુમાન, ભોગધ્યાનથી મલીયે ॥૧૩॥**

**ગાથાર્થ :-** શ્રી અરનાથ પરમાત્મા એ પુષ્ટ (પ્રબળ) આલંબન છે. તેમના ગુણોની સાથે એકાકાર થઈએ. તેમના ઉપર રાગી થઈને ભક્તિ-બહુમાન કરવા પૂર્વક ગુણોનો અનુભવ કરવા દ્વારા ધ્યાનથી તેમની સાથે જોડાઈએ તો આપણું અવશ્ય કલ્યાણ થાય જ. ॥૧૩॥

**વિશેષાર્થ :-** ઉપર વર્ણવેલી રીત પ્રમાણે શ્રી અરનાથ પરમાત્મા એ આપણા કલ્યાણનું પુષ્ટ કારણ છે. પ્રબળ નિમિત્તકારણ છે. ઉત્તમ અને પ્રબળ નિમિત્ત મળે તો આ આત્માનું જલ્દી જલ્દી કલ્યાણ થાય.

પરમાત્માનાં અનુપમ એવા કેવલજ્ઞાન, કેવળદર્શન તથા અવ્યાબાધસુખ અને અક્ષયસ્થિતિ ઈત્યાદિ અનુપમ અને અમાપ ગુણો ભરેલા છે તે ગુણોની સાથે આપણે આપણો આત્મા જોડીએ.

જે મહાત્મામાં ગુણો પ્રગટ થયા છે તે મહાત્માના ગુણોની સાથે આપણે આપણી ચેતના જોડવી.

તેમના ઉપર અતિશય ગુણાનુરાગથી રંગાઈને સેવા ભક્તિ કરવાપૂર્વક બહુમાન અને આદરભાવમાં મગ્નતા વિગેરે ગુણો પ્રાપ્ત કરીને તેમાં અંજાઈને અત્યન્ત એકાકાર બનીએ તથા ચિત્તની સ્થિરતા પણ તેમનામાં જ જોડીએ.

આ પ્રમાણે શ્રી અરનાથ પ્રભુની સાથે ગુણોથી એકાકાર થઈએ. કષાયો અને વિષયોને ત્યજીને પ્રભુજીની વીતરાગતાનું જ પરમ અવલંબન લઈએ તો અલ્પકાળમાં જ ભવસાગર તરી જઈએ. સાધક એવા આપણા આત્માને તો શુદ્ધ દેવતત્ત્વનું આલંબન લેવું એ જ ભવસાગર તરવાનો પરમ ઉપાય પરમ નિમિત્તકારણ છે. ॥ ૧૩ ॥

**મોટાને ઉત્સંગ, બેઠાને સી ચિંતા ।**
**તિમ પ્રભુ ચરણ પસાય, સેવક થયા નિશ્ચિંતા ॥૧૪॥**

**ગાથાર્થ** :- મોટા મહાત્માના ખોળામાં જે બેઠા હોય તેને ચિંતા કેમ હોય ? અર્થાત્ ચિંતા ન જ હોય. તે જ રીતે પરમાત્માના ચરણકમલની સેવા કરનારા સેવકને કોઈ ચિંતા નથી. તે તો સંપૂર્ણપણે નિશ્ચિંત બન્યા છે. ॥ ૧૪ ॥

**વિવેચન** :- શરણાગત એવો જે જીવ મોટા મહાત્માના ખોળામાં જઈને જો બેઠો હોય તો તેને કંઈ ચિંતા હોય જ નહીં. જેના ખોળામાં બેઠા. જેનું શરણ લીધું. તે જ આપણું રક્ષણ કરે તેને જ પોતાના આશ્રિતની જવાબદારી હોય. અથવા પ્રબળપ્રતાપીનું આપણે શરણું લઈએ તો શરણ આપનારા એવા વીતરાગ પરમાત્માને જોઈને જ લુંટ ચલાવનારા મોહ-રાજાના સૈનિકો ધ્રુજવા લાગે. ભયભીત થઈને ભાગી જાય. માટે વીતરાગ પ્રભુની સેવા કરનારો તેમનું શરણ લેનારો સર્વથા નિશ્ચિંત બને છે.

આ પરમાત્મા જ પરમોત્તમ પુરુષ છે. સર્વગુણોના ભોગી છે પોતે નિરાલંબની છે. અનંત ચિન્મય છે. અનંત દાન અનંત લાભ અનંતભોગ, અનંત ઉપભોગ અને અનંતવીર્ય ઇત્યાદિ ગુણમય છે.

તથા વળી આ વીતરાગ પરમાત્મા કર્મવિનાના પરમદેવતત્ત્વ સ્વરૂપ છે પરભાવના અકર્તા, પરભાવના અભોક્તા, પરાનુયાયિતા વિનાના, સર્વગુણસંપન્ન છે. આવા દેવનું જેણે શરણ લીધું છે તેહની સામે મોહરાજાનું જોર શું ચાલે ? અર્થાત્ મોહરાજાનું જોર જરા પણ ન ચાલે.

આવા પ્રકારના વીતરાગના શરણે આવેલા જીવને સંસાર પણ શું કરે ? ન જ ડુબાડી શકે, કર્મરાજાની બીક પણ કેમ હોય ? કર્મ રાજા પોતે જ આવા જીવથી ડરતો હોય દૂર ભાગતો હોય. શ્રી પરમોત્તમ પુરુષ મેં આદર્યો છે. તેમને મેં સ્વામી કર્યા છે. હું તેમનો ભાવથી સેવક બન્યો છું એટલે હવે મારે થોડી પણ ચિંતા નથી. મારો મોક્ષ અવશ્ય અલ્પકાળમાં જ થવાનો છે. મારી બધી ચિંતા પરમાત્માને જ છે શરણે આવેલાને સાચવવા તે મોટાની જવાબદારી છે હું તો સર્વથા નિશ્ચિંત છું. હે પરમાત્મા હું તમારા ખોળામાં જ બેઠો છું હવે મને મોહરાજાની કે કષાયોથી લુટાવાનો ભય રહ્યો નથી. કારણ કે મને સાચવનારા હે પ્રભુ ! તમે છો. ॥ ૧૪ ॥

**અર પ્રભુ પ્રભુતા રંગ, અંતર શક્તિ વિકાસી ।**
**દેવચંદ્રને આણંદ, અક્ષયભોગ વિલાસી ॥૧૫॥**

**ગાથાર્થ :-** જે સાધક આત્મા અરનાથ પરમાત્માના રંગે રંગાયા છે તે આત્મા પોતાની અંદરના ગુણોની શક્તિનો વિકાસ સાધીને, દેવોમાં ચંદ્રમા સમાન પરમાત્માને જે આત્મગુણનો આનંદ છે તે આનંદ તથા ક્યારેય ક્ષય ન પામે તેવો ગુણોના ભોગનો વિલાસ પ્રાપ્ત કરે છે. ॥ ૧૫ ॥

**વિવેચન :-** અઢારમા શ્રી અરનાથ પરમાત્મા પોતે પ્રથમ તત્ત્વોની રૂચિવાળા બન્યા. ત્યારબાદ અનુક્રમે તત્ત્વાભિલાષી બનીને તત્ત્વસાધક, તત્ત્વધ્યાની થવા દ્વારા મૂલભૂત આત્મતત્ત્વ પોતે પ્રગટ કર્યું.

આવા પ્રભુની પ્રભુતા, શુદ્ધ જ્ઞાયકતા, શુદ્ધ રમણતા, શુદ્ધાનુભવતા, અપૌદ્ગલિકતા, અસંગતા, અયોગિતા, સર્વપ્રદેશોમાં નિરાવરણતા, પ્રગટ થયેલી શુદ્ધ સત્તાની ભોગ્યતા, ઈત્યાદિ પરમાત્મામાં વર્તતા અનેક ગુણોના રંગે જે સાધક આત્માઓ રંગાયા છે. તે સાધક આત્મા સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિધર, સર્વવિરતિધર બનીને પોતાના આત્માની અંતરંગશક્તિનો વિકાસ કરીને પોતાના ગુણો પ્રાપ્ત કરવા રૂપે આગળ વધ્યા છે.

આવા સાધક મહાત્માઓ મોહરાજાનો સર્વથા વિનાશ કરીને વિષય કષાયોની આગને સંપૂર્ણપણે બુઝવીને દેવોમાં ચંદ્રમા સમાન ઉજ્જ્વલ ગુણોના આનંદને પ્રાપ્ત કરીને, કે જે ગુણોનો આનંદ કેવો છે ? તો કહે છે કે ગુણોનો જે આનંદ છે તે અવ્યાબાધ છે. શિવ છે. અચલ છે. અરુજ છે. અવિનાશી છે. તેમનું જે અક્ષય સ્વરૂપ છે તેનો જ ઉપભોગ કરતો કરતો આ આત્મા અખંડિત આનંદના ભોગનો વિલાસી થાય છે.

ભાવિમાં ક્યારેય આ ગુણોનો આનંદ લુટાતો નથી. ઓછો થતો નથી. કર્મોથી અવરાતો નથી. સદાકાળ એકસરખો જ આ આનંદ રહે છે. આ રીતે શ્રી અરનાથ પરમાત્માની ભક્તિ, તે જ અમારા માટે પરમ આધાર છે.

શ્રી અરનાથ પરમાત્માની ભક્તિ કરતાં કરતાં સાધકને કોઈ ભય રહેતો નથી. કોઈ શત્રુરાજા કંઈ કરી શકતા નથી.

**॥ અઢારમા શ્રી અરનાથ પરમાત્માના સ્તવનના અર્થ સમાપ્ત થયા ॥**

# ઓગણીસમા શ્રી મલ્લિનાથ પરમાત્માનું સ્તવન

**મલ્લિનાથ જગનાથ, ચરણયુગ ધ્યાઈએ રે, ચરણયુગ ધ્યાઈએ રે।**
**શુદ્ધાતમ પ્રાગભાવ, પરમપદ પાઈએ રે, પરમપદ પાઈએ રે ॥**
**સાધક કારક ષટ્ક, કરે ગુણ સાધના રે, કરે ગુણ સાધના રે ।**
**તેહિજ શુદ્ધ સ્વરૂપ, થાયે નિરાબાધના રે,**
**થાયે નિરાબાધના રે ॥૧॥**

**ગાથાર્થ :-** ઓગણીસમા શ્રી મલ્લિનાથ પરમાત્માનાં ચરણયુગલનું ધ્યાન કરીએ, અને તેના દ્વારા આપણા આત્માનું શુદ્ધ આત્મતત્ત્વ પ્રગટ કરીએ. પરમપદ (મોક્ષપદ) પ્રાપ્ત કરીએ.

સાધક એવો આ આત્મા પોતાનાં છએ કારકોને પોતાના ગુણોની સાધનામાં જ જોડે છે તેનાથી જ આત્માનું શુદ્ધ નિરાબાધ એવું અસલ સ્વરૂપ પ્રાપ્ત કરે છે. ॥ ૧ ॥

**વિશેષાર્થ :-**હવે ઓગણીસમા શ્રી મલ્લિનાથ પરમાત્માની સ્તવના કરતાં ગ્રંથકારશ્રી જણાવે છે કે આ આત્માની કારકશક્તિ પલટવાથી (બદલાવાથી) સિદ્ધતા પ્રગટ થાય છે આત્માની કારકશક્તિ પલટવાનો (બદલાવવાનો) ઉપાય શ્રી અરિહંત પરમાત્માની સેવા છે.

આ આત્માની કારકશક્તિ પલટવા માટે પરમાત્માની સ્તુતિ કરે છે હે મલ્લિનાથ પરમાત્મા ! તમે ત્રણે જગતના નાથ છો. પરમેશ્વરપ્રભુ છો. પરમજ્ઞાની છો. યથાર્થ વીતરાગ દશાવાળા છો. તમે જ જગતના નાથ એટલે કે ત્રણે લોકના સ્વામી છો. મોહરાજાના ભયથી એટલે કે આ આત્માના અંતરંગ શત્રુઓથી મુકાવનારા છો. તમે જ અમારો પરમ ઉપકાર કરનારા છો. તમારો જ અમને આધાર છે.

આ મલ્લિનાથ પરમાત્માનાં ચરણયુગલનું ધ્યાન કરીએ, વારંવાર સ્મૃતિ ગોચર કરીએ, આવા પરમાત્માનું ધ્યાન કરવાથી ધ્યાતા આત્માને શું લાભ થાય ? તે ગ્રંથકારશ્રી જણાવે છે કે શુદ્ધ એવો આ આત્માનો પરમ આત્મભાવ એટલે કે અનંત અનંત ગુણોની નિર્મળતા રૂપ જે પોતાનું શુદ્ધ સ્વરૂપ છે તે પ્રગટ થાય. પ્રાપ્ત થાય. પોતાનો આત્મા નિર્મળતાને પામે.

શુદ્ધ આત્મતત્ત્વ પ્રગટ કરવા માટે છ કારક છે. કોઈ પણ કાર્ય કરવું હોય ત્યાં આ છ કારકની કારણતા અવશ્ય હોય જ છે. આ ષટ્કારકચક્ર વિના કોઈ પણ કાર્યની સિદ્ધિ થાય નહીં. સર્વત્ર આ કારકષટ્ક હોવાં જ જોઈએ તો જ કાર્ય થાય.

જેમકે એક કુંભાર ઘટ બનાવે છે. ત્યાં (૧) કુંભાર એ કર્તાકારક છે. (૨) ઘટ એ કર્મકારક છે. (૩) માટીનો પિંડ તથા દંડાદિક સાધનસામગ્રી તે કરણકારક છે. (૪) માટીના પિંડને નવો નવો પર્યાય આપવો. નવા નવા પર્યાયની પ્રાપ્તિ થવી તે સંપ્રદાનકારક, (૫) મૃત્પિંડ સ્થાસ આદિ જુના પર્યાયનો વ્યય થવો તે અપાદાનકારક. (૬) ઘટાદિ પ્રગટ થતા નવા નવા પર્યાયનું આધારપણું તે આધારકારકતા. આ પ્રમાણે ઘટાત્મક કાર્યમાં છ કારકતા છે.

આ જ પ્રમાણે આત્માને અનાદિકાળથી મોહના ઉદયની તીવ્રતા હોવાથી આ જ છએ કારક બાધકભાવમાં જ પરિણામ પામ્યા છે. તે છએ કારચક્ર બાધકભાવમાં આ પ્રમાણે વર્ત્યાં છે.

(૧) આ આત્મા મોહના ઉદયને આધીન થયો છતો જ્ઞાનાવરણીય આદિ દ્રવ્યકર્મનો તથા રાગ-દ્વેષ આદિ ભાવકર્મનો જ લગભગ કર્તા બન્યો છે. પરંતુ ક્ષયોપશમભાવના કે ક્ષાયિકભાવના ગુણોનો કર્તા બન્યો નથી. સ્વસ્વરૂપનો કર્તા બન્યો નથી.પણ વૈભાવિક સ્વરૂપનો જ કર્તા બન્યો છે. એટલે કર્તાપણું છે. પરંતુ વૈભાવિક છે.

(૨) સમયે સમયે રાગ-દ્વેષ આદિ ભાવકર્મ અને તેના દ્વારા જ્ઞાનાવરણીય આદિ દ્રવ્યકર્મોનો બંધ જ કરે છે. આ કર્મકારક થયું.

(૩) અશુદ્ધ વિભાવ પરિણામ સ્વરૂપ ભાવઆશ્રવ તથા અઢાર પાપસ્થાનકનું સેવન કરવા સ્વરૂપ દ્રવ્ય આશ્રય આ બન્ને કારણોથી આ જીવ પ્રતિસમયે કર્મ બાંધે છે. પોતે તેમાં બંધાય છે. આ ત્રીજું કરણકારક થયું.

(૪) આ આત્માને અશુદ્ધ પરિણતિનો લાભ થયો. તથા દ્રવ્યકર્મોના બંધનો લાભ થયો તે સંપ્રદાનકારક.

(૫) આત્માના સ્વરૂપની હાનિ થવી. ક્ષયોપશમભાવ ઘટવો. ઔદયિક ભાવ વધવો. તથા પરદ્રવ્યપ્રત્યેની અનુયાયિતા. તે અપાદાનકારક.

(૬) અનંતી અનંતી વિભાવદશા. તથા જ્ઞાનાવરણીયાદિ આઠ પ્રકારનાં કર્મો બાંધવાના આધાર રૂપ આત્માની જે વૈભાવિક પરિણામ સ્વરૂપ શક્તિ તે આધારકારક જાણવું.

આ પ્રમાણે અનાદિકાળથી આ આત્મામાં આ બાધક એવું કારકચક્ર અશુદ્ધપણે પરિણામ પામી રહ્યું છે. તેમાંથી ભવિતવ્યતાના યોગે પોતાનો કાળ પાકે ત્યારે સાધક એવો આ આત્મા પોતાનો સ્વધર્મ (આત્મધર્મ) પ્રગટ કરવાપણે જ્યારે પરિણામ પામે છે ત્યારે આ છએ કારક બાધકતાને બદલે સાધકતારૂપે પરિણામ પામ્યા છતા આ આત્માનું ઈષ્ટકાર્ય સિદ્ધ થાય. શુદ્ધસ્વરૂપ પ્રગટે.

આવા પ્રકારનું સ્વરૂપપારિણામિકતા સ્વરૂપ સ્વકાર્યનું કારણપણું કયા જીવને પરિણામ પામે ? તો કહે છે કે જે નિરાબાધ અનંતગુણોના સ્વામી એવા સિદ્ધ પરમાત્મા છે. તેમનાં છ કારક શુદ્ધપણે પ્રવર્તે છે અને જે સંસારી મોહાધીન જીવ છે તેનાં છએ કારક બાધકભાવમાં

પરિણામ પામે છે. પરંતુ જે સમ્યગ્દૃષ્ટિ જીવ છે તે સમ્યક્ત્વ ગુણસ્થાનકથી અયોગિ ગુણસ્થાનક સુધી અધિક અધિક સાધકદશાપણે પરિણામ પમાડે છે. તેમ કરતાં કરતાં આગળ સિદ્ધ ભગવંતના શુદ્ધસ્વરૂપ રૂપે પરિણામ પામે છે. કર્તા એવા આત્માનામના દ્રવ્યની આ પરિણતિ છે કારણકે આત્મા પરિણામી દ્રવ્ય છે.

આ પ્રમાણે સાધકપણે જો છ કારક પરિણમ્યા હોય તો સિદ્ધતા નામનું કાર્ય થાય. અને બાધકપણે જો છ કારક પરિણમ્યાં હોય તો આ જીવ વધારે વધારે કર્મોથી બંધાય. તે માટે નિરાબાધ નિરાવરણ અવ્યાબાધ સુખ આદિ જે આત્મિક શુદ્ધ ગુણો છે તેહનો કર્તા પણ પારિણામિકભાવે જ્યારે આ જીવ શુદ્ધપણે પરિણામ પામે. ત્યારે સ્વશુદ્ધસ્વરૂપના કર્તાપણે પરિણામ પામે.

જ્યારે બાધકભાવમાં છ કારક પ્રવર્તાવે ત્યારે આ જીવ બાધકભાવમાં વર્તે છે. અને સાધકભાવમાં છકારક પ્રવર્તાવે ત્યારે આ જીવ સાધકભાવમાં વર્તે છે આમ સાધક એવાં છ કારકમાં જ્યારે આ આત્મા જોડાય છે ત્યારે ગુણોની સાધના કરે છે આમ ગુણોની સાધના કરતાં કરતાં ગુણોની વૃદ્ધિ થતાં થતાં નિરાબાધ એવું આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થાય છે આત્મતત્ત્વના વિકાસનો આ જ સાચો માર્ગ છે તેને જ વળગીને આ આત્મા સાધ્યની સિદ્ધિના માર્ગે આગળ ચાલે.॥૧॥

**કર્તા આતમદ્રવ્ય, કાર્ય નિજ સિદ્ધતા રે, કાર્ય નિજ સિદ્ધતા રે॥**
**ઉપાદાન પરિણામ, પ્રયુક્ત તે કરણતા રે, પ્રયુક્ત તે કરણતા રે॥**
**આતમ સંપદ્ દાન, તેહ સંપ્રદાનતા રે, તેહ સંપ્રદાનતા રે ॥**
**દાતા પાત્રને દેય, ત્રિભાવ અભેદતા રે, ત્રિભાવ અભેદતા રે ॥૨॥**

**ગાથાર્થ :-** આત્મદ્રવ્ય તે કર્તાકારક છે. પોતાની સિદ્ધદશા પ્રાપ્ત કરવી તે કર્મકારક છે. આત્માનું સ્વગુણોમાં જે પરિણન પામવા પણું

તે કરણકારક. આત્માના પોતાના ગુણોની સંપત્તિનું આત્માને જે દાન કરવું અર્થાત પ્રગટ કરવું તે સંપ્રદાનકારક, દાતા એવો આત્મા, લેનાર પાત્ર પણ આત્મા, અને દેય એટલે આપવા લાયક ગુણસંપત્તિ પણ આત્મા, આમ આ ત્રણે ભાવોની અભેદપરિણતિ તે પણ સંપ્રદાનકારક જાણવું. ॥૨॥

**વિવેચન :-** આત્મ ગુણોની સાધનામાં છએ કારક આત્મામાં ઘટે છે. તે વાત આ ગાથામાં સમજાવે છે ત્યાં પ્રથમ કારક કર્તાકારક છે.

(૧) આત્મા નામનું દ્રવ્ય જ પોતાની શુદ્ધતા પ્રગટાવવા રૂપ કાર્ય કરવામાં પરિણામ પામ્યું. પોતામાં રહેલું આત્મસ્વરૂપ પ્રગટ કરવાનું કામ આ આત્માએ જ આરંભ્યું છે આત્મા સ્વતંત્ર તત્ત્વ છે. તેથી તે કર્તાકારક થયું.

(૨) આ આત્માએ ઘણો પુરુષાર્થ કરીને પણ મેળવવા લાયક જે સિદ્ધસ્વરૂપ છે તે પોતાનામાં જ સત્તાગત રીતે છે. તેને જ પ્રગટ કરવાનું છે. તેના ઉપરનાં કર્મરૂપી આવરણો દૂર કરીને પોતાનું જ સ્વરૂપ પોતે પ્રાપ્ત કરવાનું છે તે માટે "સિદ્ધદશા" એ કર્મકારક જાણવું.

(૩) ઉપાદાનપરિણામ : ઉપાદાન કારણભૂત એવા આ આત્માના જે જે ગુણો છે તે ગુણોમાં પરિણામ પામવાપણું, સમ્યગ્જ્ઞાન સમ્યગ્દર્શન સમ્યક્ચારિત્ર રૂપ રત્નત્રયીનો જે પરિણામ, તત્ત્વનો નિર્ધાર, તત્ત્વની જે પ્રબળ રૂચિ, તત્ત્વોનું જે સમ્યગ્જ્ઞાન, તત્ત્વોમાં જે રમણતા તથા અહિંસકતા એટલે કે કર્મબંધના હેતુભૂત હિંસાદિમાં અપરિણનરૂપ, તત્ત્વસ્વરૂપનું યથાર્થભાસન, પરભાવદશાનું અગ્રહણ કરવું. પરભાવ-દશાનું અભોક્તૃત્વ, સ્વસ્વરૂપગ્રહણતા, સ્વસ્વરૂપભોક્તૃત્વ, પરભાવનું અરક્ષણપણું સ્વસ્વરૂપની સાથે એકતા રૂપ તત્ત્વારાધનતા, ચેતનાસ્વરૂપ કાર્યની પ્રગટતાના અનુયાયીપણે વીર્યપ્રવર્તન આ સઘળુંય ઉપાદાન કારણ કહેવાય છે.

તથા દ્રવ્યયોગ સાધવા સ્વરૂપ અરિહંત પરમાત્મા આદિનું આલંબન લેવું. તથા યથાર્થ આગમશ્રવણ કરવું. યથાયોગ્ય સદ્‌ગુરુની ઉપાસના કરવી તે નિમિત્તકારણ જાણવું. આત્મકલ્યાણની પ્રાપ્તિ કરવા રૂપ કાર્ય કરવા પણે આ આત્માનો ઉપયોગ કરવો. આત્માને તે કાર્યમાં જોડવો તે ઉત્કૃષ્ટ કારણ છે તેથી તેને કરણકારક કહેવાય છે. આત્મતત્ત્વની સિદ્ધિ કરવા રૂપ કાર્ય કરવામાં ઉત્કૃષ્ટ કારણ આત્મશક્તિ તથા સ્વરૂપાનુયાયી વીર્યપ્રવર્તન, તથા શુદ્ધ દેવ ગુરુ અને ધર્મનું શરણ આ સઘળાં કરણ નામનાં કારક જાણવાં.

(૪) આત્માની જે ગુણસંપદા છે અનંતજ્ઞાનપર્યાય, અનંતદર્શ-પર્યાય, અનંતચારિત્રપર્યાય, તે ગુણોની સંપત્તિનું આત્માને દાન કરવું. એટલે કે આત્મામાં ઢંકાયેલા જે ગુણો છે. તેને પ્રગટ કરવા અને પ્રગટ કરીને તે આ આત્માને જ આપવાના. કારણ કે ગુણો તો ગુણીમાં જ રહે, બહાર ન રહે માટે આત્માને ગુણોનું જે દાન કરવું તેથી આ આત્મા જ સંપ્રદાનકારક કહેવાય છે.

આ વિષયમાં દાતા આત્મા જ છે તથા પાત્ર એટલે દાન લેનાર પણ આત્મા જ છે. તથા દેય એટલે આપવા યોગ્ય પણ આત્મસ્વરૂપ તે પણ આત્મા જ છે. આમ દાતા પાત્રતા અને દેય આ ત્રણે તત્ત્વોની અભેદતા છે.

સારાંશ કે ગુણોનું પ્રગટ કરવું તે દેય, તથા દાતા એવો આત્મા જ દેય એવા ગુણોને પ્રગટ કરે છે અને ગુણોને પ્રગટ કરીને પાત્ર એવા આ આત્માને જ તે ગુણો આપે છે આમ દાતાપણું ગ્રાહકપણું અને દેયપણું આ ત્રણેનો અભેદ છે અને તે આત્મા જ છે. ॥ ૨ ॥

**સ્વપર વિવેચન કરણ, તેહ અપાદાનથી રે, તેહ અપાદાનથી રે ॥**
**સકલ પર્યાય આધાર, સંબંધ આસ્થાનથી રે, સંબંધ આસ્થાનથી રે**

**બાધક કારક ભાવ, અનાદિ નિવારવો રે, અનાદિ નિવારવો રે ॥**
**સાધકતા અવલંબી, તેહ સમારવો રે, તેહ સમારવો રે ॥ ૩ ॥**

**ગાથાર્થ :-** સ્વ અને પરનો વિવેક કરવો તે અપાદાનકારક જાણવું. સર્વ એવા પોતાના પર્યાયોનું આધારપણું અર્થાત્ આસ્થાન એટલે કે આધાર કારકતા રૂપે જે સંબંધ તે આધારકારક સમજવું. આ આત્મામાં અનાદિકાળથી ઘર કરીને રહેલા એવા જે જે બાધક એવા કારકભાવો છે તેનું નિવારણ કરવું. તેનાથી આ આત્માને છુટો પાડવો તથા આત્મતત્ત્વના સાધક એવા જે કારકભાવો છે. તેનું અવલંબન લઈને કારકચક્રને સમારવું એટલે સુધારવું. જે કારકચક્ર બાધકભાવમાં પ્રવર્તે છે તેને સાધકભાવમાં જોડવું. ॥ ૩ ॥

**વિવેચન :-** આ ગાથામાં હવે અપાદાન કારકતા સમજાવે છે. આ આત્મામાં જે ધર્મો સમવાયસંબંધથી (એટલે કે તાદાત્મ્યસંબંધથી) અભેદભાવે વર્તે છે. તેને સ્વધર્મ કહેવાય છે. અને તેનાથી વિપરીત એવા જે ભાવો પરપદાર્થના નિમિત્તે થયેલા ભાવો મોહ-વિકાર-વાસના ઈત્યાદિ જે ભાવો છે. અર્થાત્ જે અશુદ્ધ પરિણતિ છે. તે પરભાવ કહેવાય અથવા વિભાવસ્વભાવ કહેવાય છે.

સ્વભાવ અને પરભાવ (વિભાવ સ્વભાવો) આ બન્નેનું વિવેચન કરવું. અહીં વિવેચન કરવું એટલે ભેદ કરવો બન્ને સ્વભાવોને ભિન્ન ભિન્ન રીતે જાણવા. જાણીને અશુદ્ધભાવોનો એટલે વિભાવસ્વભાવોનો ત્યાગ કરવો. અને શુદ્ધ ભાવોનો સ્વસ્વભાવોનો સ્વીકાર કરવો અર્થાત્ અશુદ્ધતાનો ત્યાગ કરવો, દોષોને દૂર કરવા, આત્માને દોષોથી બચાવવો આમ દોષોથી આત્માનું જે વિભાજન કરવું તે અપાદાન કારકતા જાણવી.

સારાંશ કે અનાદિ કાળથી આ સંસારનું કર્તાપણું અને ભોક્તાપણું જે છે તે અશુદ્ધ ભાવોનો ત્યાગ કરીને આત્મસ્વરૂપનું જે કર્તાપણું છે

તથા આત્મસ્વરૂપનું ભોક્તાપણું જે છે તેને જ પ્રગટ કરવું તેમાં જ રંગાયેલું રહેવું તે સર્વ અપાદાનકારકતા જાણવી.

તથા આત્મામાં પ્રગટ થતા સમસ્ત જે પર્યાયો છે. તે સર્વ પર્યાયોનો આધાર આ આત્મદ્રવ્ય જ છે. આ આત્માને પોતાના પર્યાયોની સાથે સ્વસ્વામિત્વસંબંધ છે. આધાર-આધેય સંબંધ છે. આમ આ સર્વ પર્યાયોનો આત્મા આસ્થાન (આધાર) હોવાથી આધારકારકતા થઈ.

આમ છએ કારકની યોજના કરવાથી આ આત્મામાં અનાદિ-કાળથી જે જે બાધક ભાવો ઘર કરીને રહેલા છે તે બાધક ભાવોની કારકતાનું નિવારણ કરવું અને સાધકભાવોની કારકતાનું અવલંબન લઈને કારકચક્રને સમારવું (સુધારવું).

સારાંશ એ છે કે અનાદિકાળથી આ જીવ મોહના ઉદયની પરવશતાને પામેલો છે. મિથ્યાત્વ અવિરતિ કષાય અને વિકારીભાવ વિગેરે બાધકભાવોથી સંકલાયેલો છે. તેને સુધારીને બાધકભાવો વાળા કારક ચક્રનું નિવારણ કરીને સાધકતા સિદ્ધ થાય તેવા સાધકભાવોના કારકચક્રનું આલંબન લેવું. આવો સુધારો કરવો તે જ આ આત્મા માટે ઉપકારક તત્ત્વ છે.

મિથ્યાત્વાદિ દોષોની પરવશતાના કારણે અશુદ્ધસાધ્યાનુગત અશુદ્ધ કર્તાપણું હતું. તેના કારણે છએ કારકચક્ર અશુદ્ધભાવોમાં એટલે કે બાધકભાવોમાં જોડાયેલા હતા. તે ભાવોને અટકાવીને સાધકભાવોની સાથે કારકષટ્કનું યુંજન કરવું. આવો સુધારો કરવો. અનાદિકાળથી ચાલી આવતી આ ભૂલને સુધારવી.

જ્યાં સુધી આ આત્મા પરભાવ દશાનો કારક છે ત્યાં સુધી કોઈ પણ રીતે સાધકતા આવતી નથી. જ્યાં સુધી કર્તા એવો આ આત્મા

અશુદ્ધ કાર્યાનુયાયી વીર્યવાળો છે. તેના જ કારણે જ્યાં સુધી બાધક કારકચક્રમાં વર્તનારો થાય છે. ત્યાં સુધી શુદ્ધસાધકતાનો અંશ પણ ઉત્પન્ન થતો નથી.

શ્રી પૂજ્યપુરુષોએ શાસ્ત્રોમાં કહ્યું છે કે "જ્યાં સુધી આ આત્મા તત્ત્વકર્તા પણે પરિણામ પામતો નથી. પરંતુ મોહદશાની પરાધીનતામાં જ વર્તે છે અને બાધકભાવોના કારકચક્રમાં પ્રવર્તે છે ત્યાં સુધી સર્વ પણ શુભપ્રવર્તન બાલચેષ્ટા તુલ્ય સમજવું. પુણ્યબંધ કરાવે છે પરંતુ સંવર - નિર્જરા કરાવતું નથી. તેનાથી મુક્તિ પ્રાપ્તિ થતી નથી.

આ કારણે તત્ત્વજ્ઞ બનીને બાધકભાવમાં પ્રવર્તતા કારકચક્રને ત્યાંથી નિવારીને સાધકભાવોમાં તે કારકચક્રને પ્રવર્તાવવારૂપે સુધારો કરવો કારકચક્રને સ્વરૂપાનુયાયી કરવું. તથા પોતાના આત્માને આ રીતે સમજાવવા પ્રયત્ન કરવો :-

હે આત્મા ! તું પરભાવનો કર્તા કે ભોક્તા કે ગ્રાહક નથી. પરભાવોમાં જોડાવું તે તારૂ સ્વરૂપ નથી. હે આત્મા ! તું તો પોતાના ક્ષાયિકભાવના શુદ્ધસ્વરૂપનો ભોગી છો. તથા તેમાં જ વિલાસ કરનારો છો. પૂર્ણાનંદમય શુદ્ધ વિલાસીસ્વરૂપવાળો તું છે. આવું ઉત્તમદ્રવ્ય તું છે, છતાં જે પરભાવનો રસિક બનીને પરભાવનો ભોગી થાય છે તે તને શોભતું નથી. હે આત્મા ! તારૂ તો કાર્ય પારિણામિકભાવે આત્મામાં રહેલા પોતાના જ અનંત ગુણોના સ્વરૂપનું કર્તાપણું અને અનંત સ્વરૂપનું ભોક્તાપણું છે. તેમાં જ તું પોતાનો નિર્મળ આણંદ માણનાર છે.અને આવી અશુદ્ધ દશામાં ક્યાં જોડાયો છે ?

તેથી હે ચેતન ! જિનવાણીના શ્રવણરૂપ યથાર્થ અમૃતનું પાન કરીને અનાદિકાલીન વિભાવદશા રૂપી વિષને વારીને જે પોતાનું સ્વરૂપ છે. તેને બરાબર ઓળખીને સ્વ-પરનો ભેદ કરીને પરભાવદશા ત્યજીને જે પોતાના જ સ્વાભાવિક ગુણો છે તેનો જ અનુભવ કરવા સ્વરૂપ

સહજાનંદપણું જે છે તેને જ પ્રગટ કર. તેમાં જ વર્તવાનો પ્રયત્ન કર.

સ્વ-પરનો વિવેચન (ભેદ) કરનારો બનીને પોતાના ગુણોના સહજાનંદનો અનુભવ કરનારો થા, આ જ તારૂં કાર્ય છે. તું પોતાના ગુણોના આનંદનો ભોક્તા બનવાનું ઉપાદાન કારણ છો. આ કાર્ય કરવા તું શક્તિમંત છો. તું તાહરા સર્વ પ્રદેશોમાં તારી ગુણસંપદાને પ્રગટ કરીને તારા જ આત્મપ્રદેશોને તે ગુણસંપદા આપવાવાળું સંપ્રદાન કારક છો.

તે માટે હે ચેતન ! અનાદિકાળથી પ્રાપ્ત થયેલા આ અશુદ્ધ પરિણમનનો તું ત્યાગ કર. અને તારી સત્તાનો આધાર પણ તું જ છો. માટે તું તારા જ તત્ત્વને સ્વીકારનાર થા. તાહરૂ તત્ત્વ તું જ પ્રગટ કરી શકીશ. તારૂં તત્ત્વ તારામાં જ છે.

આ પ્રમાણે પોતે જ પોતાના આત્માને સમજાવીને પોતાના આત્માના શુદ્ધસ્વરૂપને પ્રગટ કરવા માટે સાધકપણું આદરે તે આદરતાં કારકચક્ર દ્વારા પોતાના ભાવોને સ્મૃતિગોચર કરે. કારકચક્રને સંભાલવાથી અનુક્રમે આત્માનું સ્વકાર્ય પ્રગટ થાય. ત્યાર પછી આ જ આત્મા સિદ્ધિપદને પ્રાપ્ત કરે તે માટે આ જ સાચો સાધનાનો માર્ગ છે. સાધન શુદ્ધ હોતે છતે સાધ્યની સિદ્ધિ અવશ્ય થાય જ છે. ॥૩॥

**શુદ્ધપણે પર્યાય, પ્રવર્તન કાર્ય મેં રે, પ્રવર્તન કાર્યમેં રે ॥**
**કર્તાદિક પરિણામ, તે આતમ ધર્મમેં રે, તે આતમ ધર્મમેં રે॥**
**ચેતન ચેતનભાવ, કરે સમવેતમેં રે, કરે સમવેતમેં રે ॥**
**સાદિ અનંતો કાળ, રહે નિજ ખેતમેરે, રહે નિજ ખેતમેરે ॥૪॥**

ગાથાર્થ :- કર્મરહિત સર્વથા શુદ્ધપણાના પર્યાયમાં જ સદાપ્રવર્તન કરવાપણાના કાર્યમાં જ પ્રવર્તવું.તે પર્યાયનો આ આત્મા કર્તા છે એટલે કે આત્માના ક્ષાયિકભાવના શુદ્ધગુણોનો જ આ આત્મા કર્તા છે. ચેતન

એવો આ આત્મા પોતાની શુદ્ધ ચેતના આદિ પર્યાયોમાં જ સમવાય-સંબંધથી વર્તે છે અને મોક્ષે જાય ત્યારે સાદિ અને ત્યાં અનંતકાલ તે ભાવમાં રહે. આ રીતે સાદિ અનંતકાળ સુધી આ જીવ પોતાના ક્ષેત્રમાં (એટલે કે પોતાના આત્મધર્મમાં) જ, પ્રવર્તનશીલ થઈને રહે છે. ॥૪॥

**વિવેચન :-** સર્વથા શુદ્ધપણે નિષ્પન્ન થયેલો આ આત્મા જ્ઞાન દર્શન ચારિત્રાદિક સ્વપર્યાયોમાં પ્રવર્તવા રૂપ કાર્ય કરે. સમયે સમયે પૂર્વ પર્યાયનો વ્યય અને ઉત્તરપર્યાયરૂપે ઉત્પાદ અને દ્રવ્યપણે ધ્રુવ આ રીતે ત્રિપદીમય જે કાર્ય છે. તે કાર્યના કર્તાપણે સદા પરિણામ પામે આ પ્રથમ કર્તાકારક થયું.

પ્રતિસમયે આત્મગુણોમાં જ પરિમન પામવું તે તેનું કાર્ય છે આ કર્મકારક બીજુ કારક જાણવું. આત્માના જે ગુણો જ્ઞાન દર્શનાદિક, તેની જ કરણતામાં પ્રવર્તે આ ત્રીજુ કારક હોય. શુદ્ધ એવા આ આત્માને શુદ્ધ એવા કર્મરહિત ક્ષાયિકભાવના ગુણોનું પ્રતિસમયે દાન કરવું તે ચોથું સંપ્રદાનકારક. પરભાવપરિણતિનો સર્વથા ત્યાગ કરવો તે પરિણતિથી અતિશય દૂર જ રહેવું આ પાંચમું અપાદાનકારક. પોતામાં અનંત શુદ્ધ ક્ષાયિકભાવના ગુણોનું ધારણ કરવુ. તેનો જ આધાર બનવું પરંતુ ક્યારેય વિભાવપરિણતિનો આધાર ન બનવું તે આધારકારકતા.

આ છએ કારકચક્રમાં સદાકાળ પ્રતિસમયે પ્રવર્તન કરવું. તે સિદ્ધ અવસ્થામાં પણ સદાકાળ સ્વાધીનપણે આ આત્મા કરી રહ્યો છે ક્યારેય સ્વગુણોની ત્રિપદી વિનાનો આ આત્મા રહેતો નથી. આ રીતે શુદ્ધ ક્ષાયિકભાવના સ્વપર્યાયનું પ્રવર્તન છે તેનો આ જીવ કર્તા છે.

આ આત્મા મૂલપણે આત્મધર્મનો જ (ક્ષાયિકભાવના સ્વગુણોનો જ) કર્તા છે. ક્યાંય જરા પણ વિભાવપરિણતિનું કર્તૃત્વ નથી. આ

આત્મા પોતે ચેતન છે જડ નથી. તેથી સમયે સમયે નવા નવા પર્યાયવાળા ચૈતન્યભાવમાં જ સમવાયસંબંધથી પ્રવર્તે છે.

મોક્ષે ગયેલો આ આત્મા સર્વથા પરભાવદશાથી પર થઈને સાદિ-અનંતકાળ સુધી પોતાના ક્ષેત્રમાં જ પ્રવર્તે છે એટલે કે પોતાના શુદ્ધ સ્વાભાવિક ગુણ-પર્યાય રૂપ ક્ષેત્રમાં જ પ્રવર્તે છે. ક્યારેય પણ પરભાવદશાના ક્ષેત્રમાં પરિણામ પામતા નથી. તેના કારણે ક્યારેય ફરીથી કર્મ બાંધતા નથી. પોતાના પ્રગટ થયેલા અનંતગુણો ફરીથી ક્યારેય અવરાતા નથી.

એકવાર જે શુદ્ધદશા પ્રાપ્ત થઈ તે સદાકાળ તેવો જ આ આત્મા રહે છે. તે શુદ્ધ આત્મસ્વરૂપ કેવું હશે ? " જે માણે તે જ જાણે એવો ન્યાય છે." ચક્ષુથી દેખાય કે ક્ષયોપશમભાવના આપણા મતિ શ્રુત જ્ઞાનથી જાણી શકાય તેવું આ સ્વરૂપ નથી. અમાપ અને અનંતકાળ સુધી રહેવાવાળું આ સ્વરૂપ છે. ॥ ૪ ॥

**પરકર્તૃત્વ સ્વભાવ, કરે ત્યાં લગે રે, કરે ત્યાં લગે રે ॥**
**શુદ્ધકાર્ય રૂચિ ભાસ, થયે નવિ આદરે રે, થયે નવિ આદરે રે ॥**
**શુદ્ધ આત્મ નિજ કાર્ય, રૂચે કારક ફિરે રે, રૂચે કારક ફિરે રે ॥**
**તેહિ જ મૂલ સ્વભાવ, ગ્રહે નિજ પદ પરે રે, ગ્રહે નિજ પદ પરે રે ॥૫॥**

ગાથાર્થ :- જ્યાં સુધી આ આત્મા પરભાવના કર્તૃત્વના સ્વભાવવાળો થઈને રહ્યો છે ત્યાં સુધી તેને પરનું કર્તાપણું રહે છે. પરંતુ જ્યારે શુદ્ધ ક્ષાયિક ભાવના આત્મગુણોનું કર્તૃત્વ કરવાની રૂચિ જાગે છે ત્યારથી તે પરભાવને આદરતો નથી. તેના કારણે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન ઈત્યાદિ જે ગુણો મુક્તિનું જ કારણ છે તેની રૂચિ જાગૃત થવાથી બાધક કારકચક્રી એવો આ આત્મા બાધકભાવમાંથી

પલટીને સાધક કારકચક્રમાં જોડાય છે ત્યારથી આ કારકચક્ર સ્વગુણોની પ્રગટતા રૂપ સ્વકાર્ય કરે છે. તેના કારણે સ્વસ્વરૂપમાં પરિણમન કરવા રૂપ આત્માનો જે મૂલ સ્વભાવ છે તેને જ ગ્રહણ કરે છે અને તેના દ્વારા આ આત્મા પોતે જ પરમાત્મા બને છે ।। ૫ ।।

**વિશેષાર્થ :-** પરભાવનું કર્તૃત્વ એટલે પર એવા પુદ્ગલદ્રવ્યનો મોહ હોવાથી તેની જ સાર-સંભાળનું કાર્ય આ જીવ જ્યાં સુધી કરે છે ત્યાં સુધી ભાવકર્મ-દ્રવ્યકર્મ અને નોકર્મનું કર્તાપણું અવશ્ય પ્રવર્તે છે.

આ રીતે પરભાવનું કર્તાપણું અનાદિકાળથી જ આ જીવમાં પ્રવર્તે છે તેના કારણે પરદ્રવ્યનો રાગી, પરદ્રવ્યનો ભોગી, પરદ્રવ્યની મરામતમાં જ અંજાયેલો રહે છે.

પરંતુ જ્યારથી શુદ્ધ નિર્મળ નિરાવરણ સ્વગુણો પ્રગટ કરવા રૂપ કાર્ય કરવાની રૂચિવાળો થાય છે. અર્થાત સમ્યગદર્શની થાય છે. ત્યારથી પરનું કર્તાપણું સેવે નહીં. પર દ્રવ્યના વ્યવહારમાં ઉદાસીન બની જાય. શરીર છે ત્યાં સુધી પરદ્રવ્યનો સંબંધ છે પરંતુ તેમાં પોતાની ઈચ્છાથી જોડાયેલો રહેતો નથી.પરમાં અલિપ્ત દશાવાળો થાય છે.

શુદ્ધ એવું જે આત્મસ્વરૂપ એટલેકે આત્માના જે ગુણો તેમાં જ પરમાનંદ પણે પ્રવર્તન કરે છે તેમાં જ પરમાનંદ સમજે છે તે જ કારકચક્રનું પરિવર્તન કરવામાં કારણ બને છે. સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન આવવાથી જ આ જીવનું કારકચક્ર બદલાઈ જાય છે તે જ મુક્તિનું મૂલકારણ બને છે.

શુદ્ધાત્માનો અનંતજ્ઞાનગુણ, અનંતદર્શનગુણ, અવ્યાબાધ સુખમયી વૃત્તિગુણ, અરૂપીપણાનો ગુણ, સહજ આનંદ સ્વરૂપ આત્મધર્મ જે સત્તાગત છે તેને પ્રગટ કરવાનો ગુણ, સર્વથા પરભાવથી વ્યતિરેકી થવા પણાનો ગુણ, અરાગી, અદ્વેષી, અસંગી અયોગી અલેશી,

અકષાયી અસહાયી એવું શુદ્ધ આનંદમય સ્વકાર્ય છે. તે કરવાની રૂચિ થયે છતે કારકચક્ર બદલાઈ જાય છે.

જ્યાં સુધી પર એવા પુદ્ગલદ્રવ્યના સુખની રૂચિ છે ત્યાં સુધી જ આ જીવ પરનો કર્તા છે. ઘર સાચવે. શરીર સાચવે ઘરની શરીરની શોભા કરે, કપડાંનો શોખ, વાળનો શોખ. સારૂં સારૂં ખાવાનો શોખ. ઠંડાં પીણાં પીવાનો શોખ આ સર્વ પરભાવદશાનું જ કર્તૃત્વ છે તેમાં જ મોહાન્ધ થયેલો આ જીવ તેની સાનુકુળતામાં રાગી અને તેની પ્રતિકુળતામાં દ્વેષી થઈને જ નવાં-નવાં કર્મો બાંધે છે.

પોતાના આત્મામાં રહેલું સર્વ કારકચક્ર પૌદ્ગલિક સુખના અનુભવમાં જ આ જીવ જોડે છે. પોતાનો કાળ પાકવાથી એટલેકે ભવિતવ્યતા પાકવાથી આ કારકચક્રનો પલટો થાય છે. ભેદજ્ઞાન કરવા દ્વારા પરભાવદશાનું વિભંજન કરીને સર્વ કારકચક્રને સ્વસ્વરૂપની રમણતામાં જોડે છે.

આત્મધર્મમાં જ રહેવાનું અને રમવાનું આ જીવ પસંદ કરે છે તેમાં જ પોતાના આત્માનું હિત-કલ્યાણ સમજે છે. તે કાળે આત્મિક ધર્મની એટલે પોતાના શુદ્ધ ગુણોના સુખની જ રૂચિ ઉત્પન્ન થાય છે તેના કારણે ગુણોને જ પ્રગટ કરવાનું કાર્ય કરે છે. પૌદ્ગલિકભાવોના સુખ અને દુ:ખને ગૌણ કરે છે.

પોતાનું સર્વકારકચક્ર વિભાવદશામાં જે પ્રવર્તતું હતું. તે બદલીને સ્વભાવદશામાં જોડે છે. તેનાથી તે અવસરે પોતાનો અચલ, અખંડ, અવિનાશી, નિ:પ્રયાસી સ્વસ્વરૂપપરમણતા રૂપ મૂલસ્વભાવભૂત જે ધર્મ છે. તેને જ ગ્રહણ કરે છે. તેમાં જ પ્રવર્તે છે.

આ પ્રમાણે પોતાના શુદ્ધ ગુણોના કાર્યની રૂચિ થયે છતે સર્વ કારકચક્ર બદલાઈ જાય છે આવી પરાવૃત્તિને જ સમ્યગદર્શન કહેવાય

છે. હવેથી પોતાના આત્માનું પરમાત્મપણું જ પૂર્ણપણે બ્રહ્મસ્વરૂપ અને પૂર્ણ આનંદકારી પદ છે. તે જ દેખાયા કરે છે અને આ આત્મા ધીમે ધીમે તે તરફ વળ્યો છતો સ્વાભાવિક સુખસંપદા પામે છે. પોતાના જ અનંત ગુણોને પ્રગટ કરનારો બને છે.

સર્વથા કૃતકૃત્ય થઈને અક્રિય, અકંપ, અનંતચિદ્દશક્તિમય, અરૂપી, અવ્યાબાધસુખે સુખી, આ જ આત્મા થાય છે. ॥ ૫ ॥

**કારણ કારજ રૂપ, અછે કારક દશા રે, અછે કારક દશા રે ॥**
**વસ્તુ પ્રગટ પર્યાય, એહ મનમાં વસ્યારે, એહમનમાં વસ્યારે ॥**
**પણ શુદ્ધસ્વરૂપ ધ્યાન, ચેતનતા ગ્રહે રે, ચેતનતા ગ્રહે રે ॥**
**તવ નિજ સાધકભાવ, સકલ કારક લહેરે, સકલ કારક લહેરે ॥૬॥**

**ગાથાર્થ :-** આત્મામાં જે છ કારક છે તે કારણસ્વરૂપ પણ છે અને કાર્યસ્વરૂપ પણ છે. વસ્તુના એટલે આત્માના આ પ્રગટ પર્યાય સ્વરૂપ છે. આ કારકચક્ર જ મારા મનમાં વસ્યું છે પરંતુ ચેતન એવો આ આત્મા જ્યારે શુદ્ધ સ્વભાવના ધ્યાન વડે શુદ્ધસ્વભાવને ગ્રહણ કરે છે ત્યારે જ પોતાના સાધકભાવને પામેલાં એવાં આ કારકચક્ર ચક્રવર્તીના ચક્રની જેમ કર્મ શત્રુઓનો નાશ કરીને પોતાની પરમોત્તમ સમાધિસ્વરૂપ નિર્મળ એવી સિદ્ધતાને વરે છે. ॥ ૬ ॥

**વિશેષાર્થ :-** આ છએ કારક પોતાનું આત્મસ્વરૂપ પ્રગટ કરવામાં કાર્યસ્વરૂપ પણ છે અને કારણસ્વરૂપ પણ છે કાર્યને નિપજાવવા રૂપે પ્રવર્તે છે માટે કારણસ્વરૂપ છે. તથા કાર્યસ્વરૂપે પ્રગટ પણ થાય છે માટે કાર્યસ્વરૂપ પણ છે. આ સર્વ કાર્ય કારણદાવ કર્તાને આધીન છે. કર્તા જે કાર્ય કરે છે તે કાર્ય કરણાદિ સામગ્રી વિના થાય નહીં.

તે માટે વસ્તુ એટલે આત્મા, તેનાં જે છ કારક તે પ્રગટ પર્યાય

સ્વરૂપ છે. પોતાના સ્વરૂપનું જ કર્તાપણું તથા પોતાનું સ્વરૂપ જ પ્રાપ્ત કરવા જેવું એ કર્મકારક. પોતાના સ્વરૂપમાં વર્તવાથી જ તે પ્રાપ્ત થાય આ કરણ કારક, પ્રાપ્ત થયેલું આ આત્મસ્વરૂપ આત્માને જ આપવાનું છે તે સંપ્રદાન કારક. આત્મામાંથી જ આ સ્વરૂપ પ્રગટ કરવાનું છે આ અપાદાનકારક, પ્રગટ કરીને પણ આ શુદ્ધ સ્વરૂપ આત્મામાં જ રાખવાનું છે તે આધારકારક એમ છએ કારક પોતાના સ્વરૂપમાં જ પ્રવર્તે છે. મનમાં આ જ કારકચક્ર વસેલું છે. સાધક આત્માના મન સતત તેમાં જ લાગેલું રહે છે.

આ આત્માના જે ગુણો છે અને પર્યાયો છે તે કર્મોથી આચ્છાદિત થાય છે. પરંતુ સ્વભાવો આચ્છાદિત થતા નથી. ગુણો અને પર્યાયો કર્મોથી આવૃત્ત થાય ત્યારે આ જીવની સાધકદશાની પ્રવૃત્તિ નબળી પડે. વિભાવ દશાનું જોર વધે. પરંતુ અક્ષરના અનંતમા ભાગની ચેતના અને સર્વથી અલ્પ વીર્યગુણ તો અનાવૃત્ત જ રહે છે તે ક્યારેય આચ્છાદિત થતા નથી.

પરંતુ પ્રગટ રહેલો આ ચેતનાગુણ અને વીર્યગુણ ક્ષયોપશમ ભાવનો છે અલ્પમાત્રામાં છે મોહના ઔદયિકભાવની પ્રબળતા વધારે છે તેના કારણે અનાદિકાળથી આવી વિપરીત ચાલ હોવાના કારણે આ ચેતના અને આ વીર્યગુણ પરભાવ અનુયાયી જ બન્યો છે.

તેના કારણે પૌદ્ગલિકભાવોના સુખમાં જ આ જીવ ડુબેલો છે. આમ પરભાવના કર્તાપણાથી કર્મોના આશ્રવ અને બંધનો કર્તા આ જીવ થયો છે. આ અશુદ્ધ કાર્ય થયું છે. પરંતુ આત્માનું કર્તાપણું તથા બીજાં કારકચક્ર કર્મોથી ઢંકાઈ ગયાં હોય તેમ નથી. જો આત્માનું કર્તાપણું અવરાઈ જાય તો કર્મો બાંધવાનું અને આશ્રવ-બંધનું કામ કોણ કરે ? જો જીવનું કર્તાપણુ ઢંકાઈ જાય તો જેમ અજીવ કર્મ બાંધતું

નથી. તેમ જીવ પણ કર્મનો અબંધક જ થઈ જાય. પરંતુ આમ બનતું નથી. તેથી આ આત્માનું કર્તાપણું તથા વીર્યગુણ અનાવૃત્ત'જ રહે છે. ભલે અલ્પમાત્રામાં હોય પણ ઉઘાડા હોય છે અવશ્ય જ.

મોહના ઉદયની તીવ્રતાના કારણે આ આત્મા વિભાવસ્વભાવનો કર્તા બન્યો છે તેના કારણે સમયે સમયે કર્મો બાંધે છે જેથી આશ્રવ અને બંધ થાય છે. આ બાજી પલટવાનું કામ આ આત્મા જો કરે તો જરૂર થાય તેમ છે. અશક્ય નથી.પરંતુ શક્ય છે.

આપણી ગાડી જે ગામ જવું છે તે ભણીને બદલે બીજા ગામ ભણી જાય છે આવો ખ્યાલ ગાડી ચલાવનારને જ્યારે આવે છે ત્યારે ગાડી ચલાવનાર સ્વતંત્ર હોવાથી તુરત જ ગાડીને બ્રેક મારે છે અને ત્યાંથી પાછી વાળીને પોતાના ઈષ્ટસ્થાન તરફ ગાડીને દોડાવે છે તેમ આ જીવ પોતાની ચેતનાને અને પોતાના વીર્યગુણને બાધક ભાવોમાંથી રોકીને સાધકભાવોમાં જોડે છે.માત્ર આવી જાગૃતિ આવવી જોઈએ.

પોતાનું સઘળું ય કારકચક્ર જે બાધકભાવમાં પ્રવર્તતું હતું. તેને ત્યાંથી રોકીને સાધકભાવમાં જોડે છે તેનાથી કર્મોનું વિદારણ કરવાનું કામ થાય છે. કર્મો તુટતાં જાય અને ગુણપરિણતિ પ્રગટ થતી જાય છે.

આ પ્રમાણે આ આત્મા (૧) સ્વધર્મનો કર્તા તે કર્તાકારક, (૨) સ્વધર્મમાં પરિણમન થવું તે કર્મકારક, (૩) સ્વધર્માનુયાયી ગુણપરિણતિની પ્રાપ્તિ તથા તેવા પ્રકારની ચેતનાશક્તિ અને વીર્યશક્તિનો ઉઘાડ થવો તે કરણકારક (૪) સાધનભૂત ગુણશક્તિનું આત્મામાં પ્રગટ થવું તે સંપ્રદાનકારક, (૫) પૂર્વકાલીન વિભાવ-દશાવાળા મોહોદયજન્ય વિકારી ભાવોનું જે નિવર્તન તે અપાદાનકારક (૬) પ્રગટ થતા સ્વગુણનું આધાર પણું તે આધારકારક.

આ પ્રમાણે બાધક કારણ ષટ્કને ત્યજીને સાધક કારણ ષટ્કને સેવીને આ જ આત્મા પોતાની જ સિદ્ધતા - પરમોત્તમતા એટલે કે સર્વથા નિરાવરણતા પ્રગટ કરે છે. વિભાવદશાથી આત્માને અટકાવીને સ્વભાવદશામાં આત્માને જોડવાના ઉપાયો રૂપે આ ગાથાઓ છે.

**अहमिक्को खलु सुद्धो, निम्ममओ नाणदंसणसमग्गो ।**
**तम्मि ठिओ तच्चित्तो, सव्वे एए खयं नेमि ॥ १ ॥**

મારો આ આત્મા એક છે જ્ઞાનાદિ અનંત ગુણ પર્યાયવાળો છે. નિશ્ચયનયથી સર્વથા શુદ્ધ છે જોકે અનાદિકાળથી પરભાવમાં લુબ્ધ બન્યો છે. સ્વભાવભ્રષ્ટ થયો છે. તેના કારણે અશુદ્ધપરિણતિવાળો બન્યો છું.

તો પણ હરણીઓના ટોળામાં ભળેલા બાલસિંહની જેમ હું મારી મૂલજાતિથી મૂલ ધર્મે કરીને અનંતજ્ઞાનાદિ ગુણમયવૃત્તિવાળો છું, શુદ્ધ દ્રવ્ય છું, નિષ્કલંક, નિરામય, નિઃસંગી, નિર્દોષી છું. મારામાં આવેલા સર્વ અહંકાર અને મમકાર રૂપ પરભાવદશા તે મારાથી પર છે. મારૂં મૂલ સ્વરૂપ નથી. હું મૂલસ્વરૂપે આવા દોષોથી રહિત પ્રકૃતિવાળો સિદ્ધ સમાન શુદ્ધ આત્મદ્રવ્ય છું.

સર્વભાવોને જાણવા - પરિચ્છેદન કરવા એ સ્વરૂપ જ્ઞાન ઉપયોગ વાળો તથા દર્શનોપયોગવાળો હું ચેતનદ્રવ્ય છું.આવા મારા મૂલસ્વરૂપમાં રહ્યો છતો પરોપાધિરૂપ સર્વ બાહ્યભાવોનો ક્ષય કરૂં, અને સર્વ પરભાવોનું વિરમણ કરી સ્વકીય શુદ્ધસ્વરૂપને ગ્રહણ કરી મારા આત્માનો જે મૂલધર્મ છે સહજાનંદીપણું છે. તે પ્રગટ કરૂં ॥ ૬ ॥

**માહરૂ પૂર્ણાનન્દ, પ્રગટ કરવા ભણી રે, પ્રગટ કરવા ભણી રે ॥**
**પુષ્ટાલંબનરૂપ, સેવ પ્રભુજી તણી રે, સેવ પ્રભુજી તણી રે ॥**
**દેવચંદ્ર જિનચંદ્ર, ભક્તિ મનમેં ધરો રે, ભક્તિ મનમાં ધરો રે ॥**
**અવ્યાબાધ અનંત, અક્ષય પદ આદરો રે,**
**અક્ષય પદ આદરો રે ॥ ૭ ॥**

**ગાથાર્થ :-** મારા પોતાના આત્માનું પૂર્ણ આનંદમય અનંત-ગુણાત્મક જે સ્વરૂપ છે તે પ્રગટ કરવા માટે પરમાત્માની સેવા એ પુષ્ટાલંબન ભૂત છે. દેવોમાં ચંદ્રમા સમાન એવા જિનરાજની ભક્તિ મનમાં ધારણ કરો અને તેનાથી અવ્યાબાધ અનંત એવા અક્ષયપદને પ્રાપ્ત કરનારા થાઓ. ॥ ૭ ॥

**વિવેચન :-** અનાદિકાળથી હું બાધકભાવે પરિણામ પામ્યો છું. મોહ દશાથી ઘેરાયેલો છું. તેથી વિભાવદશામાં જ રમ્યો છું. પરંતુ પરમજ્ઞાની, સ્વરૂપરમણી, સ્વસ્વરૂપવિશ્રામી એવા જે અરિહંત પરમાત્મા મને મળ્યા છે તેમનું સ્વરૂપ દેખતાં, તેમના સ્વરૂપનું ધ્યાન કરતાં તેમના સ્વરૂપનું ગાન કરતાં કરતાં આ આત્માનું અશુદ્ધપણું પલટાય છે.

અશુદ્ધ દશા પલટાવાથી કારકચક્ર પણ પલટાય છે. કારકચક્ર પલટાવાથી શુદ્ધસિદ્ધદશારૂપ કાર્ય તથા અનંત અનંત સ્વસ્વરૂપસંપદા મય કાર્ય પણ જ્યારે પ્રગટ થાય છે. ત્યારે ભવ્ય જીવને પોતાનું અસલ શુદ્ધ તત્ત્વ પ્રગટ કરવા રૂપ શક્તિ શ્રી અરિહંત પરમાત્માની સેવાથી આવે છે.

તે માટે હે પ્રભુજી ! મેં મારા મનમાં એવો નિર્ધાર કર્યો છે કે મારો પોતાનો જે પૂર્ણાનંદમય સંપૂર્ણ અવ્યાબાધા સુખ જે છે તે પૂણાનંદ પ્રગટ કરવાને પુષ્ટ આલંબન અર્થાત્ પ્રબળ નિમિત્તકારણ જો કોઈ હોય તો શ્રી જિનરાજ જ છે. તે કેવા છે ? ભવ્ય જીવોના આધારરૂપ, મુનિજનને અતિશય વહાલા, ભાવચિંતામણિરત્નસમાન, સમ્યગ્દૃષ્ટિ જીવોના ધ્યેયસ્વરૂપ, ધ્યાતા મહાત્માઓને પ્રતિચ્છેદસ્વરૂપ, અનંતગુણાકર, નિર્મળ જ્ઞાનાનંદના પાત્ર, આવા જે જિનેશ્વર પરમાત્મા મને મળ્યા છે.

તે પરમાત્માની સેવા એ જ પુષ્ટ આલંબન છે તે માટે સર્વ દેવોમાં અને દેવેન્દ્રોમાં ચંદ્રમા સમાન એવા જિનચંદ્ર એટલે શ્રી વીતરાગ અરિહંત પરમાત્મા, તેઓની ભક્તિ તથા તેઓની સેવા કરવી. તેઓની આજ્ઞા માનવી, તેઓની આજ્ઞાને અનુસરવું એ જ આ સંસારસાગર તરવામાં પ્રબળ સાધન છે. પ્રબળ શરણ છે આ જ પરમાત્મા મને તારનારા છે આવા પ્રકારની પરમાત્મા ઉપરની ભક્તિ મનમાં ધારણ કરો. અને મનને પ્રભુની ભક્તિમાં સ્થિર કરો.

દેવોમાં ચંદ્રમા સમાન એવા જિનચંદ્રની (જિનેશ્વર પ્રભુની) ભક્તિ અર્થાત ચરણસેવા મનમાં ધારણ કરો. કે જેનાથી અવ્યાબાધ (જ્યાં અલ્પમાત્રાએ પણ પીડા નથી) એવું, તથા પરમ આનંદ સ્વરૂપ એવું, જેહમાં અનંતા અનંતા ગુણો ભરેલા છે એવું, તથા અક્ષય એટલે કે ક્યારેય જે પદનો અંત આવવાનો નથી એવું પરમાત્મરૂપ જે પદ છે તેને પ્રાપ્ત કરનારા થાઓ.

આ પ્રમાણે આત્મતત્ત્વની બાધકતાને ત્યજી સાધકતામાં રમનારા બનો. જેનાથી આત્મતત્ત્વનું સિદ્ધપદ પ્રાપ્ત કરનારા થાઓ. પરમાત્માની સેવાનું આ જ ફળ છે.

તે માટે આત્માના શુદ્ધ એવા સિદ્ધિફળના રૂચિવાળા હે ભવ્ય જીવો ? તમે ઓગણીસમા શ્રી મલ્લિનાથ પ્રભુ કે જે પરમપુરુષોત્તમ, પરમેશ્વર, નિષ્કારણ જગત ઉપર વાત્સલ્યભાવવાળા છે. એવા આ પ્રભુને બહુ જ ઊંચા ભાવથી સેવો - પૂજો આ પરમાત્માને ગાઓ આ પરમાત્માની સ્તુતિ કરો, તેમના ગુણોને યાદ કરી કરીને ધ્યાન કરો સાધકજીવને આ પરમાત્મા જ શરૂઆતથી જ આધાર છે.

આ પરમાત્માનું શરણ સ્વીકારવું એ જ વાસ્તવિક જીવન છે જીવનની સફળતા છે ॥ ૭ ॥

**॥ ઓગણીસમા શ્રી મલ્લિનાથ પરમાત્માના સ્તવનના અર્થ સમાપ્ત થયા ॥**

## વીસમા શ્રી મુનિસુવ્રતસ્વામીનું સ્તવન

**ઓલગડી ઓલગડી તો કીજે**
**શ્રી મુનિસુવ્રત સ્વામિની રે, તેહથી નિજપદ સિદ્ધિ ॥**
**કેવળ જ્ઞાનાદિક ગુણ ઉલ્લસે રે, લહીએ સહજ સમૃદ્ધિ ॥**
**ઓલગડી ॥ ૧ ॥**

**ગાથાર્થ :-** સેવા તો અરે સેવા તો શ્રી મુનિસુવ્રતસ્વામિની કરો કે જેમની સેવાથી પોતાનું પરમાત્મપદ પ્રાપ્ત થાય છે. કેવજ્ઞાનાદિક ગુણો વિકાસ પામે છે સહેજવારમાં (ચપટી માત્રમાં) જ પોતાના આત્માના ગુણોની સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે. ॥ ૧ ॥

**વિવેચન :-** હવે વીસમા તીર્થંકર પરમાત્મા શ્રી મુનિસુવ્રતસ્વામી જે છે. તેઓની ગ્રંથકાર સ્તવના કરે છે.

મુનિ એટલે જે નિર્ગ્રન્થ પંચ મહાવ્રતધારી સાધુ મહાત્મા, તેહમાં સુવ્રત - સારા વ્રતવાળા. નિર્દોષ આચારવાળા એટલેકે સર્વશ્રેષ્ઠ ચારિત્ર ગુણવાળા એવા શ્રી મુનિસુવ્રતસ્વામી પ્રભુ, તેમની ઓલગડી એટલે સેવા કરીએ એટલે કે તેમના ગુણગાન કરીએ જે ગુણગાન કરવાથી પોતાના આત્માનું જે પરમાનંદપદ છે. તેની સિદ્ધિ થાય. આ પરમાત્માની સેવા કરવાથી આત્માના ગુણો પ્રગટ થાય છે.

તથા વલી આ પરમાત્માની સેવા કરવાથી કેવલજ્ઞાનાદિક ગુણો આ સાધક આત્મામાં ઉલ્લાસ પામે છે એટલે કે ચમકે છે અર્થાત્ પ્રગટ થાય છે. એવો પરમાત્માનો પ્રભાવ છે. આ આત્મા જ્ઞાનરૂપી અમૃતરસનો ભોગી થાય છે. તથા આ પરમાત્માની સેવા કરવાથી સ્વાભાવિક એટલે કે અકૃત્રિમ એવી આત્મગુણોની સ્વાભાવિક સમૃદ્ધિ

આ જીવ પ્રાપ્ત કરે છે પરમાત્માની સેવાનું આ ફળ છે. જે ગુણસમૃદ્ધિ કર્મોથી અવરાયેલી છે તે સર્વસમૃદ્ધિ આ જીવ કર્મોનો નાશ કરીને પ્રાપ્ત કરે છે.માટે પરમાત્મા શ્રીમુનિસુવ્રતસ્વામિની સેવા કરો. ॥ ૧ ॥

**ઉપાદાન ઉપાદાન નિજ પરિણતિ વસ્તુની રે,**
**પણ કારણ નિમિત્ત આધીન, ॥**
**પુષ્ટ અપુષ્ટ દુવિધ તેં ઉપદિશ્યો રે,**
**ગ્રાહક વિધિ આધીન, ઓલગડી ॥ ૨ ॥**

**ગાથાર્થ :-** આત્મસાધના કરવામાં પોતાના આત્માની નિર્મળ પરિણતિ તે ઉપાદાન કારણ છે. શુદ્ધ આત્મતત્ત્વનો જે મૂલધર્મ છે એટલે કે અનંત ગુણોની સત્તા આ આત્મામાં સ્વયં છતી છે. તેથી તે ઉપાદાન કારણ કહેવાય છે. પરંતુ તે ગુણોની સિદ્ધિ નિમિત્ત કારણને આધીન છે. તે નિમિત્ત કારણ પુષ્ટ અને અપુષ્ટ એમ બે પ્રકારનું છે. એમ આપે કહ્યું છે. તથા કાર્યની સિદ્ધિ ગ્રાહક એવા આત્માની વિધિને આધીન છે.॥૨॥

**વિવેચન :-** નિમિત્ત કારણ સેવતાં વારંવાર નિમિત્તનો આશ્રય કરતાં કર્તામાં ઉપાદાન કારણતાનું સ્મરણ થાય. અર્થાત સત્તાગત રહેલી ઉપાદાન કારણતા પરિપક્વ થાય. તેમાં નિમિત્તકારણ પ્રબળ કારણ છે તે નિમિત્ત કાણના બે ભેદ છે. (૧) પુષ્ટ નિમિત્ત કારણ. (૨) અપુષ્ટ નિમિત્ત કારણ.

ત્યાં ગ્રાહક એટલે કાર્યનો કર્તા જે વિધિએ કાર્ય થાય તે વિધિએ કારણ ગ્રહણ કરીને કારણને કાર્યાભિમુખપણે પ્રવર્તાવે તો તે નિમિત્ત કારણથી કાર્ય પ્રગટ થાય. પણ કાર્યાભિમુખપણે ન પ્રવર્તાવે અને ગમે તેમ કારણને પ્રવર્તાવે તો કાર્ય થાય નહીં.

જેમ કુંભકાર ચક્રને ફેરવે તો જ માટીમાંથી ઘટ નિપજે અર્થાત્ માટીના પિંડને ઘટપણે પરિણમાવે. અને જો ચક્રને ફેરવે નહીં તો માટી

હોવા છતાં ઘટ બને નહીં એટલે નિમિત્તકારણને પ્રયુંજ્યા વિના કેવળ એકલા ઉપાદાનમાંથી કાર્ય થતું નથી.

આપણો આત્મા મુક્તિનું ઉપાદાન કારણ છે. અને અરિહંત પરમાત્માની ઉપાસના તે નિમિત્તકારણ છે પરંતુ જે રીતે અરિહંત પરમાત્માની ઉપાસના કરવાનું આગમશાસ્ત્રોમાં કહ્યું છે તે રીતે આશાતના ટાળીને પૌદ્ગલિક સુખોની અપેક્ષા રહિતપણે માત્ર કેવળજ્ઞાનાદિ આત્મગુણોની પ્રાપ્તિ અર્થે સમજણપૂર્વક પરમાત્માની સેવા જે કરે છે તે સેવા મુક્તિ પ્રાપ્તિમાં અવશ્ય નિમિત્તકારણ બને જ છે. પણ અવિધિએ સેવા કરી હોય તો તે કામ લાગતી નથી. માટે ગ્રાહક એવા આત્માએ વિધિપૂર્વક કારણ ગ્રહણ કરવું જોઈએ તો જ તે નિમિત્તથી કાર્ય નિપજે છે.અન્યથા નિપજતું નથી. ॥ ૨ ॥

**સાધ્ય સાધ્ય ધર્મ જેમાંહે હોવે રે ॥ તે નિમિત્ત અતિપુષ્ટ ॥**
**પુષ્પમાંહે તિલવાસક વાસના રે ॥ તે નવિ પ્રધ્વંસક દુષ્ટ ॥**
**ઓલગડી ॥ ૩ ॥**

**ગાથાર્થ :-** હવે પુષ્ટનિમિત્તકારણનું સ્વરૂપ કહે છે :- સાધવાલાયક જે સાધ્ય, તેનો ધર્મ જે કારણમાં હોય. તે તેનું પુષ્ટ નિમિત્તકારણ કહેવાય છે. જેમ તેલને સુગન્ધથી વાસિત કરનારાં એવાં પુષ્પો તે પુષ્ટ કારણ છે કારણકે તે પુષ્પો તેલની સુગંધના પ્રધ્વંસક બને તેવાં દુષ્ટ નથી. ॥૩॥

**વિવેચન :-** હવે આ ગાથામાં પુષ્ટ નિમિત્તકારણ સમજાવે છે :- સાધ્ય એટલે કરવા લાયક કાર્ય, તે કાર્યનો ધર્મ જે કારણમાં વિદ્યમાન હોય તે કારણને પુષ્ટકારણ કહેવાય છે. જેમકે તેલને સુગંધિત કરવું છે. તો તે સુગંધ નામનું કાર્ય કરવાનો ધર્મ પુષ્પમાં વિશેષ પ્રમાણમાં છે એટલા માટે જ તેલને વધારે સુગન્ધિ કરવા માટે પુષ્પ નખાય છે.

તેલમાં સુગંધની વાસના લાવવાના કાર્યને કરવામાં પુષ્પ જ પ્રબળ કારણ છે પરંતુ તે પુષ્પો તેલનાં કે તેલની વાસનાનાં વિનાશક નથી. તે માટે તેને પુષ્ટકારણ કહેવાય છે.

ઉપર કહેલી વાત પ્રમાણે આરાધક આત્મા એ મુક્તિસુખનું ઉપાદાન કારણ છે અને શ્રી અરિહંત પરમાત્મા એ મુક્તિસુખરૂપ કાર્યના પ્રબળ નિમિત્તકારણ છે. કારણકે આ આત્માને જે મુક્તિસુખ સાધવું છે તે મુક્તિસુખ અરિહંત પરમાત્મામાં પ્રગટ થયેલું છે માટે જ સાધક આત્માને શ્રી અરિહંત પરમાત્મા મુક્તિસુખ પ્રાપ્ત કરાવવામાં પ્રબળ નિમિત્તકારણ બને છે.

જો તે મહાપુરુષની વિધિપૂર્વક સેવા થાય તો એમની સેવાથી જ મુક્તિસુખ પ્રાપ્ત થાય. આ રીતે પરમાત્માની સેવા એ પુષ્ટ નિમિત્ત કારણ જાણવું. ॥ ૩ ॥

**દંડ દંડ નિમિત્ત અપુષ્ટ ઘડાતણો રે । નવિ ઘટતા તસુ માંહિ ॥**
**સાધક સાધક પ્રધ્વંસકતા અછે રે । તિણે નહીં નિયત પ્રવાહ ॥**
**ઓલગડી ॥ ૪ ॥**

**ગાથાર્થ :-** હવે અપુષ્ટ નિમિત્તકારણ જણાવે છે :- જેમ દંડ એ ઘડાનું અપુષ્ટ નિમિત્તકારણ છે કારણ કે તે દંડમાં ઘટપણું નથી. આ અપુષ્ટ નિમિત્તકારણ કાર્યનું સાધક પણ છે અને કાર્યનું વિધ્વંસક પણ છે. તેથી તે અપુષ્ટકારણ નિશ્ચિતપ્રવાહવાળું નથી. ॥ ૪ ॥

**વિવેચન :-** હવે અપુષ્ટ નિમિત્ત કારણ દેખાડે છે. જેમ દંડ એ ઘટનું અપુષ્ટ નિમિત્તકારણ છે. કારણ કે જેમ ફુલમાં સુગંધની વાસના છે જેનાથી તેલ પણ સુગંધિત થાય છે તેવી રીતે દંડમાં ઘટાત્મક કાર્યના કોઈ ધર્મ નથી. ઘટતા - ઘડાપણું તસુમાંહિ નવિ - તે દંડમાં વર્તતું નથી. કર્તાની પ્રેરણાથી દંડ એ ઘટનું નિમિત્ત બને છે અને કર્તા

એવો આત્મા જો ઘટના ધ્વંસમાં દંડનો ઉપયોગ કરે તો દંડથી જેમ ઘટ નીપજે છે તેવી જ રીતે તે જ દંડથી ઘટનો ધ્વંસ પણ નીપજે છે. અર્થાત્ દંડ એ ઘટનું અને ઘટધ્વંસનું એમ બન્નેનું કારણ છે. માટે અપુષ્ટ નિમિત્ત કારણ કહેવાય છે.

જેમ તરવાર તથા બંદુક ચલાવતાં આવડે તો રક્ષણનું કારણ બને પરંતુ જો ચલાવતાં ન આવડે તો મારણનું પણ કારણ બને તે માટે તે અપુષ્ટ આલંબન કહેવાય. તેવી જ રીતે દંડ ઘટ બનાવવામાં કુંભાર જો તેનો ઉપયોગ કરે તો દંડ ઘટોત્પત્તિનું નિમિત્તકારણ બને અને વારંવાર દંડના પ્રહારથી ઘટ ફોડવાનું જો કાર્ય કરે તો તે જ દંડ ઘટધ્વંસનું પણ કારણ બને તે માટે જે કારણથી સાધકતા અને પ્રધ્વંસકતા એમ બન્ને થાય તે અપુષ્ટ નિમિત્તકારણ કહેવાય. પ્રથમસંઘયણ, માનવનો ભવ, આર્ય દેશમાં જન્મ આ સઘળાં અપુષ્ટ નિમિત્તકારણ જાણવાં. જો અનુકુળ પ્રવર્તે તો કલ્યાણ પણ કરે અને જો પ્રતિકૂલ પ્રવર્તે તો નરક-નિગોદનું પણ કારણ બને.

તે અપુષ્ટ નિમિત્તકારણ નિશ્ચયથી નિયતપ્રવાહવાળા નથી. અર્થાત્ નિશ્ચિતપણે કાર્ય કરે જ એવી એક ચાલવાળાં નથી.

જેમ પ્રથમસંઘયણ હોય તો જ મોક્ષે જઈ શકાય. પરંતુ પ્રથમ સંઘયણ હોય અને જો વધારે કષાયની માત્રાને આધીન થાય તો પ્રથમ સંઘયણ વાળો જીવ જ સાતમી નરકે પણ જાય. માટે મુક્તિપ્રાપ્તિમાં પ્રથમ સંઘયણ એ અપુષ્ટ નિમિત્તકારણ જાણવું.

તેની જેમ દંડ એ ઘટ પ્રત્યે અનિયત અર્થાત્ અપુષ્ટ કારણ સમજવું. શ્રી અરિહંત પરમાત્માની સેવા તે નિશ્ચે સિદ્ધદશાનું કારણ છે. તેથી તે પુષ્ટ નિમિત્તકારણ છે. આ કારણે સિદ્ધદશાનું કાર્ય નિપજાવવા માટે અરિહંત પરમાત્માની ઉપાસના જે જીવ કરે. તેહને નિયમા સિદ્ધિ ઉપજે જ. આ પ્રમાણે નિમિત્તકારણના બે ભેદ છે. ॥ ૪ ॥

**ષટ્ કારક ષટ્ કારક તે કારણ કાર્યનું રે ॥**
**જે કારણ સ્વાધીન ॥**
**તે કર્તા તે કર્તા સહુકારક તે વસુ રે ॥**
**કર્મ તે કારણ પીન ॥ ઓલગડી ॥ ૫ ॥**

**ગાથાર્થ :-** છએ કારક એ કાર્યનાં કારણ છે તે છ કારણમાં જે કારણ સ્વાધીન હોય (સ્વતંત્ર હોય) બાકીનાં બધાં જ કારણો જેને પરવશ હોય તે કર્તા કારક કહેવાય છે. તથા કર્મકારક તે છે કે જે કારણોના સેવન દ્વારા પુષ્ટ બને છે. કારણોના સેવનથી પ્રગટ થાય છે પ્રગટ કરાય છે. તે કર્મ કારક જાણવું ॥ ૫ ॥

**વિવેચન :-** કારણોની પુષ્ટતા (પ્રબળતા) સમજાવવા માટે કારક સમજાવે છે. ક્રિયા કરે તે કારક કહેવાય. (૧) કર્તા, (૨) કર્મ, (૩) કરણ (૪) સંપ્રદાન, (૫) અપાદાન અને (૬) આધાર આ છએ કારક કહેવાય છે. કારણ કે આ છએ ભાવો કાર્ય કરવામાં અવશ્ય હાજર હોય છે અને પોત પોતાની રીતે કાર્ય કરવામાં મદદગાર બને છે માટે આ છને કારક કહેવાય છે.

જો કે કર્તા જ કાર્ય કરે છે તો પણ સહાયકપણે છએ હાજર હોય છે. પોતપોતાના ભાવે કાર્ય કરવામાં તે છએ કારકો મદદગાર છે. માટે કારક કહેવાય છે. ત્યાં કર્તા નામનું પ્રથમ કારક તેને કહેવાય છે કે બધાં જ કારણોમાં જે કારણ સ્વાધીન (સ્વતંત્ર) હોય છે. તથા બાકીનાં બધાં જ કારણો જેને પરવશ હોય છે તે પરવશ કારણોનું પુંજન કરનારને કર્તા કારક કહેવાય છે.

છએ કારક કાર્ય કરવામાં પોતપોતાની રીતે મદદગાર છે માટે છએને કારક અવશ્ય કહેવાય છે. પરંતુ ત્યાં કર્તાકારક કોને કહેવાય તો તેનું વિશેષ લક્ષણ સમજાવે છે કે "જે સ્વતંત્ર કારણ છે તથા અન્ય સર્વ કારણો જેને પરવશ છે" તે કર્તા કારક કહેવાય છે.

આત્મા નામનો જે પદાર્થ છે તે પોતાનું સિદ્ધ થવારૂપ કાર્ય કરે છે. એ કાર્ય કરવામાં પોતે સ્વતંત્ર છે. તથા બીજાં કારણો પણ પરતંત્રપણે ત્યાં વર્તતાં હોય છે ન વર્તતાં હોય તો કર્તા બધાને લાવે છે, પણ કર્તાને કોઈ લાવી શકતાં નથી. તેથી આત્માને સ્વતંત્ર હોવાથી કર્તા કહેવાય છે. તથા વળી સિદ્ધિ પ્રગટ થવા રૂપ કર્મકારક કર્તાથી અભિન્ન હોય છે તે માટે કરણ સંપ્રદાન વિગેરે શેષ છએ કારકો પણ કર્તાથી અભિન્ન હોય છે.

તથા જ્યારે કાર્યનો કર્તા કાર્યથી ભિન્ન હોય ત્યારે સર્વે કારકો પણ ભિન્ન હોય છે. જેમ કે કુંભકાર ઘટ કરે છે. ત્યારે કુંભકાર જેમ ઘટથી ભિન્ન છે તેમ દંડચક્રાદિ નિમિત્તકારણ, ઘટના અર્થી જીવો સંપ્રદાન-કારક, માટીનો પિંડ તે અપાદાનકારક અને ચાક કે પૃથ્વી તે આધારકારક આ સર્વે ઘટથી કથંચિદ્ ભિન્ન હોય છે.

પરંતુ નિમિત્તકારણ તો સર્વકાર્યોમાં ભિન્ન જ હોય છે. કાર્ય પ્રગટ કરીને દૂર ખસી જવાવાળું હોય છે. જેમ કુંભકાર ઘટ બનાવીને ઘટથી દૂર રહે છે. તથા દંડચક્રાદિ સામગ્રી પણ ઘટ બનાવીને ઘટથી દૂર રહે છે તેવી જ રીતે અરિહંત પરમાત્મા પણ સાધક આત્મામાં સિદ્ધિરૂપ કાર્ય કરીને પોતે દૂર જ રહે છે. માટે અરિહંત પરમાત્મા નિમિત્તકારણ કહેવાય છે.

હવે છએ કારકનાં લક્ષણો સમજાવે છે. ત્યાં પ્રથમ કર્તા કારકનું લક્ષણ કહે છે. "કાર્ય નીપજાવવામાં જે સ્વાધીન હોય અને સર્વકારકો જેને આધીન હોય" તેને કર્તાકારક કહેવાય છે. "**स्वतन्त्र कर्ता**" આવું શ્રી કલિકાલસર્વજ્ઞનું વચન પ્રમાણ છે. બાકીનાં બધાં જ કારકો કર્તાને પરવશ છે કર્તા એકલો હોય તો બધાં જ કારણો લાવી શકે છે. પરંતુ બધાં જ કારણો હાજર હોય અને કર્તા હાજર ન હોય તો તે સર્વકારણ સામગ્રી કર્તાને લાવી શકતી નથી. માટે **સ્વતંત્ર તે કર્તા.**

હવે બીજુ કર્મનામનું કારક સમજાવે છે. કર્તા દ્વારા કારણોની સેવાથી જે પ્રગટ થાય. અર્થાત્ કરીએ તો થાય તે કર્મકારક કહેવાય છે. જેમ કુંભકાર તે કર્તાકારક છે. અને ઘટકાર્ય તે કર્મકારક છે. કારણ કે કુંભકાર કરે તો જ થાય છે. ॥ ૫ ॥

**કાર્ય કાર્ય સંકલ્પે કારકદશા રે ॥ છતી સત્તા સદ્ભાવ ॥**
**અથવા તુલ્ય ધર્મને જોયવે રે ॥ સાધ્યારોપણ દાવ ॥**
**ઓલગડી ॥ ૬ ॥**

**ગાથાર્થ :-** કાર્ય કરતાં પૂર્વે મનમાં કાર્ય કરવાનો જે સંકલ્પ થાય છે. તેનાથી કાર્ય નીપજે છે માટે કર્મ એ પણ કારકદશાવાળું છે. ઉપાદાન કારણમાં કાર્યની સત્તા સદ્ભાવપણે છતી છે. તેથી જે તરફ પ્રવૃત્તિ થાય છે માટે પણ કર્મ કારક છે. તથા તુલ્ય ધર્મને દેખવું તેથી પણ કર્મ કારક કહેવાય છે. કારણમાં કાર્ય થવાનો આરોપ છે તે માટે પણ કર્મને કારક કહેવાય છે. ॥ ૬ ॥

**વિવેચન :-** અહીં કોઈને પ્રશ્ન થાય તેમ છે કે "કર્મ એ તો એક પ્રકારનું કાર્ય છે. તેને કારણ કેમ કહેવાય ?"

આવા પ્રશ્નનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે કે કર્તાને કાર્ય કરતાં પહેલાં મનમાં કાર્ય કરવાનો સંકલ્પ ઉઠે છે. તે વખતે કર્તા એવો આત્મા કાર્યનો મનમાં વિચાર કરે છે. ત્યારે કર્મ એ પણ કાર્ય કરવામાં કારક બને છે. આ પ્રમાણે કાર્ય કરવાનો જ્યારે મનમાં સંકલ્પ થયો ત્યારે તેવો આકાર મનમાં ચિતરાય છે. તેથી કર્મ એ કારક છે.

અથવા સ્થાસ કોશ કુશુલ વિગેરે જે પૂર્વપર્યાયો થાય છે તે સર્વ પર્યાયો ઘટકાર્યનાં પૂર્વવર્તી કારણો છે. એટલે ત્યાં આ પર્યાયોને આશ્રયી ઘટ એ કાર્યરૂપે કરાય છે. તથા કર્મકારકરૂપ કારક બને છે. જો કે સ્થાસાદિ પર્યાયો કુંભકાર વડે બનાવાય છે. તે માટે કુંભકારને

આશ્રયી તો સ્થાસાદિ પર્યાયો પણ કાર્ય છે. પરંતુ પાછળ આવતા ઘટ પર્યાયને આશ્રયી પૂર્વવર્તી સ્થાસાદિ પર્યાયો એ કરણ કારક થાય છે. તથા સ્થાસાદિ પર્યાયને આશ્રયી ઘટ એ કર્મકારક થાય છે. કારણ કે સ્થાસાદિ પર્યાયો દ્વારા ઘટાત્મક કાર્ય કરાય છે.

અથવા જે ઘટકાર્ય નીપજાવવું છે તેમાં જે મૃત્તિકાદિ મૂલ ઉપાદાન કારણ છે તે માટીમાં યોગ્યતાપણે જે ઘટકાર્યની સત્તા છતી છે ઘટકાર્ય સત્તાથી રહેલું છે. તો જ કરાય છે કંઈ લાકડામાંથી ઘટ કરાતો નથી. માટે માટીમાં ઘટકાર્યની છતી સત્તા વિદ્યમાન છે તે પણ કર્મકારક જાણવું.

તથા બુદ્ધિમાં ઘટકાર્ય વર્તે છે તો જ તેનાં ઉપાદાન કારણભૂત માટી અને નિમિત્તકારણભૂત દંડાદિ સામગ્રી કર્તા પ્રાપ્ત કરે છે તથા ઉપાદાનમાં નિમિત્તનું જ્યારે યુંજન કરે છે ત્યારે બુદ્ધિમાં રહેલું ઘટાત્મક કર્મકારક કામ કરતું જણાય છે. બુદ્ધિમાં ઘટ કાર્ય કરવાની તીવ્ર ઈચ્છા છે તે માટે માટીનું અને દંડાદિ ઈતર કારણોનું જે રીતે ઘટ બને તે રીતે યુંજન આ જીવ કરે છે. માટે પણ કર્મ એ પણ કારક છે.

તથા તુલ્યધર્મનું દેખવું. અર્થાત્ બીજા અન્ય ઘટ જેમ જલના આધાર બને છે તેમ આ વિવક્ષિત માટીમાંથી જો હું આવો ઘટ બનાવીશ તો જરૂર તેમાં પણ જલાધાર થશે જ. તેમ વિચારી ઘટકાર્યને મનમાં રાખીને પ્રયત્ન કરે છે. તે માટે પણ ઘટ એ કર્મકારક છે.

જેમ કોઈ આત્મા મોક્ષ એ પૂર્ણાનંદનું સ્થાન છે આમ સમજીને મોક્ષ પ્રાપ્ત કરવા માટે ઉદ્યમશીલ બન્યો. સિદ્ધાવસ્થા પ્રાપ્ત કરેલા સિદ્ધ પરમાત્માને શાસ્ત્રોથી દેખે. અને મનમાં વિચારે કે મારે પણ મારા આત્માનું આવું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરવું છે. આવો મનમાં સંકલ્પ કરવો સિદ્ધના જીવમાં જેવું સ્વરૂપ છે તેવું જ સ્વરૂપ મારામાં પણ છે આમ જોઈને પોતાનું સ્વરૂપ પ્રગટ કરવા વધારે ઉદ્યમ થાય માટે પોતાની સિદ્ધદશાનું જે લક્ષ્ય બુદ્ધિમાં આવ્યું તે પણ કર્મકારક સમજવું.

આ રીતે અનેક પ્રકારે કર્મમાં કારકપણું સમજવું, સાધ્યની સિદ્ધિનું બુદ્ધિમાં આરોપણ કરવું તે જ કર્મનું કારકપણું છે. ॥ ૬ ॥

**અતિશય અતિશય કારણ કારક કરણતે રે ॥**
**નિમિત્ત અને ઉપાદાન ॥**
**સંપ્રદાન સંપ્રદાન કારણ પદ ભવનથી રે ॥**
**કારણ વ્યય અપાદાન ॥ ઓલગડી ॥ ૭ ॥**

**ગાથાર્થ** :- અતિશયપણે કારણતા જેમાં વર્તે છે તે કરણ નામનું ત્રીજા કારક જાણવું જેના બે ભેદ છે. (૧) નિમિત્ત અને (૨) ઉપાદાન. તથા કાર્ય પ્રગટ કરવામાં કારણભાવની પ્રાપ્તિ થવી તે સંપ્રદાનકારક જાણવું. તથા પાછલા કારણ પર્યાયનો જે વ્યય થવો તે અપાદાનકારક જાણવું. ॥ ૭ ॥

**વિવેચન** :- અતિશયપણે એટલે કે ઉત્કૃષ્ટપણે કાર્ય કરવાની કારણતા જેમાં વર્તે છે તે કરણનામનું ત્રીજુ કારક જાણવું.

આ કરણ કારકના બે ભેદ છે એક નિમિત્તકારણ અને બીજું ઉપાદાન કારક. ત્યાં ઉપાદાન કરણકારકતા એટલે આત્મામાં જ રહેલો અનાદિ કાલીન સત્તાગત આત્મધર્મ. આ ધર્મ આત્મામાં છે તો જ પ્રગટ કરવા પ્રયત્ન કરાય છે. માટે ઉપાદાન કરણકારકતા આત્મામાં જ સત્તાગત આત્મસ્વરૂપનું હોવું તે છે.

તથા અરિહંતાદિ સહાયક કારણોનું જે સેવન તે નિમિત્ત કારણરૂપ કારક જાણવું. ઉપાદાનભૂત કારણમાં કાર્યને અભિમુખ નવા નવા પર્યાયની જે પ્રાપ્તિ થવી તે સંપ્રદાનકારક જાણવું. કારણ કે નવા નવા પર્યાય જેમ જેમ પ્રગટ થતા જાય તેમ તેમ કાર્ય નજીક આવે. તેથી કાર્યની પ્રાપ્તિ થવાની સંભાવના રહે. તે માટે તેને સંપ્રદાનકારક કહેવાય.

કાર્યપદનું નિપજવું. પર્યાયનું પ્રગટ થવું તે સંપ્રદાનકારક જાણવું હવે અપાદાન કારક કેવી રીતે છે ? તે સમજાવે છે. પાછલા પર્યાયનો જે વ્યય થવો તે અપાદાનકારકતા જાણવી. કારણ કે પાછલો પર્યાય વ્યય પામ્યો હોય તો જ નવો પર્યાય પ્રગટ થાય એટલે પૂર્વપર્યાયથી દ્રવ્ય વિખુટુ પડ્યું માટે અપાદાનતા થઈ. નવા પર્યાયને પ્રાપ્ત કર્યો તે સંપ્રદાનતા થઈ.

સારાંશ કે જુના કારણપર્યાયનો જે નાશ તે અપાદાનકારકતા અને નવા કારણપર્યાયનું પ્રગટ થવાપણું તે સંપ્રદાનકારકતા આ પ્રમાણે વિવક્ષાના વશથી ભિન્ન ભિન્ન કારકો જાણવાં. ॥ ૭ ॥

**ભવન ભવન વ્યય વિણુ કારજ નવિ હોવે રે ॥**
**જિમ દૃપદે ન ઘટત્વ ॥**
**શુદ્ધાધાર શુદ્ધાધાર સ્વગુણનો દ્રવ્ય છે રે ॥**
**સત્તાધાર સુતત્ત્વ ॥ ઓલગડી ॥ ૮ ॥**

ગાથાર્થ :- સર્વ દ્રવ્યોમાં પૂર્વપર્યાયનો વ્યય અને નવા પર્યાયની ઉત્પત્તિ રહેલી છે. આ વ્યય અને ઉત્પત્તિ વિના કોઈપણ કાર્ય થતું નથી. જેમ પત્થરમાં ઘટ બનવાની શક્તિ નથી તો ત્યાં ઘટના ઉત્પાદ-વ્યય થતા નથી. તેવી જ રીતે જેમ માટીમાંથી ઘટ બને છે તેમ દરેક દ્રવ્યો પોતપોતાના ગુણ-પર્યાયોનો આધાર છે સર્વે પણ દ્રવ્યને પોત-પોતાના ગુણ અને પર્યાયોની સત્તાનો આધાર માનવો એ જ પરમતત્ત્વ છે. ॥ ૮ ॥

વિવેચન :-સંપ્રદાન અને અપાદાનમાં કારણતા કેવી રીતે છે? આવો કોઈ પ્રશ્ન કરે તો ગ્રંથકારશ્રી સમજાવે છે કે - નવા નવા પર્યાયનું પ્રગટ થવું અને જુના જુના પર્યાયનો નાશ થવો આ બન્ને વિના કાર્ય નીપજશે નહીં. જેમ માટીનો પિંડ છે તે પિંડ પર્યાયનો વ્યય થાય તો જ સ્થાસ પર્યાય પ્રગટ થાય. અને તે સ્થાસ પર્યાયનો નાશ

થાય તો જ કોશ કુશલ આદિ પર્યાયો નીપજે. તથા તે તે કોશ કુશલ પર્યાયોનો વ્યય થાય તો જ તેમાંથી ઘટ પર્યાય પ્રગટ થાય છે.

પિંડપર્યાયનો નાશ થયો તો સ્થાસ પર્યાય પ્રગટ થયો. તેવી જ રીતે સ્થાસ પર્યાય ગયો તોજ કોશ પર્યાય પ્રગટ થયો. અને કોશ પર્યાયનો વ્યય થયો તો જ કુશલ પર્યાય પ્રગટ થયો. તથા કુશલ પર્યાયનો વ્યય થયો તો જ ઘટપર્યાય નીપજ્યો. આ રીતે સર્વત્ર પૂર્વપર્યાયનો વ્યય છે તો જ ઉત્તરપર્યાય રૂપ કાર્યની પ્રગટતા થાય છે.

તેવી જ રીતે આ આત્મામાં પણ સિદ્ધત્વપર્યાય પ્રગટ કરવો હોય તો પ્રથમ મિથ્યાત્વપર્યાયનો વ્યય થવાથી ઔપશમિક સમ્યક્ત્વ પામવા દ્વારા ક્ષાયોપશમિકસમ્યક્ત્વ પર્યાયનો ઉત્પાદ થયો તથા ક્ષયોપશમસમ્યક્ત્વ પર્યાયનો નાશ અને ક્ષાયિક સમ્યક્ત્વપર્યાયનો ઉત્પાદ આ રીતે કરતાં કરતાં કાર્યની ઉત્પત્તિ થાય છે પરંતુ નવા નવા પર્યાયની ઉત્પત્તિ અને જુના જુના પર્યાયનો વ્યય થયા વિના કાર્યની ઉત્પત્તિ થાય નહીં. જેમ પથ્થરમાંથી ઘટપણું થાય નહીં. કારણ કે પત્થરમાં સ્થાસાદિ પર્યાયનો વ્યય અને કોશ-કુશલ-ઘટ આદિ પર્યાયોની ઉત્પત્તિ છે જ નહીં. તે માટે તેમાંથી ઘટ નીપજે નહીં.

આ પ્રમાણે સર્વ કાર્યોમાં પૂર્વ પર્યાયનો જે વ્યય છે તે અપાદાનકારક છે અને નવા પર્યાયની જે પ્રગટતા છે તે સંપ્રદાન કારક છે જેમ અમદાવાદથી મુબઈ જવાનું કાર્ય કરવું હોય તો અમદાવાદ જાય તો જ વડોદરા આવે. અને વડોદરા આવીને જાય તો જ ભરૂચ આવે. તથા ભરૂચ આવીને જાય તો જ સુરત આવે. સુરત આવીને જાય તો જ વલસાડ આવે. તથા વલસાડ આવીને જાય તો જ વાપી - પાલઘર - બોરીવલી અને મુંબઈ આવે. આમ સર્વત્ર પૂર્વપર્યાયનો વ્યય થાય તો જ નવા નવા પર્યાયની પ્રગટતા થાય.

આ પ્રમાણે આ અપાદાનકારક અને સંપ્રદાનકારક સમજાવ્યું. હવે આધારકારક સમજાવાય છે.

પોત પોતાના ગુણોનો જે શુદ્ધ એવો આધાર છે તે દ્રવ્ય જ છે તેથી દ્રવ્ય તે સ્વગુણોની આધારતાવાળો પદાર્થ છે. સર્વે પણ દ્રવ્યોમાં પોતપોતાના ગુણો સદા રહેલા જ છે. પછી તે ગુણો આવૃત હોય કે ભલે અનાવૃત હોય પણ ગુણો છે ચોક્કસ, તેથી દ્રવ્ય તે ગુણોનું આધારકારક થયું.

ઉપર સમજાવ્યા પ્રમાણે જ્ઞાન દર્શન - ચારિત્ર, વીર્ય, દાન લાભ ભોગ ઉપભોગ અવ્યાબાધસુખ, અમૂર્તતા, અગુરુલઘુતા, અખંડતા નિર્મળતા, કર્તૃતા પરિણામિકતા, વિગેરે ગુણ પર્યાયોનો આધાર જીવદ્રવ્ય છે તેવી જ રીતે સર્વદ્રવ્યોમાં સમજવું. ધર્માસ્તિકાયાદિ સર્વ દ્રવ્યો પણ પોતપોતાના ગુણોનો અને પોતપોતાના પર્યાયનો આધાર છે. આ આધારકારક સમજવું.

જીવદ્રવ્ય જેવું કર્તૃતાનું અને ચેતનતાનું આધારદ્રવ્ય છે તેવું ધર્માસ્તિકાયાદિ દ્રવ્ય કર્તૃતાનું અને ચેતનતાનું આધારદ્રવ્ય નથી. ગતિ સહાયકતા ગુણનો આધાર જેવું ધર્માસ્તિકય દ્રવ્ય છે તેવું ગતિ સહાયકતા ગુણનો આધાર ચેતનદ્રવ્ય કે અધર્માસ્તિકાયાદિ નથી.

આ પ્રમાણે સર્વે પણ દ્રવ્યો પોતપોતાના ગુણધર્મોની તથા પર્યાયધર્મોની સત્તાવાળું છે. પોતપોતાના ગુણોની અને પર્યાયોની સત્તાનો આધાર છે. આમ સમજવું એ જ સુતત્ત્વ છે ઉત્તમ તત્ત્વ છે. આ આધારકારક સમજાવ્યું. ॥ ૮ ॥

**આતમ આતમ કર્તા કાર્ય સિદ્ધતા રે ॥**
**તસુ સાધન જિનરાજ ॥**
**પ્રભુ દીઠે પ્રભુ દીઠે કારજ રૂચિ ઉપજે રે ॥**
**પ્રગટે આત્મ સમ્રાજ ॥ ઓલગડી ॥ ૯ ॥**

**ગાથાર્થ :-** આ આત્મા સમ્યગ્દર્શનાદિ ગુણોનો કર્તા છે. તેનાથી જ પોતાની સિદ્ધતા સ્વરૂપ કાર્ય પ્રગટ કરે છે. પરંતુ તેમાં પુષ્ટ આલંબન સ્વરૂપ નિમિત્ત કારણ શ્રી વીતરાગ પરમાત્મા જ છે. પરમાત્માને દેખવાથી મોક્ષાત્મક કાર્યની રૂચિ ઉપજે છે. તેવી રૂચિ થવાથી જ ધીરે ધીરે સંપૂર્ણ આત્મસામાજ્ય પ્રાપ્ત થાય છે. ॥ ૯ ॥

વિવેચન :- અનાદિ કાળથી મિથ્યાત્વના ઉદયથી દબાયેલો આ આત્મા છે. તેમાં ભવિતવ્યતા, કાલની પરિપકવતા ઈત્યાદિ કારણો આવે છતે સ્વરૂપરુચિ, ભવોદ્‌વિગ્નતા, મોક્ષનું અભિલાષીપણું, તથા સમ્યગ્દર્શન ઈત્યાદિ ગુણો પ્રગટે છે. તે સ્વરૂપનું કર્તાપણું, પાપોથી વિરતિપણું, તત્ત્વનું ધ્યાન, તેમાં તન્મયતા ઈત્યાદિક કાર્ય કરવા વડે આ આત્મામાં તે તે ભાવોનું કર્તૃત્વ પ્રગટ થાય છે.

આ રીતે તત્ત્વનો અર્થી થયેલો આ જીવ પોતાનું કર્તાપણું, કાર્યભૂત એવાં સિદ્ધતાપણું સકલગુણપ્રગટ કરવાપણું, કર્મરહિત અવસ્થાવાળાપણું ઈત્યાદિ પોતાના આત્માની શુદ્ધ અવસ્થા પ્રગટ કરવા તરફ આગળ વધે છે. અને તે કાર્યમાં પ્રબળ નિમિત્તકારણભૂત શ્રી જિનરાજ સર્વજ્ઞ પરમાત્મા છે.

આ કારણે જ પરમાત્માને દેખે છતે પોતાના યથાર્થતત્ત્વનું આ જીવને ભાન થાય છે જેમ મુસાળપક્ષના કોઈપણ માણસને દેખતાં મામા, મામાનું ઘર, મામાના ઘરનું વાતાવરણ તાજુ થાય છે. તેમ વીતરાગ પરમાત્માને દેખે છતે પોતાના આત્માના શુદ્ધ સ્વરૂપની યાદ તાજી થાય છે.

પોતાના આત્મામાં જ રહેલી શુદ્ધ આત્મસત્તા પ્રાપ્ત કરવાની ઝંખના લાગે છે. આ ઝંખના જ (રૂચિ જ) પોતાની સંપૂર્ણ સિદ્ધ દશાની પ્રાપ્તિનું અસાધારણ કારણ બને છે. મોક્ષની રૂચિ વિના મોક્ષનું કર્તાપણું જીવમાં પ્રગટ થતું નથી. એટલે રૂચિ પ્રગટ થવી અત્યન્ત જરૂરી છે.

આવી રૂચિ અરિહંત પરમાત્માને દેખવાથી થાય છે માટે શ્રી અરિહંત પરમાત્માનું દર્શન એ રૂચિ પ્રગટ થવામાં પ્રબળ કારણ છે અને રૂચિ તે મુક્તિનું પ્રબળ કારણ છે આ રીતે મુક્તિપ્રાપ્તિનું મૂળ કારણ શ્રી અરિહંત પરમાત્મા જ છે. તે માટે તેમના સહારે સહારે સાધક આત્માને પોતાની મુક્તિ પ્રગટ થાય છે. તેથી આ ઉપકાર તાત્વિક હિત કરનારા શ્રી અરિહંત પરમાત્માનો જ છે. એમ જાણવું. ॥ ૯ ॥

**વંદન વંદન નમન સેવન વલી પૂજના રે ॥**
**સ્મરણ સ્તવન વલી ધ્યાન ॥**
**દેવચંદ્ર દેવચંદ્ર કીજે જગદીશનું રે ॥**
**પ્રગટે પૂર્ણ નિધાન ॥ ઓલગડી ॥ ૧૦ ॥**

**ગાથાર્થ :-** ત્રણ લોકના નાથ એવા અરિહંત પરમાત્માને ભાવથી વંદન કરીએ, નમન કરીએ સેવા કરીએ, પૂજા કરીએ તથા સ્મરણ-સ્તવન કે ધ્યાન કરીએ તો દેવોમાં ચંદ્રમા સમાન એવા પરમાત્મા (દેવચંદ્રજી મહારાજશ્રી) એમ કહે છે કે જગદીશ્વરનું જો તમે હાર્દિક ધ્યાન કરશો તો કર્મથી અવરાયેલ અનંતગુણોનું સંપૂર્ણ નિધાન પ્રગટ થશે. ॥૧૦॥

**વિવેચન :-** તે માટે હે ભવ્ય જીવો । તમે આવા ઉપકારી શ્રી અરિહંત પરમાત્માને ખુબ ભાવથી વંદન કરો વંદન કરો. તથા નમન કરો નમન કરો. તેમની સેવા કરો સેવા કરો. તેમની પૂજા કરો. પૂજા કરો. તથા વળી સમય નિકાલીને પણ સ્મરણ સ્તવન કરો અને આ પરમાત્માનું હૃદયના ભાવપૂર્વક ધ્યાન કરો. સ્મરણ કરવું એટલે વારંવાર ગુણોનું સંભાળવું. સ્તવન કરવું વચન દ્વારા ગુણોનું ગાન કરવું. હર્ષભેર કથન કરવું. તથા ધ્યાન કરવું એટલે કે પરમાત્માના

ગુણોમાં ચિત્તની એકાગ્રતા સ્થાપવી. પરમાત્માની સ્તુતિ કરવાના આ સર્વ ઉપાય છે.

દેવોમાં ચંદ્રમા સમાન એવા પરમાત્માની સ્તુતિ કરતાં કરતાં દેવચંદ્રજી મહારાજશ્રી કહે છે કે વંદન - નમન સેવન - પૂજન વિગેરે કાર્યો કરીએ જગદીશ્વરની એટલે કે ત્રણે લોકના ઈશ્વર એવા પરમાત્માની નમન આદિ પ્રક્રિયા કરતાં કરતાં આ સાધક આત્માના પોતાના અનંત ગુણોનું નિધાન પ્રગટ થાય. અર્થાત શ્રી વીતરાગ દેવની સ્તુતિ આદિ કરવા દ્વારા ભક્તિ કરતાં કરતાં પોતાની પૂર્ણપરમાત્મદશા પ્રગટ થાય. અવિનાશી અનંત આત્મસ્વરૂપ પ્રકાશ પામે. (પ્રગટે).

પરમાત્મા શ્રી મુનિસુવ્રતસ્વામીનો આપણા ઉપર આ જ પરમ ઉપકાર છે કે જે તેઓનું ધ્યાન કરતાં કરતાં આ આત્મા પોતાના જ ગુણોના નિધાનને પ્રાપ્ત કરે છે. ॥ ૧૦ ॥

**॥ વીસમા શ્રી મુનિસુવ્રતસ્વામી પરમાત્માના સ્તવનના અર્થ સમાપ્ત થયા ॥**

# એકવીસમા શ્રી નમિનાથ પરમાત્માનું સ્તવન

**શ્રી નમિ જિનવર સેવ, ઘનાઘન ઉનમ્યો રે ઘનાઘન ઉનમ્યો રે ॥**
**દીઠો મિથ્યા રોરવ, ભવિક ચિત્તથી ગમ્યો રે,**
**ભવિક ચિત્તથી ગમ્યો રે ॥**
**શુચિ આચરણા રીતિ, તે અભ્ર વધે વડા રે, તે અભ્ર વધે વડા રે ॥**
**આતમ પરિણતિ, શુદ્ધ તે વીજ ઝબૂકડા રે,**
**તે વીજ ઝબૂકડા રે ॥ ૧ ॥**

**ગાથાર્થ :-** શ્રી નમિનાથ પ્રભુની સેવા એ ઘનાઘન (ઘણા ગાઢ વાદળ વાળો) મેઘ ચઢીઆવેલો જાણવો. પ્રભુની સેવા રૂપી મેઘને દેખવાથી મિથ્યાત્વ રૂપી દુકાળ ભવ્યજીવોના ચિત્તમાંથી ચાલ્યો ગયો છે. દિવસે દિવસે પવિત્ર આચરણા કરવા રૂપી વાદળોની વધારે મોટી વૃદ્ધિ થાય છે. તેમાં આત્માની નિર્મળ પરિણતિ રૂપી વીજળી ઘણી ઝબુકે છે. ॥ ૧ ॥

**વિવેચન :-** હવે એકવીસમા તીર્થંકર પરમાત્મા જિનરાજ શ્રી નમિનાથ પરમોપકારી છે. તેઓના ગુણો સ્તવનકાર મહારાજશ્રી ગાય છે કે -

એકવીસમા જે નમિનાથ ભગવાન છે તે અકષાયી છે. કષાય વિનાના છે. વળી વીતરાગ છે. પરમજ્ઞાની છે. પરમાત્મા છે. શુદ્ધસ્વરૂપના ભોગી છે. ચિદાનંદઘન છે. નિર્વિકારી એવા આ પરમાત્મા છે. તેમને વીતરાગ તરીકે ઓળખવા, તથા તેમનો યથાર્થ એવો યોગ મેળવવો અતિશય દુર્લભતર છે. શાસ્ત્રમાં કહ્યું છે કે -

**इंदत्तं चक्कित्तं सुरमणि कप्पदुमस्स कोडीणं ॥**
**लाभो सुलहो, दुलहो दंसणो तित्थनाहस्स ॥ १ ॥**

ઇન્દ્રપણું, ચક્રવર્તિપણું, સુરમણિ તથા કલ્પવૃક્ષનો તથા કરોડાના ધનનો લાભ મળવો સુલભ છે પરંતુ તીર્થંકર પરમાત્માનું શાસન મળવું તેનાથી પણ ઘણું ઘણું દુષ્કર છે. ॥ ૧ ॥

પરંતુ મારા પૂર્વે બાંધેલા કોઈક પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી આ આત્માને તીર્થંકરપ્રભુની સેવા પ્રાપ્ત થઈ છે તે કેવા હર્ષને કરાવનારી છે ? તો જેમ ચારે દિશાઓમાં ઘનાઘન (ગાઢ વાદળ વાળો) મેઘ આકાશમાં ચઢી આવ્યો હોય તો જેટલો આનંદ થાય. તેવી જ રીતે મન-વચન અને કાયાએ કરીને અધ્યાત્મપરિણતિ પૂર્વક શ્રી નમિનાથ પરમાત્માનો નમન-બહુમાન-ગુણાનુવાદ સાથે પરમાત્મા મળ્યાનો આનંદ આશ્ચર્યતા ઉપજાવે તેવો થયો છે તેથી આ મીલન મેઘઘટાતુલ્ય છે.

તથા ચારે બાજુ ગટાટોપ થઈને મેઘ આકાશમાં ચઢી આવે ત્યારે લોકોના મનમાંથી દુષ્કાળનો ભય ચાલ્યો જાય છે તેવી જ રીતે અહીં પણ શ્રી અરિહંત પરમાત્માની સેવા રૂપ મેઘ જ્યારે પ્રગટ થાય છે ત્યારે અનાદિ કાળથી મિથ્યાત્વદશારૂપી રૌરવ (એટલે કે ભયંકર દુકાળ) હતો તે ભવ્યજીવોના મનમાંથી દૂર થઈ ગયો છે આ જ મોટો લાભ થયો છે. મિથ્યાત્વ ગયું જ સમજો.

મેઘને વિષે જેમ મોટાં મોટાં વાદળાં હોય અને પાછાં તે વાદળાં વૃદ્ધિ પામતાં હોય છે તેવી જ રીતે પવિત્ર, અવિધિદોષ રહિત, આશાતના રહિત, પુદ્ગલના સુખની આશંસા રહિત, આવી આવી ઉત્તમ આચરણાઓ આ જીવમાં પ્રગટ થાય છે તે ઉત્તમ આચરણાઓ એ જ વાદળાનો સમૂહ અર્થાત્ અભ્રપટલ જાણવું. આમ વાદળાંનો સમૂહ (એટલે ઉત્તમ આચરણાઓ) વૃદ્ધિ પામે છે આ રીતે રૂપી વસ્તુને રૂપીની ઉપમા ઘટે છે.

તથા મેઘપટલમાં વિજળની ઝબકારા ઘણા હોય છે તેવી જ રીતે અહીં પ્રભુસેવા કરતાં કરતાં આપણા આત્માની પરિણતિ ઘણી શુદ્ધ બને છે પરિણતિ શુદ્ધ થાય એટલે સાધક એવો આ આત્મા ઈન્દ્રિયોનો વધારે કંટ્રોલ કરે છે. તપ અને જ્ઞાન ધ્યાનમાં આગળ વધે છે તથા ગુણવાળા મહાત્મા પુરુષોની તથા શુદ્ધતત્ત્વનું આલંબન લેનારા ગીતાર્થોની સેવામાં આ આત્મા જોડાય છે તે સઘળુંય અનુકરણ આ જીવનમાં વિજળીના ચમકારા જેવું પ્રગટે છે. ઉત્તમ આલંબનોનું સેવન એ વિજળીના ચમકારા જેવું છે. ॥ ૧ ॥

**વાજે વાયુ સુવાયુ, તે પાવન ભાવનારે, તે પાવન ભાવના રે ॥**
**ઇન્દ્રધનુષ્ય ત્રિકયોગ, તે ભક્તિ એક મના રે,**
**તે ભક્તિ એક મના રે ॥**
**નિર્મલ પ્રભુ સ્તવઘોષ, ધ્વનિ ઘન ગર્જના રે,**
**ધ્વનિ ઘન ગર્જના રે ॥**
**તૃષ્ણા ગ્રીષ્મકાલ, તાપની તર્જના રે, તાપની તર્જના રે ॥ ૨ ॥**

**ગાથાર્થ :-** મેઘઘટામાં જેમ વાયુ અનુકુળ વાય તે સુવાયુ હોય, તેવી જ રીતે પરમાત્માની ભક્તિ કરતાં પરમ પવિત્ર જે ભાવના પ્રગટે તે સુવાયુ જાણવો. મન-વચન-કાયાના એમ ત્રણે યોગો ભગવાનની ભક્તિમાં જે એકમેક થયા છે તે ઈન્દ્રધનુષ્યની ત્રણ રેખા જાણવી. નિર્મળ એવા પરમાત્માનું સ્તવન ગાવા રૂપ જે સ્પષ્ટ અવાજ છે તે ધનગર્જરા જાણવી. તેનાથી તૃષ્ણારૂપી ગ્રીષ્મકાળના તાપની તર્જના થાય છે. ॥૨॥

**વિવેચન :-** સ્તવન બનાવનાર કવિરાજ મેઘઘટામાં બધી ઉપમાઓ ઘટાવે છે. જ્યારે આકાશમાં ઘણી મેઘઘટા ગટાટોપ ચડી આવી હોય ત્યારે પવન તેને અનુકૂળ વાતો હોય છે કે જેથી મેઘઘટા વિખેરાઈ ન જાય. પરંતુ સારો વરસાદ આવે. તેવી જ રીતે જિનેશ્વર પરમાત્માની

ભક્તિ કરવા પરમાત્માના નિર્મળ ગુણો ગાવા. ગુણોનું બહુમાન કરવું તેની ભાવના ભાવવી એ રૂપી વાયુ અનુકૂળ વાય છે.

વરસાદના ટાઈમે ત્રણ રેખાઓ સાથે સુંદર ઈન્દ્રધનુષ્ય થાય છે જે બહુ જ શોભાકારી હોય છે. તેવી જ રીતે પરમાત્માની ભક્તિ કરવામાં મન વચન અને કાયાના એમ ત્રણે યોગો એકાકાર થયા. તન્મય થયા. જેથી આકાશની શોભાની જેમ ભક્તિની શોભા ઘણી વધી છે.

જ્યારે વરસાદનો સમય થાય અને વિશિષ્ટ મેઘઘટા પથરાણી હોય ત્યારે પ્રાયઃ જોરશોરથી મેઘગર્જના (વાદળોનું ગાજવાપણું) થાય છે તેમ પરમાત્માની કરાતી આ ભક્તિમાં હૈયાના ભાવપૂર્વક સુંદર સંગીત સાથે ગવાતાં સ્તવનો - ભક્તિગીતોનો જે અવાજ તે મેઘ ગર્જના સમજવી.

તથા મેઘથી - વરસાદ વરસવાથી પાણીની પિપાસા એટલે કે તૃષ્ણા ટળે છે. તૃષ્ણા દૂર થાય છે. તેમ વીતરાગ પરમાત્માની ભક્તિ કરવાથી વીતરાગતાના પરિણામ આવવાથી હૃદયમાં પૌદ્ગલિક સુખોની જે પિપાસા અર્થાત્ તૃષ્ણા હતી. તે અંતરંગ તૃષ્ણા દૂર થાય છે. પરમાત્મા પ્રાપ્ત થવાથી આત્માને આત્મિક ગુણોની પ્રાપ્તિ થવાથી પરપદાર્થો તરફના સુખોની પિપાસા રૂપી તૃષ્ણા જ દૂર થઈ જાય છે. ગ્રીષ્મકાલનો જે મહાતાપ હતો તે મેઘઘટાથી જેમ દૂર થાય છે તેમ પરમાત્મા પ્રાપ્ત થવાથી પરપદાર્થોના સુખોની વાઞ્છાઓ જ નાશ પામી જાય છે. આવી પરમાત્માની ભક્તિ છે. મેઘધરા તુલ્ય ॥૨॥

**શુભ લેસ્યાની આલિ, તે બગપંક્તિ બની રે,**
**તે બગપંક્તિ બની રે ॥**
**શ્રેણિ સરોવર હંસ, વસે શુચિ ગુણ મુનિ રે,**
**વસે શુચિ ગુણ મુનિ રે ॥**

**ચૌગતિ મારગ બંધ, ભવિક નિજ ઘર રહ્યા રે,**
**ભવિક નિજ ઘર રહ્યા રે ॥**
**ચેતન સમતા સંગ, રંગમેં ઉમાહ્યા રે,**
**રંગ મેં ઉમાહ્યા રે ॥ ૩ ॥**

**ગાથાર્થ :-** પ્રશસ્ત એવી શુભલેશ્યાની જે પંક્તિ છે. તે બગલાઓની શ્રેણી છે એમ જાણવું. પવિત્ર ગુણોવાળા મુનિમહારાજ રૂપી હંસો બન્ને શ્રેણી રૂપી સરોવરમાં જઈને રહે છે. વર્ષાદમાં જેમ ચારે દિશામાં જવા-આવવાના રસ્તા બંધ થાય છે. તેમ જિનેશ્વર પ્રભુની ભક્તિથી ચારે ગતિમાં રખડવાનું બંધ થાય છે ચોમાસામાં જેમ સૌ પોતાના ઘરમાં જ રહે તેમ ભક્તિવંત આ જીવ સ્વગુણોનો અનુભવ કરવારૂપ સમભાવના રંગમાં જ એટલે કે (પોતાના ઘરમાં જ) રમ્યા કરે છે. ॥ ૩ ॥

**વિવેચન :-** કવિરાજ નવી નવી ઉપમાઓ આપીને પરમાત્માની ભક્તિને વરસાદની ઉપમા સાથે ઘટાવે છે.

જેમ મેઘઘટા ચડી આવી હોય ત્યારે ઉજ્જ્વલ બગપંક્તિ ચારે બાજુ ફરતી હોય છે. તેમ પ્રશસ્ત એવી જે શુભલેશ્યા - પદ્મલેશ્યા અને શુક્લલેશ્યા, આ બન્ને લેશ્યાના શુભ પરિણામ રૂપી બગપંક્તિ આનંદપૂર્વક ફરતી હોય છે ક્યાંય કાળા પરિણામ નજરે પડતા નથી.

મેઘઘટા વરસતી હોય ત્યારે હંસપક્ષીઓ સરોવરે જઈને બેસે છે. મધુરઆનંદ કલ્લોલ કરે છે. તેમ હંસપક્ષી તુલ્ય મુનિમહારાજાઓ ઉપશમ શ્રેણી અને ક્ષપકશ્રેણી તે બન્ને શ્રેણીરૂપી સરોવરની પાળ ઉપર જઈને બેસે છે શ્રેણી ઉપર આરોહણ કરે છે.

ઘણો વરસાદ વરસવાથી એકગામથી બીજે ગામ જવાના તથા આવવાના ચારે દિશાના માર્ગો જેમ બંધ થાય છે તેમ જિનેશ્વર પરમાત્માની ભક્તિનો યોગ એવો આ જીવને લાગે છે કે જેનાથી ચારે

ગતિમાં ભવોભવ કરવાના અને રખડવાના માર્ગો બંધ થઈ જાય છે ભવભ્રમણ ટલી જાય છે.

ચોમાસુ આવે અને મેઘઘટા વરસતી હોય ત્યારે સર્વે પણ લોકો પોતપોતાના ઘરમાં જ રહે છે પ્રાયઃ કોઈ બહાર નીકળતું નથી. તેમ જિનેશ્વર પરમાત્માની ભક્તિનો રંગ લાગે ત્યારે સર્વે પણ જીવો પોતાના આત્મસ્વભાવમાં જ રહે છે રમે છે પરંતુ કોઈ વિભાવદશામાં જતા નથી. પરબાવદશાના અભિલાષી બનતા નથી. ચેતન એવો આ આત્મા સમતાનો સંગી બને છે. સમભાવદશાના રંગમાં જ એકાકારપણે ઓતપ્રોત બને છે. તલમાત્ર પણ કષાયોની માત્રા કામ કરતી નથી. વિભાવદશાથી વિરામ પામે છે. પરમાત્માની ભક્તિ આવી પ્રભાવવાળી છે. ॥ ૩ ॥

**સમ્યગ્દૃષ્ટિ મોર, તિહાં હરખે ઘણું રે, તિહાં હરખે ઘણું રે ॥**
**દેખી અદ્‌ભૂત રૂપ, પરમ જિનવર તણું રે, પરમ જિનવર તણું રે ॥**
**પ્રભુગુણનો ઉપદેશ, તે જલધારાવહી રે, તે જલધારા વહી રે ॥**
**ધર્મરૂચિ ચિત્તભૂમિ, માંહે નિશ્ચલ રહી રે, માંહે નિશ્ચલ રહી રે ॥૪॥**

**ગાથાર્થ :-** ચોમાસામાં વાદળાંને જોઈને મોર જેમ ઘણો જ હર્ષિત થાય છે તેમ સમ્યગ્દૃષ્ટિ આત્મા પરમાત્માનું ઉત્કૃષ્ટ અદ્‌ભૂત રૂપ જોઈને ઘણો જ આનંદ પામે છે હર્ષઘેલો થાય છે સમ્યગ્દૃષ્ટિ જીવોના મુખે પરમાત્માના જે ગુણગાન થાય છે તે ઉત્કૃષ્ટ ગુણોના ગાન સ્વરૂપ મેઘની જલધારા ચોતરફ વહે છે. તે જલધારા ધર્મરૂચિવાળા જીવોના ચિત્તરૂપી ભૂમિ ઉપર વહીને ધર્મરૂચિજીવોના હૃદયમાં નિશ્ચલ (સ્થિર) થઈ જાય છે. ॥ ૪ ॥

**વિવેચન :-** ચોમાસાના દિવસોમાં આકાશમાં ચઢી આવેલા મેઘને જોઈને મોરો ઘણા જ હર્ષિત થાય છે. મીઠા મીઠા ટહુકા કરે

છે. તેમ પરમાત્માની વીતરાગ દશાના કાલે ૩૪ અતિશયોવાળું તથા અતિશય અનુપમ કુદરતી રીતે જ ભભકાદાર રૂપ જોઈ જોઈને સમ્યગ્દૃષ્ટિ જીવો ઘણો જ આનંદ પામે છે. એકીટસે પરમાત્મા સામે જોયા જ કરે છે આંખને જરા પણ ફરકવા દેતા નથી.

પરમાત્માનું વીતરાગદશાના કાલે રૂપ કેવું છે ? તે એક ઉપમાથી સમજાવે છે કે સર્વ દેવો સાથે મલીને નવું વૈક્રિય રૂપ વિકુર્વે તો પણ શ્રી અરિહંત પરમાત્માના પગના અંગુઠાના સમાનરૂપ પણ કરી શકે નહીં. આવું પરમતેજસ્વી પરમશીતલ નિર્વિકારી ચંદ્રમા જેવું અત્યન્ત શીતલ આહ્લાદકારીરૂપ પરમાત્માનું હોય છે.

પરમાત્માનું આવું દર્શનીય રૂપ જોઈને સમ્યગ્દૃષ્ટિ જીવ રૂપી મોર વર્ષાકાલના મોરની જેમ ઘણો જ ઘણો હર્ષ - આનંદ પ્રાપ્ત કરે છે અને તેઓનું હૈયુ નાચી ઉઠે છે.

આ તીર્થંકર પરમાત્મા ભક્તિ કરનારા ભક્તના હૃદયમાં પરિણામ પામ્યા છે. તેથી આવા તત્ત્વરૂચિવાળા જીવો પોતાની જીભનો સદુપયોગ કરવા દ્વારા વચનો વડે ઉચ્ચાર કરીને પ્રભુજીના ગુણગાન કરે છે તે પરમાત્માના ગુણગાન કરવા રૂપી મેઘની ધારા નીચે વહીને તે જલધારા ધર્મરૂચિ જીવના ચિત્ત રૂપી ભૂમિકામાંહે નિશ્ચલ (સ્થિર) થાય છે સારાંશ કે ધર્મરૂચિ જીવના ચિત્ત રૂપી ભૂમિમાં પ્રભુજીના ગુણો સમાઈને રહે છે ક્યાંય બહાર જતા નથી. ॥ ૪ ॥

**ચાતક શ્રમણ સમૂહ, કરે તવ પારણો રે, કરે તવ પારણો રે ॥**
**અનુભવ રસ આસ્વાદ, સકલ દુઃખ વારણો રે,**
**સકલ દુઃખ વારણો રે ॥**
**અશુભાચાર નિવારણ, તૃણ અંકુરતા રે તૃણઅંકુરતા રે ॥**
**વિરતિ તણા પરિણામ, તે બીજની પૂરતા રે,**
**તે બીજની પૂરતા રે ॥ ૫ ॥**

**ગાથાર્થ :-** ચાતક પક્ષી તુલ્ય શ્રમણવર્ગનો સમૂહ જલધારા વરસતાં પારણું કરે અનુભવ રસનું આસ્વાદન લઈને સર્વ દુઃખોનુ વિરમણ કરે છે આ મેઘધારા વરસતાં અશુભ આચારોનું નિવારણ થવા સ્વરૂપ તૃણના અંકુશ પ્રગટ થાય છે. તથા દેશવિરતિ અને સર્વવિરતિના પરિણામ થવા રૂપ મુક્તિબીજની વાવણી થાય છે. ॥ ૫ ॥

**વિવેચન :-** પરમાત્માની સેવા રૂપ જલધારા વરસતાં તત્ત્વમાં જ રમણતા કરનારા શ્રમણ નિર્ગ્રન્થ મહામુનિઓ જે છે તે રૂપી ચાતક પક્ષી ઘણા જ આનંદમાં આવી જાય છે અને તેને વરસાદની ધારા મળે તેમ શ્રમણનિર્ગ્રન્થોને પરમાત્માની સેવા મળવાથી પારણું કરે છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું ત્યારે પોતાના આત્માની આત્મદશા પ્રાપ્ત કરવાની જોરદાર પિપાસા થઈ હતી. તે જ પિપાસા જિનભક્તિ કરવા રૂપ કારણ પ્રાપ્ત કરીને આત્મસ્વરૂપનું યથાર્થજ્ઞાન મેળવવા રૂપ અનુભવ કરવા દ્વારા તત્ત્વરસનું આસ્વાદન કરીને તે ગુણોને અનુભવવા રૂપે તે જીવ પારણું કરે છે. અર્થાત્ પિપાસા હતી. તે પુરી થઈ હવે આ જીવ તત્ત્વરસના આસ્વાદનમાં જ જોડાઈ જાય છે. બીજો કોઈ રસ તેને ગમતો નથી.

પ્રભુજીની ભક્તિ કરવા સ્વરૂપ કારણમાં જોડાવાપણાનું જે કામ છે તે સાંસારિક સકલ વિભાવદશા સ્વરૂપ જે આઠ પ્રકારના કર્મોનો ભાર છે. કર્મોની તીવ્રતા છે તેને રોકનાર છે. તેથી કર્મોની તીવ્રતાનું વારણ થવાથી દુઃખનું નિવારણ થાય છે.

આ પ્રમાણે પ્રભુજીની સેવા સ્વરૂપ મેઘ વરસતાં અનુભવરસનો આસ્વાદ મળે છે તેનાથી ચાતક તુલ્ય પ્રાણીઓને પારણું થાય છે કર્મોના ભારની તીવ્રતા દૂર થાય છે તેનાથી દુઃખનું નિવારણ થાય છે.

વર્ષાકાલે ધીરા ધીરા મેઘથી નીલાં નીલાં તૃણ ઉગે. તેમ જિનેશ્વર પરમાત્માની ભક્તિ કરવા સ્વરૂપ મેઘ વરસતાં અશુભ આચારોના નિવારણ થવારૂપ નીલા નીલા ગુણના અંકુશ ઉગે છે તથા વર્ષાકાલે અર્થાત્ ચોમાસાની ઋતુમાં ખેડુત લોકો જેમ ધરતીમાં બીજ વાવે છે તેમ અહીં આવેલો આ જીવ આશ્રવોથી વિરામ પામવા સ્વરૂપ વિરતિના પરિણામો પ્રગટ કરે છે તે જ બીજ ઉગ્યા તુલ્ય જાણવું. ॥ ૫ ॥

**પંચ મહાવ્રત ધાન્ય, તણાં કર્ષણ વધ્યાં રે,**
**તણાં કર્ષણ વધ્યાં રે ॥**
**સાધ્યભાવ નિજ થાપી, સાધનતાયે સધ્યાં રે,**
**સાધનતાયે સધ્યાં રે ॥**
**ક્ષાયિક દરિસણ જ્ઞાન, ચરણગુણ ઉપના રે,**
**ચરણગુણ ઉપના રે ॥**
**આદિક બહુગુણ સસ્ય, આતમઘર નીપના રે,**
**આતમઘર નીપના રે ॥ ૬ ॥**

ગાથાર્થ :- પાંચ મહાવ્રત પાલન કરવા સ્વરૂપ ધાન્ય ઉગીને તેનાં કણસલાં વૃદ્ધિ પામ્યાં તથા આત્મદશાને સાધ્યભાવરૂપે સ્થાપિત કરીને તેની સાધનાની સિદ્ધિ થાય તે રીતે સાધનોને જોડ્યાં. ક્ષાયિકભાવમાં કેવલદર્શન કેવલજ્ઞાન યથાખ્યાત ચારિત્ર વિગેરે બહુગુણો પ્રગટ કર્યા તે ગુણો રૂપી ધાન્ય આત્માના પોતાના ઘરે પ્રગટ થયાં. ॥ ૬ ॥

**વિવેચન :-** ચાતુર્માસમાં જે બીજ વાવ્યાં તે ઉગીને વૃદ્ધિ પામ્યાં આ દ્રવ્યથી સમજવું અને ભાવથી પાંચ મહાવ્રત "सव्वाओ पाणाइवायाओ वेरमणं" ઈત્યાદિ આશ્રવના ત્યાગ સ્વરૂપ જે પાંચ મહાવ્રતપાળવાં તે મહાવ્રતના પાલન સ્વરૂપ ધાન્ય ઉગીને ઉપર આવ્યાં. નિરતિચાર પણે મહાવ્રત પાલ્યાં. તે મહાવ્રતોના પાલનનું જ ધ્યાન, તે રૂપી કણસલાં વૃદ્ધિ પામ્યાં. દાણા ઉપર આવ્યા.

આત્માના ગુણોનું ક્ષાયિકભાવે પ્રકટીકરણ કરવું એ રૂપી સાધ્યને મનમાં બરાબર સ્થાપીને તેના ઉપાયરૂપે સાધનભાવનો સ્વીકાર કર્યો સાધનભાવે ગુણોની સાધના ચાલુ કરી તથા ક્ષાયોપશમિક ભાવના ગુણો ક્ષાયિકભાવના ગુણો મેળવવામાં સાધનરૂપ બન્યા. કારણરૂપ થયા.

મહાવ્રતોને પાલવાની પરિણતિ રૂપે સાધનભાવ પ્રગટ કર્યો તેના દ્વારા ક્ષાયિકભાવના ગુણો જેવા કે કેવલજ્ઞાન કેવલદર્શન યથાખ્યાત ચારિત્ર વિગેરે ગુણો પ્રગટ થયા. છઠ્ઠા-સાતમા ગુણસ્થાનકથી સાધના વધતાં વધતાં તેરમા ગુણસ્થાનકે સાધનાની સમાપ્તિ થઈ.

પોતાના સત્તાગત અનંત ગુણોની પ્રગટતા કરવારૂપ ધાન્ય ઉત્પન્ન થયું. અર્થાત્ આત્મગુણોની પ્રગટતા રૂપ પુષ્કળ ધાન્ય નીપજ્યું. જે આત્મા જિનેશ્વર પ્રભુની સેવામાં જોડાયો હતો તે જ આત્મા આ રીતે આત્મભાવમાં વિકાસ પામીને કેવલજ્ઞાની કેવલદર્શની સર્વજ્ઞ વીતરાગ બન્યો.

ખેતરમાં જેમ ધાન્ય નીપજે તેમ આ આત્મામાં ગુણો પ્રગટ થયા. સ્વગુણની જે અનંતતા તે રૂપી પુષ્કળ ધાન્ય પાક્યું. હવે કોઈપણ જાતની ચિંતા વિના ભયમુક્ત થઈને તે ધાન્યને પોતાને ઘેર લઈ જવાનું અને તેનો ઉપભોગ કરવાનું જ બાકી રહ્યું. તેમ પ્રગટ થયેલા આ અનંત ગુણોને ભોગવવાનો, તે ગુણોમાં જ રમવાનો અને અનંત આનંદ અનુભવવાનો આ અવસર આવ્યો. જે અનંતકાલ સુધી આ રહેશે. આ આનંદ ક્યારે ય જશે તો નહીં પણ હાનિ પણ પામશે નહીં. ॥ ૬ ॥

**પ્રભુ દરિસણ મહા મેઘ, તણે પ્રવેશ મેં રે, તણે પ્રવેશ મે રે ॥**
**પરમાનંદ સુભિક્ષ થયો, મુઝ દેશમેં રે, મુઝ દેશ મેં રે ॥**
**દેવચંદ્ર જિનચંદ્ર, તણો અનુભવ કરો રે, તણો અનુભવ કરોરે ॥**
**સાદિ અનંતો કાલ, આતમસુખ અનુસરો રે,**
**આતમસુખ અનુસરો રે ॥ ૭ ॥**

**ગાથાર્થ :-** પરમાત્માનાં દર્શન થવા રૂપી મહામેઘનો જો મારા ક્ષેત્રમાં પ્રવેશ થાય. તો પરમાનંદ રૂપી ધાન્યનો મારા દેશમાં (અર્થાત્ મારામાં) સુકાળ થાય. દેવોમાં ચંદ્રમા સમાન એવા જિનેશ્વર પરમાત્માના ગુણોનો જો યર્થાર્થ અનુભવ કરવામાં આવે તો સાદિ-અનંતકાલ સુધી આત્માના ક્ષાયિકભાવના યથાર્થ સુખગુણને અનુસરનારા થાઓ. ॥ ૭ ॥

**વિવેચન :-** પરમાત્મા શ્રી વીતરાગ એવા નમિનાથ પ્રભુનાં ભાવથી દર્શન થાય તો તે દર્શનથી તેમની પરમદયાલુતા, ગુણસમુદ્રતા, ત્રણે જગતના સર્વ જીવોના ભાવને જણાવવામાં સૂર્યસમાનતા, કર્મોના રોગો દૂર કરવામાં મહાવૈદ્યતુલ્યતા વિગેરે ગુણોવાળા આ પરમાત્મા છે. આવા પરમાત્માનું જે દર્શન થવું. એટલે તેમની મુખમુદ્રાને બરાબર દેખવી, અથવા તેમનું દર્શન થવું એટલે તેમનું શાસન પામવું. અથવા તેમનું સમ્યક્ત્વ પ્રાપ્ત કરવું તે રૂપી જે મહાવરસાદ, તે હોતે છતે તેવા વરસાદમાં પ્રવેશ કરે છતે આત્મિક ગુણોના આનંદ રૂપ સુભિક્ષ એટલે કે સુકાળ થયો. અસંખ્યાત આત્મપ્રદેશો રૂપી મારા આત્મક્ષેત્રમાં ગુણોનો અતિશય સુકાળ થયો છે. પરમાત્માના દર્શનથી ઘણા ગુણો પ્રગટ થયા છે.

તે માટે દેવોમાં ચંદ્રમા સમાન હે પ્રભુ, તથા જિનોમાં એટલે કે વીતરાગ આત્માઓમાં ચંદ્રમા તુલ્ય એવા હે નમિનાથ પ્રભુ ! આપનામાં જે અનંતગુણો છે તેમાં જ આ સાધક જીવોએ લયલીન થવા જેવું છે. આ પરમાત્માનું જ ધ્યાન કરો. તેમના બહુમાનમાં જ લયલીન થાઓ. તો સાદિ-અનંત એટલે જેની આદિ છે. પણ અંત નથી. એવા અવિનાશી આત્મસુખને પામશો.

એટલે હે ભવ્ય જીવો ! શ્રી નિર્મળ આનંદનો અનુભવ કરનારા સંપૂર્ણ સ્વરૂપભોગી, એવા જે નમિનાથ જિનેશ્વર પરમાત્મા છે.

તેમના ગુણોનું બહુમાન તથા તેમની આજ્ઞાનું પાલન, તેની અંદર રહેનારા થાઓ તો સંપૂર્ણસિદ્ધ, અવિનાશી, અક્ષયાત્મક, અનંત ગુણસંપદા પામશો. પોતાના આત્માની જ ગુણસંપદા પ્રગટ કરવાનો આ જ પુષ્ટ ઉપાય છે. આ જ પુષ્ટ આલંબન છે.

**॥ એકવીસમા શ્રી નમિનાથ જિનેશ્વર પ્રભુના સ્તવનના અર્થ સમાપ્ત થયા ॥**

# બાવીસમા શ્રી નેમિનાથ પરમાત્માનું સ્તવન

**નેમિ જિનેસર નિજ કારજ કર્યું, છાંડ્યો સર્વ વિભાવોજી ॥**
**આતમશક્તિ સકલ પ્રગટ કરી, આસ્વાદ્યો નિજભાવોજી ॥**
**નેમિ જિનેસર ॥ ૧ ॥**

**ગાથાર્થ :-** બાવીસમા શ્રી નેમિનાથ પરમાત્માએ પોતાનું કાર્ય બરાબર કર્યું. અનાદિકાળથી વળગેલો વિભાવભાવ સર્વથા ત્યજી દીધો. આ આત્માની સંપૂર્ણ શક્તિ પ્રગટ કરીને પોતાનો જે શુદ્ધ નિરાવરણ સ્વભાવ હતો તેનું આસ્વાદન કર્યું. ॥ ૧ ॥

**વિવેચન :-** સંસારવર્તી સર્વે પણ જીવો શુદ્ધ સુવર્ણતુલ્ય અનંત-અનંત ગુણોથી ભરપૂર ભરેલા છે તેના ઉપર કર્મોનાં આવરણો લાગેલાં છે. તેના કારણે આત્માના ગુણો આચ્છાદિત થયેલા છે, પણ ગુણો નાશ નથી પામ્યા.

બાવીસમા શ્રી નેમિનાથ પરમાત્માનો આત્મા પણ આવો જ હતો. પરંતુ તેમણે પોતાના આત્માના ગુણો ઉપરનાં આવરણો એટલે કે વિભાવસ્વભાવ છોડવાનો પ્રયત્ન આદર્યો અને તેમાં સફળતા પ્રાપ્ત કરીને સર્વ વિભાવદશા રૂપ ગુણો ઉપરનાં આવરણોનો ત્યાગ કર્યો.

આમ કરવાથી આત્માની જે ગુણો સંબંધી અનંત શક્તિ સત્તાગત હતી તે સઘળી શક્તિ પ્રગટ થઈ અને પોતાનો શુદ્ધ ક્ષાયિકભાવની જે અનંતજ્ઞાનાદિ ગુણમય શુદ્ધ અને નિર્મળ સ્વભાવદશા હતી તેનું આસ્વાદન કર્યું. પોતાનું અનંત અનંત ગુણમય સ્વરૂપ પ્રાપ્ત કર્યું.

જાદવકુલમાં તિલકસમાન, મહા ઉપકારી એવા શ્રી નેમિનાથ જિનેશ્વર પરમાત્માએ ગુણો પ્રગટ કરવાનું પોતાનું કાર્ય બરાબર કર્યું. ક્યાંય અલ્પમાત્રાએ પણ પોતાના આત્માને આવરણોથી ઢંકાવા દીધો નહીં. સર્વથા નિરાવરણ કર્યો.

અંતરમાં પરિણામની ધારામાં અને બહારથી સંયોગસંબંધથી પણ જે વિભાવસ્વભાવ હતો. તે સર્વથા ત્યજી દીધો. અસંખ્યાત પ્રદેશો વાળા આ આત્મામાં, પ્રદેશે પ્રદેશે જે ગુણો હતા અને કર્મોથી આવૃત હતા. તે સર્વે પણ ગુણો કર્મોનાં આવરણોને તોડીને પ્રગટ કર્યા.

જેવા કે અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત ચારિત્ર, અનંત સુખ, અનંત અવ્યાબાધસ્વરૂપ, અનંત અગુરુલઘુ સ્વરૂપ, અનંતદાન, અનંત લાભ, અનંત ભોગ, અનંત ઉપભોગ, અનંત વીર્ય, અવર્ણપણું, અગંધપણું, અરસપણું, અસ્પર્શપણું, પરમ અસંગતા અયોગિત્વ ઈત્યાદિ ગુણ મય પોતાનું પ્રભુત્વ, વિભુત્વ, કારણત્વ, કાર્યત્વ, વ્યાપકત્વ, અસ્તિત્વ, નાસ્તિત્વ, નિત્યત્વ-અનિત્યત્વ, ભેદત્વ અભેદત્વ કારકત્વ પરિણામિકત્વ, સત્ત્વ, પ્રમેયત્વ, દ્રવ્યત્વ, ઈશ્વરત્વ, સિદ્ધત્વ, અખંડિત્વ, અલિપ્તત્વ ઈત્યાદિ સામાન્યથી અનંતગુણાત્મક સર્વ આત્મશક્તિ પ્રગટ કરી.

તેના કારણે નિરાવરણ એવું આત્માનું જે શુદ્ધ સ્વરૂપ છે. તે પ્રગટ કરીને તેનું આસ્વાદન પ્રાપ્ત કર્યું. સ્વસ્વરૂપનું ભોક્તૃત્વ પૂર્ણપણે પ્રગટ કર્યું હે પરમાત્મા ! તમે પૂર્ણ સ્વરૂપભોગી થયા. અલ્પાંશે પણ

વિભાવસ્વભાવ ન રાખ્યો. એવા શ્રી નેમિનાથ પરમાત્માને અમારી ભાવભરી વારંવાર વંદના. ॥ ૧ ॥

**રાજુલ નારી રે સારી મતિ ધરી, અવલંબ્યા અરિહંતોજી ॥**
**ઉત્તમસંગે ઉત્તમતા વધે રે, સધે આનંદ અનંતો જી. ॥ ૨ ॥**

**ગાથાર્થ :-** તથા આપનાં પત્ની શ્રીરાજુલનારીએ પણ ઉત્તમ બુદ્ધિ ધારણ કરીને અરિહંત પરમાત્મા એવા શ્રી નેમિનાથ પ્રભુનું આલંબન લીધું આ પ્રમાણે ઉત્તમ પુરુષની સોબતથી ઉત્તમતા પ્રગટ વૃદ્ધિ પામે છે. આત્મગુણોના અનંત આનંદની સિદ્ધિ થાય છે. ॥૨॥

**વિવેચન :-** તથા વળી ઉગ્રસેન રાજાની પુત્રી શ્રી રાજીમતી રાણીએ પણ રૂડી બુદ્ધિ ધારણ કરીને સર્વ પરિગ્રહના સંગનો ત્યાગ કરીને શ્રી અરિહંત પરમાત્મા એવા નેમિનાથ પ્રભુ ઉપર અરિહંતપણાનો રાગ કરીને ઉપકારીપણે અનંતગુણી એવા પરમાત્માને આદર્યા. અંતરથી ઉપકારીભાવે સ્વીકાર્યા. તેઓનું અવલંબન લીધું.

સારાંશ કે પતિપણાનો મોહક અશુદ્ધ રાગ ટાળી વીતરાગપણાનો રાગ કર્યો. અને મનમાં આવું વિચાર્યું કે "જે જીવ જેની સોબત કરે છે તે જીવ તેના જેવી અવસ્થા પામે છે." આમ વિચારીને વીતરાગ થવા માટે જ વીતરાગ પ્રભુની સોબત કરી.

સર્વોત્તમ ચારિત્રવાળા શ્રી નેમિનાથ પરમાત્મા શ્રેષ્ઠ ચારિત્રવાળા છે. હૃદયથી વૈરાગી છે અને વીતરાગ થવાવાળા છે તેમની સોબત કરવાથી મારી પણ સિદ્ધદશા, પૂર્ણગુણાત્મકદશા, તથા વીતરાગદશા વૃદ્ધિ પામશે. અનાદિકાળથી જે દશા દબાયેલી છે તે પ્રગટ થશે.

જ્યારે મારી પોતાની અનંત ગુણાત્મકતા પ્રગટ થશે ત્યારે આત્યન્તિક, એકાન્તિક નિર્દ્વન્દ્વ, નિરામય એવું આત્મસુખ પ્રગટ

થશે. તે માટે એકભવના સંબંધવાળા ભોગસુખને ત્યજીને તે જ ગુણોની પ્રાપ્તિના યાવચ્ચંદ્ર દિવાકર રહે તેવા સુખને પ્રાપ્ત કરવું ઘટે. તેનો જ ઉઘાડ કરવો મારે માટે યોગ્ય છે.

આવો વિચાર શ્રી રાજીમતીજીએ જેવો કર્યો છે. તેવો જ વિચાર આત્મદશાના સાધક એવા સર્વ ભવ્યજીવોએ કરવા જેવો છે. અને પ્રાપ્ત થયેલી આ ભોગસામગ્રીને તિલાંજલી આપીને કર્મોથી ઢંકાયેલી પોતાના આત્માના શુદ્ધ ગુણોની ક્ષાયિકભાવની સમૃદ્ધિ પ્રાપ્ત કરવા જેવી છે. ॥ ૨ ॥

**ધર્મ અધર્મ આકાશ અચેતના, તે વિજાતિ અગ્રાહ્યો જી ॥**
**પુદ્ગલ ગ્રહવે રે કર્મકલંકતા, વાધે બાધક ભાવોજી ॥ ૩ ॥**

**ગાથાર્થ :-** ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, અને આકાશાસ્તિકાય આ ત્રણે દ્રવ્યો અચેતનભાવવાળાં છે. હું ચેતનભાવવાળો છું. તેથી મારાથી વિજાતીય છે. તેથી તેનો સંબંધ રાખવો ઉચિત નથી. તથા પુદ્ગલોને જેટલાં ગ્રહણ કરીએ તેટલી માયા વધવાથી કર્મનો બંધ થવા રૂપ કલંકતા વધે છે અને મારા આત્મામાં બાધકભાવની વૃદ્ધિ થાય છે તેથી તે પણ ગ્રહણ કરવા જેવાં નથી. ॥ ૩ ॥

**વિવેચન :-** આ લોકમાં અસંખ્યાત પ્રદેશવાળું ધર્માસ્તિકાય નામનું એક દ્રવ્ય છે તથા તેવું જ અધર્માસ્તિકાય નામનું પણ બીજું એક દ્રવ્ય છે તથા અનંતપ્રદેશોવાળું આકાશાસ્તિકાય નામનું પણ ત્રીજું એક દ્રવ્ય છે. આ ત્રણે દ્રવ્યો અચેતન છે જ્યારે હું ચેતન છું. મારામાં જ્ઞાનગુણ છે ઉપરોક્ત ત્રણે દ્રવ્યોમાં ચેતનતા નથી તેથી મારે મન તે દ્રવ્યો વિજાતીય થયાં તેથી ઉત્તમકુલમાં જન્મેલા ક્ષત્રિયાદિ પુરુષો હલકા કુલમાં જન્મેલા ઢેઢ ભંગી કે ગમાર જીવો સાથે વિજાતીય હોવાથી સંબંધ કરતા નથી. તેવી જ રીતે ચેતન એવા મારે અચેતન એવાં આ ત્રણે દ્રવ્યોનો સંબંધ કરવો જરૂરી નથી. પણ સંબંધનો ત્યાગ કરવો

જરૂરી છે. વિજાતીયનો સંબંધ ઉપકારી થતો નથી.પરંતુ બંધનકર્તા થાય છે.

તથા પુદ્ગલ દ્રવ્ય સાથે અનાદિકાળનો સંબંધ છે તે દ્રવ્યનો સતત પરિચય છે જેટલા જેટલા અંશે આ પુદ્ગલ દ્રવ્યને ગ્રહણ કરીએ જેટલી માત્રામાં તેનો સંબંધ વધારીએ તેટલો તેટલો તેટલી માત્રામાં મારો આ જીવ કર્મોથી બંધાય છે. ગાઢ કર્મોવાળો બને છે. આ આત્મા કલંકિત થાય છે. ગુણોનું આચ્છાદન વધતું જ જાય છે. મારો આ આત્મા સંસારમાં ડુબતો જ જાય છે. તેનાથી બાધકભાવ, પરકર્તૃતા, સ્વગુણોની અવરોધકતા, ચૈતન્યાદિ ગુણોની વિપર્યાસતા આવા આવા બાધક-ભાવોની વૃદ્ધિ થાય છે.

અનંત કાલથી પુદ્ગલોને ગ્રહણ કરવાનું, તેમાં જ રચ્યા પચ્યા રહેવાનું, મોહાન્ધ થવાનું જ કામ મારા આત્માએ કર્યું છે. તેમાં અલ્પમાત્રાએ પણ આત્મહિત થયું નથી. બલ્કે આત્માના ગુણો અવરાયા જ છે. મારી અધોગતિ જ થઈ છે. નવાં નવાં કર્મો જ બંધાયાં છે. આ આત્મા કર્મબંધોથી કલંકિત જ થયો છે.

તેમ કરતાં બાધકભાવ, પરકર્તૃત્વ, સ્વગુણરોધકતા, તથા ચૈતન્યાદિ ગુણોની વિપર્યાસતા આવા આવા દોષોની જ વૃદ્ધિ થઈ છે. અને આજ સુધી મેં પણ દોષો જ વધાર્યા છે. પણ આત્મહિત કર્યું નથી તે માટે આ સર્વપ્રકારનો પુદ્ગલદ્રવ્યનો જે સંગ છે તે બહારથી કર્મના બંધની અને અંદરથી મમતાભાવની વૃદ્ધિ કરે છે. માટે ઉત્તમ જીવે તે પુદ્ગલ દ્રવ્યો ગ્રહણ કરવા જેવાં નથી.

આ પ્રમાણે રાજુલનારીએ મનમાં વિચાર કર્યો. તેથી આ પુદ્ગલદ્રવ્ય પણ ગ્રહણ કરવા જેવું નથી. કારણ કે ભૂતકાલમાં જે જે જીવોએ આ પુદ્ગલદ્રવ્યનો મોહ કર્યો છે. સંબંધ વધાર્યો છે તે તે જીવો

નરક નિગોદમાં અનંતકાળ સુધી રખડ્યા છે. માટે આવા ભવો મારે વધારવા નથી. તેથી આવા બાધકભાવરૂપ જે પુદ્ગલ દ્રવ્યનો સંબંધ છે તે મારે પણ કરવો નથી, પણ ત્યજવો છે. ॥ ૩ ॥

**રાગી સંગે રે રાગદશા વધે, થાએ તિણે સંસારો જી ॥**
**નિરાગીથી રાગનું જોડવું, લહીએ ભવનો પારો જી. ॥ ૪ ॥**

**ગાથાર્થ :-** રાગી આત્માની સોબત કરીએ તો રાગદશા વૃદ્ધિ પામે, તેનાથી સંસારની વૃદ્ધિ થાય. (ભવપરંપરા વધે), પરંતુ જો નિરાગીની સાથે રાગ કરીએ તો "જેવી સોબત તેવો રંગ" એવી ઉક્તિને અનુસારે આ જીવ પણ ભવનોપાર પ્રાપ્ત કરે.આ જીવ પણ નિરાગી બને ॥ ૪ ॥

**વિવેચન :-** ધર્મ-અધર્મ-આકાશ અને પુદ્ગલ આ ચારે દ્રવ્યો વિજાતીય હોવાથી પરજાતિ છે. મારે તેનો સંબંધ કરવો ઉચિત નથી. પરંતુ જીવદ્રવ્ય તો સજાતીય છે તેથી જીવદ્રવ્યનો હું સંબંધ કરૂં આવો મનમાં કદાચ વિચાર આવે તો ત્યાં જીવદ્રવ્યો બે જાતનાં છે. રાગી અને નિરાગી (વીતરાગ).

ત્યાં જે જીવો રાગ અને દ્વેષથી ભરેલા છે અર્થાત્ રાગી છે. તેની સોબત કરતાં આપણામાં પણ રાગદશા વૃદ્ધિ પામે, અને મારામાં જો રાગદશા વૃદ્ધિ પામે તો નવા નવા કર્મોનો બંધ વૃદ્ધિ પામે. હું પોતે જ મારા આત્માને રાગના બન્ધથી બાંધનારો બનું. આવું કામ મારે કેમ કરાય ?

શ્રી અરિહંત પરમાત્માનું આગમશાસ્ત્ર જોતાં અને આત્મધર્મ વિચારતાં રાગ તો બંધન હોવાથી ત્યજવાલાયક જ છે રાગથી તો ચાર ગતિમાં ભ્રમણા કરવા રૂપ સંસાર વૃદ્ધિ જ થાય છે. તે માટે તેમાં પણ આત્મહિત નથી. આ કારણથી રાગીજીવોને છોડીને નિરાગી, વીતરાગ

પરમચારિત્રી સર્વથા પરભાવનાત્યાગી એવા પરમાત્મા સાથે જો રાગ કરીએ તો આપણો આત્મા પણ તેવો જ બને, ભવનો પાર પામે. જન્મ-જરા-મરણનો અંત આવે. આવો વિચાર રાજીમતીએ કર્યો.

જોકે રાગનો કરવો તો છે સર્વથા ક્ષય, અને બનવું તો છે વીતરાગ. પરંતુ તે કાર્ય જલ્દી થાય તેમ નથી. કારણ કે રાગનો સંબંધ અનાદિકાળનો છે ગાઢ છે તે માટે પ્રારંભમાં રાગદશા કરવાનું સ્થાન બદલીએ, રાગ કરવાના પાત્રનો બદલો કરીએ.

જેમ દુર્ગુણી માણસની સોબત હોય તો આપણો જીવ પણ દુર્ગુણી બને. તેથી દુર્ગુણીની સોબત છોડીને સદ્‌ગુણીની સોબત કરીએ.

સદ્‌ગુણીની સોબતથી આ આત્મા સદ્‌ગુણી બને પછી આગળ જતાં તે જ સ્વાવલંબી બને. તેની જેમ મારે રાગીની સાથે જે પ્રીતલડી છે તે બદલીને વીતરાગની સાથે પ્રીતલડી કરવી જોઈએ. હું રાગનું પાત્ર બદલું. તો હું પણ વીતરાગ બની શકીશ. આવું વિચારીને આ રાજીમતીનો જીવ રાગીની સોબત ત્યજીને વીતરાગ પરમાત્મા સાથે રાગ કરે છે.

આમ કરવાથી નિરાગી એવા પરમાત્મા તો ક્ષાયિકભાવ વાળા હોવાથી આપણા ઉપર રાગ કરશે નહીં. પરંતુ મારો આત્મા તેમની સોબતથી અવશ્ય તેમના જેવો વીતરાગ બનશે જ આમ કરવાથી મારૂં જરૂર કલ્યાણ થશે જ. આવા પ્રકારનો આ જીવ વિચાર કરીને વીતરાગ પરમાત્મા પ્રત્યે રાગી થાય છે. અને "જેવી સોબત તેવો રંગ" એ કહેવતને અનુસારે આ જીવે વીતરાગની સોબત કરી હોવાથી સાધકનો આત્મા પણ કાળાન્તરે વીતરાગ થાય છે. ॥ ૪ ॥

**અપ્રશસ્તતા રે ટાલી પ્રશસ્તતા, કરતાં આસ્રવ નાશે જી ।**
**સંવર વાધે રે સાધે નિર્જરા, આતમભાવ પ્રકાશે જી ॥ ૫ ॥**

**ગાથાર્થ :-** કામરાગ સ્વરૂપ જે અપ્રશસ્ત રાગ છે તેને ટાળીને વીતરાગ પરમાત્માની સાથેનો જે રાગ તે પ્રશસ્તરાગ પ્રથમકક્ષાએ અવશ્ય કર્તવ્ય છે. તે કરવાથી આશ્રવ ભાવો આ જીવનમાંથી નાશ પામે છે. સંવરભાવો વૃદ્ધિ પામે છે. તથા આ જીવ નિર્જરા સાધે છે. એમ કરતાં આત્માનું મૂલ શુદ્ધ સ્વરૂપ આ જીવ પ્રગટ કરે છે. અંતે અવશ્ય વીતરાગતા પ્રગટ થાય છે. ॥૫॥

**વિવેચન :-** આ જીવ અનાદિ કાળથી કામરાગને વશ થયેલો છે. કામરાગના કારણે જ તેના કારણભૂત - સાધનભૂત એવા અર્થરાગમાં પણ આ જીવ ડુબેલો છે. આ રીતે રાગદશા કરવાને માટે આ જીવ એવો ટેવાયેલો છે કે એકદમ રાગદશા ત્યજીને વીતરાગ થાય તેમ નથી. કુતરાની પુંછડી જે વાંકી બની છે તે એકદમ સીધી થતી નથી. તેમ આ જીવ રાગ કરવાને એવો ટેવાયેલો છે જેથી તુરત સીધો વીતરાગ થઈ શકતો નથી.અનાદિ કાળથી જ રાગદશાનો અભ્યાસી બનેલો છે. રાગમાં ઘણો જ ડુબેલો છે.

તે માટે તેના ઉપાય રૂપે રાગદશાનો વિષય બદલીને અશુભના રાગમાંથી શુભનો રાગી બનાવવો પડે છે. આ કારણે જ પાંચ ઈન્દ્રિયોનાં વિષયસુખોનો અને તેનાં સાધનોનો આ જીવ અનાદિ કાળથી જે રાગી છે જ. મોહના ઉદયને પરવશ છે. તેને સૌથી પ્રથમ તો રાગનો વિષય બદલાવવા જેવો છે. અપ્રશસ્ત ભાવો ઉપર જે રાગ છે તેને છોડીને પ્રશસ્તભાવોનોએટલે કે વીતરાગી દેવનો, વૈરાગીગુરુનો અને જ્ઞાનદર્શન-ચારિત્ર અને તપમય ચાર પ્રકારના ધર્મતત્ત્વનો રાગી પ્રથમ બનાવવો પડે તેમ છે.

સારાંશ કે અશુભના રાગમાંથી મુક્ત બનાવવા માટે શુભનો રાગી બનાવવો ઘણો જ જરૂરી લાગે છે. ગુણી મહાત્મા ઉપર જે રાગ તે સાધનાકાલે કામનો છે આવો પ્રશસ્ત રાગ કરતાં કરતાં સામે બીરાજમાન દેવ ગુરુને જોઈને આ જીવમાંથી આશ્રવભાવ ઢીલો પડે

છે ધીરે ધીરે આશ્રવભાવ નાશ પામે છે. નવા નવા કર્મો બાંધવા રૂપ વિષય વિકારોની વાસના ઢીલી પડે છે અને ધીરે ધીરે ખતમ થઈ જાય છે આ રીતે અશુદ્ધ પરિણતિ દૂર થાય છે જીવમાંથી નીકળી જાય છે.

તથા વળી પ્રશસ્તરાગી એવો જીવ તે ગુણીનું અવલંબન લેતો છતો તેનાથી પોતાના ગુણોની પ્રગટતા સાધે છે. ગુણોનું અવલંબન લેતો છતો આ આત્મા સ્વગુણોની સાથેના આલંબનથી સંવરભાવની પરિણતિમાં વૃદ્ધિ પામે છે. તેમ કરતાં પૂર્વે બાંધેલાં સત્તામાં રહેલાં સર્વે પણ કર્મોનો નાશ કરવા રૂપ નિર્જરા તત્ત્વની સિદ્ધિ કરે છે.

સંવર નિર્જરાને સાધતો અને આશ્રવભાવોને અટકાવતો એવો આ જીવ આત્માના શુદ્ધ એવા ભાવધર્મને પ્રગટ કરે છે અને પોતાના અરૂપીપણાને તથા કર્મરહિત અવસ્થાને પણ પ્રાપ્ત કરે છે. આ રીતે આ આત્મા કર્મોના આવરણોથી રહિત બને છે. ॥ ૫ ॥

**નેમિપ્રભુ ધ્યાને રે એકત્વતા । નિજતત્ત્વે એક તાનો જી ॥**
**શુક્લ ધ્યાને રે સાધી સુસિદ્ધતા । લહીએ મુક્તિનિદાનો જી ॥૬॥**

**ગાથાર્થ :-** શ્રી નેમિનાથપ્રભુનું ધ્યાન કરવાથી પરમાત્માની સાથે એકાગ્રતા સાધીને આ આત્મા પોતાના આત્મતત્ત્વની સાથે તન્મય થાય છે. એમ કરતાં કરતાં શુક્લધ્યાન મેળવીને ઉત્તમ સિદ્ધતા સાધીને આ જ આત્મા મુક્તિદશાની અસાધારણ કારણતાને પ્રાપ્ત કરે છે. (જેનાથી મુક્તિની સિદ્ધિ થાય છે.) ॥ ૬ ॥

**વિવેચન :-** રાજીમતીજી મનમાં વિચારે છે કે શ્રી નેમિનાથ જિનેશ્વર પરમાત્માનું જ અવલંબન લેવું જરૂરી છે. કારણ કે નેમિનાથપ્રભુનું ધ્યાન કરતાં કરતાં તેમની સાથે એકાગ્રતા (તન્મતા) સાધીને જ્યારે એકપણું આ જીવ પ્રાપ્ત કરે છે ત્યારે મોહરાજાનો ક્ષય કરીને શ્રેણી ઉપર આરોહણ કરવા દ્વારા શુક્લધ્યાન પ્રાપ્ત કરીને

પોતાના આત્માની સાધ્યદશા સિદ્ધ કરીને તેના દ્વારા આ જીવ પોતાની મુક્તિ અર્થાત્ સર્વકર્મરહિત અવસ્થા પ્રાપ્ત કરવાનું જે મૂલ કારણ (અબંધકતા)સર્વસંવરભાવ વિગેરે ગુણોને આ જીવ પ્રાપ્ત કરે છે. આ રીતે આગળ વધેલો આ જીવ અપ્રશસ્તરાગનો ત્યાગ કરવા પુરતું પ્રશસ્તરાગનું આલંબન લે, તો તેમાં કંઈ ખોટુ નથી ત્યારબાદ અંતે પ્રશસ્તરાગનો પણ ત્યાગ કરીને મૂલસ્વરૂપે વીતરાગ બને છે. ॥૬॥

**અગમ અરૂપી રે અલખ અગોચરૂ, પરમાતમ પરમીશો રે ॥**
**દેવચંદ્ર જિનવરની સેવના, કરતાં વાધે જગીશો રે ॥ ૭ ॥**

**ગાથાર્થ :-** અગમ્ય, અરૂપી, અલક્ષ્ય, ઈન્દ્રિયોથી અગોચર એવા પરમેશ્વર જે વીતરાગ પરમાત્મા છે. તે દેવોમાં ચંદ્રમા સમાન છે. તેમની સેવા (આજ્ઞાપાલનતા) કરનારા જીવની જગતમાં કીર્તિ, યશ, વૃદ્ધિ પામે છે. પોતે જ વીતરાગ બની જાય છે. ॥ ૭ ॥

**વિવેચન :-** આ કારણથી સર્વ આત્માર્થી ભવ્ય જીવોએ અધ્યાત્મદશાવાળું તત્ત્વરૂચિપૂર્વકનું તત્ત્વ પામેલા એવા પરમાત્માની સેવા કરવી જોઈએ. આ પરમાત્મા કેવા છે ? તે સમજાવે છે કે અધ્યાત્મદશાવાળા આ પરમાત્મા (૧) અગમ્ય છે ઈન્દ્રિય જન્ય જ્ઞાનવડે જાણી શકાંય તેવા નથી. ક્ષાયોપશમિક ભાવના જ્ઞાનથી અગમ્ય છે.

તથા પરમાત્માએ પ્રાપ્ત કરેલું આ અધ્યત્મદશાવાળું તત્ત્વ આત્માનું શુદ્ધ સ્વરૂપ હોવાથી અરૂપી છે. વર્ણાદિ ગુણોવાળું નથી. માટે જ અતીન્દ્રિયજ્ઞાનથી જ જાણી શકાય છે બીજાં જ્ઞાનોથી અલક્ષ્ય છે. તથા ઈન્દ્રિયજન્ય જ્ઞાનથી અગોચર છે તથા પુદ્ગલાનંદી, એકાન્તવાદી એવા નૈયાયિક વૈશેષિક વેદાન્તિક, સાંખ્ય મિમાંસક, બૌદ્ધ તથા નાસ્તિક એવા ચાર્વાક અને એકાન્ત દ્રવ્ય દયા આદિક પક્ષવાદી સાંસારિક લોકો જે છે

તેનાથી બરાબર ઓળખાય નહીં જાણી શકાય નહીં એવું અલક્ષ્ય તથા ઈન્દ્રિયથીઅગોચર સ્વરૂપ આ પરમાત્માનું છે.

જે અતીન્દ્રિય પદાર્થ હોય છે તે અતીન્દ્રિય સ્યાદવાદ જ્ઞાનવડે જ સાપેક્ષ ઉપયોગપૂર્વક જ ધ્યાનની ધારણાથી જ ગોચર હોય છે પણ ઈન્દ્રિયોથી જાણી શકાતા નથી. તથા વળી આ તત્ત્વ પરમીશ સ્વરૂપ છે. ઉત્કૃષ્ટ છે. અવિનાશી છે તથા સ્વાભાવિક અનંત ગુણ-પર્યાય રૂપ ધર્મના ઈશ્વર સ્વરૂપ છે.

તથા વળી આ શુદ્ધસ્વરૂપ કેવું છે તો કહે છે કે નરદેવ (ચક્રવર્તી રાજાઓ), ભાવદેવ (એટલે કે ભવનપતિ વ્યંતર જ્યોતષ્ક અને વૈમાનિક એમ ચાર પ્રકારના દેવો), તથા ધર્મદેવ (મુનિરાજ, જિનકલ્પી, સ્થવિરકલ્પી, પરિહારવિશુદ્ધિ ચારિત્રવાળા, પડિમાધારી, સૂક્ષ્મ સંપરાયવાળા, ઉપશાન્તમોહવીતરાગતાવાળા, ક્ષીણમોહવીતરાગતા-વાળા, ઉપાધ્યાય, શ્રુતધર, પૂર્વધર, આચાર્ય, ગણધર વિગેરે જે ધર્મ દેવ છે. તે સર્વમાં ચંદ્રમા સમાન નાયક તથા શાસનના નાયક સર્વને માર્ગદર્શક આવા વિશિષ્ટ ગુણવાન જે જિનેશ્વર પરમાત્મા છે તેઓની સેવા કરતાં કરતાં, એટલે કે તેઓની આજ્ઞા પાળતાં પાળતાં સાધક આત્માની ગુણસંપદા વૃદ્ધિ પામે છે. તથા સિદ્ધતારૂપ આત્મસંપદા તેનાથી પ્રગટ થાય છે.ત્યારેજ જાણી શકાય છે.

માટે આવી આત્મસિદ્ધિ પ્રાપ્ત કરવામાં તીર્થંકર પરમાત્માની સેવા એ જ પરમસાધન છે. દ્રવ્યથી વંદન નમનાદિ અને ભાવથી ગુણોનું બહુમાન તથા આજ્ઞાપ્રમાણતા સ્વરૂપ સેવા કરતાં કરતાં અનંતા આત્માઓ સિદ્ધિપદ પામ્યા છે વળી અનંતા પામશે. આ જ મોક્ષસુખનો પરમ ઉપાય છે. ॥ ૭ ॥

**॥ બાવીસમા શ્રી નેમિનાથ પરમાત્માના સ્તવનના અર્થ સમાપ્ત થયા ॥**

## ત્રેવીસમા શ્રી પાર્શ્વનાથ પરમાત્માનું સ્તવન

**સહજગુણ આગરો, સ્વામી સુખ સાગરો,**
**જ્ઞાન વયરાગર પ્રભુ સવાયો ।**
**શુદ્ધતા એકતા તીક્ષ્ણતા ભાવથી,**
**મોહ રિપુ જિતી જય પડહ વાયો ॥ ૧ ॥**

**ગાથાર્થ :-** શ્રી પાર્શ્વનાથ પરમાત્મા સ્વાભાવિક ગુણોના ભંડાર છે સ્વાધીન અને અતીન્દ્રિય સુખના સાગરસમાન છે. જ્ઞાનરૂપી વજ્રની (હીરાની) ખાણ સમાન છે. તથા શુદ્ધતા અને સ્વરૂપની સાથે એકતા પ્રાપ્ત કરીને તીક્ષ્ણતા ગુણ વડે મોહરૂપી શત્રુને જિતીને આ જગતમાં આ પરમાત્માએ પોતાના વિજયનો પડહ વગાડી દીધો છે. ॥૧॥

**વિવેચન :-** હવે શ્રી પાર્શ્વનાથ પરમાત્માની ગ્રંથકારશ્રી ઉમદાભાવથી સ્તુતિ કરે છે :- શ્રી પાર્શ્વનાથ પરમાત્મા કેવા ગુણોવાળા છે ? તે સમજાવતાં સ્તુતિકાર કહે છે કે : સ્વાભાવિક (અકૃત્રિમ એટલે કે કૃત્રિમ રીતે આવેલા નહીં) એવા અર્થાત્ વસ્તુના મૂલધર્મસ્વરૂપ જ્ઞાન દર્શન ચારિત્ર તથા આનંદાદિ સ્વરૂપ આત્માના જે જે ગુણો છે. તેના ઘર સરખા અર્થાત્ આવા સ્વાભાવિક ગુણોના ભંડાર એવા આ પરમાત્મા છે.

તથા સ્વામી એવા આ પરમાત્મા સુખના સાગર છે એટલે કે અતીન્દ્રિય, સ્વાધીન, નિરામય, નિઃપ્રયાસ અને અવિનાશી એવા આત્મિક ગુણોના સુખના સાગર છે. અનંત અનંત સુખના ભંડાર છે.

તથા કેવલજ્ઞાન અને કેવલદર્શન ઈત્યાદિ શુદ્ધ ગુણોરૂપી વજ્રની (હીરાની) ખાણ તુલ્ય આ પરમાત્મા છે. સર્વકાળે અને સર્વક્ષેત્રે હે

પરમાત્મા ! તમે સર્વ કરતાં અધિક ગુણીયલ છો કારણ કે ક્ષાયિક-ભાવના ગુણો વાળા છો.

શ્રી પાર્શ્વનાથ પરમાત્માની આવા પ્રકારની કર્મોના પૂર્ણપણે ક્ષય કરવાથી પ્રગટ થયેલી શુદ્ધતા, જ્ઞાનની યથાર્થતા, જ્ઞાનની નિર્મળતા, શુદ્ધ એવી આત્મદશાની સાથે એકતા, તથા સ્વસ્વરૂપની સાથે મગ્નતા (એકાકારતા) દોષોની સામે તીક્ષ્ણતા, વીર્યની ઉત્કટતા, આવા આવા અનેકગુણો આપશ્રીમાં ભરેલા છે. આ રીતે શુદ્ધતાગુણ, એકતાગુણ, અને તીક્ષ્ણતા ગુણ એમ ત્રણે ગુણોની સાથે ભાવથી એકતા પ્રાપ્ત કરીને મોહરૂપી શત્રુનો વિનાશ કરીને તેના ઉપર વિજય મેળવીને જગતમાં તમે જયનો પડહ વગાડ્યો છે.

જ્ઞાનગુણ દર્શનગુણની સાથે જ સમજવો. સમ્યગ્દર્શન નામનો ગુણ હોય તો જ જ્ઞાનગુણને સમ્યગ્ ગુણ કહેવાય છે તે માટે જ્ઞાનગુણમાં જ દર્શનગુણ સમજી લેવો. તથા તપગુણ વીર્યગુણમાં સમજી લેવો. એટલે વીર્યની તીક્ષ્ણતા વધારે વીર્ય હોય તો જ તપ શક્ય બને છે. તે માટે આ પ્રમાણે ગુણોની સાધના છે. તે ગુણોની સાધના કરવા દ્વારા મોહ રિપુને હણીને વિજયનો પડ વગડાવ્યો છે. આ પાર્શ્વનાથ પરમાત્મા ઉપરોક્ત ગુણોવાળા છે. ॥ ૧ ॥

**વસ્તુ નિજભાવ અવિભાગ નિકલંકતા,**
**પરિણતિ વૃત્તિતા, કરી અભેદે ॥**
**ભાવ તાદાત્મ્યતા શક્તિ ઉલ્લાસથી,**
**સંતતિ યોગને તું ઉચ્છેદે ॥ ૨ ॥**

**ગાથાર્થ :-** છએ દ્રવ્યોના ઉત્પાદ-વ્યયાદિ પોતાના ભાવોને (ગુણ પર્યાયોને) બરાબર જાણવા તે નિષ્કલંક સમ્યગ્જ્ઞાન છે. વિભાવ પરિણતિને ત્યજીને આત્મસ્વરૂપમાં જ જે પ્રવૃત્તિ અને પરિણતિ કરવી

તે સમ્યક્ચારિત્ર છે. પરિણતિ અને પ્રવૃત્તિ આ બન્નેનો જે અભેદ કરવો તે સમ્યક્ચારિત્ર છે. તથા તાદાત્મ્યભાવથી ક્ષાયિકભાવવાળી વીર્યશક્તિના ઉલ્લાસથી અનાદિકાળના કર્મોના આવરણનો મૂલથી જે ઉચ્છેદ કરવો તે સમ્યક્ તપ ગુણ છે. આમ આત્માના ગુણો જાણવા. ॥ ૨ ॥

**વિવેચન :-** આ આત્માના સમ્યગ્જ્ઞાન સમ્યગદર્શન સમ્યક્ચારિત્ર અને સમ્યક્તપ ગુણો છે તે ગુણો કોને કહેવાય તે આ ગાથામાં સમજાવે છે.

(૧) જીવ - ધર્મ - અધર્મ - આકાશ પુદ્ગલ અને કાળ એમ જે છ દ્રવ્યો છે. તે છ દ્રવ્યોના જે નિજભાવ એટલે પોતપોતાના ગુણો અને પર્યાયો જે છે. તેના ઉત્પાદ - વ્યય - ધ્રુવ ઇત્યાદિ જે ભાવો છે તેનું જેવું અવિભાગ - એટલે કે બહુ જ સૂક્ષ્મતાથી જાણવું. તે પણ નિષ્કલંકપણે જાણવું એટલે કે એકાન્તતા અયથાર્થતા ન્યૂનતા કે અધિકતા વિગેરેના દોષોથી રહિતપણે જે જાણવું તે સમ્યગ્જ્ઞાન, તેને શુદ્ધતા કહેવાય છે.

તથા પરિણતિ એટલે જીવનો જે શુદ્ધ મૂલ ગુણ છે તેમાં પ્રતિસમયે પરિણમન કરવું, પોતાના સ્વરૂપને વિષે એકત્વપણે પ્રતિસમયે વર્તવાપણું તથા પરભાવમાં નહીં પ્રવેશવાપણું આવી આત્માની જે નિર્મળ પરિણતિ છે. આ નિર્મળ પરિણતિમાં આત્માની જે વૃત્તિ એટલે પ્રવર્તવાપણું, સારાંશ કે અનાદિકાળથી રાગ-દ્વેષના ભાવપૂર્વકની જે વૃત્તિ છે તેને ત્યજીને આત્માના શુદ્ધ સ્વરૂપ તરફની જે પ્રવૃત્તિ, આમ નિર્મળ પરિણતિ અને નિર્મળ પ્રવૃત્તિ આ બન્નેનો જે અભેદભાવ ઔપાધિક પ્રવૃત્તિનો સર્વથા ત્યાગ કરવો અને આત્મગુણોમાં પ્રવૃત્તિ અને પરિણતિની જે એકતા કરવી તે સમ્યક્ ચારિત્ર કહેવાય છે.

તથા વળી ભાવતાદાત્મ્યતા શક્તિ એટલે કે જે અનાદિકાળથી આ જીવમાં વિભાવપરિણતિ પ્રવર્તે છે તેનાથી જ્ઞાનાવરણીય આદિ આઠે પ્રકારનાં કર્મોનું આ જીવ જે ગ્રહણ કરે છે તે સંયોગસંબંધ છે અને શુદ્ધ ક્ષાયિકભાવના સ્વવીર્ય આદિ જે ગુણો છે તેમાં જીવની જે પ્રવૃત્તિ છે. તે તાદાત્મ્યસંબંધ જાણવો. જે આત્માના પોતાના ગુણો હોય તે સ્વાભાવિક સ્વરૂપ હોવાથી આત્માનું તે તે ગુણ-પર્યાયોમાં પ્રવર્તવાપણું તે તાદામ્યસંબંધથી હોય છે અને કર્મ આદિ પરદ્રવ્ય સાથેનો જે સંબંધ છે તે વૈભાવિક સ્વરૂપ છે તે સંયોગસંબંધથી હોય છે.

તે પરદ્રવ્યનો (કાર્મણ વર્ગણાનો) સંબંધ છોડીને ક્ષાયિકભાવના વીર્ય આદિ ગુણોમાં આત્માનું જે વર્તવું તે ભાવ તાદાત્મ્યતા શક્તિ કહેવાય છે. તેમાં વર્તતાથી આ આત્મામાં જે ઉલ્લાસ એટલે કે આનંદ વધે છે તે સઘળો સ્વસ્વરૂપનો આનંદ છે. આ સ્વસ્વરૂપના આનંદના બળે અનાદિકાળની સંતતિથી જે કર્મનો તથા કર્મબંધના કારણભૂત મન-વચન-કાયાના યોગનો જે સંબંધ છે. તેનો તું ઉચ્છેદ કરે છે. અને આત્મતત્ત્વની શુદ્ધિને પ્રાપ્ત કરે છે.

આ પ્રમાણે જ્ઞાન દર્શન ચારિત્ર અને આત્મવીર્ય ઇત્યાદિ ગુણોના બળથી અનાદિકાળથી જોડાયેલાં કર્મોના સંબંધને હે પરમાત્મા ! તમે વિનાશ કર્યો. આવું અદ્‌ભૂત કાર્ય તમે કર્યું છે. અને સર્વથા નિરાવરણ થયા છો. આત્માની શુદ્ધદશા પ્રાપ્ત કરી છે. ॥ ૨ ॥

**દોષ ગુણ વસ્તુનો લખીય યથાર્થતા,**
**લહી ઉદાસીનતા અપરભાવે ॥**
**ધ્વંસિ તજ્જન્યતા ભાવકર્તાપણું,**
**પરમ પ્રભુ તું રમ્યો નિજ સ્વભાવે ॥ ૩ ॥**

**ગાથાર્થ :-** સર્વે પણ વસ્તુના દોષોને અને ગુણોને યથાર્થપણે જાણવું. તે શુદ્ધતા, તથા આત્મા સિવાઈના સર્વ બીજાભાવોમાં ઉદાસીન થઈને પોતાના સ્વાભાવિક શુદ્ધગુણોમાં એકાકાર થઈને જે વર્તવું તે એકત્વતા, તથા વિનાશભાવવાળા અને ઉત્પત્તિભાવવાળા પદાર્થોના સ્વભાવોમાં જે કર્તાપણાનો પરિણામ છે તેને છેદવા માટે તીક્ષ્ણતા આ ત્રણે ગુણો દ્વારા હે પરમાત્મા ! તમે પોતાના આત્મસ્વભાવમાં જ રમ્યા છો. ॥ ૩ ॥

**વિવેચન :-** ઉપરની ગાથામાં સમજાવેલા શુદ્ધતા એકત્વતા અને તીક્ષ્ણતા આ ત્રણે ગુણોના બીજા અર્થો આ ગાથામાં સમજાવે છે.

સંસારમાં રહેલી તમામ વસ્તુઓ જેવી કે ધન, વસ્ત્ર, વનિતા, શીતળતા, ઉષ્ણતા, અને વિષ આદિ સર્વે પણ વસ્તુઓના જે દોષો છે તથા જે અશુભ વર્ણાદિભાવો છે તથા વળી ગુણો અને સુખકારી જે ભાવો છે તથા શુભવર્ણાદિભાવ છે. આ બન્ને પ્રકારની વસ્તુને યથાર્થપણે લેખે લાગે તેવા તમે જાણો છો. તમે સર્વ ભાવના જાણકાર છો.

અર્થાત્ અશુભને અશુભ જાણે, શુભને શુભપણે જાણે, જડવસ્તુને જડપણે જાણે, ચેતનવસ્તુને ચેતનપણે જાણે, આમ યથાર્થપણે સ્યાદવાદ ધર્મથી યુક્તપણે જાણે, સમ્યક્ભાવે જાણવું પણ કોઈમાં ન લેપાવું તે શુદ્ધતા હે પરમાત્મા ! આવી સુંદર શુદ્ધતા પણ તમારામાં જ છે.

તથા તે સઘળા પણ પદાર્થોમાં ઈષ્ટતાબુદ્ધિ અને અનિષ્ટતાબુદ્ધિ રહિતપણે સમભાવે વર્તવું. કોઈ પણ ભાવમાં અંજાઈ ન જવું તથા કોઈ પણ ભાવમાં ઉદ્વેગી ન બનવું, તેને ઉદાસીનતા કહેવાય આવા પ્રકારનું ઉદાસીનપણું પ્રાપ્ત કરીને તે ભાવમાં જે આત્મા રમ્યો છે લયલીન બન્યો છે તેના કારણે સર્વ અન્ય જીવો અને સર્વ અન્ય પુદ્ગલદ્રવ્યો પ્રત્યેનો રાગ અને દ્વેષ ત્યજીને ઉદાસીન ભાવમાં રહીને

માત્ર પોતાના આત્માના જે અસંખ્યાતપ્રદેશો છે તેના ગુણધર્મો અને પર્યાયધર્મોમાં જ વ્યાપ્ય વ્યાપકપણે જે મહાત્મા રહ્યા છે શેષ સર્વમાંથી અગ્રાહક અને અભોગી થઈને જે મહાત્મા અસંગી બન્યા છે. આ સર્વ ચારિત્રપર્યાયની એકતા સમજવી.

તથા ધ્વંસી એટલે કે નાશ પામવાવાળા તથા તજજન્યતા એટલે કે ઉત્પત્તિધર્મવાળા જે વિભાવદશાના ભાવો છે તે વિભાવદશાના ભાવોનું કર્તાપણું જે અનાદિકાળથી જીવમાં વર્તે છે તેનો ઉચ્છેદ કરવા માટે અત્યન્ત તીક્ષ્ણતાપણું તે તીક્ષ્ણતા ગુણ જાણવો.

આ પ્રમાણે હે પરમાત્મા ! તમે આવી શુદ્ધતા એકતા અને તીક્ષ્ણતા આ ત્રણે ગુણો વડે કરીને નિજસ્વભાવે એટલે પોતાના આત્માના શુદ્ધ ક્ષાયિકભાવના ગુણોમાં જ રમ્યા છો. અર્થાત્ હે પ્રભુ! તમે સર્વથા વિભાવદશાથી વિરમીને આત્મસ્વભાવના રમણી બન્યા છો. આવા ગુણો આપનામાં જ છે તેથી ઘણું જ આશ્ચર્યકારી આપનું જીવન છે. ॥ ૩ ॥

**શુભ અશુભ ભાવ અવિભાસ તહકીકતા,**
**શુભઅશુભ ભાવ તિહાં પ્રભુ ન કીધુ ॥**
**શુદ્ધ પરિણામતા વીર્યકર્તા થઈ,**
**પરમ અક્રિયતા અમૃત લીધું. ॥ ૪ ॥**

**ગાથાર્થ :-** હે પરમાત્મા ! શુભભાવોનું તથા અશુભભાવોનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરીને રાગદ્વેષ રહિતપણે તમે તેના જ્ઞાની જ માત્ર રહ્યા છો. પણ ક્યાંય શુભ અશુભ ભાવ તમે ધારણ કર્યો નથી. તમે તે ભાવમાં લેપાતા નથી. આ જ તમારી શુદ્ધતા છે તથા પોતાના શુદ્ધ પારિણામિકભાવે રહેલા વીર્ય ગુણના કર્તા થઈને ઉત્કૃષ્ટ એવું અક્રિયપણું જે છે તે રૂપી અમૃત તમે પ્રાપ્ત કર્યું છે. સારાંશ કે તમે હવે સર્વકાળ શુભાશુભ ભાવોનું અક્રિયપણું પ્રાપ્ત કર્યું છે. ॥ ૪ ॥

**વિવેચન :-** તથા શુદ્ધતા એકતા અને તીક્ષ્ણતા આ ત્રણે ગુણોનો બીજો અર્થ ઘટાવે છે :- શુભ ભાવો તથા અશુભ ભાવો એમ બન્ને પ્રકારના ભાવોને યથાર્થપણે જાણવા છતાં તેનો નિર્ણયાત્મક બોધ હોવા છતાં તમે એકે ભાવમાં લેપાયા નથી. આ જ તમારી શુદ્ધતા નામનો મોટો ગુણ છે.

હે પરમાત્મા ! કેવલજ્ઞાન નામના જ્ઞાનગુણથી શુભાશુભ ભાવોને જાણ્યા છે. તેનો નિર્ણયાત્મક બોધ કર્યો છે. પરંતુ તમે ત્યાં ક્યાંય રાગી-દ્વેષીપણે શુભાશુભભાવ કર્યો નથી. તમે ક્યાંય જરા પણ લેપાયા નથી. પોતાના આત્મભાવમાં જ એક પરિણામ પામ્યા છો આ જ તમારો મોટો એકતાગુણ છે.

ચારિત્ર ધર્મમાં પણ રાગરહિત તથા દ્વેષરહિત પરિણતિપૂર્વક જ પરિણામ પામ્યા છો. આવી શુદ્ધ અને નિરાવરણ પરિણામકતા તે ભાવે જે વીર્યગુણ છે તેના તમે કર્તા બન્યા છો. સારાંશ કે આ આત્મામાં વીર્યાન્તરાય કર્મના ક્ષાયિકભાવથી અનંત વીર્ય પ્રગટ તો થાય છે પરંતુ જો આ આત્મા રાગી-દ્વેષી હોય તો પોતાના તે વીર્યગુણને રાગ-દ્વેષમાં જ એટલે કે વિભાવભાવમાં જ પ્રયુંજે તેને બદલે તમે સઘળોય વીર્યગુણ રાગ-દ્વેષ રહિતપણે થઈને સ્વગુણોમાં જ પ્રવર્તાવ્યો છે.

એટલે પોતાના પારિણામિકભાવના ગુણોના જ કર્તા બન્યા છો. પરભાવનું તો સર્વથા અક્રિયપણું જ પ્રાપ્ત કર્યું છે તે માટે હે પરમાત્મા ! તમે વિભાવદશાના તો અકર્તા છો જ. પરંતુ સ્વભાવદશાની સાધકતાભાવના પણ અકર્તા છો. કારણ કે તમે તમારા શુદ્ધ એવા બધા જ ગુણો પ્રાપ્ત કરી લીધા છે એટલે હવે સ્વભાવદશાનું શુદ્ધગુણોનું પણ સાધકપણું હવે રહ્યું નથી. પરંતુ સ્વગુણોનું સિદ્ધપણું પ્રાપ્ત કર્યું છે એટલે કે કૃતકૃત્ય બન્યા છો.હવે તમારે કંઈ કરવાનું બાકી જ રહેતું નથી. ॥ ૪ ॥

**શુદ્ધતા પ્રભુ તણી આત્મભાવેં રમે,**
**પરમ પરમાત્મતા તાસ થાએ ॥**
**મિશ્રભાવે અછે ત્રિગુણની ભિન્નતા,**
**ત્રિગુણ એકત્વ તુજ ચરણ આએ ॥૫॥**

ગાથાર્થ :- પોતાના આત્મભાવમાં જ રમણતા કરવા રૂપ પ્રભુની જે શુદ્ધતા છે તે ગુણથી જ પરમાત્મામાં પરમાત્મતા પ્રગટ થાય છે. ક્ષાયોપશમિકભાવ હોય ત્યારે ત્રણે ગુણોની ભિન્નતા હોય છે જ્યારે ક્ષાયિકભાવ આવે ત્યારે કેવલી અવસ્થામાં ત્રણે ગુણોની સંપૂર્ણપણે એકતા આવે છે એટલે કે તમારા ચરણે આવે ત્યારે જ અભેદ રત્નત્રયી પ્રગટ થાય છે. ॥ ૫ ॥

વિવેચન :- આવા પ્રકારની ક્ષાયિકભાવની શુદ્ધતા, તત્ત્વતા, સંપૂર્ણપણે નિરાવરણતા, તથા અનંત ચતુષ્ટના ભોગીપણાની જે પ્રભુતા છે તે સર્વે ગુણો પોતાનો આત્મા જ્યારે માત્ર આત્મભાવમાં જ રમનારો બને છે ત્યારે જ આવે છે સર્વથા વિભાવદશા દૂર થાય છે. ત્યારે જ પોતાના આત્માની શુદ્ધતા-પ્રભુતા પ્રગટે છે.

પરમાત્માની જે પ્રભુતા છે. તેનો સંગી આ જીવ જ્યારે બને છે ત્યારે પોતાનું પરમ ઉત્કૃષ્ટ શુદ્ધ પરમાત્માપણું પ્રગટ કરે છે.

મિશ્રભાવે એટલે કે ક્ષાયોપશમિકભાવે જ્યારે આ ત્રણ ગુણો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર આ ત્રણ ગુણો જીવમાં પ્રવર્તતા હોય છે. ત્યારે ત્રણે ગુણોની ભિન્નતા હોય છે. શ્રદ્ધા તે દર્શનગુણ, જાણપણું તે જ્ઞાનગુણ અને હેય ઉપાદેયના વિવેકપૂર્વકનું જે આચરણ તે ચારિત્રગુણ એમ ભેદરત્નત્રયીવાળો આ કાળ છે અને તે ચોથા ગુણસ્થાનકથી બારમા ગુણસ્થાનક સુધી હોય છે.

આ કાળે જીવમાં સાધકદશા છે વળી સવિકલ્પક દશા પણ છે. પરંતુ હે જિનેશ્વર પ્રભુ ! તમારા ચરણે આવવાથી તમારી સાથે તન્મય થવાથી આ ત્રણે ગુણોનું તન્મયપણુ-એકાકારતા અર્થાત્ અભેદરત્નત્રયી આ જીવમાં પ્રગટે છે. ક્ષાયિકસમ્યક્ત્વ અને યથાખ્યાતચારિત્ર આવે ત્યારે આ અભેદરત્નત્રયી પ્રગટે છે. બારમા ગુણઠાણાના ચરમ સમયે એટલે કે વ્યવહારનયથી તેરમા ગુણઠાણાના પ્રથમ સમયથી આ અભેદરત્નત્રયી અર્થાત્ રત્નત્રયીની એકતા આ આત્મામાં પ્રગટ થાય છે.

પૃથક્ત્વ વિતર્ક સવિચારને બદલે એકત્વ વિતર્ક અવિચાર નામનું શુક્લધ્યાન ધરતાં ધરતાં તત્ત્વના નિર્ધારરૂપ દર્શનગુણ અને આત્મભાવમાં સ્થિરતા થવા રૂપ ચારિત્રગુણ તથા જાણપણારૂપ કેવળજ્ઞાન ગુણ એમ આ ત્રણે ગુણોની એકતા અભેદતા તેરમે પ્રગટ થાય છે.

આ રીતે વિચારતાં પ્રથમ મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકે તો જ્ઞાનની વિપર્યાસતા જ હતી. તેનાથી ભવભ્રમણા વધતી જ હતી. તેમાંથી ભવિતવ્યતાના યોગે કાલ પરિપક્વ થવાથી આ જીવ સમ્યક્ત્વ પામ્યો.

સમ્યક્ત્વ આવ્યું ત્યારે જ્ઞાનની વિપર્યાસતા ગઈ અને અવિપર્યાસતા પ્રગટ થઈ જેથી સમ્યગ્જ્ઞાન કહેવાયું. અને આત્મા પણ જ્ઞાન રમણીક બન્યો. આગળ જતાં સ્વભાવરસિક જ્ઞાનથી આ આત્મા મોહની ચંચળતા દૂર કરીને સ્થિરતા ભાવને લાવનારો બને છે. એમ કરતાં ધ્યાનારૂઢ થવાનો અભ્યાસી બન્યો. મોહના વિકલ્પોને ત્યજતો ત્યજતો સ્વભાવરમણિકતામાં આગળ વધ્યો.

પોતાના આત્માને તત્ત્વરમણિકતાની અંદર તન્મયતા પમાડતો પમાડતો જ્ઞાનની જ રમણતા, જ્ઞાનનો જ નિર્ધાર, આમ આ આત્મા ગુણોની સાથે અભેદભાવવાળો થયો. આ અભેદ રત્નત્રયીનું સ્વરૂપ

જ્ઞાનીગમ્ય છે. પરંતુ મૂલનયે આ આત્મા જ્ઞાન અને દર્શન આ બે ગુણો સહિત છે. આ બન્ને ગુણો આત્મસ્વભાવભૂત છે. તેથી આ આત્માની જ્ઞાનગુણમાં જ સ્થિરત્વપરિણતિ તે અભેદભાવ થયો.

પ્રથમ ક્ષાયોપશમિક અવસ્થામાં ચલિતવીર્ય હતું. તેથી ચેતનાની પ્રવૃત્તિ અસંખ્યાત સમયના ઉપયોગવાળી હતી. તે જ્ઞાનની પ્રવૃત્તિ આગળ જતાં ક્ષાયિકભાવની થવાથી સ્થિરતા ભાવે પરિણામ પામી. ક્ષીણમોહ ગુણઠાણા સુધી રોધક એવો મોહનો ભાવ તથા જ્ઞાનાવરણીય આદિનો ક્ષય થયે છતે અસંખ્યાત સમયના ઉપયોગવાળો જે બોધ થાય છે. તે કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી એકસમયવાળો અર્થાત્ અભેદ પરિણતિવાળો આ બોધ થઈ જાય છે.

આ પ્રમાણે ૪ થી ૧૨ ગુણઠાણા સુધી ભેદ રત્નત્રયી અને અસંખ્યાત સમયનો ઉપયોગ હોય છે જ્યારે તેરમા ગુણઠાણાથી ક્ષાયિક ભાવની અભેદરત્નત્રયી અને એકસમયના કાળવાળો ઉપયોગ હોય છે.

આ પ્રમાણે જીવનું ઉર્ધ્વારોહણ થાય છે. ॥ ૫ ॥

**ઉપશમ રસ ભરી સર્વજન શંકરી,**
**મૂર્તિ જિનરાજની આ જ ભેટી ॥**
**કારણે કાર્યનિષ્પત્તિ શ્રદ્ધાન છે,**
**તેણે ભવભ્રમણાની ભીડ મેટી ॥ ૬ ॥**

**ગાથાર્થ :-** ઉપશમ રસથી ભરપૂર ભરેલી તથા સર્વ જીવોને શાન્તિ કરનારી એવી વીતરાગ પરમાત્માની મૂર્તિને હું આજે હૈયાના ભાવથી ભેટ્યો છું. "યથાર્થ કારણ હોય ત્યાં કાર્ય થાય જ" આ વાતની મને પાકી શ્રદ્ધા છે. તે કારણે મારી ભવભ્રમણાની ભીડ મટી જ ગઈ. (એમ સમજી લેવું) ॥ ૬ ॥

**વિવેચન :-** ઉપશમ રસ એટલે કે કષાયોનો સર્વથા અભાવ તેનાથી ભરપૂર ભરેલી ક્યાંય અંશમાત્ર પણ ક્રોધાદિ કષાયો જેમાં નથી એવી આ મૂર્તિ છે. તથા સર્વ જીવોને (શંકરી) શાન્તિ કરનારી આવી પ્રભુજીની સ્થાપના (મૂર્તિ) છે. પરમાત્માની આ મૂર્તિ શાન્ત, અચલ, અસ્પૃહમુદ્રાવાળી છે તે મૂર્તિને હું આજે ભેટ્યો છું. નમસ્કાર કરવા સ્વરૂપે આ મૂર્તિને મેં સ્વીકારી છે.

સંસારમાં એક વાત નિશ્ચિત છે કે જો યોગ્ય કારણ હોય તો કાર્ય નિપજે જ. મને પણ આ વાતની પાકી શ્રદ્ધા છે. તેથી મોક્ષનું અપ્રતિમ નિમિત્ત કારણ એવી પરમાત્માની મૂર્તિનો મને યોગ થયો છે. આ પ્રબળ નિમિત્તકારણ મને પ્રાપ્ત થયું છે.

તથા ઉપાદાન કારણસ્વરૂપ આત્મોપયોગ પ્રમુખ અધ્યવસાય, જિનગુણભાસણમાં રાગપૂર્વક હર્ષે પરિણામ પામ્યો છે. આવા પ્રકારનું અસાધારણ કારણ મળ્યું છે તેથી હું જાણું છું કે આવી કારણતા મારા કાર્યનું અવશ્ય કારણ બનશે જ. કારણકે અસાધારણ કારણ મળે છતે કાર્ય અવશ્ય થાય જ. આવા પ્રકારનો આગમને અનુસારે ઉપયોગ થયો.

તેથી મેં જાણ્યું છે કે જે આ પરમ પુરુષોત્તમ વીતરાગ પરમાત્મા છે. તેમને જોઈને મને આવા પ્રકારની ઈષ્ટતા બુદ્ધિ થઈ છે કે જેમ આ પરમાત્મા પૂર્વકાલમાં સંસારી જ હતા. પછી સાધનાના યોગે વીતરાગ બન્યા છે તેમ મારો આત્મા પણ કોઈક કાલે ગુણીયલ અને વીતરાગ થનાર છે. વીતરાગ બનશે જ.

મેં અનુમાનથી જાણ્યું છેકે જો કારણ મળે તો કાર્ય થાય. અર્થાત્ વીતરાગ પરમાત્માનો મને જે યોગ મળવા સ્વરૂપ કારણ પ્રાપ્ત થયું છે તેનાથી મારી ભવભ્રમણા ટળશે જ. આ મારા માટે ઘણા હર્ષનું કારણ છે.

ભવભ્રમણાની ભીડ મટી એ કાર્યોપચારી વચન છે જેમ એક ગામથી બીજેગામ જતાં બીજુ ગામ દૂરથી દેખાવા લાગે ત્યારે હજુ ત્યાં પહોંચવામાં ટાઈમ લાગે તેમ છે. તો પણ ઉપચાર કરીને આમ કહેવાય છે કે હવે આપણું ગામ આવી ગયું. આ જેમ ભાવિનો ભૂતવદ્ ઉપચાર છે તેમ પરમાત્મા મળ્યા ત્યારે જ ભવભ્રમણા અટકી નથી ગઈ. પરંતુ થોડા જ કાળમાં અવશ્ય અટકવાની જ છે તે માટે આ ઉપચાર વાક્ય છે.કે હવે મારી ભવભ્રમણાની ભીડ મટી જ ગઈ. આમ ભાવના ભાવવી.

જો પરમાત્માની પ્રભુતા ઈષ્ટ લાગે છે હૃદયથી ગમે છે. તો આ સાધક આત્મા પણ અવશ્ય સિદ્ધતા પામશે જ. ॥ ૬ ॥

**નગર ખંભાયતેં પાર્શ્વપ્રભુ દર્શને,**
**વિકસતે હર્ષ ઉત્સાહ વાધ્યો ॥**
**હેતુ એકત્વતા રમણ પરિણામથી,**
**સિદ્ધિ સાધકપણો આજ સાધ્યો ॥ ૭ ॥**

**ગાથાર્થ :-** ગ્રંથકર્તા શ્રી દેવચંદ્રજી મહારાજશ્રી કહે છે કે ખંભાત નામના નગરમાં પાર્શ્વનાથ પ્રભુનાં દર્શન કરતાં મારા રોમે રોમ પુલકિત થયાં મારા આત્મામાં અપૂર્વ હર્ષ અને ઉત્સાહ વૃદ્ધિ પામ્યો. તથા મોક્ષના કારણભૂત શ્રી અરિહંત પ્રભુના સ્વરૂપની સાથે એકતા થવાથી આત્મામાં સાધકતાની રમણતા પ્રાપ્ત થઈ. તેથી મારો આ આત્મા આત્મસિદ્ધિની સાધકતાને પામ્યો એવું હું અનુમાન કરૂં છું. ॥ ૭ ॥

**વિવેચન :-** પરમાત્માની સાથે અતિશય એકાકારતાવાળા અપૂર્વ અધ્યવસાયો સ્તવનકર્તાને ખંભાત નામના નગરમાં શ્રી સુખસાગર એવા પાર્શ્વનાથ પ્રભુનાં દર્શન કરતાં આવ્યા. તેનાથી પરમાત્મા ઉપર ઘણો રાગ પ્રગટ થયો. એવા અપૂર્વ હર્ષવાળા પરિણામ થવાથી ગાથામાં “ખંભાત” શહેરનું નામ નાખ્યું છે.

આ ખંભાત નગરમાં સુખસાગર પાર્શ્વનાથ પરમાત્માનાં દર્શન કરતાં કરતાં વિકસિત હર્ષ ઘણો જ વિકસ્વર થયે છતે આ આત્મામાં ઘણો ઉત્સાહ વધ્યો. આ જ કારણે શ્રી અરિહંત પરમાત્મા પાર્શ્વનાથ પ્રભુ, તેમની સાથે એકત્વપણે એકાકારપણે સ્તવન રચનાર કર્તા શ્રી દેવચન્દ્રજી મહારાજશ્રી અત્યન્ત રાગે રમ્યા અધ્યાત્મદશામાં લયલીન બન્યા.

અતિશય રાગી પરિણામ થવાથી સિદ્ધિદશા એટલે કે મુક્તિસ્થાન, તેનું સાધકપણું આ આત્મામાં જ છે. આવું અનુમાન મેં કર્યું. પ્રભુ પ્રત્યેના રાગપૂર્વક બીજાં કોઈ સંસારસુખના હેતુભૂત અનુષ્ઠાન જેમાં નથી. તથા સાંસારિક કોઈ પણ જાતની જેમાં આશંસા નથી. આ રીતે આ દર્શન મારા આત્મામાં પરિણામ પામ્યું છે તેથી હું અનુમાન કરીને જાણું છું કે આ જીવ મુક્તિસુખ નીપજાવવાની યોગ્યતાવાળો બન્યો જ છે માટે મેં આવું અનુમાન કર્યું છે.

આજે (જે દિવસે આ સ્તવન રચાયું તે દિવસે) ખંભાત નગરમાં શ્રી સુખસાગર પાર્શ્વનાથ પરમાત્માને હું એવા ભાવથી ભેટ્યો છું. તે દિવસે મારૂં સિદ્ધિનું સાધકપણું મેં સાધ્યું. અર્થાત્ મને એમ લાગે છે કે હવે મારી સિદ્ધિ થોડાક જ ભવોમાં થોડાક જ કાળમાં અને થોડાક જ દિવસોમાં અવશ્ય થશે જ. ॥ ૭ ॥

**આજ કૃતપુણ્ય ધન્ય દીહ મારો થયો,**
**આજ નરજન્મ મેં સફળ ભાવ્યો, ॥**
**દેવચંદ્ર સ્વામી ત્રેવીસમો વંદીયો,**
**ભક્તિભર ચિત્ત તુજ ગુણ રમાવ્યો. ॥ ૮ ॥**

ગાથાર્થ :- સ્તવનકાર શ્રી દેવચંદ્રજી મહારાજશ્રી કહે છે કે :- આજે મારો દિવસ પરમ પુણ્યોદયે ધન્ય બન્યો, હું કૃતપુણ્ય થયો.

આજ મારો મનુષ્યજન્મ સફળતાને પામ્યો. દેવોમાં ચંદ્રમા સમાન એવા ત્રેવીશમા શ્રી પાર્શ્વનાથ પ્રભુને ભાવપૂર્વક હું ભેટ્યો, તથા ભક્તિના સમૂહથી ભરેલા ચિત્તને પરમાત્માના ગુણો ગાવામાં રમાડ્યું. જેથી મારા આત્માની સાર્થકતા થઈ. ॥ ૮ ॥

**વિવેચન :-** આજે જે વેલાએ મારો આત્મા પરમાત્માની ભક્તિમાં પરિણામ પામ્યો ત્યારે જ હું કૃતપુણ્ય બન્યો એટલે કે પુણ્યોદય વાળો થયો મારાં ધનભાગ્ય અને ધન્યઘડી થઈ. મારો આજનો દિવસ પણ ધન્ય બન્યો. કે જે દિવસે જિનેશ્વર પ્રભુની ભક્તિથી રંગાયેલો અધ્યવસાય આ જીવમાં પ્રગટ થયો.

તથા મારો નરજન્મ એટલે કે મનુષ્યનો ભવ પણ સફળતા વાળો બન્યો કે મેં નિરાગી, નિઃસ્પૃહી, પરમગુણી, સર્વજ્ઞ, સર્વદર્શી, એવા જે દેવ વીતરાગ પરમાત્મા ત્રેવીસમા શ્રી પાર્શ્વનાથ પ્રભુ, તેમને હું ભેટ્યો, મેં તેઓને વાંદ્યા, સ્તવ્યા, તેઓના ગુણ ગાયા તથા તેઓની ભક્તિને વિષે મેં મારૂં ચિત્ત રમાડયું જોડ્યું.

તેનાથી વીતરાગ પરમાત્મા સાથે મારૂં એકીકરણ કરવાથી મેં પૌદ્ગલિકભાવોની રમણતા ત્યજી, શ્રી અરિહંતપરમાત્માના ગુણોની રમણતામાં મનને રમાડ્યું, જે દિવસે હું પરમાત્માની ભક્તિમાં એકાકાર બન્યો છું. મારો તે જ દિવસ કૃતાર્થ છે. કૃતપુણ્ય છે. સફળ છે. આ જ દિવસ લેખામાં ગણાય તેવો છે.

સર્વ દેવોમાં ચંદ્રમા સમાન ત્રેવીસમાં પાર્શ્વનાથ પરમાત્માને વાંદ્યા. અથવા સ્તુતિકર્તા શ્રી દેવચંદ્ર મુનિ, તેમણે આવો લાભ પ્રાપ્ત કર્યો. ॥ ૮ ॥

**॥ ત્રેવીસમા શ્રી પાર્શ્વનાથ પરમાત્માના સ્તવનના અર્થો સમાપ્ત થયા ॥**

## ચોવીસમા શ્રી મહાવીરસ્વામી પરમાત્માનું સ્તવન

**તાર હો તાર પ્રભુ મુજ સેવક ભણી,**
**જગતમાં એટલું સુજસ લીજે ॥**
**દાસ અવગુણ ભર્યો જાણી પોતાતણો,**
**દયાનિધિ દીનપર દયા કીજે ॥ ૧ ॥**

**ગાથાર્થ :-** દયાનિધિ હે મહાવીર સ્વામી પરમાત્મા ! મને તારો, મને આ સંસારસાગરથી તારો, જગતમાં આટલો (બીજાને તારવાનો) સુયશ અવશ્ય આપશ્રીએ લેવો જોઈએ, દાસ એવો હું તો અવગુણોથી જ ભરપૂર ભરેલો છું તો પણ હું તમારો પોતાનો દાસ છું. એમ જાણીને હે દયાનિધિ ! પરમાત્મા, દીન એવા આ સેવક ઉપર જરૂર દયા કરજો. જરૂર દયા કરજો. ॥ ૧ ॥

**વિવેચન :-** જૈન આગમોનો અભ્યાસ હોવાથી સેવક આત્માને એવો ખ્યાલ આવે છે કે મારા આત્મામાં પણ વીતરાગ પરમાત્મા જેવી જ અનંતગુણોની શક્તિ સત્તાગત છે જ. ફક્ત મારી તે શક્તિ, સંસારમાં પરિભ્રમ કરાવનારાં એવાં જ્ઞાનાવરણીયાદિ કર્મોથી આવૃત થયેલી છે. અર્થાત્ ઢંકાયેલી છે. બાકી મારામાં પણ સિદ્ધ પરમાત્મા જેટલા જ ગુણો ભરેલા છે.

અનાદિકાળથી પરભાવદશાની અનુસંગતાના કારણે જ હું દુઃખી દુઃખી થયો છું. ઉદ્વેગ પામેલો છું અર્થાત્ સંસારીભાવોથી થાકેલો એવો મારો તે આત્મા પોતામાં જ પોતાની સાધકતા શક્તિ છે. પરંતુ તેને ન દેખતો એવો આ સાધક આત્મા પરમ નિર્યામક સમાન એવા ચોવીસમા ભગવંત શ્રી મહાવીર સ્વામીના ચરણ કમળનો આશ્રય સ્વીકારીને શ્રી વીરપ્રભુની આગળ પોતાની ભક્તિપૂર્વકની પ્રાર્થના કરવા સાથે વિનંતિ કરે છે કે :-

હે નાથ ! હે દીનદયાળ પરમાત્મા ! હે ત્રણ જગતના નાથ એવા પ્રભુજી ! મારા જેવા તત્ત્વસાધનામાં તથા આજ્ઞાનું પાલન કરવામાં અસમર્થ એવા આ સેવકને તારો તારો ! ગુણોનો અવરોધ કરનારા એવા આ સંસારથી નિસ્તાર કરો નિસ્તાર કરો.

તમારા જેવા સમર્થ પરમાત્મા વિના બીજા કોને હું આ કહું ? હે પરમાત્મા ! મને તારવાનું કામ કરીને સારૂં કામ કર્યાનો આટલો સુયશ તો અવશ્ય લેવા જેવો જ છે. જો કે આ પરમાત્મા વીતરાગ પ્રભુ હોવાથી સુયશના અર્થી નથી. પરંતુ ભક્તિના અતિરેકથી ગ્રન્થકર્તા ઉપચારે આ પ્રમાણે કહે છે કે મારા જેવો તમારો આ દાસ જો કે રાગ દ્વેષ અસંયમ આશંસાદિ દોષોથી તથા એકાન્તાગ્રહાદિ દોષો તથા અનાદરાદિ દોષોથી એમ આવા અવગુણોથી કરીને ભરપૂર ભરેલો છે. તો પણ તાહરો સેવક છે.

તે માટે હે દયાનિધિ ! હે ભાવકરૂણાના સ્વામી એવા પરમાત્મા? હું દીન છું રંક છું. અશરણ છું. દુઃખી છું તત્ત્વશૂન્ય છું ઉઘાડવાળા જ્ઞાનાદિ સંપત્તિ રહિત છું. ભાવદરિદ્રી, માર્ગનો વિરાધક, અસંયમ સંચારી, મહાવિકારી, તમારી આજ્ઞાથી વિમુખ ચાલનારો, અનાદિકાળનો ઉદ્ધત આવા આવા અનેક દોષોથી હું ભરેલો છું. તો પણ હું તમારો છું. એટલે આ સંસારથી તારવાની મારા ઉપર કૃપા કરો. કૃપા કરો. તમારી કૃપા એ જ મને ત્રાણ (શરણ) થશે. હું તમારો કુટુંબી હોવાથી મને તારવાનું તમારી ફરજમાં આવે છે.

જોકે અરિહંત પરમાત્મા તો સદાકાળ કૃપાવાળા જ હોય છે. જે ભવ્યજીવ તેમના શરણે આવે છે તેને સદુપદેશ આપવા દ્વારા તારે જ છે તો પણ અર્થી જીવો આવું વિચારે નહીં. એ જીવો તો તારકને સદા સમર્પિત થઈને જ આમ બોલે માટે આ અર્થીનું ઉચ્ચારણ છે જે દયાવંત હોય તેને જ આમ કહેવાય.

હે દેવ ! તમે જ દયાના ભંડાર છો. તમારા જ અવલંબને હું તરીશ. તમે જ મારો હાથ પકડો. હું તમને જ જાણું છું. બીજા કોઈને જાણતો નથી. મારે મન તમે જ સર્વસ્વ છો. હું તમારા જ ચરણોમાં મારૂં મસ્તક ઝુકાવું છું, તમે સર્વોપરિ તારક છો અને હું તમારો નિકટનો સેવક છું. પિતા જેમ પુત્રને બચાવે તેમ હે પરમાત્મા ! આ અસાર સંસારથી મને તારો, મને તારો, મને બચાવો ॥ ૧ ॥

**રાગદ્વેષે ભર્યો, મોહ વૈરી નડ્યો,**
**લોકની રીતમાં ઘણુંય રાતો ॥**
**ક્રોધવશ ધમધમ્યો, શુદ્ધ ગુણ નવિ રમ્યો,**
**ભમ્યો ભવમાંહિ હું વિષયમાતો ॥ તાર હો. ॥ ૨ ॥**

**ગાથાર્થ :-** હું રાગ અને દ્વેષથી ભરેલો છું. મોહરાજા રૂપી વૈરી રાજા તમારી સેવાભક્તિમાં મને નડતરરૂપ વળગેલો છે. સંસારિક લોકોની નીતિ, રીતિમાં હું ઘણો જ રંગાયેલો છું. ક્રોધાદિ કષાયોથી હું ધમધમેલો છું. શુદ્ધ એવા આત્મગુણોમાં ક્યારેય રમ્યો નથી. પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં મસ્ત બનેલો છું. તેથી હું આ અસાર સંસારમાં ઘણું જ ભટક્યો છું. ॥ ૨ ॥

**વિવેચન :-** હે પરમાત્મા ! તમારો આ શિષ્ય કેવો છે ? જોકે તમે કેવલજ્ઞાની સર્વજ્ઞ છો. એટલે બધું જ જાણો છો. મારે કહેવાનું કંઈ રહેતું જ નથી. તો પણ ભક્તિને વશ બોલ્યા વિના હું રહી શકતો નથી. હાલ મારું વર્તન આવું છે તે તમે સાંભળો.

હે પરમાત્મા ! હું રાગ અને દ્વેષ આદિ દોષોથી ભરપૂર ભરેલો છું. આ જગતમાં અનાદિકાળથી પડેલો છું. સંસારી ભાવોમાં ફસાયેલો છું. ગુણી મહાત્માઓ ઉપર સદાકાળ ઈર્ષ્યા જ કરી છે. શરણે જવાને બદલે દૂર દૂર જ રહ્યો છું. તત્ત્વનો અજ્ઞાની હોવાથી મોહરાજારૂપી

આત્મવૈરી મને ભીટકાઈ ગયો છે. તેમાં હું ફસાઈ ગયો છું. મોહક પ્રલોભનોમાં હું અંજાઈ ગયો છું. તેના જ કારણે લોકની (સંસારીલોકોની) જે નીતિ-રીતિ છે. તેમાં જ હું ઘણો માતો (મસ્ત) બન્યો છું. સતત ચોવીસે કલાક મોહની ગડમથલમાં જ ડુબેલો છું.

સંસારી લોકોની જે ચાવી છે. જેમકે પોતાનો પૌદ્‌ગલિક સ્વાર્થ સાધવો, બીજાને છેતરીને પણ પોતાનું મોહાત્મક કાર્ય કરવું. આ જ નીતિ-રીતિમાં હું ઘણો જ માતો છું મસ્ત છું. તેમાં જ રચ્યો પચ્યો છું. લોકચાલમાં હું ઘણો જ ડાહ્યો (હોંશિયાર) છું. લોકરંજનનો ઘણો જ અર્થી છું. તેનો જ સતત અભ્યાસી છું.

ક્રોધ તે પ્રચંડ પરિણામ, તેહને વિષે હું ધમધમી રહ્યો છું. આત્માના જે શુદ્ધ ગુણો છે. સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર આદિ તથા ક્ષમા માર્દવતા આર્જવતા સંતોષતા વિગેરે. તેવા ગુણોને વિષે અલ્પ માત્રાએ પણ રમ્યો નહીં. જોડાયો નહીં. તેનાથી દૂર દૂર જ ભાગ્યો છું.

તથા અનાદિકાળથી અનેક ભવોમાં ભટક્યો. રખડ્યો. જ્યાં ત્યાં જન્મ્યો. ચાર ગતિ રૂપ આ સંસારમાં ગમે તેવા હલકા ભવોમાં જન્મ્યો અને ત્યાં પણ પુદ્‌ગલાનંદી થઈને પાંચ ઇન્દ્રિયોનાં વિષયસુખોના સ્વાદમાં જ માતો (મસ્ત-એકાકાર) બન્યો. વિષયાસક્ત થઈને આ સંસારચક્ર ઘણું જ અનુભવ્યું હવે હે પરમાત્મા ! હું થાક્યો છું. મને તાર, મને તાર.

હે નાથ, હે દીનબંધુ ! મને તાર, મને ભવપાર ઉતાર ॥ ૨ ॥

**આદર્યું આચરણ, લોક ઉપચારથી ।**
**શાસ્ત્ર અભ્યાસ પણ કાંઈ કીધો ॥**
**શુદ્ધ શ્રદ્ધાન વલી આત્મઅવલંબ વિનુ,**
**તેહવો કાર્ય તેણે કો ન સીધો ॥ ૩ ॥**

**ગાથાર્થ :-** મેં ભૂતકાળમાં ધર્મનું આચરણ ક્યારેક ક્યારેક આચર્યું છે પણ લોક ઉપચારથી જ આચર્યું છે. તથા ક્યારેક ક્યારેક શાસ્ત્ર અભ્યાસ પણ કર્યો છે પરંતુ માનાદિ માટે અને ધનાદિને પ્રાપ્ત કરવા માટે, તાત્ત્વિક શુદ્ધ શ્રદ્ધા તથા આત્મભાવનાના અવલંબન વિના ઘણો ધર્મ કર્યો છે, પરંતુ આવું હોવાના કારણે મારૂં કાર્ય ક્યાંય સિદ્ધ થયું નથી માટે હે પ્રભુ ! મને તમે તારો. ॥ ૩ ॥

**વિવેચન :-** કદાચ અહીં કોઈ આવો પ્રશ્ન કરશે કે તેં ભૂતકાળમાં આવશ્યક ક્રિયા કરવા રૂપે ઘણું ધર્મ આચરણ આચર્યું છે તે તારૂં આચરણ જ તને તારશે. પરમાત્માને વિનંતિ કરવાની કંઈ જ જરૂર નથી. તેવું કોઇ પૂછે કે કોઇ કદાચ ન પણ પૂછે તો પણ હું ઉત્તર આપું છું કે-

ગતભવોમાં મેં જે ધર્મ આચરણ કર્યું છે તે સઘળુંય લોકઉપચારથી જ કર્યું છે. મારૂં ધર્મકાર્ય દેખીને લોકો કેમ રાજી રહે. લોકો મને ધર્મી તરીકે લેખામાં ગણે. પ્રભાવનાદિ પ્રાપ્ત થાય. લોકો મારા ઉપર રંજિત રહે તે માટે ઘણું ઘણું મેં કર્યું છે. પરંતુ આ સર્વલોકો મારા ઉપર પ્રસન્ન રહે. લોકોમાં ધાર્મિકપુરુષ તરીકે મારી ગણના થાય ઇત્યાદિ વૈરી એવા મોહરાજાના ભાવથી ભરેલો બનીને મેં આ કાર્ય કર્યું છે તેના જ કારણે મેં લોકરંજન માટે જ આ સઘળું ધર્મકાર્ય કર્યુ છે. તે મને તારનાર બન્યું નથી.

વિષાનુષ્ઠાન, ગરલાનુષ્ઠાન, અને અનનુષ્ઠાનરૂપે ધર્મની ભાવના વિના ધર્મનાં કાર્યો મેં ઘણાં ઘણાં કર્યાં છે. તથા ઉચ્ચગોત્ર અને યશનામકર્મ આદિના વિપાકોદયે ઉંચા કુળમાં જન્મ્યો. યશસ્વી બન્યો. એટલે મારો મોભો સાચવવા શાસ્ત્રોનો અભ્યાસ પણ કંઈક કંઈક કર્યો. શાસ્ત્રો ભણ્યો, શાસ્ત્રોના યથાર્થ અર્થ પણ જાણ્યા. અધ્યાત્મભાવના પૂર્વક સ્પર્શજ્ઞાનના અનુભવ વિના મેં આ સઘળો શ્રુતાભ્યાસ કર્યો.

પરંતુ શુદ્ધ સ્યાદ્‌વાદધર્મયુક્ત ભાવધર્મ વિના બાહ્યભાવની અપેક્ષાએ દાન દયા આદિ મેં જે જે પ્રવર્તન કર્યું હોય તે સર્વ ધર્મનાં કારણો સેવ્યાં જ છે. એમ સમજવાં પરંતુ મૂલધર્મ ન કર્યો. કારણકે સાચો મૂલધર્મ કોને કહેવાય ? તો સર્વે પણ વસ્તુની સત્તા તેના તેના સ્વરૂપે પોતાનામાં રહી હોય છે. પરિણામિકભાવે સર્વ વસ્તુને આ જીવે ઔદાસીન્યભાવે જે જાણી હોય તે જ ધર્મ કહેવાય છે.

આવી શુદ્ધ શ્રદ્ધા શુદ્ધ પ્રતીતિ તથા આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરવાની તીવ્ર રૂચિ, તથા આત્માના સ્વગુણોનું શુદ્ધ આલંબન વિગેરે ઉમદા ભાવો વિના કેવળ દ્રવ્યથી જે જે આચરણ કર્યું. આત્મભાવના અવલંબન વિના ધર્મકાર્ય કર્યું. તેના કારણે આ આત્માનું મુક્તિ સાધવાનું કાર્ય નીપજયું નહીં. મારી ધર્મક્રિયા મુક્તિહેતુ બની નહીં.

સારાંશ કે ઘણું ઘણું ધર્મ કાર્ય કર્યું. પરંતુ અધ્યાત્મભાવ સેવ્યો નહીં. મોહનો ભાવ સેવ્યો. તેના કારણે મારો આત્મગુણ પ્રગટ થાય તેવું કોઈ કાર્ય બન્યું નહીં. તે માટે હે પરમેશ્વર પ્રભુ ! તાહરી કૃપા જ મને ભવપાર ઉતારશે. સંસારથી નિસ્તાર કરશે. માટે હે પ્રભુ ! તમે મને તારો. તમે મને તારો. ॥ ૩ ॥

**સ્વામિદર્શન સમો, નિમિત્ત લહી નિર્મળો,**
**જો ઉપાદાન એ શુચિ ન થાશે, ॥**
**દોષ કો વસ્તુનો અહવા ઉદ્યમ તણો,**
**સ્વામીસેવા સહી નિકટ લાશે. ॥૪॥ તારહો. ॥**

**ગાથાર્થ :-** અઢાર દોષોથી રહિત વીતરાગ એવા શ્રી મહાવીર સ્વામી પ્રભુથી ઉપદિષ્ટ જૈનદર્શન સમાન ઉત્તમ નિર્મળ નિમિત્ત પ્રાપ્ત કરીને પણ જો ઉપાદાન એવો મારો આત્મા પવિત્ર અર્થાત્ શુદ્ધ થશે નહીં. તો તે દોષ વસ્તુનો (એટલે કે મારા આત્માનો) જ છે. અથવા

મારા ઉદ્યમની ખામી છે પરંતુ સ્વામિની સેવા આ ઉપાદાનને કાર્યની સિદ્ધિની નજીક અવશ્ય લાવશે જ. ॥ ૪ ॥

**વિવેચન :-** સ્વામી શ્રી મહાવીરસ્વામી તે કેવા છે તે જણાવે છે કે (૧) વીતરાગ છે. (૨) પરકાર્યના અકર્તા છે. (૩) પરભાવાદિના અભોક્તા છે. તથા (૪) ઇચ્છા,લીલા ચપલતા તથા રાગાદિ દોષોથી રહિત છે. કારણ કે જે ઇચ્છા છે તે ન્યૂનતાવાળાને જ હોય અને આ પરમાત્મા તો પૂર્ણગુણી અને પૂર્ણ સુખી છે. તેથી ઇચ્છા વિનાના છે.

તથા લીલા પણ સુખની લાલચવાળાને જ હોય. અને આ પરમાત્મામાં લાલચુંપણું છે જ નહીં. તેથી આવા આવા શ્રેષ્ઠ ગુણોના ભંડાર એવા સ્વામીના દર્શન સમાન નિર્મળ નિમિત્ત પ્રાપ્ત કરીને પણ સાધક એવા મારા આત્માનું ઉપાદાન એટલે મૂલપ્રકૃતિ જો પવિત્ર નહી થાય, શુદ્ધ નહી બને તો શાસ્ત્રોથી જાણીએ જ છીએ કે જે વસ્તુ છે એટલે કે જે આરાધક જીવ છે તેનો જ આ દોષ છે. (માટી અને પત્થર આ બન્નેને વર્ષો સુધી પાણીમાં રાખો તો પણ માટી પીગળી જાય, ઓગળી જાય. પણ પત્થર તો જેમ છે તેમ જ રહે. તેમાંથી એક કરચલી પણ ખસે નહીં. તેમાં પત્થરનો જ તેવો સ્વભાવ કારણ છે. તેમ પરમાત્માનું નિમિત્ત મળતાં જે આત્માનું ઉપાદાન ઓગળે - પીગળે ઢીલું થાય. મિથ્યાત્વ મંદ થાય અને સમ્યક્ત્વાદિ ગુણો વાળા પણે પરિણામ પામે તે ઉપાદાન માટીતુલ્ય સમજવું અને વીતરાગ પરમાત્મા જેવું પ્રબળ નિમિત્ત મળવા છતાં જે આત્માનું ઉપાદાન પત્થરની જેમ ન જ પીગળે, જેવું છે તેવું જ રહે તો તેમાં જેમ પાણીનો દોષ નથી. પણ પત્થરની પોતાની કઠીનાઈ જ કારણ છે. તેમ વીતરાગ પરમાત્મા જે નિમિત્તકારણ છે તેનો કોઈ દોષ નથી. પરંતુ તે વસ્તુ જ (તે આત્મા જ) તેવા દોષવાળો છે તે આત્માની ભવિતવ્યતા જ પત્થરતુલ્ય છે. અભવ્ય જીવો તથા ભવાભિનંદી જીવો પત્થરતુલ્ય સમજવા. એટલે ઉપાદાન જ અયોગ્ય છે. માટે તેમાં ફળપ્રાપ્તિ થતી નથી.

તથા જે દુરભવ્ય જીવો છે લાંબા કાળે મુક્તિ પામવાના છે તેમાં પોતાની પાત્રતા છે પરંતુ મુક્તિને અનુરૂપ ઉદ્યમનો અભાવ છે તેવા જીવોમાં ભવાભિનંદિપણું હોવાથી તેઓને મુક્તિ તરફનો પુરુષાર્થ સુઝતો નથી. આકરો પુરુષાર્થ કરીને પણ આત્મતત્ત્વ સંભાળવું જોઈએ. આવા જીવો પોતાની ભવિતવ્યતાના કારણે પોતાનું આત્મતત્ત્વ સંભાળતા નથી. તો હવે શું કરવું ? બીજો એક જ આ ઉપાય છે કે-

"શ્રી અરિહંત પરમાત્માની સેવા જ મુક્તિદશાની નીકટતા પ્રાપ્ત કરાવશે. પરમાત્માની સેવાના આલંબને આ સાધક આત્મા પોતાની દુષ્ટતા (વક્રતા) ત્યજશે અને આરાધક બનશે. માટે શ્રી વીતરાગ પરમાત્માનું આલંબન ત્યજવા જેવું નથી. પરંતુ મજબૂત રીતે પકડવા જેવું છે. જેમ દોરડુ મજબૂત રીતે પકડ્યું હોય તો તારે જ છે. તેમ પ્રભુની સેવા પણ આ સંસારસાગરથી તારે જ છે. ॥ ૪ ॥

**સ્વામી ગુણ ઓળખી, સ્વામીને જે ભજે,**
**દર્શન શુદ્ધતા તેહ પામે ॥**
**જ્ઞાન ચારિત્ર તપ વીર્ય ઉલ્લાસથી,**
**કર્મ ઝીપી વસે મુક્તિધામે ॥ ૫ ॥**

**ગાથાર્થ :-** જે સાધક આત્મા પરમાત્માના ગુણોને ઓળખી (હૃદયથી સમજીને) વીતરાગ પરમાત્માને જે ભજશે (આરાધશે) તે જ આત્મા સમ્યક્ત્વગુણની શુદ્ધતાને પામશે. સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી જ્ઞાન ચારિત્ર તપ અને વીર્યના ઉલ્લાસભાવથી કર્મોને ઝીપી એટલે ખપાવીને તે ભવ્ય આત્મા સદાને માટે મુક્તિધામમાં જઈને નિવાસ કરશે. ॥ ૫ ॥

**વિવેચન :-** સ્વામી એટલે કે રાગ-દ્વેષ અને મોહ આદિ દોષો જેણે સંપૂર્ણપણે ક્ષય કર્યા છે એવા શ્રી અરિહંત પરમાત્મા, તે ભવ્યજીવોના ધર્મોપદેશ દ્વારા તારક હોવાથી શરણને યોગ્ય છે. તથા

સ્વામી છે.તેમના ગુણોને બરાબર જાણીને આ પરમાત્મા ગુણોની ખાણ છે. આમ સમજીને જે જે શ્રોતાઓ આ અરિહંત પરમાત્માને ભજશે. સેવશે. તેમની આજ્ઞાપાલન આદિ સેવામાં જોડાશે તે જ મહાત્મા સમ્યગ્દર્શન નામનો પ્રાથમિક ગુણ પ્રાપ્ત કરશે. આ ગુણ આવ્યા વિના બીજા ગુણો કદાચ અંશે અંશે આવ્યા હોય તો પણ તે ગુણો ભવસમાપ્તિનું કારણ બનતા નથી તે માટે સમ્યક્ત્વ ગુણ સૌથી પ્રથમ આવશ્યક છે.

સમ્યક્ત્વ ગુણ આવવાથી જ જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન કહેવાય છે. તેના કારણે સમ્યક્ત્વ પ્રાપ્તિ કરવી સૌથી વધારે આવશ્યક છે. સમ્યક્ત્વ ગુણ આવવાથી વીતરાગ પરમાત્મા, તેમનું શાસન, તેમની નિશ્રા, આ સર્વ ભાવો ગમતા થઈ જાય છે અને આ જ વાતાવરણમાં રહેલો જીવ મોહદશાનો મૂળથી ક્ષય કરીને જ્ઞાન ચારિત્રની રમણતા દ્વારા ચારથી બાર ગુણસ્થાનકો પસાર કરીને તત્ત્વ એકાગ્રતારૂપ તપ અને આત્મ સામર્થ્ય ફોરવવા રૂપ વીર્ય ગુણ વિકસાવીને તેના ઉલ્લાથી તે તે ગુણોની પ્રાપ્તિ થવાના બળથી જ્ઞાનાવરણીયાદિ કર્મોને તોડીને સર્વથા નિરાવરણ થઈને સિદ્ધિદશાવાળા ધામમાં જઈને વસે છે.

જ્યાં ફરીથી ક્યારે પણ સંસારમાં જન્મ-મરણ લેવા પડતા નથી. ।।પ।।

**જગત વત્સલ મહાવીર જિનવર સુણી,**<br>
**ચિત્ત પ્રભુ ચરણને શરણ વાસ્યો ॥**<br>
**તારજો બાપજી, બિરૂદ નિજ રાખવા,**<br>
**દાસની સેવના રખે જોશો. ॥ ૬ ॥**

**ગાથાર્થ :-** ત્રણે લોકનું હિત કરનારા હોવાથી જગતવત્સલ એવા શ્રી મહાવીર પરમાત્મા છે. આ વાત સાંભળીને મારૂં ચિત્ત પણ આપના ચરણ કમળમાં નિવાસ કરીને રહ્યું છે. (પરંતુ આપની સર્વ આજ્ઞા પાળવાને માટે પામર એવો મારો આ આત્મા સમર્થ બન્યો

નથી.) તે માટે હે બાપજી - હે તાત ! આપશ્રી આપના તારક એવા બિરૂદને સાચવવા માટે પણ આ સેવકને તારજો. પરંતુ દાસની સેવાભક્તિ સામે જરા પણ ન જોશો. (નજર ન નાખજો) કારણ કે તે બાબતમાં તો મારી શૂન્યતા જ છે. ॥ ૬ ॥

**વિવેચન :-** ગાથાનો અર્થ સમજાય તેવો છે. ત્રણે જગત ઉપર ઘણા જ વાત્સલ્યભાવવાળા એવા હે વીતરાગ પરમાત્મા શ્રી મહાવીરપ્રભુ ? આપશ્રી મૃત્યુલોકના સર્વ માનવીઓનું હિત-કલ્યાણ જ કરનારા છો. અતિશય વાત્સલ્યભાવ આપશ્રીમાં ભરેલો છે.

આ વાત શાસ્ત્રો દ્વારા અને શાસ્ત્રજ્ઞ જ્ઞાનીઓ દ્વારા સાંભળીને હું આપશ્રીના ચરણકમળમાં શરણે આવેલો છું. મને આ સંસારમાંથી તારવાને જો કોઈ સમર્થ હોય તો આ શ્રી મહાવીર પરમાત્મા જ છે આવી મને પાકી ખાત્રી થઈ છે.

તમે જ તારક હોવાથી મારૂં મન મેં તમારા ચરણકમલની નિશ્રામાં સ્થાપિત કર્યું છે. તારક થઈને તમે મને ન તારો આ કેમ બને ? આ કારણે જ હું તમારો છેડો છોડવાનો નથી. તે માટે હે પરમેશ્વર પ્રભુ ! મારો આત્મા તો અનાદિ કાળથી મોહની ઝપટમાં લપેટાયેલો હોવાથી મોહદશા પલટીને વૈરાગ્ય વાસિત થઈને સર્વથા સાધના કરે એવું તુરત દેખાતું નથી. તેથી ભોળાભાવે આપશ્રીને કહું છું કે,

હે તાત ! હે દીનબંધુ ! દાસ એવા મને તમે તારજો. છેલ્લે છેલ્લે તમારૂં "તારકતાનું બિરૂદ" સાચવવા માટે પણ દાસ એવા આ સેવકની ભક્તિ સામે જોશો નહીં. (જો તે જોશો તો તેમાં શૂન્યતા જ દેખાશે તે માટે તે બાજુ જોયા વિના તમારું તારકતાનું બિરૂદ સાચવવા માટે પણ મને) તારજો. આ કારણે જ તમારા ચરણકમળમાં આવ્યો છું એમ સમજીને સેવક ગણીને જરૂર તારજો.

જો તમે મારા સામું જોશો તો મારાં કર્તૃશો એવાં હલકાં છે કે કદાચ તમારી મને તારવાની ભાવના હોય તો પણ પલટાઈ જાય. માટે ફરી ફરી વિનંતિ સાથે જણાવું છું કે મારા કર્તવ્ય સામે ન જોશો પણ તમારૂં "તારક" બિરૂદ રાખવા માટે મને અવશ્ય તારજો. ॥૬॥

**વિનતિ માનજો, શક્તિ એ આપજો,**
**ભાવસ્યાદ્‌વાદતા, શુદ્ધ ભાસે ॥**
**સાધી સાધકદશા સિદ્ધતા અનુભવી,**
**દેવચંદ્રવિમલ પ્રભુતા પ્રકાશે ॥ ૭ ॥**

**ગાથાર્થ :-** હે કૃપાળુ દેવ ! મારી આટલી વિનંતિને માન્ય રાખી મને એવી શક્તિ આપજો કે જેથી હું સર્વ દ્રવ્યોના ભાવધર્મને શુદ્ધ સ્યાદ્‌વાદ શૈલિથી એટલે અપેક્ષાવાદથી જેમ છે તેમ સમજી શકું અને તેના ફળસ્વરૂપ મારી સાધકદશાને સાધીને સ્વસ્વભાવગત એવી સિદ્ધતાને અનુભવીને દેવોમાં ચંદ્રમા સમાન નિર્મળ એવી મારી પોતાની પ્રભુતાને મારા આત્માના ઐશ્વર્યને હું પ્રગટ કરનારો થાઉં. આવી આપશ્રી પ્રત્યે મારી ભાવભરી નમ્ર વિનંતિ છે. તમે તે વિનંતી અવશ્ય સ્વીકારજો. ॥ ૭ ॥

**વિવેચન :-** હે પરમાત્મા ! સેવક એવા મારી આટલી વિનંતિ અવશ્ય સ્વીકારજો આપશ્રીને જે કંઈ કહું છું તે મારા પોતાના ભદ્રિકભાવથી કહું છું કે હે પરમાત્મા ! મને એવી શક્તિ આપજો કે જેનાથી વસ્તુધર્મને સ્યાદ્‌વાદશૈલીથી નિત્ય-અનિત્ય, એક-અનેક, અસ્તિ-નાસ્તિ, ભિન્ન-અભિન્નપણે છએ દ્રવ્યોના અનંતા ધર્મોને શંકા આદિ દૂષણ રહિતપણે શુદ્ધ રીતે મને ભાસે-મને સમજાય.

આવા પ્રકારનું શુદ્ધ સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરીને તેના વડે મોહદશાને જિતીને સાધકદશા મેળવીને એટલે ભેદરત્નત્રયીને પ્રાપ્ત કરીને તેના દ્વારા સિદ્ધતા, નિષ્પન્ન દશા અનુભવીને સર્વદેવોમાં ચંદ્રમા સમાન જે

સિદ્ધ ભગવાન છે. તેઓશ્રીમાં વર્તતી જે નિર્મળતા છે તેવી નિર્મળતા મારામાં પણ પ્રગટ થાય.

ઉપરની વાતનો સારાંશ એ છે કે સ્યાદ્વાદયુક્ત સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરવાથી સાધકતા પ્રગટે, અને સાધકતા પ્રગટ થવાથી સિદ્ધતા પ્રગટ થાય. આ વાતનો આ જ સાર છે.

આ પ્રમાણે ચોવીસ સ્તવન થયાં. મારા પોતાના જાણપણા પ્રમાણે પરમાત્માના ગુણસમૂહની મેં સ્તવના કરી છે. તેમાં જે કંઈ યથાર્થ છે તે પ્રમાણ, અને છદ્મસ્થતાના કારણે જે કંઈ અયથાર્થ કહેવાઈ ગયું હોય તો તે બદલ મિચ્છામિ દુક્કડં, ગીતાર્થ આત્માઓએ ગુણો લેવા, દોષો ત્યજવા. મેં ભદ્રિકતાએ (ભદ્રિકભાવે) આ રચના કરી છે. મોટા મહાત્માઓએ ક્ષમા રાખી આ સ્તવનોમાંથી ગુણો ગ્રહણ કરવા. ॥૨૪॥

॥ ચોવીસમા શ્રી મહાવીર પ્રભુનું સ્તવન સમાપ્ત થયું. ॥

## કળશ

**ચોવીસે જિન ગુણ ગાઈએ, ધ્યાઈએ તત્ત્વ સ્વરૂપો જી ॥**
**પરમાનંદ પદ પાઈએ, અક્ષય જ્ઞાન અનૂપોજી ॥**

**અર્થ :-** શ્રી ઋષભદેવથી માંડીને મહાવીરસ્વામી પર્યન્ત અવસર્પિણી કાલે શાસનના નાયક, ગુણરત્નાકર, મહામાહણ, મહાગોપ, મહાવૈદ્ય, એહવા ચોવીશ તીર્થંકર પ્રભુ થયા. તેહને ગાઈયેં કેતાં ગુણગ્રામ કરીયેં. અને પોતાના તત્ત્વસ્વરૂપને ધ્યાયીયે. તેહના ધ્યાને તત્ત્વની એકાગ્રતા પામીયેં. તેહથી પરમાનંદ અવિનાશીપદ પામીજે. વલી અક્ષય, અવિનાશી, એહવું ક્ષાયિકજ્ઞાન તે અનૂપમ અદ્ભૂત કેવલજ્ઞાન પ્રાપ્ત કરીએ.

**વિશેષાર્થ :-** શ્રી ઋષભદેવ પરમાત્માથી પ્રારંભીને શ્રી મહાવીર સ્વામી પર્યન્ત આ અવસર્પિણી કાળમાં થયેલા શાસનના નાયક, ગુણ રત્નાકર, મહામાહણ, મહાગોપ, મહાવૈદ્ય, આવા ચોવીસ તીર્થંકર પરમાત્મા થયા.

તેઓને ગાઈને, એટલે કે તેઓના ગુણગ્રામ કરીએ. અને તેના દ્વારા પોતાના તત્ત્વસ્વરૂપને ધ્યાઈએ, તે તત્ત્વસ્વરૂપનું ધ્યાન કરતાં તત્ત્વની એકાગ્રતા પ્રાપ્ત કરીએ, તેનાથી પરમાનંદ એવું અવિનાશીપદ પ્રાપ્ત કરીએ.

તેના દ્વારા અક્ષય, અવિનાશી એવું ક્ષાયિકજ્ઞાન. (ક્ષાયિકભાવની અનુપમ (અદ્ભૂત) રત્નત્રયી) પ્રાપ્ત કરીએ. ॥ ૧ ॥

**ચૌદહસે બાવન ભલા, ગણધર ગુણભંડારો જી ॥**
**સમતામયી સાધુ-સાહુણી, સાવય-શ્રાવિકા સારોજી ॥ ૨ ॥**

**અર્થ :-** ચોવીસે જિનરાજના ગણધર (૧૪૫૨) ભલા ઉત્તમ જીવો થયા. ગણ એટલે કે ગણિપિટકના ધણી, ગુણના ભંડાર તથા સમતાના ભંડાર એવા સાધુ-સાધ્વી અને શ્રાવક-શ્રાવિકા સાર કેતાં, પ્રધાન ધર્મના ધોરી તથા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનાં પાત્ર, એ પ્રકારનો સંઘ તે સહિત સારો અર્થાત્ આત્માનું કલ્યાણ કરનારો થયો. ॥ ૨ ॥

**વિવેચન :-** ચોવીસે જિનેશ્વર પરમાત્માના ગણધર ભગવંતો કુલ ચૌદસોહ બાવન (૧૪૫૨) ભલા (ઉત્તમ આત્માઓ) થયા. તથા ગણ = ગણિપિટકના ધણી, ગુણના ભંડાર તથા સમતામય જીવનવાળા સાધુ સાધ્વીજી તથા શ્રાવક-શ્રાવિકા સાર (એટલે કે પ્રધાન) એવાં, ધર્મના ધોરી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનાં પાત્ર, એમ રત્નત્રયીનાં સાધક એવો ચાર પ્રકારનો સંઘ તે સહિત આ સર્વે મહાત્માઓ ગાવા યોગ્ય છે.

સારા એવા આત્મિક ગુણોને ધારણ કરી મોક્ષ પ્રાપ્તિ અર્થે ચતુર્વિધ સંઘના જીવો આત્મતત્ત્વની સારી આરાધના કરતા હતા. ॥૨॥

**વર્ધમાન જિનતણો, શાસન અતિ સુખકારો જી ।**
**ચૌવિહ સંઘ વિરાજતો, દુઃષમકાળ આધારો જી ॥૩॥**

**અર્થ :-** તથા હમણાં શ્રી વર્ધમાન પરમાત્મા મહાવીરસ્વામીનું શાસન અત્યન્ત સુખનું કારક વર્તે છે. એ શાસનમાંહે જે પ્રવેશ્યા, તે જીવો સંસારનો પાર પામે, તથા દુઃખમકાળ પાંચમા આરામધ્યે ભવ્યજીવને આધારભૂત ચતુર્વિધ શ્રી સંઘ બીરાજે છે. વર્તમાનકાળે નવતત્ત્વના તથા ષટ્દ્રવ્યની ઓળખાણ થાય. જેનાથી મિથ્યાત્વ અસંયમનો ત્રાસ દૂર થાય તે ઉપકાર શ્રી વીરપ્રભુના શાસનનો છે. તે શ્રી વીરનાં જ આગમ છે. ॥૩॥

**વિવેચન :-** વર્તમાનમાં ચાલી રહેલ ધર્મનું શાસન તે શ્રી વર્ધમાન ભગવાન મહાવીરસ્વામિનું છે તે શાસન સંસારની ત્રિવિધ તાપાગ્નિથી દગ્ધજીવોને અત્યન્ત સુખશાન્તિને આપનાર છે. આવા ભયંકર હુંડા અવસર્પિણી કાળમાં પણ ચઉવિહ સંઘ એટલે ભગવાનને માનવાવાળા સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ બિરાજમાન છે. એટલે પ્રત્યક્ષ હોવાથી આ દુઃખમકાળના જીવોને ભગવાન મહાવીરની ગેરહાજરીમાં પણ તેમનો પ્રસ્તાપિત કરેલો સંઘ પરમ આધારરૂપ છે. ॥૩॥

**જિનસેવનથી જ્ઞાનતા, લહે હિતાહિત બોધો જી ।**
**અહિત ત્યાગ હિત આદરે, સંયમ તપની શોધો જી ॥૪॥**

**અર્થ :-** એ જિનસેવનાનું ફલ શ્રી વિશેષાવશ્યકને અનુસારે કહીયે છીએ, શ્રી વીતરાગનાં ઉપદેશ્યાં સૂત્રને સાંભળવાથી જાણપણું

વધે, તે જ્ઞાનથી હિત-અહિતનો બોધ થાય. પછી અહિતનો ત્યાગ કરે, તથા હિતને આદરે, તેહથી સંયમ અને તપની શોધ કહેતાં શુદ્ધતા થાય. ॥ ૪ ॥

**વિવેચન :-** જિન એટલે રાગ-દ્વેષ અને અજ્ઞાન જેના જિતાઈ ગયા છે એવા સમ્યગ્દૃષ્ટિ જિનસ્વરૂપ તીર્થંકર ભગવાનની અથવા તેમના માર્ગે ચાલનારા સદ્ગુરુની સેવા એટલે તેમની આજ્ઞાની ઉપાસના કરતાં મુમુક્ષુજીવને સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. જેથી જીવને પોતાના હિત-અહિતનો બોધ મળે છે. હિતાહિતનું ભાન થવાથી ભવ્યાત્મા, આત્માના અહિતના કારણો જે મિથ્યાત્વ અસંયમ આદિ છે, તેનો ત્યાગ કરી આત્માના કલ્યાણ સ્વરૂપ એવા ઇન્દ્રિયસંયમ અને પ્રાણીસંયમને આદરી ઇચ્છાઓનો નિરોધ કરવા અર્થે બાર પ્રકારના તપની શોધ કરે છે. પછી તે પ્રમાણે વર્તન કરે છે. ॥૪॥

**અભિનવ કર્મ અગ્રહણતા, જીર્ણ કર્મ અભાવો જી ॥**
**નિઃકર્મીને અબાધતા, અવેદન અનાકુલ ભાવો જી ॥૫॥**

**અર્થ :-** સંયમ અને તપની શુદ્ધતા થવાથી નવાં કર્મની અગ્રહણતા થાય, એટલે નવાં કર્મ ન બાંધે, અને જીર્ણ કેતાં જુનાં કર્મનો અભાવ થાય. એટલે પૂર્વબદ્ધ સત્તાગત કર્મોને નિર્જરે અને નવાનો બંધ થાય નહીં તથા મૂલથી જ સત્તાગત કર્મોનો ક્ષય થાય. તે વારે આત્મા નિઃકર્મી કેતાં સર્વકર્મરહિત થાય. અબાધતા કહેતાં બાધા રહિત થાય. જે બાધા આત્મપ્રદેશોમાં રહેલા પુદ્ગલના સંગની હતી. પુદ્ગલસંગ ટલે, એટલે બધી બાધા મટી ગઈ. તે વારે આત્મા અવેદન અને અનાકુલપણું પામ્યો. અને આકુલતા પરોપાધિની હતી. તે ગઈ. તે સર્વ પ્રભુભક્તિનો ઉપચાર જાણવો. તે માટે ચોવીશે જિનને સ્તવીએ. એહી જ જીવનનો સાર છે. ॥ ૫ ॥

**વિવેચન :-** સંયમ, તપની આરાધના કરવાથી આત્મા અભિનવ એટલે નવીન કર્મને ગ્રહણ કરતો નથી. અને જીર્ણ એટલે જુના બંધાયેલા કર્મોનો અભાવ એટલે નાશ કરે છે. એટલે નિઃકર્મી થાય અર્થાત્ કર્મથી રહિત થયેલા શુદ્ધ આત્માને બાધારૂપ કોઈ કર્મો નહીં હોવાથી તે આત્મા સહજાત્મસ્વરૂપના અનાકુલ એટલે આકુળ વ્યાકુળતા વિના અર્થાત્ વિષયકષાયના આકુલિતભાવોથી રહિત પોતાના સહજ શુદ્ધ આત્મસ્વરૂપના આનંદમાં સદા મગ્ન રહે છે તેથી શુભાશુભ કર્મના ફળનું ભાવથી તેમને વેદન નથી. એટલે કે કર્મોદયની પરવશતા નથી. માત્ર ઉદયાધીન જ્ઞાતા-દૃષ્ટાપણે વર્તન-વ્યવહાર કરે છે. ॥૫॥

**ભાવરોગના વિગમથી, અચલ અક્ષય નિરાબાધો જી ॥**
**પૂર્ણાનંદદશા લહી, વિલસે સિદ્ધ સમાધો જી ॥ ૬ ॥**

**અર્થ :-** પછી ભાવરોગ તે પરાનુયાયીપણું, તેહનો વિગમ કેતાં સર્વથા દૂર કરવાના કારણે કરીને અચલ કેતાં ચપલતા રહિત, અક્ષય કેતાં અવિનાશીપણું, નિરાબાધ કેતાં અવ્યાબાધ પદ પ્રગટે, તે સર્વનું મૂલ કારણ જિનરાજ શ્રી વીતરાગદેવની સેવના તથા ભાવરૂચિ, દ્રવ્યથી તથા ભાવથી પ્રગટે, માટે સેવના કરવી એમાં જ હિત છે.

પૂર્ણાનંદવાળી તથા પરમાનંદવાળી અને અનંતગુણના ભોગરૂપ સ્વસિદ્ધતા દશા લહી કેતાં પામીને વિલસે કેતાં અનુભવે, સિદ્ધ નિષ્પન્ન પરિનિષ્ઠિતાર્થ આત્મિક સમાધિ જ્ઞાનદર્શન સમાધિ, અવ્યાબાધ આનંદ સમાધિ, ભોગવે અર્થાત્ પામે. એ શ્રી જિનેશ્વરની સેવાનું ફળ, એહિ જ પરમનિર્વાણપદની પ્રાપ્તિ છે.

તેણે સર્વ વિકલ્પોની કલ્પના નિવારીને સર્વજ્ઞ સર્વદર્શી શુદ્ધતત્ત્વી પરમેશ્વર નિર્વિકારી દેવનું સેવન કરો. એહિ જ પરમ સુખનું પુષ્ટ કારણ છે. ॥ ૬ ॥

**વિવેચન :-** ઉપરોક્ત જ્ઞાની પુરુષોનો વિષયકષાય રૂપ ભાવ-રોગના વિગમ એટલે નાશથી અચલ એટલે સ્થિર રહે. ચાલી ન જાય એવી અક્ષય તથા નિરાબાધ એટલે બાધાપીડા રહિત એવી પરમ સુખમય આત્મરિદ્ધિને આ જીવ પામે છે. તે આત્મજ્ઞાનના બળે આગળ વધી આત્માની પૂર્ણાનંદમય કેવળદશાને પ્રગટાવી આયુષ્યના અંતે સિદ્ધદશાને પામી સર્વકાળને માટે સ્વરૂપ સમાધિમાં વિલાસ કરે છે.

અર્થાત્ આત્માના અનંત આનંદના સર્વકાલને માટે ભોક્તા થાય છે. ॥ ૬ ॥

**શ્રી જિનચંદ્રની સેવના, પ્રગટે પુણ્યપ્રધાનો જી ॥**
**સુમતિસાગર અતિઉલ્લસે, સાધુ રંગ પ્રભુ ધ્યાનો જી ॥૭॥**

**અર્થ :-** શ્રી જિનચંદ્ર અરિહંતદેવ, તેમની સેવના કરતાં પ્રધાનપુણ્ય પ્રગટે, અને શ્રેષ્ઠ સુમતિ જે પરમાનંદ સાધકમતિ તે અતિશય ઉલ્લસે, કેતાં ઉલ્લાસ પામે, અને પ્રભુને ધ્યાને સાધુ કહેતાં ભલો રંગ થાય. આત્મા ઉત્તમ રંગવાળો બને.

બીજો અર્થ શ્રી જિનચંદ્રસૂરિ ભટ્ટારક, શ્રી ખરતરગચ્છાધીશ્વર તેહના શિષ્ય શ્રી પુણ્યપ્રધાનોપાધ્યાય, તેહના શિષ્ય શ્રી સુમતિ સાગરોપાધ્યાય, તેહના શિષ્ય શ્રી સાધુ રંગવાચક, એ સ્તુતિકર્તાની પરંપરામાં બહુશ્રુત થયા. તેહનાં નામ કહ્યાં. ॥ ૭ ॥

**વિવેચન :-** જિનોમાં ચંદ્રમા સમાન એવા વીતરાગ પરમાત્માની સેવા એટલે તેમની આજ્ઞા સ્વીકારવી. એ તો ઘણા ઘણા પુણ્યના ઢગલા ભેગા થાય ત્યારે બને છે. સાધુ શ્રી સુમતિસાગરજી પુણ્યના પ્રભાવે સાધુઓની સેવા કરવામાં કે પ્રભુનું ધ્યાન ધરવામાં અતિ ઉલ્લાસવાળા પરિણામને ધરનારા હતા. તથા ખરતરગચ્છમાં આવા-આવા નામવાળા મહાત્માઓ થયા. ॥ ૭ ॥

**સુવિહિત ખરતરગચ્છવરુ, રાજસાર ઉવજ્જાયો જી ॥**
**જ્ઞાનધર્મ પાઠકતણો, શિષ્ય સુજસ સુખદાયો જી ॥૮॥**

**અર્થ :-** સુવિહિત કહેતાં પંચાંગી પ્રમાણ રત્નત્રયીના હેતુભૂત, કારણભૂત એહવી જેહની સામાચારી છે. એહવો જે ખરતરગચ્છ, તે મધ્યે વર કહેતાં પ્રધાન, સર્વશાસ્ત્ર નિપુણ, મરૂસ્થલ-મારવાડને વિષે અનેક જિનચૈત્યપ્રતિષ્ઠાકારક, આવશ્યકોદ્ધાર પ્રમુખ ગ્રંથોના કર્તા એવા મહોપાધ્યાય રાજસારજી થયા. તેહના શિષ્ય શ્રી જ્ઞાનધર્મ ઉપાધ્યાય, ન્યાયાદિક ગ્રંથાધ્યાપક, જેણે સાઠ વર્ષ પર્યંત જિહ્વાના રસ તજી શાકની તમામ જાતિ તજી, ને સંવેગવૃત્તિ ધારણ કરી હતી.

તેમના શિષ્ય રૂડા શિષ્યના ધણી સુખના દેવાવાળા એહવા (નવમી ગાથામાં સંબંધ છે.) ॥૮॥

**વિવેચન :-** સુવિહિત એટલે સારી રીતે શાસ્ત્રના જાણકાર, અને ખરતરગચ્છમાં વરુ એટલે શ્રેષ્ઠ એવા શ્રી રાજસાર નામના ઉપાધ્યાય થયા, તેમના પછી શ્રી જ્ઞાનધર્મ નામના પાઠક એટલે ઉપાધ્યાય થયા. તેમના શિષ્ય શ્રી સુજસ એટલે રૂડા યશના ધણી એવા ઉપાધ્યાય શ્રી દીપચંદ્રજી મુનિ થયા કે જેઓ સર્વને સુખના આપનાર હતા. ॥૮॥

**દીપચંદ્ર પાઠકતણો, શિષ્ય સ્તવે જિનરાજો જી ॥**
**દેવચંદ્ર પદ સેવતાં, પૂર્ણાનંદ સમાજો જી ॥૯॥**

**અર્થ :-** તથા જેણે શ્રી શત્રુંજય તીર્થ ઉપર શિવાસોમજી કૃત ચૌમુખની અનેક બિંબ પ્રતિષ્ઠા કરી-કરાવી તથા પાંચ પાંડવના બિંબની પ્રતિષ્ઠા કરી, તથા સમવસરણ ચૈત્ય તથા શ્રી કુંથુનાથ ચૈત્યની પ્રતિષ્ઠા કરી.

શ્રી રાજનગરે સહસ્રફણા પાર્શ્વપ્રભુની પ્રતિષ્ઠા કરી. એહવા

ઉપાધ્યાય શ્રી દીપચંદજી થયા, તેમના શિષ્ય પંડિત દેવચંદ્રગણિ, તેઓએ આ ચોવીશ પ્રભુની સ્તવના ભક્તિવશેં કરી.

પોતાની ભક્તિ પરિણતિ મહાનંદ હેતુ છે. એહવા ગુણના નાથ દેવચંદ્ર પદ પૂર્ણાનંદ જે સિદ્ધ અવ્યાબાધ આનંદનો સમાજ કેતાં સમુદાય તે પામે, એ જિનભક્તિ તે મોક્ષનો પરમ ઉપાય છે. ॥૯॥

**॥ इतिश्री चोवीश जिनस्तुतिनो बालावबोध सम्पूर्ण ॥**

**શ્રી દેવચંદ્રજી મહારાજકૃત બાલાવબોધ સહિત ચતુર્વિંશતિજિન स्तवनानि सम्पूर्णानि**

**વિવેચન :-** તે શ્રી દીપચંદ્રજી ઉપાધ્યાયના શિષ્ય શ્રી દેવચંદ્રજી મહારાજ આ ચોવીશ જિનેશ્વરોનાં સ્તવનો લખી તેમની ભાવપૂર્વક સ્તવના કરે છે. અર્થાત્ સાચા અંતઃકરણના ભાવપૂર્વક તે ગુણોને મેળવવા અર્થે ભક્તિપૂર્વક તેમનું ગુણગાન કરે છે.

કેમકે દેવોમાં ચંદ્રમા સમાન એવા વીતરાગ પરમાત્માના પદ એટલે ચરણકમલની સેવા કરતાં ભવ્યો પૂર્ણાનંદના સમાજ એટલે સમૂહને સર્વ કાળને માટે પામે છે. અર્થાત્ આત્માના અનંત આનંદને પામી શાશ્વત સુખસ્વરૂપ એવા મોક્ષપદને મેળવે છે. ॥ ૯ ॥

**આ પ્રમાણે પૂજ્યપાદશ્રી દેવચંદ્રજી મહારાજશ્રીનાં બનાવેલાં ચોવીશે ભગવંતોનાં ચોવીશે સ્તવનોના અર્થ સમાપ્ત થયા.**

**સ...મા...પ્ત**

પૂજ્ય શ્રી દેવચંદ્રજી કૃત ચોવીશી એટલે ઊંડામાં ઊંડો અધ્યાત્મરસનો ખજાનો. પૂજ્યશ્રી ભક્તિમાર્ગમાં અતિશય લયલીન હતા. જેથી તેમના મુખે આ સ્તવનોમાં અદ્‌ભૂત વાણી પ્રગટ થઈ છે, જાણે ગાયા જ કરીએ... ગાયા જ કરીએ. તે કાળે ખાવા-પીવાનું વિગેરે તમામ કામો વીસરી જવાય તેવું કવિપણું અને ભાવોના ઉદ્‌ગારો આ સ્તવનોમાં ભર્યા છે.

મહાન પુણ્યોદયે આવી મહાત્માની મધુરી વાણી ગાવાની-સાંભળવાની અને સમજવાની તક મળી છે તેને જરા પણ ન વેડફીએ. ઉમદાભાવથી આ સ્તવનો ગાવામાં, અર્થ સમજવામાં અને બીજાને સમજાવવામાં ઘણો જ ઘણો પ્રયત્ન કરીએ, તેમાં જ આપણા માનવજીવનની સાર્થકતા છે.

ટાઈટલ પેજ ૧ ઉપર આપેલ પૂજ્યશ્રી દેવચંદ્રજી મહારાજની ચરણપાદુકા હરિપુરા અમદાવાદ મધ્યે આવેલ છે.

-ધીરજલાલ ડી. મહેતા

BHARAT GRAPHICS - Ahmedabad-1
Ph. : 079-22134176, M : 9925020106